# ઓકટોબર–૨૦૧૮ થી ડિસેમ્બર–૨૦૧૮

| અપીલ નં. /વર્ષ | માહિતીનું વિષય વસ્તુ | હુકમ નં.તારીખ |
|---|---|---|
| ૨૯<br>તા.૨૦/૦૮/૧૮ | અરજદારશ્રી દિલીપભાઈ ચીમનલાલ જીસાહેબ ધ્વારા તા.૨૪/૦૫/૧૮ ની આર.ટી.આઈ. ની (આઈ.ડી.નં.૪૮૨) પરત્વેની અરજીથી સુરત મહાનગરપાલિકાના આરોગ્ય કેન્દ્રો દ્વારા ચુંટાયેલા કોર્પોરેટરશ્રીઓ, શિક્ષણ સમિતિના સભ્યશ્રીઓ અને કર્મચારીઓને તેમજ આરોગ્યના હિતને માટે રાહત દરે (વિનામુલ્યે) કે, SMC ના નિયમ મુજબ અપાતી દવાઓના કોડ ના માન્ય મેડીકલ સ્ટોર (દુકાનો) કેટલી છે તેના નામ, મેડીકલનું નામ, સંચાલકનું નામ, દુકાનનું પુરેપુરૂ સરનામું, લાઈસન્સ નંબર અને મો.નંબર, લેન્ડલાઈન નંબર વિગેરે બાબતની માહિતી બાબત. | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૭૦<br>તા.26/10/2018 |
| ૩૦<br>તા. ૧૧/૦૯/૧૮ | અરજદારશ્રી પીકલ પી. ઘીવાળાની તા.૦૭/૦૭/૧૮ ની આર.ટી.આઈ.ની મુળ અરજી (આઈ.ડી.નં.૩૨૯) થી (૧) સુરત મહાનગરપાલિકામાં ઉપલબ્ધ રેર્કડ પર કરવામાં આવતા ચા–પાણી–નાસ્તો–જમવાના પાછળ છેલ્લા પાંચ વર્ષ કરવામાં આવેલા ખર્ચાની વિગતૌ વિગેરે કુલ–પ મુદ્દાઓની માહિતી બાબત. | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૭૧<br>તા.26/10/2018 |
| ૩૧<br>તા.૧૮/૦૯/૧૮ | અરજદારશ્રી પીકલ પી. ઘીવાળાની તા.૦૭/૦૭/૧૮ ની આર.ટી.આઈ.ની મુળ અરજી (આઈ.ડી.નં.૩૨૯) થી (૧) સુરત મહાનગરપાલિકામાં ઉપલબ્ધ રેર્કડ પર કરવામાં આવતા ચા–પાણી–નાસ્તો–જમવાના પાછળ છેલ્લા પાંચ વર્ષ કરવામાં આવેલા ખર્ચાની વિગતૌ વિગેરે કુલ–પ મુદ્દાઓની માહિતી બાબત. | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૬૮<br>તા.23/10/2018 |
| ૩૨<br>તા. ૨૪/૦૯/૧૮ | અરજદારશ્રી દિનેશભાઈ સી. ઠકકર ધ્વારા તા.૨૩/૦૮/૧૮ની આર.ટી.આઈ.ની મુળ અરજી (આઈ.ડી. નં.૧૨૩૭) (૧) અલથાણ ભટાર વોર્ડમાં ભેળસેળ અંગે એસ.એમ.સી. એપ પર તા.૧૬/૦૪/૧૮ના રોજ કમ્પે.નં. ૭૭૭/૮૨૦૧૮૧૦૮૨૪ થી ફરિયાદ કરવામાં આવી હતી તે સબબ જે કાર્યવાહી કરવામાં આવેલી હોય તે કેશ પેપરની સર્ટીફાઈડ કોપી (૨) ઉપરોકત ફરિયાદમાં દર્શાવેલા ભેરૂનાથ ભેલપુરી પાસે થી લીધેલા સેમ્પલ અને નોટીસ અંગેના પંચનામા વિગેરે કુલ–૦૪ મુદ્દાઓની માહિતી બાબત | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૬૬<br>તા.10/10/2018 |
| ૩૩<br>તા.૨૪/૧૦/૧૮ | અરજદારશ્રી જીગીષ આર.સોસા તા.૦૪/૦૯/૧૮ ની અરજી (આઈ.ડી.નં.૧૩૪૨) થી (૧) શિવમ હોસ્પિટલમાં બી–૧૦૧, ડી.એમ. ફલેટ, જે કે.પી. નગરની સામે, ધનમોરા, કતારગામ, સુરત વર્ષ ૨૦૧૪–૧૫ માં કુલ કેટલા લાભાર્થીઓએ કુલ કેટલી સરકારી યોજનાઓનો લાભ આપે છે તેની સંપૂર્ણ માહિતીની ચકાસણી કર્યા પછી માંગ્યા મુજબની ખરી નકલ આપવી. (૨) ૨૦૧૫–૧૬ માં ઉપર મુજબ ચિરંજીવી યોજનાઓ માટે કુલ કેટલા લાભાર્થીઓને લાભ મળેલ છે કુલ–૧૪ મુદ્દાઓની માહિતી | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૭૮<br>તા.21/12/2018 |
| ૩૪<br>તા.૦૩/૧૧/૧૮ | અરજદારશ્રી દિલીપકુમાર નટવરલાલ પારેખ ધ્વારા તા.૦૪/૦૯/૧૮ ની અરજી (આઈ.ડી.નં.૫૬૭) (૧) "નામ.ગુજરાત હાઈકોર્ટ" તરફથી શહેર સુરતનાં મ્યુ.કમિશ્નરશ્રીને એક પરિપત્ર જાહેર રોડ–રસ્તા ઉપર રખડતા ગાય–ભેંસ/ઢોર તથા ગેરકાયદેસર ઘાસ–ચારો વેચનાર વ્યકિત સામે કાયદેસર કાર્યવાહી કરવા અંગે મોકલેલ પરિપત્રની સર્ટીફાઈડ નકલ અનુસંધાને પશ્ચિમ ઝોનનાં લાગતા વળગતાં ખાતાકીય અધિકારીઓએ કરેલ કાયદેસર કાર્યવાહી તથા નામ. હાઈકોર્ટે કરેલાં સુચનનો અમલ કરેલ હોય તો તે અંગેની તમામ માહિતી વિગેરે કુલ–૦૫ મુદ્દાઓની માહિતી. | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૭૭<br>તા.21/12/2018 |

| અપીલ નં. /વર્ષ | માહિતીનું વિષય વસ્તુ | હુકમ નં.તારીખ |
|---|---|---|
| ૩૫<br>તા.૧૬/૧૦/૧૮ | અરજદારશ્રી જશવંતસિંહ એ. બ્રહ્મભટ્ટ. ધ્વારા તા.૧૬/૧૦/૨૦૧૮ ની આર.ટી. આઈ.ની અરજી થી (૧) સુ.મ.ન.પા. સમાવિષ્ટ વિસ્તારમાં આવેલ સુ.મ.ન.પા અને સરકારશ્રી સાથે જે તે યોજના અંતર્ગત એમ.ઓ.યુ.(કરારનામા) કરેલ હોસ્પિટલોની વિગતોની માહિતી પ્રમાણિત નકલમાં પૂરી પાડવી (૨) સુ.મ.ન.પા. સમાવિષ્ટ વિસ્તારમાં આવેલ સુ.મ.ન.પા અને સરકારશ્રી સાથે એમ.ઓ.યુ. કરેલ હોસ્પિટલોમાં ફરજ બજાવતાં ડોકટરના નામ, સરનામું, મોબાઈલ નંબર સહિતની માહિતી પ્રમાણિત નકલમાં પુરી પાડવી વિગેરે બાબતની કુલ–૦૬ મુદ્દાઓની માહિતી બાબત. | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૭૯<br>તા.21/12/2018 |
| ૩૬<br>તા.૧૭/૧૨ /૧૮ | અરજદારશ્રી રમેશ કે.જાંગીડ. ધ્વારા તા.૨૬/૧૦/૧૮ (આઈ.ડી.નં.૧૮૬૬)ની આર.ટી.આઈ.ની મુળ અરજી થી (૧)સુરત મહાનગરપાલિકા, આરોગ્ય વિભાગના વર્ક ઓર્ડર નં.PHD/SWM/ 25/20-6, Dt.20/06/2017 ના કામે વિભાગમાં રજુ કરવામાં આવેલ રનીગ બીલ નં.૧(ફસ્ટ),એસ.સી.આર.નં.૭૪૯/ ૨૦૧૭,તા.૦૧/૦૬/૨૦૧૭ માં વસુલ કરેલ ૫ ટકા સીકયુરીટી ડીપોઝીટની રકમ રૂા.૧૩,૦૭,૭૨૭/– તથા લેટ સીકયુરીટી ડીપોઝીટ પેનલ્ટી રૂા.૯૯,૦૫૦/– વર્ક ઓર્ડરમાં જણાવેલ શીડયુલ–એ તથા શીડયુલ–બી ના કામની કુલ રકમ પર વસુલ કરેલ છે કે જેટલું કામ થયુ છે તેના પર વસુલ થયેલ છે તેની વિગત આપશો. વિગેરે બાબતે કુલ–૦૨ મુદ્દાઓ બાબતની માહિતી. | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૮૪<br>તા.29/12/2018 |
| ૩૭<br>તા.૧૭/૧૨ /૧૮ | અરજદારશ્રી રમેશ કે.જાંગીડ. ધ્વારા તા.૨૬/૧૦/૧૮ (આઈ.ડી.નં.૧૮૬૭) ની આર.ટી.આઈ.ની મુળ અરજી (૧)સુરત મહાનગરપાલિકા, આરોગ્ય વિભાગના સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગના વર્ક ઓર્ડર નં.–PHD/SWM/25/20-6, Dt.20/06/2017 ના કામે વિભાગમાં રજુ કરવામાં આવેલ રનીગ બીલ નં.–૨(સેકન્ડ)ની નકલ આપશો. (૨) રનીગ બીલ નં.–૨(સેકન્ડ)માં વસુલ કરેલ સીકયુરીટી ડીપોઝીટની રકમ તથા લેટ સીકયુરીટી ડીપોઝીટ પેનલ્ટીની રકમની વિગત વિગરે કુલ–૦૩ મુદ્દાઓની માહિતી બાબત. | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૮૨<br>તા.29/12/2018 |
| ૩૮<br>તા.૧૭/૧૨ /૧૮ | અરજદારશ્રી રમેશ કે.જાંગીડ. ધ્વારા તા.૨૬/૧૦/૧૮ (આઈ.ડી.નં.૧૮૬૫) ની આર.ટી.આઈ.ની અરજી (૧)સુરત મહાનગરપાલિકા, આરોગ્ય વિભાગના સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગના વર્ક ઓર્ડર નં.–PHD/SWM/25/20-6, Dt.20/06/2017 માં દર્શાવેલ સીકયુરીટી ડીપોઝીટની રકમ રૂા.૬૯,૨૫,૭૬૫/–વસુલ કરેલ રકમની નકલ આપશો વિગેરે કુલ–૦૨ મુદ્દાઓની માહિતી બાબત. | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૮૩<br>તા.29/12/2018 |

# સુરત મહાનગરપાલિકા

RIGHT TO INFORMATION

અપીલ અરજી નં.SMC/PHD/FAP/36/1/2018. Dt.20/08/2018.
આરોગ્ય વિભાગ.

**અરજદાર** :–શ્રી દિલીપભાઈ ચીમનલાલ જીસાહેબ

**સામાવાળા**:– જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારીશ્રી, સેન્ટ્રલ ઝોન, સુરત મહાનગરપાલિકા.

અરજદાર મજકુર ધ્વારા તા.૧૩/૦૮/૧૮ ના રોજ મ્યુ.કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરવામાં આવેલ અપીલ અરજી જાહેર માહિતી અધિકારી, નાગરીક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોનના પત્ર નં.સીસીસી/સે.ઝોન/આઉટ/૧૬૫, તા.૧૩/૦૮/૧૮ થી અત્રે તબદીલ કરેલ હતી, જે અરજી મુખ્ય કચેરી, આરોગ્ય વિભાગ ધ્વારા પત્ર નં.પીએચડી/ઈન/૪૦૪૩, તા.૧૬/૦૮/૧૮ થી અરજદારશ્રીની આર.ટી.આઈ. ની અરજી સામેલ રાખી જરૂરી કાર્યવાહી અર્થે અત્રે મોકલવામાં આવેલ હતી. અરજદારશ્રીની તા.૨૪/૦૫/૧૮ની આર.ટી.આઈ.ની અરજી (આઈ.ડી.નં.૪૮૨) પરત્વેની માહિતી જાહેર માહિતી અધિકારી ધ્વારા "મુદત વિતવા છતાં માહિતી પુરી પાડેલ ન હોવાનું" જણાવી નારાજ થઈ કરવામાં આવેલ અપીલ અરજી અત્રેના વિભાગને તા.૨૦/૦૮/૧૮ ના રોજ પ્રાપ્ત થયેલ છે.

અરજદારશ્રીની તા.૨૪/૦૫/૧૮ ની આર.ટી.આઈ. ની (આઈ.ડી.નં.૪૮૨) પરત્વેની અરજીથી સુરત મહાનગરપાલિકાના આરોગ્ય કેન્દ્રો દ્વારા ચુંટાયેલા કોર્પોરેટરશ્રીઓ, શિક્ષણ સમિતિના સભ્યશ્રીઓ અને કર્મચારીઓને તેમજ આરોગ્યના હિતને માટે રાહત દરે (વિનામુલ્યે) કે, કોહ ના નિયમ મુજબ અપાતી દવાઓના **SMC** ના માન્યધ મેડીકલ સ્ટોર (દુકાનો) કેટલી છે તેના નામ, મેડીકલનું નામ, સંચાલકનું નામ, દુકાનનું પુરેપુરૂ સરનામું, લાઈસન્સ નંબર અને મો.નંબર, લેન્ડલાઈન નંબર વિગેરે બાબતની માહિતીની માંગણી કરેલ હતી.

અરજદારશ્રીની અપીલ અરજી અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારીશ્રી (સેન્ટ્રલ ઝોન) પ્રતિ પુર્તતા રીપોર્ટ કે આપવા જોગ પુરક માહિતી અથવા અન્ય કોઈ રજુઆત હોય તો તે દિન–૫ માં અત્રેની કચેરીને મોકલી આપવા અત્રેના વિભાગ ધ્વારા પત્ર નં.જીએડી/ઈએસટી/પીએચ/આરટીઆઈ/અપીલ/૫૪, તા.૦૧/૦૯/૧૮ મુજબ જણાવવામાં આવેલ, ત્યારબાદ યાદપત્ર નં.જીએડી/ ઈએસટી/પીએચ/આરટીઆઈ/અપીલ/૫૭, તા.૧૪/૦૯/૧૮ થી પાઠવવામાં આવેલ. દરમ્યાન જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારી, સેન્ટ્રલ ઝોન ધ્વારા પત્ર નં.સીઝેડ/ના.આ.અધિ.આ/૧૦૬, તા.૧૨/૦૯/૨૦૧૮ થી લેખીત પુર્તતા કરવામાં આવેલ, જે પત્ર તા.૧૭/૦૯/૧૮ નાં રોજ પ્રાપ્ત થયેલ છે, જેમાં જણાવ્યાનુંસાર અરજદારની ઉકત વિષય પરત્વેની અરજીના મુદ્દાઓ તેઓના વિભાગને લાગત ન જણાતા જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારી, વેકસીન વિભાગને સદર અરજી પત્ર નં.સીઝેડ/ના.આ.અધિ/આઉટ/૪૨, તા.૩૦/૫/૧૮ થી સંપૂર્ણ તબદીલ કરવામાં આવેલ હોવાનું જણાવેલ છે, પરંતુ મે.કમિશ્નરશ્રીના કચેરી હુકમ નં.જીએડી/ઈએસટી/૩૫૮૨, તા.૨૬/૧૧/૧૪ મુજબ આરોગ્ય વિભાગ માટેના આરોગ્યને લગતી નીતિ વિષયકથી લઈને તમામ આનુસાંગિક માહિતી માટે (મહેકમ સિવાય) જાહેર માહિતી અધિકારી તરીકે નાયબ આરોગ્ય અધિકારીશ્રી, સેન્ટ્રલ ઝોનની નિયુકિત કરવામાં આવેલ છે તેમજ અરજદારશ્રી ધ્વારા માંગવામાં આવેલ માહિતી આરોગ્ય વિભાગના કાર્યક્ષેત્રમાં આવતી હોવાનું જણાતુ હોય નાયબ આરોગ્ય અધિકારી, સેન્ટ્રલ ઝોન ધ્વારા પુરતી કાળજી રાખ્યા વિના અરજી તબદીલ થયાનું જણાય છે, ત્યારબાદ જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ આરોગ્ય અધિકારી, વેકસીનેશન બ્રાંચને અરજદારની આર.ટી.આઈ.ની અરજી પરત્વેની કરવામાં આવેલ કાર્યવાહી સંદર્ભે ટેલીફોનીક પૃચ્છા કરતા તેઓ ધ્વારા પત્ર નં.પીએચડી/ વીએચસી/૨૬૮, તા.૧૨/૦૬/૧૮થી ઉકત અરજીમાં જણાવેલ વિષય વસ્તુ તેઓના કાર્યક્ષેત્રમાં આવતી ન હોય જાહેર માહિતી અધિકારી અને નાયબ હિસાબનીશ (આરોગ્ય વિભાગ) પ્રતિ તબદીલ કરવામાં આવેલ હોવાનું જણાવેલ છે, પરંતુ અરજદારશ્રીની અપીલ અરજી ધ્યાને લેતા તેઓને માહિતી મળેલ ન હોવાનું ફલીત થાય છે.

**–:: હુકમ ::–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી સંદર્ભે કરવામાં આવેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારીશ્રી, સેન્ટ્રલ ઝોન અને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ આરોગ્ય અધિકારી, વેકસીનેશન બ્રાંચ ધ્વારા ઉકત વિગતે અપીલ તબકકે રજુ કરેલ આધાર/પુરાવા સહિતની રજુઆત વિગેરે ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

(૧) ઉકત વિગતે મા.મ્યુ. કમિશનરશ્રીના કચેરી હુકમ નં.જીએડી/ઈએસટી/૩૫૮૨, તા.૨૬/૧૧/૧૪થી આરોગ્ય વિભાગના જાહેર માહિતી અધિકારી તરીકે નાયબ આરોગ્ય અધિકારી, સેન્ટ્રલ ઝોનની નિયુકિત કરવામાં આવેલ હોવા છતાં જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ આરોગ્ય અધિકારી, વેકસીનેશન બ્રાંચને પ્રસ્તુત કિસ્સામાં બીનજરૂરી ખોટી રીતે અરજી તબદીલ કરવામાં આવેલ હોવાનું જણાય છે. આથી ભવિષ્યમાં આ બાબતે તકેદારી રાખવા જણાવવામાં આવે છે.

(૨) અરજદારશ્રીની તા.૨૪/૦૫/૧૮ (આઈ.ડી.નં.૪૮૨) ની આર.ટી.આઈ.ની અરજી છેવટે જાહેર માહિતી અધિકારી અને નાયબ હિસાબનીશ, આરોગ્ય વિભાગને પત્ર નં.પીએચડી/વીએસસી/૨૬૮, તા.૧૨/૦૬/૨૦૧૮ થી સંપુર્ણ તબદીલ કરવામાં આવેલ હોવાનું જણાતું હોય આર.ટી.આઈ. એકટનો હાર્દ, હેતુ, વહીવટી સરળતા વિગેરે બાબતો ધ્યાને લઈ અરજદારશ્રીને માહિતી મળી રહે તેમજ માહિતી મળવામાં વધુ વિલંબ ન થાય તે હેતુસર અરજદારશ્રીની અરજીથી માંગેલ મુદ્દાઓની માહિતી આર.ટી.આઈ.એકટની કલમ–૭(૬) અન્વયે અત્રેની કચેરીની જાણ હેઠળ આ હુકમ મળ્યેથી દિન–૦૫ માં અરજદારશ્રીને વિના મુલ્યે માહિતી પુરી પાડવા/પ્રત્યુત્તર પાઠવવા જાહેર માહિતી અધિકારી અને નાયબ હિસાબનીશ, આરોગ્ય વિભાગને હુકમ કરવામાં આવે છે તેમજ ભવિષ્યમાં આર.ટી.આઈ.એકટ હેઠળની અરજીનો નિયત સમયમર્યાદામાં યોગ્ય તે નિર્ણય લેવા તાકીદ કરવામાં આવે છે.

(૩) વધુમાં ઉપરોકત હુકમ વિવિધ ખાતા / જાહેર સત્તા મંડળ પાસેથી માહિતી મેળવીને કરવામાં આવેલ હોય દિન–૩૦ ની મર્યાદામાં હુકમ થઈ શકેલ નથી, જે જાણશો.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો, ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦/એ, ગાંધીનગરને દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/
તા. /૧૦/૨૦૧૮

ડે.કમિશ્નર(હેલ્થ અને હોસ્પી.)અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

**અપીલ નં.SMC/ PHD/FAP/38-1/2018. Dt.11/09/2018.**
**મધ્યસ્થ મહેકમ (આરોગ્ય) વિભાગ.**

**અરજદાર:–** શ્રી પિંકલ પ્રફુલચંદ્ર ધીવાળા.
**સામાવાળા:–** (૧) જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારીશ્રી, સેન્ટ્રલ ઝોન, બીજો માળ, સુરત મહાનગરપાલિકા.

(૨) જાહેર માહિતી અધિકારી અને રેસી.મેડીકલ ઓફિસર/ લેડી.મેડીકલ ઓફિસર/ જુની.મેડીકલ ઓફિસરશ્રી, મેડીકલ ઓફિસરશ્રી,તમામ અર્બન હેલ્થ સેન્ટર અને મેટરનીટી હોમ તથા તમામ અર્બન હેલ્થ સેન્ટરો, સુરત મહાનગરપાલિકા.

અરજદારશ્રી ધ્વારા તા.૧૩/૦૮/૧૮ના રોજ એપલેટ ઓફિસરશ્રી, સક્ષમ સત્તા મંડળ, રાંદેર ઝોન તથા સુ.મ.પા.ના તમામ ઝોન, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરવામાં આવેલ અપીલ અરજી અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી, વેસ્ટ ઝોન, સુરત મહાનગરપાલિકાના પત્ર નં.વેસ્ટ ઝોન/આરટીઆઈસેલ/૧૨૨૬ તા.૩૧/૦૮/૧૮ થી અત્રે તબદીલ કરવામાં આવેલ છે, જે અરજી તા.૧૪/૦૯/૧૮ ના રોજ પ્રાપ્ત થયેલ છે.અરજદારની નમુના–'ક' ની આર.ટી.આઈ. (આઈ.ડી.નં.૩૨૯) ની અરજી પરત્વે "રાંદેર ઝોન સિવાય તમામ ઝોનો ધ્વારા કોઈ જ પૂર્તતા કરવામાં આવેલ નથી, જેથી તમામ ઝોનની માહિતી વિના મૂલ્યે માહિતી આપવી" તેમ જણાવી નારાજ થઈ અપીલ અરજી કરેલ છે.

ઉકત અપીલ અરજી સાથે સામેલ તુમારો તથા તેના આનુસાંગિક મેળવવામાં આવેલ વિગતોનો અભ્યાસ કરતાં અરજદારશ્રીની નમુના–"ક" ની તા.૦૭/૦૭/૧૮ની (આઈ.ડી.નં.૩૨૯) ની અરજીથી (૧) સુરત મહાનગરપાલિકા માં ઉપલબ્ધ રેકર્ડ પર કરવામાં આવતા ચા–પાણી–નાસ્તો–જમવાના પાછળ છેલ્લા પાંચ વર્ષ કરવામાં આવેલા ખર્ચાની વિગતો (૨) ચા–પાણી–નાસ્તો– જમવાનું અંગે ખર્ચ કરવા માટે સરકારના કાયદા, નોંધો, પરિપત્ર, નીતિનિયમો, નોટીફીકેશનની નકલ સુ.મ.પા. ધ્વારા પ્રમાણિત નકલ (૩) ઉપલબ્ધ રેકર્ડ પર એકાઉન્ટ વિભાગમાં ચા–પાણી નાસ્તા અંગેના પાર્ટી કોડ અને કરવામાં આવેલ ખર્ચ અંગેની વિગત પ્રમાણિત પાર્ટી કોડ તેમજ ચુકવેલ નાણાંની વિગત (૪) સરકારી નાણાં ચા–નાસ્તો અને પાણી પાછળ ખર્ચ કરી શકાય તેવી સત્તા / પરવાનગી આપનાર ઉપલબ્ધ રેકર્ડ પરના અધિકારીનું નામ અને કર્મચારી નંબર (૫) છેલ્લા પાંચ વર્ષમાં ચા–પાણી નાસ્તો (અંગત ઓફિસમાં) કરનાર અધિકારીનું નામ અને કર્મચારી નંબર આપવો અને આજદિન સુધી કરવામાં આવેલ ચા–પાણી નાસ્તાના બીલની પ્રમાણિત નકલ સહિતની કુલ–૦૫ મુદ્દાઓની માહિતી માંગતી કરેલ અરજી જાહેર માહિતી અધિકારી અને સંકલન આસી.લો ઓફીસર, વેસ્ટ ઝોનના પત્ર નં.વેસ્ટ ઝોન/આરટીઆઈસેલ/૧૦૮૭, તા.૨૦/૦૮/૧૮ થી વિવિધ જાહેર માહિતી અધિકારીઓ પૈકી જાહેર માહિતી અધિકારી અને પર્સોનેલ ઓફિસર, આરોગ્ય વિભાગને આરોગ્ય વિભાગ તથા તાબા હેઠળનાં તમામ અર્બન હેલ્થ સેન્ટર અને મેટ. હોમ / હેલ્થ સેન્ટરો, હોમીયોપેથીક ડીસ્પેન્સરી, મોબાઈલ ડીસ્પેન્સરી વિભાગની માહિતી માટે આંશીક તબદીલ કરેલ હતી, પરંતુ મે.કમિશ્નરશ્રીના કચેરી હુકમ નં.જીએડી/ઈએસટી/૩૫૮૨, તા.૨૬/૧૧/૧૪ મુજબ આરોગ્ય વિભાગ માટેના આરોગ્યને લગતી નીતિ વિષયકથી લઈને તમામ આનુસાંગિક માહિતી માટે (મહેકમ સિવાય) જાહેર માહિતી અધિકારી તરીકે નાયબ આરોગ્ય અધિકારીશ્રી, સેન્ટ્રલ ઝોનની તથા આરોગ્ય વિભાગના તાબા હેઠળના તમામ અર્બન હેલ્થ સેન્ટર અને મેટરનીટી હોમ / તમામ અર્બન હેલ્થ સેન્ટરો, હોમીયોપેથીક ડીસ્પેન્સરી, મોબાઈલ ડીસ્પેન્સરીના જાહેર માહિતી અધિકારી તરીકે રેસી.મેડીકલ ઓફિસર / લેડી.મેડીકલ ઓફિસર / જુની.મેડીકલ ઓફિસર પેકી પ્રથમ ક્રમાનુંસાર આવતા ઓફિસર (જો સમાન હોદ્દો ધરાવતા હોય તો સીનીયર ઓફિસર) ની જાહેર માહિતી અધિકારી તરીકે નિયુકિત અંગેનાં હુકમો થયેલા હોય જાહેર માહિતી અધિકારી અને પર્સોનેલ ઓફિસર ધ્વારા અરજદારશ્રીની જાણ હેઠળ ઉકત અરજી સંબંધિત જાહેર માહિતી અધિકારીઓને પત્ર નં.જીએડી/ઈએસટી/પીએચ/આરટીઆઈ/ આઉટ/૮૭, તા.૨૮/૦૮/૧૮ મુજબ સંપૂર્ણ તબદીલ કરવામાં આવેલ હતી.

અરજદારશ્રીની ઉકત અરજીના અનુસંધાને અરજદારને પુરી પાડવામાં આવેલ માહિતી પરત્વેની નારાજગી સંદર્ભે પુર્તતા રીપોર્ટ કે આપવા જોગ પુરક માહિતી અથવા અન્ય કોઈ રજુઆત હોય તો તે દિન–૩ માં કચેરીને મોકલી આપવા પત્ર નં.જીએચડી/ઈએસટી/પીએચ/આરટીઆઈ/અપીલ/૬૩, તા.૦૩/૧૦/૧૮ થી જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારી, સેન્ટ્રલ ઝોન પ્રતિ જણાવવામાં આવેલ તથા વહીવટી સરળતા ખાતર તમામ હેલ્થ સેન્ટર / મેટ. હોમના સંબંધિત સ્ટાફ પાસે ટેલિફોનીક માહિતી મેળવવામાં આવેલ, જે અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારી, સેન્ટ્રલ ઝોન ધ્વારા કોઈ પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ ન હોય તેઓશ્રીને ટેલિફોનીક જાણ કરતા તાબા હેઠળના સ્ટાફ સાથે સેકશન ઓફિસરશ્રી (આરોગ્ય) અને જાહેર માહિતી અધિકારીને તબદીલ થયેલ પત્ર નં.સીઝેડ/ના.આ.અધિ./આઉટ/૧૦૦, તા.૦૧/૦૯/૨૦૧૮ ની ઝેરોક્ષ નકલ મોકલી આપવામાં આવેલ છે. ઉકત વિગતે આરોગ્ય વિભાગની તમામ માહિતી માટે જાહેર માહિતી અધિકારી તરીકે નાયબ આરોગ્ય અધિકારીશ્રી, સેન્ટ્રલ ઝોનની નિમણુંક થયેલ હોય તેમજ સેકશન ઓફિસરશ્રી, આરોગ્યની આ બાબતમાં જાહેર માહિતી અધિકારી તરીકે નિમણુંક થયેલ હોવાનું જણાતું ન હોય પ્રસ્તૃત કિસ્સામાં નાયબ આરોગ્ય અધિકારી, સેન્ટ્રલ ઝોન ધ્વારા પુરતી રાખવા જોગ તકેદારી રાખેલ ન હોવાનું માલમ પડે છે, જે વહીવટી દ્રષ્ટિએ ઉચિત જણાતું નથી. વધુમાં ઉકત વિગતે જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારીશ્રી, સેન્ટ્રલ ઝોન ધ્વારા સેકશન ઓફિસરશ્રી, આરોગ્યને અરજી તબદીલ થયેલ હોવાનું જણાતું હોય જરૂરી તપાસ કરતા સદર માહિતી સંદર્ભે સેકશન ઓફિસર, આરોગ્ય વિભાગ ધ્વારા વ્યવહારૂ હકારાત્મક અભિગમ દાખવી તેઓના પત્ર નં.પીએચડી/આઉટ/૧૪૫૪, તા.૧૫/૦૯/૨૦૧૮ થી જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારી, સેન્ટ્રલ ઝોન પ્રતિ અરજદારની અરજીના મુદ્દાઓ પરત્વેની તૈયાર કરવામાં આવેલ માહિતી દર્શિત પત્રની નકલ તથા ટપાલ પહોંચાડયા બદલની ટપાલબુકની ઝેરોક્ષ નકલ પત્ર નં.પીએચડી/આઉટ/૧૬૩૦, તા.૧૧/૧૦/૨૦૧૮ થી મોકલવામાં આવેલ છે, જે અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારીશ્રી, સેન્ટ્રલ ઝોન ધ્વારા અરજદારશ્રીની નમુના "ક" ની અરજી પરત્વે માહિતી આપવા સબબ યોગ્ય તે નિર્ણય લઈ તેઓની સહીથી અરજદાર નાગરિકને માહિતી પુરી પાડવા જોગ હતી, પરંતુ ઉકત વિગતે જાહેર માહિતી અધિકારીએ અત્રે સેકશન ઓફિસરશ્રી, આરોગ્યને તબદીલ કરેલ પત્રની નકલ રજુ કરવામાં આવેલ હોય જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારી, સેન્ટ્રલ ઝોન ધ્વારા આરોગ્ય વિભાગને લાગત માહિતી અરજદાર નાગરિકને પુરી પાડવામાં આવેલ નથી એવું અનુમાનિત થાય છે.

અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજી તથા ઉકત વિગતેની ઉપલબ્ધ હકીકતો ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**—:: હુકમ ::—**

અરજદારશ્રીની મુળ અરજી તેમજ અપીલ અરજી ધ્વારા ઉપસ્થિત કરેલ રજુઆત ધ્યાને લઈ, અરજદારશ્રીની તા.૦૭/૦૭/૧૮ની (આઈ.ડી.નં.૩૨૯) ની અરજીથી માંગવામાં આવેલ માહિતીના મુદ્દાઓ પરત્વે નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

(૧)ઉકત વિગતે મા.મ્યુ. કમિશનરશ્રીના કચેરી હુકમ નં.જીએડી/ઈએસટી/૩૫૮૨, તા.૨૬/૧૧/૧૪થી આરોગ્ય વિભાગના જાહેર માહિતી અધિકારી તરીકે નાયબ આરોગ્ય અધિકારી, સેન્ટ્રલ ઝોનની નિયુકિત કરવામાં આવેલ હોવા છતાં સેકશન ઓફિસર,આરોગ્ય વિભાગને પ્રસ્તૃત કિસ્સામાં બીનજરૂરી ખોટી રીતે અરજી તબદીલ કરવામાં આવેલ હોવાનું જણાય છે. આથી આર.ટી.આઈ. એકટની કલમ—૬(૩) મુજબ બીજા જાહેર સત્તા મંડળને અરજી તબદીલ કરવાની રહેતી હોય તે સિવાય જે તે સંબંધિત જાહેર માહિતી અધિકારી આવી અરજી તાબા હેઠળનાં અધિકારી/ નીચેના સ્ટાફને મોકલી આપીને આ અંગેનો જે તે પ્રત્યુત્તર સીધેસીધો અરજદારશ્રીને તેઓની સહીથી આપવાની સુચના આપી શકે નહિં, જે તમામ હકીકત ધ્યાને લઈ ભવિષ્યમાં આ મુજબનું પુનરાવર્તન ન થાય તે માટે જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારી, સેન્ટ્રલ ઝોનને તકેદારી રાખવા જણાવવામાં આવે છે તેમજ માહિતી અધિકાર અધિનિયમ નીચેની અરજીઓ પરત્વે માહિતી આપવા/નહિં આપવા અંગેનો નિર્ણય સંબંધિત જાહેર માહિતી અધિકારીએ જ (પ્રસ્તૃત કિસ્સામાં આરોગ્ય વિભાગના જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારી, સેન્ટ્રલ ઝોન) લેવાનો રહેતો હોય ઉકત વિગતે સેકશન ઓફિસર, આરોગ્ય વિભાગ ધ્વારા પુરી પાડવામાં આવેલ માહિતી પરત્વે યોગ્ય તે માહિતી દિન—૫ માં અરજદારશ્રીને નીચે સહી કરનારની જાણ હેઠળ વિના મુલ્યે રેકર્ડ આધારીત ઉપલબ્ધ માહિતી આર.ટી.આઈ. એકટની કલમ—૭(૬) હેઠળ પુરી પાડવા જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારીશ્રી,આરોગ્ય (સેન્ટ્રલ ઝોન),બીજો માળ,સુરત મહાનગરપાલિકા પ્રતિ હુકમ કરવામાં આવે છે.

(૨)ઉકત વિગતે અત્રેનાં સ્ટાફ ધ્વારા વહીવટી સરળતા ખાતર અર્બન હેલ્થ સેન્ટર અને મેટરનીટી હોમ તથા અર્બન હેલ્થ સેન્ટર પાસે ટેલીફોનીક માહિતી મેળવવામાં આવેલ છે, જે મુજબ હજી કેટલાક હેલ્થ સેન્ટર/ મેટ.હોમની માહિતી અરજદારશ્રીને પુરી પાડવામાં આવેલ હોવાનું જણાતું ન હોય, આથી જે હેલ્થ સેન્ટર/મેટ. હોમ ધ્વારા હજુ સુધી અરજદારશ્રીને માહિતી પુરી પાડવામાં આવેલ ન હોય તેઓની માહિતી દિન—૫ માં અરજદારશ્રીને નીચે સહી કરનારની જાણ હેઠળ વિના મુલ્યે પુરી રેકર્ડ આધારીત ઉપલબ્ધ માહિતી આર.ટી.આઈ. એકટની કલમ—૭(૬) હેઠળ પુરી પાડવા જાહેર માહિતી અધિકારી અને રેસી.મેડીકલ ઓફિસર/ લેડી.મેડીકલ ઓફિસર/મેડીકલ ઓફિસર, જુની. મેડીકલ ઓફિસર,તમામ અર્બન હેલ્થ સેન્ટર અને મેટરનીટી હોમ તથા તમામ અર્બન હેલ્થ સેન્ટરો પ્રતિ હુકમ કરવામાં આવે છે.

(૩)વધુમાં ઉપરોકત હુકમ વિવિધ ખાતા / જાહેર સત્તા મંડળ પાસેથી માહિતી મેળવીને કરવામાં આવેલ હોય દિન—૩૦ ની મર્યાદામાં હુકમ થઈ શકેલ નથી, જે જાણશો.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો,ગુજરાત માહિતી આયોગ,કર્મયોગી ભવન, રાજયકક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણભવનની પાછળ, સેકટર—૧૦/એ, ગાંધીનગરને દિન—૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/આરટીઆઈ/અપીલ/
તા. /૧૦/૨૦૧૮.

ડે.મ્યુનિ.કમિશ્નર (હે. અને હો.)
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

અપીલ નં.SMC/ PHD/ FAP/41/2018. Dt.18/09/2018.
આરોગ્ય વિભાગ.

**અરજદારઃ**— શ્રી પિંકલ પી. ધીવાળા
**સામાવાળાઃ**— જાહેર માહિતી અધિકારી અને મેડીકલ ઓફિસરશ્રી, લેપ્રીસી કંટ્રોલ યુનિટ,સુરત મહાનગરપાલિકા.

અરજદારશ્રી ધ્વારા તા.૧૩/૦૮/૧૮ ના રોજ એપલેટ ઓફિસરશ્રી, સક્ષમ સત્તા મંડળ, રાંદેર ઝોન તથા સુ.મ.પા.ના તમામ ઝોન, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરવામાં આવેલ અપીલ અરજી અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર, વેસ્ટ ઝોન, સુરત મહાનગરપાલિકાના પત્ર નં.વેસ્ટ ઝોન/આરટીઆઈસેલ/૧૨૨૬, તા.૩૧/૦૮/૧૮ થી વિવિધ અપીલ અધિકારીઓને તબદીલ કરવામાં આવેલ હોવાનું જણાય છે, જે અપીલ અરજી મેડીકલ ઓફિસરશ્રી, લેપ્રીસી કંટ્રોલ યુનિટ ધ્વારા તેઓને તા.૧૧/૦૯/૨૦૧૮ ના રોજ પ્રાપ્ત થયેલ છે, એમ જણાવી અત્રે મોકલવામાં આવેલ છે, જે અત્રે તા.૨૭/૦૯/૧૮ નાં રોજ પ્રાપ્ત થયેલ છે. સદર અપીલ અરજીથી અરજદારશ્રી ધ્વારા તા.૦૭/૦૭/૨૦૧૮ ની (આઈ.ડી. નં.૩૨૯) આર.ટી.આઈ.ની અરજી પરત્વે "રાંદેર ઝોન સિવાય તમામ ઝોનો ધ્વારા કોઈ જ પૂર્તતા કરવામાં આવેલ નથી, જેથી તમામ ઝોનની માહિતી વિના મૂલ્યે આપવી" તેમ જણાવી નારાજગી દર્શાવેલ છે.

ઉકત અપીલ અરજી સાથે સામેલ તુમારોનો અભ્યાસ કરતાં અરજદારશ્રીની નમુના "ક" ની તા.૦૭/૦૭/૧૮(આઈ.ડી.નં.૩૨૯) ની અરજીથી (૧) સુરત મહાનગરપાલિકામાં ઉપલબ્ધ રેકર્ડ પર કરવામાં આવતા ચા–પાણી–નાસ્તો–જમવાના પાછળ છેલ્લા પાંચ વર્ષ કરવામાં આવેલા ખર્ચાની વિગતો. (૨) ચા–પાણી– નાસ્તો–જમવાનું અંગે ખર્ચ કરવા માટે સરકારના કાયદા, નોંધો, પરિપત્ર, નીતિનિયમો, નોટીફીકેશનની નકલ સુ.મ.પા.ધ્વારા પ્રમાણિત નકલ. (૩) ઉપલબ્ધ રેકર્ડ પર એકાઉન્ટ વિભાગમાં ચા–પાણી નાસ્તા અંગેના પાર્ટી કોડ અને કરવામાં આવેલ ખર્ચ અંગેની વિગત પ્રમાણિત પાર્ટી કોડ તેમજ ચુકવેલ નાણાંની વિગત (૪) સરકારી નાણાં ચા–નાસ્તો અને પાણી પાછળ ખર્ચ કરી શકાય તેવી સત્તા / પરવાનગી આપનાર ઉપલબ્ધ રેકર્ડ પરના અધિકારીનું નામ અને કર્મચારી નંબર (૫) છેલ્લા પાંચ વર્ષમાં ચા–પાણી નાસ્તો (અંગત ઓફિસમાં) કરનાર અધિકારીનું નામ અને કર્મચારી નંબર આપવો અને આજદિન સુધી કરવામાં આવેલ ચા–પાણી નાસ્તાના બીલની પ્રમાણિત નકલ સહિતની કુલ–૦૫ મુદ્દાઓની માહિતીની માંગણી કરતી અરજી જાહેર માહિતી અધિકારી અને સંકલન આસી.લો ઓફીસર, વેસ્ટ ઝોનના પત્ર નં.વેસ્ટ ઝોન/ આરટીઆઈસેલ/૧૦૮૭, તા.૨૦/૦૮/૧૮ થી વિવિધ જાહેર માહિતી અધિકારીઓ પૈકી લેપ્રસી કન્ટ્રોલ યુનીટને આંશીક તબદીલ કરવામાં આવેલ હોવાનું જણાય છે, જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને મેડીકલ ઓફિસર, લેપ્રીસી કંટ્રોલ યુનિટના પત્ર નં.આરોગ્ય/લેપ્રસી/આઉટ/૨૦૩, તા.૧૫/૧૦/૨૦૧૮ થી તેઓના વિભાગ ખાતે અરજદારશ્રીની તા.૦૭/૦૭/૧૮(આઈ.ડી.નં.૩૨૯) ની આર.ટી.આઈ. ની અરજી પ્રાપ્ત થયેલ ન હોવાનું જણાવતાં મધ્યસ્થ મહેકમ(આરોગ્ય) વિભાગ ધ્વારા પત્ર નં.જીએડી/ઈએસટી/પીએચ/આરટીઆઈ/અપીલ/૬૫, તા.૦૪/૧૦/૨૦૧૮ થી અરજદારશ્રીની ઉકત અરજી લેપ્રસી વિભાગને પહોંચાડવા બાબતે આર.ટી.આઈ સેલ વેસ્ટ ઝોન ધ્વારા મેળવવામાં આવેલ પહોંચ / એકનોલેજમેન્ટની ઝેરોક્ષ નકલ તાકીદે આરોગ્ય મહેકમ વિભાગની કચેરી ખાતે મોકલવા જણાવતાં જાહેર માહિતી અધિકારી અને આસી.લો.ઓફિસર(સંકલન) વેસ્ટ ઝોનના પત્ર નં. આઉટ/૧૫૨૬, તા.૦૯/૧૦/૨૦૧૮ થી અરજદારની મુળ અરજી જાહેર માહિતી અધિકારી અને મેડીકલ ઓફિસર લેપ્રીસી કંટ્રોલ યુનિટ પ્રતિ તબદીલ કર્યા અંગેનો પત્ર રજુ કરી જણાવેલ છે કે, "અત્રેના જનરલ ડિસ્પેચ વિભાગ ધ્વારા અન્ય તમામ ટપાલોના કિસ્સાઓમાં મુખ્ય કચેરીએ ટપાલ રૂબરૂ અથવા તો અન્ય વિભાગો જયાં રૂબરૂ સ્વીકારવાની સગવડ ન હોય ત્યાં ટપાલ જે તે વિભાગના "ટપાલ બોક્ષ" માં નાખવામાં આવે છે એવું જનરલ ડીસ્પેચ સ્ટાફ તરફથી મૌખિક જણાવવામાં આવેલ છે તેમજ આ પધ્ધતિ લાંબા સમયથી અમલમાં છે, જેથી અરજદાર શ્રી પીકલ પી.ધીવાલાની સદર આઈ.ડી.નં.૩૨૯, તા.૭/૭/૧૮ ની અરજી ટપાલ બોક્ષમાં અત્રેના જનરલ ડિસ્પેચ વિભાગના કર્મચારી દ્વારા પહોંચાડવામાં આવેલ છે, જે અત્રેના ખાતાની રીસીવ કોપીમાં જણાવવામાં આવેલ છે, તેમ જણાવી તેની નકલ આ સાથે સામેલ રાખેલ હોવાનું જણાવી આર.ટી.આઈ.ની મુળ અરજીની ઝેરોક્ષ રવાના કરેલ છે.

આમ, અરજદારશ્રીની મુળ અરજી તથા જાહેર માહિતી અધિકારી અને મેડીકલ ઓફિસર લેપ્રસી કન્ટ્રોલ યુનીટ ધ્વારા કરવામાં આવેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારી અને આસી.લો ઓફિસર (સંકલન) વેસ્ટ ઝોનની રજુઆત તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

—:: હુકમ ::—

અરજદારશ્રીની તા.૦૭/૦૭/૨૦૧૮ ની આર.ટી.આઈ. ની અરજી (આઈ.ડી. નં.૩૨૯) થી માંગવામા આવેલ માહિતી સબબ લેપ્રીસી કંટ્રોલ યુનિટને સદર અરજી પ્રાપ્ત થયેલ ન હોવાનું જણાવેલ હોય પ્રથમ અપીલ અરજી અન્વયે ઉકત વિગતે જાહેર માહિતી અધિકારી અને આસી.લો ઓફિસર (સંકલન) વેસ્ટ ઝોન મારફત મળેલ આર.ટી.આઈ. ની અરજીની ઝેરોક્ષ નકલ આ સાથે સામેલ રાખવામાં આવેલ છે, જે અન્વયે આર.ટી.આઈ. એકટની કલમ ૭(૬) અન્વયે અત્રેની જાણ હેઠળ દિન–૦૭ માં અરજદારને વિના મુલ્યે માહિતી પુરી પાડવા / પ્રત્યુત્તર પાઠવવા જાહેર માહિતી અધિકારી અને મેડીકલ ઓફિસરશ્રી, લેપ્રીસી કંટ્રોલ યુનિટને હુકમ કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો, ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦–એ, ગાંધીનગરને દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/
તા. /૧૦/૨૦૧૮

ડે.કમિશ્નર (હે અને હો) અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં. SMC/PHD/FAP/43/2018. Dt.24/09/2018.
આરોગ્ય વિભાગ.

અરજદાર :– શ્રી દિનેશભાઈ સી. ઠક્કર
સામાવાળાઃ– જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફીસરશ્રી, ફુડ વિભાગ, સુરત મહાનગરપાલિકા.

અરજદારશ્રી ધ્વારા તા.૧૧/૦૯/૨૦૧૮ થી અપીલ સત્તાધિકારીશ્રી, ફુડ વિભાગ, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરેલ અરજી જાહેર માહિતી અધિકારી,નાગરિક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોનના પત્ર નં.સીસીસી/સેન્ટ્રલ ઝોન/આઉટ/૧૮૫, તા.૧૧/૦૯/૧૮ થી અપીલ અધિકારી અને ડે.કમિશ્નરશ્રી (હેલ્થ અને હોસ્પિટલ) પ્રતિ તબદીલ કરવામાં આવેલ, જે અપીલ અરજી ફુડ વિભાગના પત્ર નં.પીએચડી/ફુડ/૨૪૧૭, તા.૨૪/૦૯/૧૮ થી અરજદારશ્રીની તા.૨૩/૦૮/૧૮ની આર.ટી.આઈ. ની મુળ અરજી (આઈ.ડી. નં.૧૨૩૭) તથા અરજદારશ્રીને પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર વિગેરે તુમારો સામેલ રાખી અત્રેના વિભાગને જરૂરી કાર્યવાહી અર્થે મોકલેલ છે, જે અત્રે તા.૨૪/૦૯/૧૮ ના રોજ પ્રાપ્ત થયેલ છે, જે અપીલ અરજીમાં અરજદારશ્રી ધ્વારા કરવામાં આવેલ રજુઆત મુજબ તેઓની માહિતી અધિકારની અરજી અન્વયે તેઓશ્રીએ માંગેલ માહિતીની નકલો માટે જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ ઓફિસરનો પત્ર અજાણતાથી (જા.નં.પીએચડી/ફુડ/૨૧૯૬, તા.૫–૯–૧૮) અરજદારને નિયમ ૩/૨ મુજબ નમૂના 'ગ' માં આપવામાં આવ્યો નથી અને તેમાં માહિતીના પાના મુજબ હિસાબનો કુલ માંગણા બીલ મોકલવાનો હોય છે, જેમાં મોકલનારનું નામ, ઓફિસનું સરનામું, ફોન નંબર પણ મોકલવાના હોય છે, ભરણાંનાં નાણાં આવ્યા બાદ નિયમ–૪–૧ મુજબ નમુના–ઘ માં અરજદારને માહિતી આપવાની હોય છે, જેમાં હુકમથી નારાજ અરજદાર કયાં અપીલ કરી શકે તે માટે અપીલ સત્તાધિકારીનું નામ, સરનામું, ફોન નંબર સ્પષ્ટ જણાવવાના હોય છે, જયારે આ કેસમાં માંગણા બીલ મોકલવાને બદલે માહિતી પુરી પાડવા માટેનું નિયમ–૪–૧ મુજબનું 'ઘ' ફોર્મમાં માંગણા બીલ મોકલીને ગુંચવણ ઉભી કરવામાં આવી છે, હવે જો અરજદારને મળેલો પત્ર માહિતી પુરી પાડવાનો નમુનો–'ઘ' હોય તો એ મુજબનાં પત્રથી અરજદારને કોઈ જ માહિતી મળી નથી તેમ સમજીને આ પત્રને પ્રથમ અપીલ અરજી ગણી લેવા અને જો નમુના–'ગ' નિયમ–૩–૨ મુજબ માંગણા બીલનો પત્ર ગણીએ તો પણ અરજદારને માહિતીની નકલો માટે કેટલા પાના વપરાયા છે તેનું માંગણા બીલ આવ્યું જ નથી, છતાં પણ અરજદાર તરફથી રૂ.૨૦/– ની સ્ટેમ્પ માંગેલી માહિતીની નકલો માટેની ખર્ચ માટે આ અરજી સાથે મોકલી છે એમ જણાવી માહિતીની નકલો ટપાલથી મોકલી આપવા જણાવેલ છે, છતાં મુદત વિત્યા બાદ પણ જો માહિતી ન આપવામાં આવે તો સદર પત્રને પ્રથમ અપીલ અરજી ગણી લેવા જણાવેલ છે, જે નારાજગી ધ્યાને લેતા અરજદારશ્રી ધ્વારા તેઓની માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ અંતર્ગત માહિતી માંગતી અરજી સબબ માહિતીની નકલો મળી રહે તે મુજબની મુખ્યત્વે રજુઆત થયેલ હોવાનું જણાય છે.

ઉકત અપીલ અરજી સાથે ફુડ વિભાગ ધ્વારા સામેલ તુમારોનો અભ્યાસ કરતાં અરજદારશ્રી ધ્વારા તા.૨૩/૦૮/૨૦૧૮ થી ફુડ સેફટી ખાતું, આરોગ્ય વિભાગ, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરેલ અરજી એકઝીકયુટીવ આસી. અને જાહેર માહિતી અધિકારી, નાગરીક સુવિધા કેન્દ્ર, મુગલીસરાના પત્ર નં.સીસીસી/સીઝેડ/ આર.ટી.આઈ/ આઉટ/૧૨૩૭, તા.૨૪/૦૮/૧૮ થી ફુડ ઈન્સ્પેકટર અને જાહેર માહિતી અધિકારી, ફુડ વિભાગને તબદીલ કરવામાં આવેલ હતી. અરજદારશ્રીની નમુના "ક" ની અરજીથી (૧) અલથાણ ભટાર વોર્ડમાં ભેળસેળ અંગે એસ.એમ.સી. એપ પર તા.૧૬/૦૪/૧૮ના રોજ કમ્પે.નં. ૭૭૭/૮૨૦૧૮૧૦૮૨૪ થી ફરિયાદ કરવામાં આવી હતી તે સબબ જે કાર્યવાહી કરવામાં આવેલી હોય તે કેશ પેપરની સર્ટીફાઈડ કોપી (૨) ઉપરોકત ફરિયાદમાં દર્શાવેલા ભેરૂનાથ ભેલપુરી પાસે થી લીધેલા સેમ્પલ અને નોટીસ અંગેના પંચનામા વિગેરે નકલો (૩) લેબોરેટરી ટેસ્ટીંગમાં ફુડ સેમ્પલ મોકલતી વખતે ફરિયાદ નંબર અને લેબોરેટરીને મોકલેલા પત્રની નકલ (૪) ચાર માસના સમય વીતી ગયો છે જેથી ફરિયાદ મુજબના ફુડના સેમ્પલનો રીપોર્ટ લેબોરેટરીમાંથી આવી ગયો હશે તેની નકલ વિગેરે કુલ–૦૪ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ હતી. અરજદારશ્રીની ઉકત અરજી પરત્વે ફુડ વિભાગને લાગત મુદ્દાઓ પરત્વેની માહિતી જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ ઈન્સ્પેકટર (ફુડ વિભાગ)ના પત્ર નં.પીએચડી/ફુડ/૨૧૯૬, તા.૦૫/૦૯/૧૮ થી અરજદારને સમયમર્યાદામાં પ્રત્યુત્તર પાઠવેલ હોવાનું જણાય છે. જે અનુસંધાને મુદ્દા નં.૧ થી ૩ પરત્વે એસ.એમ.સી. એપ મુદ્દા પર તા.૧૬/૦૪/૧૮ ના રોજ કમ્પલેઈન નં. ૭૭૭/૮૨૦૧૮૧૦૮૨૪ થી કરવામાં આવેલ ફરીયાદના અનુસંધાનમાં અત્રેના ફુડ સેફટી ઓફિસર ધ્વારા શ્રી ભેરૂનાથ ભેલપુરી (લારી) નામની સંસ્થાની મુલાકાત લઈ સદર સંસ્થામાંથી "ભેલ" નો નમુનો લઈ પૃથ્થકકરણ અર્થે પબ્લીક હેલ્થ લેબોરેટરી ખાતે મોકલી આપવામાં આવેલ, જે મોકલેલ પત્રની નકલ મેળવવા ફુડ ખાતાની ઓફિસે નકલ ફી રૂ.૨/–ભરી માહિતી મેળવી લેવા તથા મુદ્દા નં.૪ પરત્વે સેમ્પલ રીપોર્ટ નકલ મેળવવા ફુડ ખાતાની ઓફિસે નકલ ફી રૂ.૨/– ભરી માહિતી મેળવી લેવા બાબતનો પ્રસ્તાવ અરજદારશ્રીને આપવામાં આવેલ હોવાનું જણાય છે. પ્રસ્તુત કિસ્સામાં અરજદારશ્રીની મુખ્યત્વે નારાજગી તેઓની માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ અંતર્ગત માહિતી માંગતી અરજી સબબ માહિતીની નકલો મળી રહે તે મુજબની જણાતી હોય જાહેર માહિતી અધિકારી ધ્વારા વ્યવહારૂ અભિગમ દાખવી અપીલ તબકકે અરજદારશ્રીને સૌ પ્રથમ માહિતીની નકલો પુરી પાડી અત્રે અપીલ અરજી મોકલી શકયા હોત, જે મુજબની કાર્યવાહી જાહેર માહિતી અધિકારી ધ્વારા કરવામાં આવેલ હોવાનું જણાતું નથી, જે બાબતે જાહેર માહિતી અધિકારીએ ભવિષ્યમાં જરૂરી કાળજી રાખવા જોગ જણાય છે.

અરજદારની મુળ અરજી, અરજદારને પાઠવેલ પ્રત્યુત્તર, વિગેરે તમામ હકીકતો ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

–:: હુકમ ::–

અરજદારશ્રીની ઉકત વિગતેની અપીલ અરજી ધ્યાને લેતા, અરજદારશ્રીની મુખ્યત્વે નારાજગી તેઓની માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ અંતર્ગત માહિતી માંગતી અરજી સબબ માહિતીની નકલો મળી રહે તે મુજબની જણાતી હોય જાહેર માહિતી અધિકારીને સદર હુકમ મળ્યેથી દિન–૫ માં બીનચુક અરજદારશ્રીને અત્રેની કચેરીની જાણ હેઠળ માહિતીની નકલો પુરી પાડવા આથી હુકમ કરવામાં આવે છે. ભવિષ્યમાં જાહેર માહિતી અધિકારીને માહિતી અધિકાર અધિનિયમ હેઠળ મળતી અરજી સમયે વ્યવહારૂ અભિગમ દાખવવા, નિયત નમુનામાં માહિતી પુરી પાડવા તથા સરકારશ્રીના સંબંધિત વિભાગો ધ્વારા તેમજ તે અન્વયે સુરત મહાનગરપાલિકાના આર.ટી.આઈ.સેલ ધ્વારા વખતોવખત પરિપત્ર/નોંધથી આપવામાં આવતી સુચનાનો અમલ કરવા જણાવવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો,ગુજરાત માહિતી આયોગ,કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦– એ,ગાંધીનગરને દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/આરટીઆઈ/અપીલ/
તા. /૧૦/૨૦૧૮.

ઈ.ચા.આરોગ્ય અધિકારી અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

**અપીલ અરજી નં.SMC/PHD/FAP/47/2018. Dt.24/10/2018.**
**આરોગ્ય વિભાગ.**

**અરજદાર :–** શ્રી જીગીષ આર.સોસા.

**સામાવાળા:–** ૧) જાહેર માહિતી અધિકારી અને તબીબી અધિકારીશ્રી, વર્ગ–૧,ફેમીલી પ્લાનીગ વિભાગ, સુરત મહાનગરપાલિકા.

૨) જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારીશ્રી,સેન્ટ્રલ ઝોન,સુરત મહાનગરપાલિકા.

૩) જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ આરોગ્ય અધિકારીશ્રી, વેકશીનેશન બ્રાંચ, સુરત મહાનગરપાલિકા.

૪) જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. સોલીડ વેસ્ટ મેનેજરશ્રી,સો.વે.મે.વિભાગ,સુરત મહાનગરપાલિકા.

અરજદાર મજકુર ધ્વારા તા.૧૨/૧૦/૧૮ ના રોજ પ્રથમ અપીલ અધિકારીશ્રી, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરવામાં આવેલ અપીલ અરજી તથા ડે.કમિશ્નરશ્રી, હેલ્થ એન્ડ હોસ્પીટલને ઉદ્દેશીને કરવામા પ્રથમ અપીલના અનુસંધાને કરવામાં આવેલ રિમાઈન્ડર–૧ જાહેર માહિતી અધિકારી, નાગરીક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોનના પત્ર.નં.સીસીસી/સે.ઝોન/આઉટ/૨૨૪, તા.૨૨/૧૦/૧૮ થી અપીલ અરજી સાથે અજદારશ્રીની તા.૦૪/૦૯/૧૮ ની આર.ટી.આઈ.ની મુળ અરજીના તુમારો સામેલ રાખી અત્રેના વિભાગને જરૂરી કાર્યવાહી અર્થે મોકલેલ છે, જે અત્રે તા.૨૪/૧૦/૨૦૧૮ના રોજ પ્રાપ્ત થયેલ છે.અરજદારની તા.૦૪/૦૯/૨૦૧૮ ની આર.ટી.આઈ.ની અરજી (આઈ.ડી.નં.૧૩૪૨) ની અરજી પરત્વેની માહિતી જાહેર માહિતી અધિકારી ધ્વારા નિયત સમયમર્યાદામાં કે બાદમાં માહિતી પૂરી પાડવામાં આવી ન હોવાથી નિયમોનુસાર વિનામૂલ્યે માહિતીની નકલો આપવામાં આવે તેમ જણાવી નારાજ થઈ અપીલ અરજી કરેલ છે.

અરજદારશ્રીની તા.૦૪/૦૯/૧૮ ની અરજી (આઈ.ડી.નં.૧૩૪૨) થી (૧) શિવમ હોસ્પિટલમાં બી–૧૦૧, ડી.એમ. ફ્લેટ, જે કે.પી. નગરની સામે, ધનમોરા, કતારગામ, સુરત વર્ષ ૨૦૧૪–૧૫ માં કુલ કેટલા લાભાર્થીઓએ કુલ કેટલી સરકારી યોજનાઓનો લાભ આપે છે તેની સંપૂર્ણ માહિતીની ચકાસણી કર્યા પછી માંગ્યા મુજબની ખરી નકલ આપવી. (૨) ૨૦૧૫–૧૬ માં ઉપર મુજબ ચિરંજીવી યોજનાઓ માટે કુલ કેટલા લાભાર્થીઓને લાભ મળેલ છે અને ડો. તરફથી જે તે પત્ર–વ્યવહાર તથા બિલની તપાસણી કરી માંગ્યા મુજબની ખરી નકલ આપવી વિગેરે બાબતની કુલ–૧૪ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ હતી, જે અરજીના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને એક્ઝીક્યુટીવ આસીસ્ટન્ટ, નાગરીક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોન ધ્વારા પત્ર નં.સીસીસી.સીઝેડ/ આર.ટી.આઈ./આઉટ/૧૩૪૨, તા.૦૫/૦૯/૧૮ થી નાયબ આરોગ્ય અધિકારી, સેન્ટ્રલ ઝોન અને મેડીકલ ઓફિસર, કુટુંબ કલ્યાણ બ્યુરોને તબદીલ કરવામાં આવેલ હોવાનું જણાય છે, જે અન્વયે નાયબ આરોગ્ય અધિકારી, સેન્ટ્રલ ઝોનના પત્ર નં.સીઝેડ/ ના.આ. અધિ./૧૦૨, તા.૦૭/૦૯/૧૮ થી સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ, વેકસીનેશન તથા ફુડ અને ડ્રગ્સ વિભાગને તબદીલ કરવામાં આવેલ હોવાનું જણાય છે, જે અરજીના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા સોલીડ વેસ્ટ મેનેજરશ્રી (સો.વે.મે. વિભાગ) ધ્વારા તેઓનાં વિભાગને અરજીના મુદ્દા નં.૧૨ લાગત ન હોવાનું જણાવી જાહેર માહિતી અધિકારી અને એન્વાયરમેન્ટ ઈજનેર, ડ્રેનેજ વિભાગ પ્રતિ આંશીક તબદીલ કરવામાં આવેલ હોવાનું જણાય છે, જયારે જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારી વેકસીન વિભાગ ધ્વારા અરજદારની અરજી તેઓના વિભાગને લાગત ન હોવાનું જણાવી જાહેર માહિતી અધિકારી અને મેડીકલ ઓફિસર વર્ગ–૧ કુટુંબ કલ્યાણ વિભાગને સંપુર્ણ તબદીલ કરવામાં આવેલ હોવાનું જણાય છે.

અરજદારની આર.ટી.આઈની અરજી તબદીલ થયેલ જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારને પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર બાબતે નારાજગી સંદર્ભે પુર્તતા રીપોર્ટ કે આપવા જોગ પુરક માહિતી અથવા અન્ય કોઈ રજુઆત હોય તો તે દિન–૩ માં અત્રેની કચેરીને મોકલી આપવા પત્ર નં.જીએડી/ઈએસટી/પીએચ/આરટીઆઈ/અપીલ/૭૨,તા.૨૬/૧૦/૨૦૧૮ મુજબ તબીબી અધિકારી, વર્ગ–૧,ફેમીલી પ્લાનીગ વિભાગ,જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારી,સેન્ટ્રલ ઝોન તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. સોલીડ વેસ્ટ મેનેજરશ્રી,સો.વે.મે.વિભાગ પ્રતિ જણાવવામાં આવેલ હતું,તથા પત્ર નં.જીએડી/ઈએસટી/ પીએચ/આરટીઆઈ/અપીલ/૭૩, તા.૦૧/૧૧/૨૦૧૮ મુજબ જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ આરોગ્ય અધિકારીશ્રી,વેકસીનેશન વિભાગ પ્રતિ પણ જણાવવામાં આવેલ હતું, જે અનુસંધાને વિવિધ જાહેર માહિતી અધિકારી ધ્વારા મળેલ પુર્તતા અંગેની વિગતો નીચે મુજબ છે.

- ❖ જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારી, સેન્ટ્રલ ઝોન ધ્વારા અરજદારની અરજીના મુદ્દા નં.૧ થી ૧૨ પરત્વેની માંગવામાં આવેલ માહિતી બાબતે "સંબધિત વિભાગોમાં આપની અરજી તબદીલ થયેલ હોય લાગત વિભાગમાંથી માહિતી ઉપલબ્ધ થઈ શકશે, જેથી અત્રેનાં વિભાગની માહિતી નીલ છે" તેમ જણાવેલ છે.

- ❖ જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સોલીડ વેસ્ટ મેનેજરશ્રી, સો.વે.મે.વિભાગ ધ્વારા અરજીના મુદ્દાઓ પૈકી મુદ્દા નં.૧૨ જાહેર માહિતી અધિકારી અને એન્વાયરમેન્ટ સેલને લાગત જણાતાં આંશીક તબદીલ કરવામાં આવેલ હોવાનું જણાવેલ છે તે મુજબ મુદ્દા નં. ૧૨ પરત્વેની માહિતીની નકલ એન્વાયરમેન્ટ સેલ ધ્વારા અરજદારને પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે.

- ❖ જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ આરોગ્ય અધિકારીશ્રી,વેકશીનેશન વિભાગને અરજીના મુદ્દાઓ લાગત ન જણાતાં જાહેર માહિતી અધિકારી અને તબીબી અધિકારીશ્રી, વર્ગ–૧,ફેમીલી પ્લાનીગ વિભાગને સંપુર્ણ તબદીલ કરવામાં આવેલ હોવાનું જણાય છે.

- ❖ જાહેર માહિતી અધિકારી અને તબીબી અધિકારીશ્રી, વર્ગ–૧, ફેમીલી પ્લાનીગ વિભાગ ધ્વારા આજદિન સુધી કોઈ રજુઆત કે લેખીત પુર્તતા અત્રેની કચેરી ખાતે રજુ કરેલ નથી.

અરજદારની મુળ અરજી, અપીલ અરજીથી કરવામાં આવેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારીશ્રી, સેન્ટ્રલ ઝોન, જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ આરોગ્ય અધિકારીશ્રી, વેકશીનેશન બ્રાંચ તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સોલીડ વેસ્ટ મેનેજરશ્રી, સો.વે.મે.વિભાગ ધ્વારા રજુ કરવામાં આવેલ પુર્તતા વિગેરે ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**—:: હુકમ ::—**

અરજદારશ્રીની તા.૦૪/૦૯/૧૮ ની આર.ટી.આઈ. એકટ હેઠળની અરજી (આઈ.ડી.નં.૧૩૪૨) ના મુદ્દાઓ પૈકી ઉકત વિગતે મુદ્દા નં.૧૨ પરત્વેની માહિતી જાહેર માહિતી અધિકારી અને એન્વાયરમેન્ટ ઈજનેરશ્રી ધ્વારા અરજદારશ્રીને પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે,જયારે અરજીના અન્ય મુદ્દાઓનો અભ્યાસ કરતા તે મહદ અંશે જાહેર માહિતી અધિકારી અને તબીબી અધિકારીશ્રી (વર્ગ—૧) ફેમીલી પ્લાનીગ વિભાગને લાગત જણાય છે તથા ઉકત વિગતે તેઓશ્રી પ્રતિ પુર્તતા માંગ્યા છતાં આજદિન સુધી તેઓ તરફથી પ્રસ્તૃત કિસસામાં પુર્તતા કરવામાં આવેલ ન હોય તેઓ ધ્વારા અરજદારશ્રીને આજદિન સુધી માહિતી પુરી પાડેલ ન હોવાનું અનુમાનીત થતુ હોય અરજદારશ્રીની આર.ટી.આઈ.એકટ હેઠળની સદર અરજીના લાગત મુદ્દાઓની ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી દિન—૫ માં આર.ટી.આઈ.એકટની કલમ—૭(૬) હેઠળ અત્રેની કચેરીની જાણ હેઠળ અરજદારશ્રીને વિના મુલ્યે પુરી પાડવા હુકમ કરવામાં આવે છે તથા જાહેર માહિતી અધિકારી અને તબીબી અધિકારીશ્રી (વર્ગ—૧), ફેમીલી પ્લાનીગ વિભાગને આર.ટી.આઈ.એકટ હેઠળની મળતી અરજીઓ પરત્વે ગંભીરતા દાખવી ભવિષ્યમાં તમામ અરજીઓનો સમયમર્યાદામાં નિકાલ કરવા તાકીદ કરવામાં આવે છે,વધુમાં વિવિધ ખાતામાંથી માહિતી મેળવી હુકમ કરવાનો હોય અપીલ અરજીનો નિકાલ કરવામાં થયેલ વિલંબ ક્ષમ્ય ગણશો.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો,ગુજરાત માહિતી આયોગ,કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ,બ્લોક નં.૧,બીજો માળ,નિર્માણ ભવનની પાછળ,સેકટર—૧૦/એ,ગાંધીનગરને દિન—૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/
તા. /૧૨/૨૦૧૮

ડે.કમિશ્નર (હે અને હો) અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

**અપીલ અરજી નં.SMC/PHD/FAP/48/2018-19. Dt.03/11/2018.**
**આરોગ્ય વિભાગ.**

**અરજદાર :–**શ્રી દિલીપકુમાર નટવરલાલ પારેખ.

**સામાવાળા:–** જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી,માર્કેટ વિભાગ,સુરત મહાનગરપાલિકા.

અરજદાર મજકુર ધ્વારા તા.૨૬/૧૦/૨૦૧૮ના રોજ માર્કેટ સુપ્રિ.શ્રી,માર્કેટ વિભાગ,સેન્ટ્રલ ઝોન, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરવામાં આવેલ અપીલ અરજી એકઝી.આસી.અને જાહેર માહિતી અધિકારી, નાગરીક સુવિધા કેન્દ્રના પત્ર નં.સીસીસી/સે.ઝોન/ આઉટ/૨૨૯, તા.૨૯/૧૦/૧૮ થી અપીલ અધિકારી અને ડે.કમિશ્નરશ્રી(હે અને હો),માર્કેટ વિભાગ પ્રતિ તબદીલ કરવામાં આવેલ હતી, જે અરજી માર્કેટ વિભાગના પત્ર નં.પીએચડી/માર્કેટ/૧૨૩૫, તા.૦૩/૧૧/૧૮ થી અરજદારશ્રીની તા.૦૪/૦૯/૧૮ ની (આઈ.ડી.નં.૫૬૭) આર.ટી.આઈ.ની નમુના 'ક' ની અરજી તથા તે અન્વયે પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર વિગેરે તુમારો સામેલ રાખી જરૂરી કાર્યવાહી અર્થે મોકલવામાં આવેલ હતી, જે અત્રે તા.૦૩/૧૧/૨૦૧૮ ના રોજ પ્રાપ્ત થયેલ છે. ઉકત આર.ટી.આઈ.ની અરજીના અનુસંધાને માંગેલ માહિતી તથા પશ્ચિમ ઝોનની કચેરીના જવાબો મુજબ વિરોધાભાસ જવાબ આપેલ છે, જે યોગ્ય નથી તથા નામ.ગુજ.હાઈકોર્ટની પરિપત્રની પ્રમાણિત નકલ આપવામાં આવેલ નથી તેમ જણાવી નારાજગી દર્શાવી અપીલ અરજી કરેલ છે.

અરજદારશ્રીની આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળની તા.૦૪/૦૯/૧૮ ની અરજી (આઈ.ડી.નં.૫૬૭) જાહેર માહિતી અધિકારી અને ચીફ સેનેટરી ઈન્સ્પેકટર,વેસ્ટ ઝોનના પત્ર નં.આર.ટી.આઈ.સેલ/આઉટ વર્ડ નં.૧૪૬૩, તા.૦૪/૧૦/૧૮ થી એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટ અને જાહેર માહિતી અધિકારી, માર્કેટ વિભાગને મુદ્દા નં.૧ અને ૩ માટે તબદીલ કરવામાં આવેલ હતી, અરજદારની ઉકત અરજીથી મુદ્દા નં. (૧) "નામ.ગુજરાત હાઈકોર્ટ" તરફથી શહેર સુરતનાં મ્યુ.કમિશ્નરશ્રીને એક પરિપત્ર જાહેર રોડ–રસ્તા ઉપર રખડતા ગાય–ભેંસ/ઢોર તથા ગેરકાયદેસર ઘાસ–ચારો વેચનાર વ્યકિત સામે કાયદેસર કાર્યવાહી કરવા અંગે મોકલેલ પરિપત્રની સર્ટીફાઈડ નકલ અનુસંધાને પશ્ચિમ ઝોનનાં લાગતા વળગતાં ખાતાકીય અધિકારીઓએ કરેલ કાયદેસર કાર્યવાહી તથા નામ. હાઈકોર્ટે કરેલાં સુચનનો અમલ કરેલ હોય તો તે અંગેની તમામ માહિતી (૨) નામ. ગુજરાત હાઈકોર્ટ તરફથી શહેર સુરતનાં મ્યુ.કમિશ્નરશ્રીને ઉપરોકત પરિપત્ર મારફત સુચના આપી હુકમ કરવામાં આવેલ છે, જેમાં માર્કેટીગ વિભાગ, આરોગ્ય વિભાગ, દબાણ ખાતાનાં અધિકારીઓએ સ્થાનિક પોલીસ/એસ.આર.પી. સાથે સંકલન કરી જવાનોની ટીમ સાથે રાખી (જાહેર રોડ–રસ્તા ઉપર રખડતા ઢોર યાને ગાય ભેંસ વિગેરે) ને તથા આપના ઝોન (પશ્ચિમ ઝોન)ની હદમાં આવતા વિસ્તારમાં આવેલ કચરાપેટી પાસે તથા જાહેરમાં ગેરકાયદેસર ઘાસ વેચનાર વિરૂઘ્ધ કાયદેસરની કયા કયા પ્રકારની કાર્યવાહી કરવામાં આવેલ છે તેની લેખિત માહિતી (૩) નામ.ગુજરાત હાઈકોર્ટ તરફથી શહેર સુરતનાં મ્યુ.કમિશ્નરશ્રીને ઉપરોકત પરિપત્ર મળ્યા બાદ પશ્ચિમ ઝોનનાં લાગતા વળગતા ખાતાકીય અધિકારીઓએ કઈ કઈ તારીખે કયા કયા વિસ્તારમાં ઉપરોકત નામ.હાઈકોર્ટનાં પરિપત્રનો અમલ કરી/કરાવી કાર્યવાહી કરી કેટલો દંડ તથા કેટલા ઢોરો પકડી તેમના માલિકો પાસે દંડ વસુલ કરેલ છે તેની માહિતી તથા દંડની રકમ વસુલ કર્યાની માહિતી (૪) શહેર સુરતનાં પશ્ચિમ ઝોનનાં હદ–વિસ્તારમાં કેટલી વોર્ડ ઓફિસો આવેલી છે તેનાં નામ સરનામાં તેનાં વિસ્તાર મુજબ,સોસાયટી મુજબ તથા તે ઓફિસોનાં ટેલીફોન નંબર તથા હાલમાં ફરજ બજાવતા વોર્ડ ઓફિસરોનાં/અધિકારીશ્રીનાં તમામનાં મોબાઈલ નંબરની વિગતો તથા દરેક વોર્ડ મુજબ,સોસાયટી મુજબ કેટલી કચરાપેટી આવેલ છે કે જયાં કાયમી ધોરણે જાહેર રોડ–રસ્તા ઉપર રખડતા ગાય–ભેંસ/ઢોર તથા ગેરકાયદેસર ઘાસ–ચારો વેચનાર વ્યકિતઓ અડીગો જમાવીને બેઠેલાં હોય છે તેની વિગતો તથા તેઓની સામે પશ્ચિમ ઝોનનાં ફરજ ઉપરનાં અધિકારીઓએ કરેલ કાયદેસરની કાર્યવાહીની વિગતો(૫) શહેર સુરતનાં પશ્ચિમ ઝોનનાં કયા કયા ખાતાને/ખાતાકીય અધિકારીને ઉપરોકત પરિપત્રનો અમલ કરવાનો હોય છે તેની માહિતી જેની ખાતાકીય અધિકારીની ઓફિસની વિગતો તથા જવાબદાર અધિકારીશ્રીનાં નામ સરનામાં તથા મોબાઈલ નંબર તથા ઓફિસનાં ટેલીફોન નંબરની વિગતની માહિતી વિગેરે કુલ–૦૫ મુદ્દાઓની માહિતી માંગેલ હતી, જે અરજીના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટ, માર્કેટ વિભાગ ધ્વારા તા.૨૨/૧૦/૧૮ ના રોજ પત્ર નં.પીએચડી/માર્કેટ/૧૧૮૨ થી અરજદારશ્રીને તેઓની માહિતી માંગતી અરજીના મુદ્દા નં.૧ થી ૩ તથા મુદ્દા નં.૫ પરત્વે આવા કોઈ પરિપત્ર સુરત મહાનગરપાલિકાને પાઠવેલ ના હોય માહિતી 'મામુર' છે, તે મુજબનો તેમજ મુદ્દા નં.૪ થી માંગેલ માહિતી બાબતે "અત્રે કચેરીને લાગુ પડતી નથી " તે મુજબનો પ્રત્યુત્તર અરજદારશ્રીને પાઠવવામાં આવેલ હોવાનું જણાય છે.

અરજદારશ્રી ધ્વારા અપીલ અરજીથી કરવામાં આવેલ મુખ્યત્વે રજુઆતમાં નામ.ગુજરાત હાઈકોર્ટનાં પરિપત્રની પ્રમાણિત નકલ આપેલ નથી, માર્કેટ વિભાગના જવાબ સાથે (જાહેર માહિતી અધિકારી અને ચીફ સેનેટરી ઈન્સ્પેકટર, વેસ્ટ ઝોનનો) જવાબ વિરોધાભાસ છે એમ જણાવેલ છે. અપીલ અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારીશ્રી,પશ્ચિમ ઝોન ધ્વારા ઉકત વિગતે અત્રે મુદ્દા નં.૧ અને ૩ માટે આંશિક તબદીલ કરેલ અપીલ અરજી સાથે સામેલ કરેલ તુમારોનો અભ્યાસ કરતા જાહેર માહિતી અધિકારી અને ચીફ સેનેટરી ઈન્સ્પે.પશ્ચિમ ઝોન ધ્વારા મુદ્દા નં.૨, ૪ અને ૫ નો પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ હોવાનું જણાય છે, જે અન્વયે અરજદારશ્રીની નમુના–ક મુજબની ઉકત વિગતેની અરજીના મુદ્દા નં.૨ અન્વયે "ગેરકાયદેસર ઘાસ વેચનારને નોટીસ આપી વેચાણ બંધ કરાવવામાં આવેલ છે" તે મુજબનો પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ છે, જયારે જાહેર માહિતી અધિકારી અને એડીશનલ માર્કેટ સુપ્રિ.શ્રીના ઉકત વિગતેના પ્રત્યુત્તરની હકીકતે મુદ્દા નં.૧ નામ.ગુજરાત હાઈકોર્ટ તરફથી ઉકત અરજદારશ્રીની અરજીથી જણાવેલ વિગતે મોકલેલ પરિપત્રની સર્ટીફાઈડ નકલના પ્રત્યુત્તરમાં આવો કોઈ પરિપત્ર સુરત મહાનગરપાલિકાને પાઠવેલ ન હોવાનું જણાવેલ છે, જે પ્રત્યુત્તરોને અનુલક્ષીને અરજદારશ્રીએ બન્ને પ્રત્યુત્તરમાં વિરોધાભાસ હોવાની શકયતા વ્યકત કરેલ હોવાનું જણાય છે, પરંતુ જાહેર માહિતી અધિકારી અને ચીફ સેનેટરી ઈન્સ્પે., વેસ્ટ ઝોન ધ્વારા ઉકત વિગતે અરજીના મુદ્દા નં.૧ ની વિગતે કરવામાં આવેલ અરજીની તબદીલી ધ્યાને લેતા મુદ્દા નં.૨ માટે તેઓએ ખાતા ધ્વારા થયેલ કામગીરી દર્શાવેલ હોવાનું જણાય છે તથા મુદ્દા નં.૫ થી કરેલ પ્રત્યુત્તરમાં "સદર પરિપત્ર શહેર સુરત પશ્ચિમ ઝોનનાં ઈજનેરી (દબાણ) વિભાગ, આરોગ્ય વિભાગ તથા માર્કેટ વિભાગ સુરત મહાનગરપાલિકાને લાગુ પડે છે" એમ જણાવેલ છે, જે જાહેર માહિતી અધિકારીનું અનુમાન હોવાનું જણાય છે. જાહેર માહિતી અધિકારી અને એડીશનલ માર્કેટ સુપ્રિ.શ્રીના પ્રત્યુત્તરની વિગતે આવો પરિપત્ર મહાનગરપાલિકાને ઈસ્યુ ન થયેલ હોવાનું જણાવેલ છે તથા ઉકત વિગતે મુદ્દા નં.૧ અને ૩ માટે તેઓશ્રી પ્રતિ અરજી તબદીલ થયેલ હોય તે તમામ હકીકતો પરિપેક્ષમાં લેતા જાહેર માહિતી અધિકારી અને ચીફ સેનેટરી ઈન્સ્પેકટર, વેસ્ટ ઝોન ધ્વારા કરવામાં આવેલ પ્રત્યુત્તર અરજદારશ્રીની અરજીનો હાર્દ સમજયા વિના તેઓના વિભાગની કામગીરી / અનુમાન દર્શાવેલ હોવાનું જણાય છે તથા સામેલ તુમારોનો અભ્યાસ કરતા અરજદારશ્રી ધ્વારા આ મુજબનો પરિપત્ર ઈસ્યુ થયેલ હોવાના કોઈ આધાર પુરાવા કોઈ તબકકે રજુ થયેલ હોવાનું જણાતું નથી, તે તમામ બાબતો અવલોકનમાં લેતા નામ.ગુજરાત હાઈકોર્ટ ધ્વારા માંગેલ માહિતી મુજબનો પરિપત્ર સુરત મ્યુનિ.કમિશ્નરશ્રીને ઈસ્યુ થયેલ હોવાનું પ્રતિપાદિત થતુ હોવાનું જણાતું નથી તથા જો

જાહેર માહિતી અધિકારી અને ચીફ સેનેટરી ઈન્સ્પેક્ટર, વેસ્ટ ઝોનનાં ધ્યાને આ મુજબનો કોઈ પરિપત્ર ઈસ્યુ થયેલ હોવાનું જણાયેલ હોય તો તેઓશ્રીએ સદર પરિપત્રની પ્રમાણિત નકલ અરજદારશ્રીને પુરી પાડવાની રહે છે.

અરજદારશ્રીની મુળ અરજી,અપીલ અરજી સંદર્ભે અરજદારશ્રી ધ્વારા કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટ માર્કેટ વિભાગ ધ્વારા પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર તથા તમામ હકીકતો અવલોકનમાં લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**—:: હુકમ ::—**

અરજદારશ્રીની તા.૦૪/૦૯/૧૮ ની અરજી (આઈ.ડી.નં.૫૬૭) થી માંગવામા આવેલ માહિતી પરત્વે જણાવવાનું કે, આર.ટી.આઈ.એકટની કલમ—૨(એફ), ૨(જે) અને માહિતી અધિકારની વ્યાખ્યા પ્રમાણે જાહેર સત્તા મંડળ પાસેની તથા તેના નિયંત્રણ હેઠળની હકીકતલક્ષી ઉપલબ્ધ રેકર્ડ આધારિત માહિતી પુરી પાડવાની જોગવાઈ છે, જે અન્વયે ઉકત વિગતે જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટ,માર્કેટ વિભાગને મુદા નં.૧ તથા ૩ માટે થયેલ અરજીની તબદીલીના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિ.શ્રી ધ્વારા "આવા કોઈ પરિપત્ર સુરત મહાનગરપાલિકાને પાઠવેલ ન હોય નામ.ગુજરાત હાઈકોર્ટના પરિપત્રના અનુસંધાને માંગેલ માહિતી 'મામુર' છે" તે મુજબનો પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ જણાવેલ છે, જેમાં ઉકત વિગતે અત્રેથી કોઈ હસ્તક્ષેપ કરવાનો રહેતો હોવાનું કારણ જણાતું નથી.વધુમાં ઉકત વિગતે જાહેર માહિતી અધિકારી અને ચીફ સેનેટરી ઈન્સ્પેકટર,પશ્ચિમ ઝોન પાસે જો આ મુજબનો પરિપત્ર પરિપાત્રિત થયેલ હોવાનું ધ્યાને હોય તો આર.ટી.આઈ.એકટનો હાર્દ,હેતુ વિગેરે ધ્યાને લઈ તાકીદે તેની પ્રમાણિત નકલ અરજદારશ્રીને પુરી પાડવા તથા જો તે મુજબની માહિતી જો નીલ હોય તો તે મુજબનો પ્રત્યુત્તર પણ અરજદારશ્રીને પાઠવવા અપીલ અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારીશ્રી,વેસ્ટ ઝોન મારફત જાહેર માહિતી અધિકારી અને ચીફ સેનેટરી ઈન્સ્પેકટર,વેસ્ટ ઝોન પ્રતિ હુકમ થવા જણાવવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો, ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧,બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર—૧૦/એ, ગાંધીનગરને દિન—૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/આઉટ/
તા.      /૧૨/૨૦૧૮

ડે.મ્યુનિ.કમિશ્નર (હે. અને હો.) અને
એપલેટ ઓફીસર
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં.SMC/PHD/FAP/50/2018-19. Dt.16/11/2018.
આરોગ્ય વિભાગ.

**અરજદાર :–** શ્રી જશવંતસિંહ એ. બ્રહ્મભટ્ટ.

**સામાવાળા:–** (૧) જાહેર માહિતી અધિકારી અને તબીબી અધિકારીશ્રી, વર્ગ–૧,ફેમીલી પ્લાનીગ વિભાગ, સુરત મહાનગરપાલિકા.
(૨) જાહેર માહિતી અધિકારી અને મુખ્ય આરોગ્ય નિરીક્ષક, જન્મ–મરણ વિભાગ, સુરત મહાનગરપાલિકા.
(૩) જાહેર માહિતી અધિકારી અને સેનેટરી ઇન્સ્પેકટર, પ્રોસીકયુશન વિભાગ, સુરત મહાનગરપાલિકા.

અરજદાર મજકુર ધ્વારા તા.૧૩/૧૧/૨૦૧૮ ના રોજ અપીલ અધિકારી અને આરોગ્ય અધિકારીશ્રી, આરોગ્ય વિભાગ, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરવામાં આવેલ અપીલ અરજી અત્રેના વિભાગમાં પીએચડી/ઈન/નં.૬૮૨૧, તા.૧૩/૧૧/૧૮ થી પ્રાપ્ત થયેલ છે, જે આર.ટી.આઈ.ની અરજી તેમજ અરજદારને પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર વિગેરે તુમારો સામેલ રાખી અત્રેના વિભાગને જરૂરી કાર્યવાહી અર્થે મોકલેલ હતી, જે અત્રે તા.૧૬/૧૧/૨૦૧૮ના રોજ પ્રાપ્ત થયેલ છે.અરજદારશ્રીની અપીલ અરજીમાં જણાવેલ વિગતે માહિતી છુપાવનાર જાહેર માહિતી અધિકારીઓ વિરૂદ્ધ શિક્ષાત્મક કાર્યવાહી કરવી તેમજ માંગેલ માહિતી તેઓની કચેરીમાં ઉપલબ્ધ હોવા છતાં પૂરી પાડેલ નથી, તેવી સંપૂર્ણ માહિતી મુદ્દાસર, સાચી, સ્પષ્ટ, વિગતવાર માહિતી આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ નિયમ–૭–(૬) હેઠળ વિના મુલ્યે પુરી પડાવવી તેમજ હમોને થયેલ ખર્ચ અને હેરાનગતિ બદલ યોગ્ય વળતર ચુકવવા સહિતની સંપુર્ણ દાદ અપાવવા વિગેરે બાબતો જણાવી નારાજગી વ્યકત કરેલ છે.

ઉકત વિગતે મળેલ અપીલ અરજી સબબ અત્રેથી જરૂરી ચકાસણી કરતાં અરજદારશ્રી ધ્વારા કરવામાં આવેલ આર.ટી.આઈ.ની નમુના "ક" ની તા.૧૬/૧૦/૨૦૧૮ ની અરજીથી (૧) સુ.મ.ન.પા. સમાવિષ્ટ વિસ્તારમાં આવેલ સુ.મ.ન.પા અને સરકારશ્રી સાથે જે તે યોજના અંતર્ગત એમ.ઓ.યુ.(કરારનામા) કરેલ હોસ્પિટલોની વિગતોની માહિતી પ્રમાણિત નકલમાં પૂરી પાડવી (૨) સુ.મ.ન.પા. સમાવિષ્ટ વિસ્તારમાં આવેલ સુ.મ.ન.પા અને સરકારશ્રી સાથે એમ.ઓ.યુ. કરેલ હોસ્પિટલોમાં ફરજ બજાવતાં ડોકટરના નામ, સરનામું, મોબાઈલ નંબર સહિતની માહિતી પ્રમાણિત નકલમાં પુરી પાડવી (૩) સુ.મ.પા. સમાવિષ્ટ વિસ્તારમાં આવેલ સુ.મ.પા. સમાવિષ્ટ વિસ્તારમાં આવેલ સુ.મ.પા. અને સરકારશ્રી સાથે એમ.ઓ.યુ. કરેલ હોસ્પિટલ ફરજ પરના ડોકટર માસિક પગાર ધોરણ તથા ચુકવવામાં આવતાં ભાડું / ભથ્થા ની થયેલ ચુકવણી આંકડાકીય સંખ્યા દર્શાવતાં પત્રકની માહિતી પ્રમાણિત નકલમાં પૂરી પડવી વિગેરે બાબતે કુલ–૦૬ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ હતી, જે અનુસંધાને અરજદારશ્રીની ઉકત આર.ટી.આઈ.ની અરજી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ આરોગ્ય અધિકારી, વેકસીન વિભાગના પત્ર નં.પીએચડી/વીએસસી/૮૬૯, તા.૨૩/૧૦/૨૦૧૮ મુજબ જાહેર માહિતી અધિકારી અને તબીબી અધિકારીશ્રી, વર્ગ–૧, ફેમીલી પ્લાનીગ વિભાગ, જાહેર માહિતી અધિકારી અને મુખ્ય આરોગ્ય નિરીક્ષક, જન્મ–મરણ વિભાગ તથા જાહેર માહિતી અધિકારી અને સેનેટરી ઇન્સ્પેકટર, પ્રોસીકયુશન વિભાગ પ્રતિ સદર અરજી તબદીલ કરવામાં આવેલ હોવાનું જણાય છે, જે અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને મુખ્ય આરોગ્ય નિરીક્ષક, જન્મ–મરણ વિભાગ ધ્વારા અરજીના મુદ્દા નં.૪ પરત્વેની માહિતી "હોસ્પિટલમાં બનતા જન્મ મરણ અને મૃત જન્મના બનાવોની નોંધણી મહાનગરપાલિકાના જન્મમરણ નોંધણી વિભાગમાં કરાવવાની રહે છે, ભારત સરકારના જન્મમરણ નોંધણી અધિનિયમ, ૧૯૬૯ ના પ્રકરણ–૩ કલમ–૮(૧)(ખ) મુજબ હોસ્પિટલમાં બનતા જન્મ મરણ અને મૃત જન્મ નોંધણી સુરત મહાનગરપાલિકામાં કરાવવાની રહે છે" તે મુજબની માહિતી તેઓના પત્ર નં.પીએચડી/એમ.આર/આઉટ/૪૧૮, તા.૦૩/૧૧/૧૮ થી અરજદારને પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે, જયારે જાહેર માહિતી અધિકારી અને સેનીટરી ઇન્સ્પેકટર(પ્રોસીકયુશન) ધ્વારા અરજીના મુદ્દા નં.૧ થી ૬ પરત્વે પત્ર નં.પીએચડી/પીઆઈ/૨૪૫, તા.૨૫/૧૦/૧૮ થી નમુના "ક" ની અરજીના તમામ મુદ્દાઓ પરત્વે " અત્રેના વિભાગનાં રેકર્ડ પર આવી કોઈ માહિતી ઉપલબ્ધ નથી" મુજબનો પ્રત્યુત્તર પાઠવેલ હોવાનું જણાય છે, જયારે સદર અરજી જાહેર માહિતી અધિકારી અને તબીબી અધિકારીશ્રી, વર્ગ–૧, ફેમીલી પ્લાનીગ વિભાગ પ્રતિ પણ તબદીલ કરવામાં આવેલ જણાતું હોય તે વિભાગ ધ્વારા અરજદારશ્રીને પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ જણાતું ન હોય, અરજદારશ્રીની અપીલ અરજી પરત્વે દર્શાવેલ નારાજગી સંદર્ભે પુર્તતા રીપોર્ટ કે આપવા જોગ પુરક માહિતી અથવા અન્ય કોઈ રજુઆત હોય તો તે દિન–૫ માં અત્રેની કચેરીને મોકલી આપવા પત્ર નં.જીએડી/ઈએસટી/પીએચ/આરટીઆઈ/ અપીલ/૭૪, તા.૨૭/૧૧/૨૦૧૮થી તબીબી અધિકારી,વર્ગ–૧,ફેમીલી પ્લાનીગ વિભાગ પ્રતિ જણાવવામાં આવેલ હતું, જે અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને તબીબી અધિકારી વર્ગ–૧, ફેમીલી પ્લાનીગ વિભાગ ધ્વારા પત્ર નં.એફ.પી.બી/ એસ.એમ.સી/ ૧૮–૧૯/નં.૨૯૫, તા.૩૦/૧૧/૧૮ થી પુર્તતા રીપોર્ટ સાથે આર.સી.એચ. વિભાગ ધ્વારા આર.ટી.આઈ.ની અરજીના મુદ્દા નં.૩ તથા ૪ તેઓના વિભાગને લાગત હોય મેડીકલ ઓફિસર, આર.સી.એચ વિભાગના પત્ર નં.એન.એચ.એમ/આર.સી.એચ/–૨/૧૮–૧૯/નં.૧૬૮૬, તા.૨૮/૧૧/૧૮ થી અરજદારશ્રીને પાઠવવા જોગ પ્રત્યુત્તર સામેલ રાખી તબીબી અધિકારી વર્ગ–૧, ફેમીલી પ્લાનીગ ધ્વારા અરજદારશ્રીની નમુના "ક" ની અરજી પરત્વે મુદ્દા નં.૧,૨ તથા ૫ પરત્વે અત્રેના વિભાગને લાગુ પડતું નથી તથા મુદ્દા નં.૩ અને ૪ પરત્વેની માહિતીની નકલ અરજદારશ્રીને વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે.

**ઉકત તમામ હકીકતો અવલોકનમાં લેવામાં આવેલ છે, જે અંતર્ગત અત્રેનું નીરીક્ષણ નીચે મુજબ છે.**

- અરજદારશ્રી ધ્વારા તેઓની અપીલ અરજીથી જાહેર માહિતી અધિકારી અને મુખ્ય આરોગ્ય નિરીક્ષકશ્રી, જન્મ મરણ નોંધણી વિભાગ ધ્વારા મળેલ પ્રત્યુત્તરથી નારાજ થઈ મળેલ પ્રત્યુત્તર ગોળગોળ અને કાયદા વિરૂધ્ધનો પાઠવેલ હોવાનું જણાવેલ છે. અરજદારશ્રીની માહિતી માંગતી નમુના–ક ની મુળ અરજી તથા તે અનુસંધાને જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા પાઠવેલ પ્રત્યુત્તર (અરજીના મુદ્દા નં.૪) નો અભ્યાસ કરતા અરજદારશ્રી ધ્વારા મુદ્દા નં.૪ થી "સુરત શહેરમાં આવેલ તમામ હોસ્પિટલને લાગુ પડતી જોગવાઈ (ધી મુંબઈ હોસ્પિટલ એકટ) કે અન્ય જે તે કાયદાઓ લાગુ પડતો હોય તે માહિતી પ્રમાણિત નકલમાં પુરી પાડવી" જે અનુસંધાને જાહેર માહિતી અધિકારી ધ્વારા પાઠવવામાં આવેલ પ્રત્યુત્તરમાં "હોસ્પિટલમાં બનતા જન્મ મરણ અને મૃત જન્મના બનાવોની નોંધણી મહાનગરપાલિકાના જન્મમરણ નોંધણી વિભાગમાં કરાવવાની રહે છે, ભારત સરકારના જન્મ મરણ નોંધણી અધિનિયમ, ૧૯૬૯ ના પ્રકરણ–૩ કલમ–૮(૧)(ખ) મુજબ હોસ્પિટલમાં બનતા જન્મ મરણ અને મૃત જન્મ નોંધણી સુરત મહાનગરપાલિકામાં કરાવવાની રહે છે" તે મુજબનો પ્રત્યુત્તર પાઠવેલ હોવાનું જણાય છે. જાહેર માહિતી અધિકારીના પ્રત્યુત્તરનો અભ્યાસ કરતા જાહેર માહિતી અધિકારીએ અરજદારશ્રી તરફથી કરવામાં આવેલ અરજીનો હાર્દ સમજયા વિના તેઓના વિભાગની કામગીરી જે કાયદાના અનુલક્ષીને કરવામાં આવે છે તેની માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે. ખરેખર માહિતી માંગતી અરજીનો વિષય વસ્તુ તેઓના કાર્યક્ષેત્રમાં આવતુ હોવાનું જણાતું નથી.

- જાહેર માહિતી અધિકારી અને સેનીટરી ઈન્સ્પેકટર, પ્રોસીકયુશન વિભાગ ધ્વારા અરજદારશ્રીની માહિતી માંગતી અરજી સંદર્ભે પાઠવેલ પ્રત્યુત્તરમાં તમામ મુદ્દાઓ માટે "અત્રેના વિભાગના રેકર્ડ ઉપર આવી કોઈ માહિતી ઉપલબ્ધ નથી" તે મુજબ જણાવેલ છે. આર.ટી.આઈ. એકટની કલમ–૨(એફ), ૨(જે) અને માહિતી અધિકારની વ્યાખ્યા પ્રમાણે જાહેર સત્તા મંડળ પાસેની તથા તેના નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ રેકર્ડ આધારિત માહિતી પુરી પાડવાની જોગવાઈ છે, જે મુજબ જાહેર માહિતી અધિકારીનો પ્રત્યુત્તર ઉચિત જણાય છે તેમજ અરજીના કોઈ મુદ્દા તેઓને સ્પર્શતા ન હોવાનું જણાય છે.

- જાહેર માહિતી અધિકારી અને તબીબી અધિકારી (વર્ગ–૧), શહેરી કુંટુંબ કલ્યાણ બ્યુરો ધ્વારા અરજદારશ્રીને તેઓની અપીલ અરજી બાદ તા.૨૯/૧૧/૧૮ થી મુદ્દા નં.૩ અને ૪ ની માહિતી પુરી પાડેલ હોવાનું જણાય છે, જયારે મુદ્દા નં.૧, ૨ તથા ૫ માટે "લાગુ પડતુ નથી" મુજબનો પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ હોવાનું જણાય છે, જે મુદ્દા નં.૩ અને ૪ થી પાઠવેલ જવાબથી વિરોધાભાસ દર્શાવે છે, આથી જાહેર માહિતી અધિકારી અને તબીબી અધિકારી (વર્ગ–૧), શહેરી કુંટુંબ કલ્યાણ બ્યુરો એ અરજીના મુદ્દા નં.૧, ૨ તથા ૫ માટે તેઓની રેકર્ડ આધારિત ઉપલબ્ધ માહિતી તથા મુદ્દા નં.૩ અને ૪ માટે બાકી રહેતી આપવા જોગ રેકર્ડ આધારિત ઉપલબ્ધ માહિતી પુરી પાડવાની રહે છે તેવુ અત્રેનું નિરીક્ષણ છે.

- અરજદારશ્રી ધ્વારા માંગવામાં આવેલ દાદમાં જાહેર માહિતી અધિકારી અને સેનેટરી ઇન્સ્પેકટર, પ્રોસીકયુશન વિભાગ તથા ,જાહેર માહિતી અધિકારી અને મુખ્ય આરોગ્ય નિરીક્ષક, જન્મ–મરણ વિભાગ વિરૂધ્ધ શિક્ષાત્મક કાર્યવાહી કરવી,તેમજ માંગેલ માહિતી તેઓની કચેરીમાં ઉપલબ્ધ હોવા છતાં પુરી પાડેલ નથી તેવી સંપૂર્ણ માહિતી મુદ્દાસર, સાચી,સ્પષ્ટ, વિગતવાર માહિતી આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ નિયમ–૭–(૬) હેઠળ વિના મુલ્યે પુરી પડાવવી તેમજ થયેલ ખર્ચ અને હેરાનગતિ બદલ યોગ્ય વળતર ચુકવવા બાબતે જણાવવાનું કે, વિના મુલ્યે માહિતી પુરી પડાવવા સિવાયની આવી સત્તા આર.ટી.આઈ. એકટ કલમ–૨૦ હેઠળ રાજય માહિતી આયોગને હોય તે અંગે અત્રેથી કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત તથા ઉકત વિગતેનું અત્રેનું નિરીક્ષણ ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

અરજદારશ્રીની તા.૧૬/૧૦/૨૦૧૮ ની આર.ટી.આઈ. એકટ હેઠળની અરજીથી માંગવામાં આવેલ માહિતી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને તબીબી અધિકારી (વર્ગ–૧), શહેરી કુંટુંબ કલ્યાણ બ્યુરો ધ્વારા અરજદારશ્રીને તેઓની અપીલ અરજી બાદ તા.૨૯/૧૧/૧૮ થી મુદ્દા નં.૩ અને ૪ ની માહિતી અધુરી પુરી પાડેલ હોવાનું જણાય છે, જયારે મુદ્દા નં.૧, ૨ તથા ૫ માટે "લાગુ પડતુ નથી" મુજબનો પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ હોવાનું જણાય છે, જે મુદ્દા નં.૩ અને ૪ થી પાઠવેલ જવાબથી વિરોધાભાસ જણાતો હોય આથી જાહેર માહિતી અધિકારી અને તબીબી અધિકારી (વર્ગ–૧), શહેરી કુંટુંબ કલ્યાણ બ્યુરોને અરજદારશ્રી ધ્વારા માહિતી માંગતી અરજીથી માંગવામાં આવેલ માહિતીના મુદ્દા નં.૧, ૨ તથા ૫ માટે તેઓની રેકર્ડ આધારિત ઉપલબ્ધ માહિતી પુરી પાડવા તથા મુદ્દા નં.૩ અને ૪ માટે બાકી રહેતી આપવા જોગ રેકર્ડ આધારિત ઉપલબ્ધ માહિતી આર.ટી.આઈ. એકટની કલમ–૭(૬) અંતર્ગત અત્રેની કચેરીની જાણ હેઠળ દિન–૫ (પાંચ) માં અરજદારશ્રીને વિના મુલ્યે પુરી પાડવા હુકમ કરવામાં આવે છે.

અરજદાર ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો,ગુજરાત માહિતી આયોગ,કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧,બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦–એ,ગાંધીનગરને દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/આરટીઆઈ/અપીલ/
તા. /૧૨/૨૦૧૮.

ડે.કમિશ્નર(હે અને હો)અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં.**SMC/PHD/FAP/57-2/2018. Dt.17/12/2018.**
આરોગ્ય વિભાગ.

**અરજદાર** :– શ્રી રમેશ કે.જાંગીડ.
**સામાવાળા**:– ઈ.ચા. જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી,સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ, સુરત મહાનગરપાલિકા.

અરજદાર મજકુર ધ્વારા તા.૩૦/૧૧/૧૮ ના રોજ અપીલ અધિકારી,સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ,મધ્યસ્થ કચેરી,સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરવામાં આવેલ અપીલ અરજી જાહેર માહિતી અધિકારી,નાગરીક સુવિધા કેન્દ્ર,સેન્ટ્રલ ઝોનના પત્ર.નં.સીસીસી/સે.ઝોન/આઉટ/૨૭૫,તા.૩૦/૧૧/૨૦૧૮ થી ડે.કમિશ્નરશ્રી,હેલ્થ એન્ડ હોસ્પીટલને ઉદ્દેશીને મોકલવામાં આવેલ અપીલ અરજી સાથે અરજદારશ્રીની તા.૨૬/૧૦/૧૮ ની આર.ટી.આઈ. ની મુળ અરજી સાથે તુમારો સામેલ રાખી અત્રેના વિભાગને જરૂરી કાર્યવાહી અર્થે મોકલેલ છે,જે અત્રે તા.૧૭/૧૨/૨૦૧૮ ના રોજ પ્રાપ્ત થયેલ છે.અરજદારની તા.૨૬/૧૦/૨૦૧૮ ની આર.ટી.આઈ.ની અરજી (આઈ.ડી.નં.૧૮૬૬) પરત્વેની નમુના 'ક' ની અરજી પરત્વેની માહિતી જાહેર માહિતી અધિકારી ધ્વારા નમૂનો–ક (નિયમ–૫(૧)(ક)રજૂ કર્યાના ૩૦ દિવસમાં નમૂના– 'ખ' કે 'ગ' માં પ્રતિભાવ મળ્યો નથી, તેમ જણાવી નારાજ થઈ અપીલ અરજી કરેલ છે.

અરજદારશ્રીની તા.૨૬/૧૦/૧૮(આઈ.ડી.નં.૧૮૬૬)ની આર.ટી.આઈ.ની અરજીથી (૧)સુરત મહાનગરપાલિકા, આરોગ્ય વિભાગના વર્ક ઓર્ડર નં.PHD/SWM/25/20-6, Dt.20/06/2017 ના કામે વિભાગમાં રજુ કરવામાં આવેલ રનીગ બીલ નં.૧(ફસ્ટ),એસ.સી.આર.નં.૭૪૯/૨૦૧૭,તા.૦૧/૦૬/૨૦૧૭ માં વસુલ કરેલ ૫ ટકા સીકયુરીટી ડીપોઝીટની રકમ રૂા.૧૩,૦૭,૭૨૭/–તથા લેટ સીકયુરીટી ડીપોઝીટ પેનલ્ટી રૂા.૯૯,૦૫૦/–વર્ક ઓર્ડરમાં જણાવેલ શીડયુલ–એ તથા શીડયુલ–બી ના કામની કુલ રકમ પર વસુલ કરેલ છે કે જેટલું કામ થયુ છે તેના પર વસુલ થયેલ છે તેની વિગત આપશો. (૨) ૫ ટકા સીકયુરીટી ડીપોઝીટની રકમ રૂ.૧૩,૦૭,૭૨૭/–તથા લેટ સીકયુરીટી ડિપોઝીટ પેનલ્ટી રૂ.૯૯,૦૫૦/–વસુલ કરવા અંગેનું રનીગ બીલ નં,૧(ફસ્ટ), એસ.સી.આર.નં. ૭૪૯/૨૦૧૭,તા.૦૧/૦૬/૨૦૧૭ બનાવનાર, મંજૂર કરનાર તથા રનીગ બીલમાં જણાવેલ તમામ વિગતોની ચકાસણી કરનાર હિસાબનીશ અધિકારીના નામ,હોદ્દો,કર્મચારી નંબર સહિતની વિગત આપશો વિગેરે બાબતે કુલ–૦૨ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ હતી,જે અરજીથી માંગેલ મુદ્દાઓની માહિતીના અનુસંધાને ઈ.ચા.જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર,સો.વે.મે.વિભાગ ધ્વારા તેઓના પત્ર નં. PHD/SWM/RTI/Out. No.99, Dt.26/11/2018 મુજબ અરજદારશ્રીને પુરી પાડવા જોગ નકલ ફી પેટે રૂા.૪૦/– દસ્તાવેજી ચાર્જ જમાં કર્યેથી માહિતી આપવામાં આવશે,તથા સો.વે.મે.વિભાગના હીસાબી શાખાના ડે.એકાઉન્ટન્ટ તથા મુખ્ય હીસાબનીશ ધ્વારા ચકાસણી થયેલ છે તે મુજબનું પ્રત્યુત્તર અરજદારશ્રીને પાઠવવામાં આવેલ હોવાનું જણાય છે,પરંતુ તેઓના નામ તથા કર્મચારી નંબરની માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાતું નથી.

અરજદારશ્રીની મુળ અરજી તેમજ અપીલ અરજી સંદર્ભે કરેલ રજુઆત તથા ઈ.ચા જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર સોલીડ વેસ્ટ મેનજમેન્ટ વિભાગ ધ્વારા અરજદારશ્રીને પાઠવવામાં આવેલ પ્રત્તયુતર ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

અરજદારશ્રીની તા.૨૬/૧૦/૧૮ (આઈ.ડી.નં.૧૮૬૬)ની આર.ટી.આઈ.ની અરજીના મુદ્દા નં.૧ તથા ૨ ની માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારશ્રીને પુરી પાડવા જોગ થતી નકલો–૨૦ માટે રૂા.૪૦/–દસ્તાવેજી ચાર્જ ભરપાઈ કરાવી માંગેલ માહિતી મેળવી લેવા બાબતે સમયમર્યાદા બાદ પ્રસ્તાવ આપેલ આવેલ હોવાનું જણાય છે,જયારે સોલીડ વેસ્ટ વિભાગના હીસાબી શાખાના ડે.એકાઉન્ટન્ટશ્રી તથા મુખ્ય હીસાબનીશશ્રી ધ્વારા ચકાસણી થયેલ છે તે મુજબની માહિતી ફકત અરજદારશ્રીને પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે,જયારે રનીગ બીલ બનાવનાર,મંજૂર કરનાર તથા રનીગ બીલમાં જણાવેલ વિગતોની ચકાસણી કરનાર હિસાબનીશ અધિકારીના નામ,હોદ્દો,કર્મચારી નંબર સહિતની વિગતો અરજદારશ્રીને પુરી પાડવામાં આવેલ હોવાનું જણાતું ન હોય, આર.ટી.આઈ. એકટની કલમ–૭(૬) અન્વયે અત્રેની કચેરીની જાણ હેઠળ દિન–૦૫ માં અરજદારશ્રીની અરજી પરત્વેની વિગતવાર માહિતી વિનામુલ્યે પુરી પાડવા ઈ.ચા.જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર,સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગને હુકમ કરવામાં આવે છે તેમજ હવે પછી આર.ટી.આઈ.એકટ હેઠળની અરજીનો નિયત સમયમર્યાદામાં નિકાલ કરવા તાકીદ કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો,ગુજરાત માહિતી આયોગ,કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ,બ્લોક નં.૧,બીજો માળ,નિર્માણ ભવનની પાછળ,સેકટર–૧૦/એ,ગાંધીનગરને દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/
તા. /૧૨/૨૦૧૮

ડે.કમિશ્નર(હે અને હો) અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં.**SMC/PHD/FAP/57-3/2018. Dt.17/12/2018.**
આરોગ્ય વિભાગ.

**અરજદાર** :– શ્રી રમેશ કે.જાંગીડ.
**સામાવાળા**:– ઈ.ચા. જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી,સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ, સુરત મહાનગરપાલિકા.

અરજદાર મજકુર ધ્વારા તા.૩૦/૧૧/૧૮ ના રોજ અપીલ અધિકારી,સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ,મધ્યસ્થ કચેરી,સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરવામાં આવેલ અપીલ અરજી જાહેર માહિતી અધિકારી,નાગરીક સુવિધા કેન્દ્ર,સેન્ટ્રલ ઝોનના પત્ર.નં.સીસીસી/સે.ઝોન/આઉટ/૨૭૬,તા.૩૦/૧૧/૨૦૧૮ થી ડે.કમિશ્નરશ્રી,હેલ્થ એન્ડ હોસ્પીટલને ઉદ્દેશીને મોકલવામાં આવેલ અપીલ અરજી સાથે અરજદારશ્રીની તા.૨૬/૧૦/૧૮ ની આર.ટી.આઈ.ની મુળ અરજી સાથે તુમારો સામેલ રાખી અત્રેના વિભાગને જરૂરી કાર્યવાહી અર્થે મોકલેલ છે,જે અત્રે તા.૧૭/૧૨/૨૦૧૮ ના રોજ પ્રાપ્ત થયેલ છે.અરજદારની તા.૨૬/૧૦/૨૦૧૮ ની આર.ટી.આઈ.ની અરજી (આઈ.ડી.નં.૧૮૬૭) પરત્વેની નમુના 'ક' ની અરજી પરત્વેની માહિતી જાહેર માહિતી અધિકારી ધ્વારા નમૂનો–ક (નિયમ–૫(૧)(ક)રજૂ કર્યાના ૩૦ દિવસમાં નમૂના– 'ખ' કે 'ગ' માં પ્રતિભાવ મળ્યો નથી, તેમ જણાવી નારાજ થઈ અપીલ અરજી કરેલ છે.

અરજદારશ્રીની તા.૨૬/૧૦/૧૮(આઈ.ડી.નં.૧૮૬૭)ની આર.ટી.આઈ.ની અરજીથી (૧)સુરત મહાનગરપાલિકા, આરોગ્ય વિભાગના સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગના વર્ક ઓર્ડર નં.–PHD/SWM/25/20-6, Dt.20/06/2017 ના કામે વિભાગમાં રજુ કરવામાં આવેલ રનીંગ બીલ નં.–૨(સેકન્ડ)ની નકલ આપશો. (૨) રનીંગ બીલ નં.–૨(સેકન્ડ)માં વસુલ કરેલ સીકયુરીટી ડીપોઝીટની રકમ તથા લેટ સીકયુરીટી ડીપોઝીટ પેનલ્ટીની રકમની વિગત આપશો. (૩) રનીંગ બીલ નં.૨(સેકન્ડ) બનાવનાર, મંજુર કરનાર તથા રનીંગ બીલમાં જણાવેલ તમામ વિગતોની ચકાસણી કરનાર હિસાબનીશ અધિકારીના નામ, હોદ્દો, કર્મચારી નંબર સહિતની વિગત આપશો વિગેરે બાબતે કુલ–૦૩ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ હતી,જે માંગેલ મુદ્દાઓની માહિતીના અનુસંધાને ઈ.ચા.જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર,સો.વે.મે.વિભાગ ધ્વારા પત્ર નં. PHD/SWM/RTI/Out. No.100 , Dt.26/11/2018 મુજબ અરજદારશ્રીને મુદ્દા નં.૧ તથા ૨ પરત્વેની માહિતી બાબતે પુરી પાડવા જોગ નકલ–૧૦ માટેની ફી પેટે રૂ.૨૦/–દસ્તાવેજી ચાર્જ જમાં કર્યેથી ઉપલબ્ધ માહિતી/રેકર્ડ આપવામાં આવશે તેમ જણાવેલ છે,જયારે મુદ્દા નં.૩ બાબતે રનીંગ બીલ નં.૨(સેકન્ડ) બનાવનાર,મંજુર કરનાર તથા રનીંગ બીલમાં જણાવેલ તમામ વિગતોની ચકાસણી કરનાર હિસાબનીશ અધિકારીના નામ, હોદ્દો, કર્મચારી નંબર સહિતની માહિતી અરજદારશ્રીને પાઠવવામાં આવેલ હોવાનું જણાય છે.

અરજદારશ્રીની મુળ અરજી,અપીલ અરજી સંદર્ભે કરેલ રજુઆત તથા ઈ.ચા જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર સોલીડ વેસ્ટ મેનજમેન્ટ વિભાગ ધ્વારા અરજદારશ્રીને પાઠવવામાં આવેલ પ્રત્તયુતર ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

અરજદારશ્રીની તા.૨૬/૧૦/૧૮ (આઈ.ડી.નં.૧૮૬૭)ની આર.ટી.આઈ.ની અરજીના મુદ્દા.નં.૧ તથા ૨ બાબતે જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારશ્રીને પુરી પાડવા જોગ થતી નકલો–૧૦ માટે રૂ.૨૦/–દસ્તાવેજી ચાર્જ જમાં કરવા બાબતે સમયમર્યાદા બાદ પ્રસ્તાવ આપેલ આવેલ હોવાનું જણાતું હોય આર.ટી.આઈ.એકટની કલમ–૭(૬)અન્વયે અત્રેની કચેરીની જાણ હેઠળ દિન–૦૫ માં અરજદારશ્રીને વિનામુલ્યે પુરી પાડવા ઈ.ચા.જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર,સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગને હુકમ કરવામાં આવે છે,જયારે અરજીના મુદ્દા.નં.૩ પરત્વે જાહેર માહિતી અધિકારી ધ્વારા માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાતું હોય તે અંગે કોઈ વધારાની કાર્યવાહી કરવાની રહેતી હોવાનું જણાતું નથી તેમજ હવે પછી આર.ટી.આઈ.એકટ હેઠળની અરજીનો નિયત સમયમર્યાદામાં નિકાલ કરવા તાકીદ કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો,ગુજરાત માહિતી આયોગ,કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ,બ્લોક નં.૧,બીજો માળ,નિર્માણ ભવનની પાછળ,સેકટર–૧૦/એ,ગાંધીનગરને દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/
તા. /૧૨/૨૦૧૮

ડે.કમિશ્નર(હે અને હો) અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

**અપીલ અરજી નં.SMC/PHD/FAP/57-1/2018. Dt.17/12/2018.**
**આરોગ્ય વિભાગ.**

**અરજદાર** :– શ્રી રમેશ કે.જાંગીડ.
**સામાવાળા**:– ઈ.ચા.જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ, સુરત મહાનગરપાલિકા.

અરજદાર મજકુર ધ્વારા તા.૩૦/૧૧/૧૮ ના રોજ અપીલ અધિકારી,સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ,મધ્યસ્થ કચેરી,સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરવામાં આવેલ અપીલ અરજી જાહેર માહિતી અધિકારી,નાગરીક સુવિધા કેન્દ્ર,સેન્ટ્રલ ઝોનના પત્ર નં.સીસીસી/સે.ઝોન/આઉટ/૨૭૪,તા.૩૦/૧૧/૨૦૧૮ થી ડે.કમિશ્નરશ્રી,હેલ્થ એન્ડ હોસ્પીટલને ઉદ્દેશીને મોકલવામાં આવેલ અપીલ અરજી સાથે અરજદારશ્રીની તા.૨૬/૧૦/૧૮ ની આર.ટી.આઈ.ની મુળ અરજી સાથે તુમારો સામેલ રાખી અત્રેના વિભાગને જરૂરી કાર્યવાહી અર્થે મોકલેલ છે,જે અત્રે તા.૧૭/૧૨/૨૦૧૮ ના રોજ પ્રાપ્ત થયેલ છે.અરજદારની તા.૨૬/૧૦/૨૦૧૮ ની આર.ટી.આઈની અરજી (આઈ.ડી.નં.૧૮૬૫) પરત્વેની નમુના 'ક' ની અરજી પરત્વેની માહિતી જાહેર માહિતી અધિકારી ધ્વારા નમૂનો–ક (નિયમ–૫(૧)(ક)રજૂ કર્યાના ૩૦ દિવસમાં નમૂના– 'ખ' કે 'ગ' માં પ્રતિભાવ મળ્યો નથી, તેમ જણાવી નારાજ થઈ અપીલ અરજી કરેલ છે.

અરજદારશ્રીની તા.૨૬/૧૦/૧૮(આઈ.ડી.નં.૧૮૬૫) ની આર.ટી.આઈ.ની અરજીથી (૧)સુરત મહાનગરપાલિકા, આરોગ્ય વિભાગના સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગના વર્ક ઓર્ડર નં.–PHD/SWM/25/20-6, Dt.20/06/2017 માં દર્શાવેલ સીકયુરીટી ડીપોઝીટની રકમ રૂા.૬૯,૨૫,૭૬૫/–વસુલ કરેલ રકમની નકલ આપશો.(૨) સદર વર્ક ઓર્ડરમાં ટોટલ ૭૫ અંડર ગ્રાઉન્ડ વેસ્ટ કલેકશન સીસ્ટમની કુલ રકમ રૂા.૪,૫૬,૧૮,૩૭૫/–જણાવવામાં આવી છે તો આ રકમ સામે સીકયુરીટી ડીપોઝીટ પેટે ભરવાની થતી રકમની વિગત આપશો,તથા તે રકમ કુલ રકમના કેટલા ટકા પ્રમાણે વસુલવામાં આવી છે તેની વિગતો વિગેરે કુલ–૦૨ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ હતી,જે માંગેલ મુદ્દાઓની માહિતીના અનુસંધાને ઈ.ચા.જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર,સો.વે.મે.વિભાગ ધ્વારા પત્ર નં. PHD/SWM/RTI/OUT.No.97, Dt.26/11/2018 મુજબ અરજદારશ્રીને મુદ્દા.નં.૧ તથા ૨ પરત્વે પુરી પાડવા જોગ નકલ–૧૬ માટેની ફી પેટે રૂા.૩૨/–દસ્તાવેજી ચાર્જ જમાં કર્યેથી ઉપલબ્ધ માહિતી/રેકર્ડ આપવામાં આવશે તે મુજબનો અરજદારશ્રીને પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ હોવાનું જણાય છે.

અરજદારશ્રીની મુળ અરજી તથા અપીલ અરજી સંદર્ભે કરેલ રજુઆત તેમજ ઈ.ચા જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર સોલીડ વેસ્ટ મેનજમેન્ટ વિભાગ ધ્વારા અરજદારશ્રીને પાઠવવામાં આવેલ પ્રત્તયુતર ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

અરજદારશ્રીની તા.૨૬/૧૦/૧૮ ની(આઈ.ડી.નં.૧૮૬૫)ની આર.ટી.આઈ.ની અરજીના મુદ્દા નં.૧ તથા ૨ બાબતે જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારશ્રીને પુરી પાડવા જોગ થતી નકલો–૧૬ માટે રૂા.૩૨/–દસ્તાવેજી ચાર્જ જમાં કરવા બાબતે સમયમર્યાદા બાદ અરજદારશ્રીને પ્રસ્તાવ આપેલ આવેલ હોવાનું જણાતું હોય, આર.ટી.આઈ. એકટની કલમ–૭(૬) અન્વયે અત્રેની કચેરીની જાણ હેઠળ દિન–૦૫ માં અરજદારશ્રીને મુદ્દા નં.૧ તથા ૨ ની માહિતી વિનામુલ્યે પુરી પાડવા ઈ.ચા.જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર,સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગને હુકમ કરવામાં આવે છે તેમજ હવે પછી આર.ટી.આઈ.એકટ હેઠળની અરજીનો નિયત સમયમર્યાદામાં નિકાલ કરવા તાકીદ કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો,ગુજરાત માહિતી આયોગ,કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ,બ્લોક નં.૧,બીજો માળ,નિર્માણ ભવનની પાછળ,સેકટર–૧૦/એ,ગાંધીનગરને દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/
તા.      /૧૨/૨૦૧૮

**ડે.કમિશ્નર(હે અને હો) અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગરપાલિકા.**

## જુલાઈ–૨૦૧૮ થી સપ્ટેમ્બર–૨૦૧૮

| અપીલ નં. /વર્ષ | માહિતીનું વિષય વસ્તુ | હુકમ નં.તારીખ |
|---|---|---|
| ૧૧<br>તા. ૩૧/૫/૧૮ | અરજદારશ્રી સુરેશભાઈ છગનભાઈ ચોટલીયા ધ્વારા તા.૨૩/૦૪/૧૮ ની આર.ટી.આઈ.ની અરજી (આઈ.ડી.નં.૫૩) થી (૧) ફુડ સેફટી વિભાગ લાયસન્સ રીન્યુ કરવા માટે ૦૧/૦૧/૨૦૧૮ રીન્યુ કરવા કેટલા લાયસન્સ આવ્યા છે તેઓની વિગતવાર માહિતી આપવી, નામ અને સરનામા સહિત ગુજરાતીમાં આપવી કુલ–૧૪ મુદ્દાઓની માહિતી બાબત. | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૪૬<br>તા.27/07/2018 |
| ૧૨<br>તા.૦૬/૬/૧૮ | અરજદારશ્રી શ્રી અંકુર શાહ ધ્વારા તા.૧૯/૦૩/૧૭ ની (આઈ.ડી.નં. ૨૮૩૦) ની આર.ટી.આઈની અરજીથી (૧) સુરત ખાતે ચાલતી મુખ્યમંત્રી અમૃતમ અને મા વાત્સલ્ય યોજના અન્વયે કાર્યરત તમામ અધિકારીઓની કુલ સંખ્યા, તેમના નામ તેમજ તેવો તમામ અધિકારીઓને ફરજ બજાવતા વિસ્તાર મુજબની વિગત પ્રમાણિત નકલ કુલ–૫ મુદ્દાઓની માહિતી બાબત. | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૪૯<br>તા.20/08/2018 |
| ૧૩<br>તા.૧૨/૬/૧૮ | અરજદારશ્રી સજીવ ઈઝાવા ધ્વારા તા.૦૩/૦૫/૧૮ (આઈ.ડી.નં.૩૨૪) ની આર.ટી.આઈ.ની અરજીથી (૧) સુરત શહેરમાં આજદીન સુધી બરફ બનાવવાના કુલ કેટલા કારખાનાને લાઈસન્સ આપવામાં આવેલ છે વિગેરે કુલ–૫ મુદ્દાઓની માહિતી બાબત. | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૪૩<br>તા.20/07/2018 |
| ૧૪<br>તા. ૧૫/૬/૧૮ | અરજદારશ્રી સુરેશભાઈ છગનભાઈ ચોટલીયા ધ્વારા તા.૦૫/૦૫/૧૮ ની આર.ટી.આઈ.ની મુળ અરજી (આઈ.ડી.નં. ૨૨૧) (૧)સુરત મિશન ફર્સ્ટ અંતર્ગત એડવાન્સ ટેક્ષ ભરનારાઓને જે સુકા અને ભીના કચરાના વર્ગીકરણ માટે ભુરી અને લાલ ડસ્ટબીન આપવા નકકી કરવામાં આવેલ, તે પેમ્પલેટમાં દર્શાવવામાં આવેલ ડસ્ટબીનની ગુણવત્તા અંગે કરવામાં આવેલ પરિક્ષણમાં તમામ રીપોર્ટ તેમજ તે અંગે આપવામાં આવેલ અભિપ્રાયોની પ્રમાણિત નકલ વિગરે કુલ–૩ મુદ્દાઓની માહિતી બાબત | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૫૩<br>તા.27/08/2018 |
| ૧૫<br>તા.૧૯/૬/૧૮ | અરજદારશ્રી દેવેન્દ્ર એમ. પ્રજાપતિ ધ્વારા તા.૦૪/૦૫/૨૦૧૮ ની અરજી (આઈ.ડી. નં.૩૩૨) થી સુરત સુધરાઈ કામદાર (સ્ટાફ) મંડળ ધ્વારા હેલ્થ સેન્ટરો, સ્મીમેર હોસ્પિટલ તથા મસ્કતિ હોસ્પિટલના કર્મચારીઓને જાહેર તહેવારની રજા બાબતે લખેલ છેલ્લા ૧૦ વર્ષના પત્રોની નકલ સહિતની કુલ–૦૯ મુદ્દાઓની માહિતી | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૪૫<br>તા.26/07/2018 |
| ૧૬<br>તા.૨૨/ ૬/૧૮ | અરજદારશ્રી દેવેન્દ્ર એમ. પ્રજાપતિ ધ્વારા તા.૦૪/૦૫/૨૦૧૮ ની અરજી (આઈ.ડી. નં.૩૩૨) થી સુરત સુધરાઈ કામદાર (સ્ટાફ) મંડળ ધ્વારા હેલ્થ સેન્ટરો, સ્મીમેર હોસ્પિટલ તથા મસ્કતિ હોસ્પિટલના કર્મચારીઓને જાહેર તહેવારની રજા બાબતે લખેલ છેલ્લા ૧૦ વર્ષના પત્રોની નકલ સહિતની કુલ–૦૯ મુદ્દાઓની માહિતી. | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૫<br>તા.20/08/2018 |
| ૧૭<br>તા.૨૬/૬ /૧૮ | અરજદારશ્રી અરૂણ એસ. પાઠક ધ્વારા તા.૧૪/૦૫/૨૦૧૮ ની આર.ટી. આઈ.ની અરજી (આઈ.ડી.નં.૧૧૮) થી (૧) તા.૧૧/૦૫/૨૦૧૮ ના રોજ સુ.મ.પા દ્વારા ન્યુ સ્ટેન્ડીગ કમીટી હોલ ખાતે યોજેલ પ્રેસ કોન્ફરન્સમાં પત્રકારો તથા સુ. મ.પા.ના કર્મચારી, અધિકારીઓ માટે મંગાવામાં આવેલ નાસ્તો અને કોલ્ડ્રીગ્સ અંગે સંબંધિત અધિકારી દ્વારા આપવામાં આવેલ ઓર્ડર તથા નાસ્તો અને કોલ્ડ્રીગ્સ પુરુ પાડનાર સંસ્થા દ્વારા આપવામાં આવેલ બિલ તથા તેની ચુકવણી જે આધારે કરવામાં આવેલ હોય તે અંગેની એટેસ્ટેડ નકલો સહિતની વિગેરે બાબતની કુલ–૦૪ મુદ્દાઓની માહિતી બાબત. | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૪૨<br>તા.20/07/2018 |

| અપીલ નં. /વર્ષ | માહિતીનું વિષય વસ્તુ | હુકમ નં.તારીખ |
|---|---|---|
| ૧૮<br>તા.૦૯/૭/૧૮ | અરજદારશ્રી હસમુખ વોરા ધ્વારા તા.૨૪/૦૪/૧૮ ની આર.ટી.આઈ.ની મુળ અરજી (આઈ.ડી.નં.૧૬૦) થી (૧) Be pleased to disclose the applicant name who had applied for a License for Food business operator under section 31(3) and 31(4) વિગેરે બાબતે કુલ–૦૮ મુદ્દાઓ બાબતની માહિતી. | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૪૭<br>તા.27/07/2018 |
| ૧૯<br>તા.૧૯/૭/૧૮ | અરજદારશ્રી સુરેશભાઈ છગનભાઈ ચોટલીયા ધ્વારા તા.૦૭/૦૬/૧૮ ની આર.ટી.આઈ.ની મુળ અરજી (આઈ.ડી.નં. ૩૫૪) (૧) ઓનલાઈન ફરિયાદ કરવામાં આવેલ માહિતીની વિગતવાર માહિતી આપવા વિનંતી કરેલ છે. (અરજી સાથે સામેલ ઓનલાઈન કરવામાં આવેલ ફરીયાદોના વિવિધ આઈ.ડી.નંબરો દર્શાવવામાં આવ્યા છે વિગરે કુલ–૫ મુદ્દાઓની માહિતી બાબત. | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૫૨<br>તા.23/08/2018 |
| ૨૦<br>તા.૨૦/૭/૧૮ | અરજદારશ્રી કલ્પેશભાઈ રેવરની તા.૧૭/૦૫/૨૦૧૮ ની આર.ટી.આઈ.ની અરજી (આઈ.ડી.નં.૨૬૫) ચિરંજીવી યોજના અંતર્ગત છેલ્લા બે વર્ષ દરમ્યાન સુરત શહેર અને જીલ્લામાં કુલ કેટલી હોસ્પિટલોએ આ યોજના અંતર્ગત લાભ મેળવ્યા છે તેમના ડોકટરોના નામ, નંબર, હોસ્પિટલ નામ, એડ્રેસ સાથેની પ્રમાણિત નકલ વિગેરે કુલ–૦૮ મુદ્દાઓની માહિતી બાબત. | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૫૦<br>તા.20/08/2018 |
| ૨૧<br>તા.૨૫/૭/૧૮ | અરજદારશ્રી જશવંતસિહ એ. બ્રહ્મભટ્ટની તા.૧૯/૦૬/૨૦૧૮ ની અરજીથી (૧) તા.૦૧/૦૧/૨૦૧૮ થી આજદીન સુધી આરોગ્ય વિભાગ, દ્વારા મીનીરલ વોટર પ્લાન્ટ તેમજ વોટર પ્લાન્ટ સંચાલકો વિરૂદ્ધ કરવામાં આવેલ કાર્યવાહીની વિગતવાર માહિતી આપવી વિગેરે કુલ–૦૬ મુદ્દાઓની માહિતી બાબત. | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૫૬<br>તા.10/09/2018 |
| ૨૨<br>તા.૨૬/૭/૧૮ | અરજદારશ્રી હરેશ જે. મેઘાણીની તા.૦૮/૦૬/૧૮ ની આર.ટી. આઈ.ની મુળ અરજી આઈ.ડી.નં.૨૮૧ (૧) આર.ઓ.મિનરલ વોટર પ્લાન્ટનો એકમ શરૂ (ચાલુ) કરવા માટે આપના વિભાગ પાસેથી કયા–કયા લાઈસન્સની જરૂર પડે છે તેની માહિતીની નકલ આપવી. વિગેરે કુલ–૦૮ મુદ્દાઓની માહિતી બાબત. | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૫૫<br>તા.05/09/2018 |
| ૨૩<br>તા.૦૪/૮/૧૮ | અરજદારશ્રી હિતેશ બી. મહેતાની તા.૧૪/૦૬/૧૮ ની અરજી (આઈ.ડી.નં.૬૪૭) (૧) સંગમ ગુજરાત સાપ્તાહિક પેપરમાં આવેલ ખાતામાં ગોવિંદ સરવૈયા (ઉર્ફ પટાવાળો) વિરૂધ્ધ પ્રેસનોટ બાબતમાં કેવા શેષભંગના પગલા લેવામાં આવેલ છે કે કેમ તેની રેકર્ડ પરની વિગેરે કુલ–૦૮ મુદ્દાઓની માહિતી બાબત. | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૬૦<br>તા.20/09/2018 |
| ૨૪<br>તા.૦૭/૮/૧૮ | અરજદારશ્રી અરવિંદભાઈ જે. પટેલની તા.૩૦/૦૬/૨૦૧૮ ની અરજીથી ૧)આપની કચેરીમાં પ્યુન તરીકે ફરજ બજાવતા ગણપતભાઈ પ્રેમાભાઈ પટેલ, રહે.ગામ–મલગામા, તા.ચોર્યાસી, જી.સુરતના ચાલુ નોકરી દરમ્યાન તા.૧૧/૦૫/૯૯ ના રોજ ગુજરી ગયેલ છે. મૃત્યુ બાદ આપના ડીપાર્ટમેન્ટ તરફથી ગ્રેજયુઈટી, પ્રો.ફંડ, રજાનો પગાર વિગેરેની જે કાંઈ રકમ મળી હોય તેની વિગતવાર માહિતી જોઈએ છે વિગેરે કુલ–૦૪ મુદ્દાઓની માહિતી બાબત. | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૫૮<br>તા.18/09/2018 |
| ૨૫<br>તા.૧૪/૮/૧૮ | અરજદારશ્રી અર્જુનસિંહ એફ. સોલંકીની તા.૨૩/૦૭/૨૦૧૮ ની અરજી (આઈ.ડી.નં.૨૭૪) થી (૧) ફરીયાદી શ્રી ભેરૂલાલ નારાયણજી પટેલ ધ્વારા તા.૯–૪–૧૮ ના રોજ આપ સાહેબને એક અરજી આપેલ હતી, તે અરજી ઉપર આરોપી શ્રી અજિતકુમાર પ્રવિણચંદ્ર ભટ્ટ, નાયબ આરોગ્ય અધિકારી વિરૂદ્ધ કરેલ તમામ કાર્યવાહીની પ્રમાણિત નકલો આપશો વિગેરે કુલ–૦૪ મુદ્દાઓની માહિતી બાબત. | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૬૧<br>તા.28/09/2018 |

| અપીલ નં. /વર્ષ | માહિતીનું વિષય વસ્તુ | હુકમ નં.તારીખ |
|---|---|---|
| ૨૬<br>તા.૧૬/૮ /૧૮ | અરજદારશ્રી કે.ડી.શેલડીયા(એડવોકેટ)ની તા.૦૩/૦૭/૧૮ ની આર.ટી.આઈ. ની મુળ અરજી (આઈ.ડી.નં.૭૬૯)થી (૧) સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં ચાલતા તમામ થિયેટરને આપવામાં આવેલ થિયેટર(સિનેમા) ચલાવવાની પરવાનગીની નકલ વિગેરે કુલ–૦૭ મુદ્દાઓની માહિતી બાબત. | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૫૯<br>તા.19/09/2018 |
| ૨૭<br>તા.૧૧/૯ /૧૮ | અરજદારશ્રી પીકલ પી. ઘીવાળાની તા.૦૭/૦૭/૧૮ ની આર.ટી.આઈ.ની મુળ અરજી (આઈ.ડી.નં.૩૨૯) થી (૧) સુરત મહાનગરપાલિકામાં ઉપલબ્ધ રેર્કડ પર કરવામાં આવતા ચા–પાણી–નાસ્તો–જમવાના પાછળ છેલ્લા પાંચ વર્ષ કરવામાં આવેલા ખર્ચાની વિગતૌ વિગેરે કુલ–૫ મુદ્દાઓની માહિતી બાબત. | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૬૨<br>તા.29/09/2018 |
| ૨૮<br>તા.૧૨/૯ /૧૮ | અરજદારશ્રી હરેશ જે. મેઘાણીની તા.૦૬/૦૭/૧૮ ની આર.ટી.આઈ.ની મુળ અરજી (આઈ.ડી.નં.૪૦૬) ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ–૨૦૦૬ અન્વયેના લાયસન્સ/રજીસ્ટ્રેશન મેળવવાના હોય છે વિગેરે કુલ–૧૪ મુદ્દાઓની માહિતી બાબત. | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૬૪<br>તા.04/10/2018 |

# સુરત મહાનગરપાલિકા

RIGHT TO INFORMATION

અપીલ અરજી નં.SMC/PHD/FAP/10/2018. Dt.31/05/2018.
આરોગ્ય વિભાગ.

અરજદાર :–શ્રી સુરેશભાઈ છગનભાઈ ચોટલીયા.

સામાવાળા:–જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફીસરશ્રી, ફુડ વિભાગ, સુરત મહાનગરપાલિકા.

અરજદાર મજકુર ધ્વારા તા.૨૪/૦૫/૨૦૧૮ ના રોજ કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરવામાં આવેલ અપીલ અરજી જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ ઈન્સ્પેકટર, ફુડ વિભાગના પત્ર નં.પીએચડી/ફુડ/૬૨૧, તા.૩૦/૦૫/૨૦૧૮થી અરજદારશ્રીની તા.૨૩/૦૪/૧૮ ની આર.ટી.આઈ.ની મુળ અરજી (આઈ.ડી.નં.૫૩) તથા અરજદારને પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર વિગેરે તુમારો સામેલ રાખી અત્રેના વિભાગને જરૂરી કાર્યવાહી અર્થે મોકલેલ હતી, જે તા.૩૧/૦૫/૨૦૧૮ ના રોજ પ્રાપ્ત થયેલ છે, અરજદારશ્રીની તા.૨૩/૦૪/૨૦૧૮ ના રોજ આપવામાં આવેલ આર.ટી.આઈ. ની અરજીના સંદર્ભમાં કોઈ જવાબ આપવામાં આવેલ નથી કે કોઈ માહિતી પુરી પાડવામાં આવેલ ન હોવાનું જણાવી નારાજગી વ્યકત કરેલ છે.

ઉકત અપીલ અરજી સાથે ફુડ વિભાગ ધ્વારા સામેલ તુમારોનો અભ્યાસ કરતાં અરજદારશ્રીની તા.૨૩/૦૪/૨૦૧૮ થી મ્યુની.કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરેલ આર.ટી.આઈ. એકટ હેઠળ માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક, મધ્યસ્થ કચેરીના પત્ર નં.સી/આરટીઆઈ/૫૩, તા.૨૪/૦૪/૧૮ થી ફુડ ઈન્સ્પેકટર અને જાહેર માહિતી અધિકારી, ફુડ વિભાગને તબદીલ કરવામાં આવેલ હતી. અરજદારશ્રીની નમુના ''ક'' ની સદર અરજીથી (૧) ફુડ સેફટી વિભાગ લાયસન્સ રીન્યુ કરવા માટે ૦૧/૦૧/૨૦૧૮ રીન્યુ કરવા કેટલા લાયસન્સ આવ્યા છે તેઓની વિગતવાર માહિતી આપવી, નામ અને સરનામા સહિત ગુજરાતીમાં આપવી. (૨) કેટલા સમયગાળામાં રીન્યુ કરીને આપવાના હોય સમયસર વિગતવાર લાયસન્સ ન આપે તો તે અધિકારી ઉપર શું એકશન લેવામાં આવે છે તેમની વિગતવાર માહિતી (૩) કતારગામમાં ફરસાણની દુકાનો કેટલી છે અને તે પૈકી નોંધાયેલ કેટલી છે, તેની વિગતવાર માહિતી (૪) જે ન નોંધાયેલ હોય તો તે અંગે કરવામાં આવેલ કાર્યવાહીની વિગત (૫) કતારગામમાં કરિયાણાની દુકાનો કેટલી છે અને તે પૈકી નોંધાયેલ કેટલી છે તેની વિગતવાર માહિતી આપવા વિનંતી. (૬) જે ન નોંધાયેલ હોય તો તે અંગે કરવામાં આવેલ કાર્યવાહીની વિગતો.(૭) કતારગામમાં પાનના ગલ્લા કેટલા છે અને તે પૈકી નોંધાયેલ કેટલી છે તેની વિગતવાર માહિતી (૮) જે ન નોંધાયેલ હોય તો તે અંગે કરવામાં આવેલ કાર્યવાહીની વિગત (૯) કતારગામમાં સોડાની ફેકટરી કેટલી છે અને તે પૈકી નોંધાયેલ કેટલી છે તેની વિગતવાર માહિતી (૧૦) જો ન નોંધાયેલ હોય તો તે અંગે કરવામાં આવેલ કાર્યવાહીની વિગતો (૧૧) આપના વિભાગ હેઠળ આવેલ સંસ્થાઓ અંગે દર કેટલા સમયે ચકાસણી કરવાની હોય છે તેમજ છેલ્લી કરવામાં આવેલ ચકાસણીઓની વિગત લેખિતમાં આપવા વિનંતી છે. (૧૨) આજદિન સુધી મ્યુનિસીપલ કમિશ્નરે કયા કયા એકશનો લીધેલ છે તેની વિગતવાર માહિતી (૧૩) આજદિન સુધી ફુડ સેફટી પર મ્યુ.કમિશ્નરે એકશન લીધેલ હોય તો તેની વિગતવાર માહિતી (૧૪) આપના વિભાગ તરફથી એકશન લઈને કેટલા કેસ દાખલ કર્યા છે તેની વિગતવાર માહિતી વિગેરે બાબતે કુલ–૧૪ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ હતી. અરજદારશ્રીની ઉકત અરજી પરત્વે ફુડ વિભાગને લાગત માહિતી જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ ઈન્સ્પેકટર (ફુડ વિભાગ) ધ્વારા પત્ર નં.પીએચડી/ફુડ/૫૨૩, તા.૨૧/૦૫/૧૮થી અરજદારને સમયમર્યાદામાં પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ, જેમાં જાહેર માહિતી અધિકારી ધ્વારા પુરી પાડવામાં આવેલ માહિતી પૈકી મુદ્દા.નં.૧ તથા ૩ થી ૧૦ પરત્વે દીલ્હી ગેટ સ્થિત આવેલ ફુડ વિભાગની કચેરીમાં તા.૧૭/૦૩/૨૦૧૮ના રોજ સાંજે ૭.૩૦ કલાકે અચાનક શોટ સર્કીટના થવાથી આગ લાગેલ હતી, જેના કારણે ઓફિસમાં જાળવવામાં/રાખવામાં આવેલ રેકર્ડ આગમાં નાશ પામેલ હોવાનું જણાય આવેલ હોય નાશ પામેલ રેકર્ડ બાબતે સક્ષમ સત્તાધિકારીશ્રીની મંજુરીની કાર્યવાહી ચાલતી હોય હાલ તુરંત માહિતી પુરી પાડી શકાય તેમ નથી તેમજ તે અંગેની એફ.આઈ.આર.–૫૧૮ નંબરથી તા.૧૭/૦૩/૨૦૧૮ ના રોજ મહિધરપુરા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ છે તથા તા.૧૭/૦૩/૨૦૧૮ ના રોજથી આજદિન સુધી કુલ–૦૫ લાયસન્સ આપવામાં આવેલ હોવા બાબતનું પ્રત્યુત્તર અરજદારશ્રીને પાઠવવામાં આવેલ હોવાનું જણાવેલ છે.મુદ્દા.નં.૨ પરત્વે FSSAI–2006 ની કલમ 2.1.1(4) ની શરતો મુજબ રજી.અરજી ૩૦ દિવસમાં અને કલમ–2.1.1(1) ની શરતો મુજબ લાયસન્સ આપવામાં આવે છે તે બાબતની માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે. મુદ્દા.નં.૧૧ પરત્વે ''આવી કોઈ જોગવાઈ નથી'' તે મુજબનું પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ હોવાનું જણાય છે. મુદ્દા.નં.૧૨ તથા ૧૩ પરત્વે આવા કોઈ એકશનો લેવામાં આવેલ નથી '' તે મુજબનું પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ હોવાનું જણાય છે.મુદ્દા.નં.૧૪ બાબતે સને–૨૦૧૮ માં કુલ–૧૧ કેસો દાખલ કરવામાં આવેલ છે તેમ જણાવેલછે.

ઉકત વિગતે અરજદારશ્રીની અરજી તથા તે અનુસંધાને જાહેર માહિતી અધિકારી ધ્વારા પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર વિગેરે બાબતો ધ્યાને લેતા, અત્રેનું નિરીક્ષણ નીચે મુજબ છે.

- જાહેર માહિતી અધિકારી ધ્વારા રજુ કરેલ પુરાવાઓમાં પ્રસ્તુત બાબતે જાહેર માહિતી અધિકારીએ તા.૨૧/૦૫/૧૮ થી પ્રત્યુત્તર પાઠવેલ હોવાનું અને તા.૨૨/૦૫/૧૮ નાં રોજ ટપાલ પોસ્ટ વિભાગમાં બુક થયેલ હોવાનું તથા પોસ્ટ વિભાગના બીજા પ્રયાસમાં ટપાલ અરજદારના સરનામે તા.૨૯/૦૫/૧૮ નાં રોજ ડીલીવર થયેલ હોવાનું જણાય છે.

- મુદ્દા નં.૧ તથા ૩ થી ૧૦ પરત્વે જાહેર માહિતી અધિકારી ધ્વારા તેમાં જણાવેલ વિગતે કચેરી ખાતેનો રેકર્ડ મહદ અંશે નાશ પામેલ હોવાનું તથા નાશ પામેલ રેકર્ડ બાબતે સક્ષમ સત્તાધીશની મંજુરીની કાર્યવાહી વિગેરે ચાલતી હોય હાલ તુરંત માહિતી પુરી પાડી શકાય તેમ નથી તેમ જણાવેલ હોય, ઉકત પરિપેક્ષમાં અરજદાર ધ્વારા માંગવામાં આવેલ માહિતી પૈકી જો કોઈ રેકર્ડ આગમાં બચી જવા પામેલ હોય તો તે રેકર્ડ અરજદારને પુરો પાડવાનો રહે, વળી અરજદારશ્રીની અરજીના મુદ્દા નં.૧ ના પ્રત્યુત્તરમાં જાહેર માહિતી અધિકારી ધ્વારા તા.૧૭/૦૩/૧૮ થી આજદિન સુધી કુલ–૫ લાયસન્સ રીન્યુ કરવામાં આવેલ હોવાનું જણાવેલ છે, પરંતુ નામ સરનામા સહિતની માહિતી પુરી પાડેલ હોવાનું જણાતું નથી.

- મુદ્દા નં.૧૪ થી અરજદારશ્રી ધ્વારા આપના વિભાગ તરફથી એકશન લઈને કેટલા કેસ દાખલ કર્યા છે તેની વિગતવાર માહિતી આપવા જણાવેલ છે, જે અનુસંધાને જાહેર માહિતી અધિકારી ધ્વારા સને ૨૦૧૮ માં કુલ–૧૧ કેસ દાખલ કરવામાં આવેલ હોવાનું જણાવેલ છે, પરંતુ વિગતવાર માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાતું નથી, જેથી આર.ટી.આઈ.ના પરીપેક્ષમાં કે અન્ય કાયદાકીય જોગવાઈને કોઈ બાધ ન આવતો હોય તો તેવી માહિતી પુરી પાડવાની રહે છે.

અરજદારની મુળ અરજી, અપીલ અરજી સંદર્ભે કરવામાં આવેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફીસર, ફુડ વિભાગ ધ્વારા અરજદારશ્રીને પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર વિગેરે ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**—:: હુકમ ::—**

(૧) અરજદારશ્રીની અરજીનાં મુદ્દા નં.૧, ૩ થી ૧૦ ની વિગતે તા.૧૭/૦૩/૧૮ નાં રોજ શોર્ટ સર્કીટના કારણે લાગેલ આગમાં અરજદારશ્રી ધ્વારા માંગવામાં આવેલ માહિતી પૈકી જો કોઈ રેકર્ડ આગમાં બચી જવા પામેલ હોય તો તે રેકર્ડ અરજદારને દિન–૭ માં નીચે સહી કરનારની જાણ હેઠળ આર.ટી.આઈ.એકટની કલમ–૭(૬) હેઠળ અરજદારશ્રીને વિનામુલ્યે માહિતી પુરી પાડવા હુકમ કરવામાં આવે છે,તથા જો માંગેલ માહિતી મુજબનો રેકર્ડ પુરેપુરો નાશ પામી ગયેલ હોય તો તે બાબતથી અરજદારશ્રીને અવગત કરવા જણાવવામાં આવે છે.

(૨) મુદ્દા નં.૧ ના પ્રત્યુત્તરમાં જાહેર માહિતી અધિકારી ધ્વારા તા.૧૭/૦૩/૧૮ થી આજદિન સુધી કુલ–૫ લાયસન્સ રીન્યુ કરવામાં આવેલ હોવાનું જણાવેલ છે, પરંતુ નામ સરનામા સહિતની માહિતી પુરી પાડેલ હોવાનું જણાતું ન હોય અરજદારને દિન–૭ માં નીચે સહી કરનારની જાણ હેઠળ આર.ટી.આઈ.એકટની કલમ–૭(૬)હેઠળ અરજદારશ્રીને વિનામુલ્યે માહિતી પુરી પાડવા જણાવવામાં આવે છે.

(૩)મુદ્દા નં.૧૪ થી અરજદારશ્રી ધ્વારા આપના વિભાગ તરફથી એકશન લઈને કેટલા કેસ દાખલ કર્યા છે તેની વિગતવાર માહિતી આપવા જણાવેલ છે, જે અનુસંધાને જાહેર માહિતી અધિકારી ધ્વારા સને ૨૦૧૮ માં કુલ–૧૧ કેસ દાખલ કરવામાં આવેલ હોવાનું જણાવેલ છે, પરંતુ વિગતવાર માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાતું નથી, જેથી આર.ટી.આઈ.ના પરીપેક્ષમાં કે અન્ય કાયદાકીય જોગવાઈને કોઈ બાધ ન આવતો હોય તો તેવી માહિતી અરજદારશ્રીને દિન–૭ માં નીચે સહી કરનારની જાણ હેઠળ આર.ટી.આઈ.એકટની કલમ–૭(૬)હેઠળ અરજદારશ્રીને વિનામુલ્યે માહિતી પુરી પાડવા તથા જો માહિતી આપવા જોગ થતી ન હોય તો જાહેર માહિતી અધિકારીએ તે ન આપવા માટેનું વ્યાજબીપણુ પ્રસ્થાપિત કરી માહિતી આપવાનો ઈન્કાર કરવામાં આવ્યો છે તેની સ્પષ્ટતા સહિત પ્રત્યુત્તર પાઠવવા હુકમ કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો,ગુજરાત માહિતી આયોગ,કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧,બીજો માળ, નિર્માણ ભવનની પાછળ,સેકટર–૧૦–એ,ગાંધીનગરને દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/આરટીઆઈ/અપીલ/
તા. /૦૭/૨૦૧૮.

ડે.મ્યુની.કમિશ્નર(હે.અને હો.) અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

RIGHT TO INFORMATION

અપીલ અરજી નં.**SMC/PHD/FAP/12/2018. Dt.06/06/2018.**
આરોગ્ય વિભાગ.

**અરજદાર** :– શ્રી અંકુર શાહ.
**સામાવાળા**:– જાહેર માહિતી અધિકારી અને તબીબી અધિકારી (વર્ગ–૧) શહેરી કુટુંબ કલ્યાણ કેન્દ્ર, સુરત મહાનગરપાલિકા.

અરજદાર મજકુર ધ્વારા તા.૦૧/૦૬/૧૮ ના રોજ પ્રથમ અપીલ અધિકારી, સેન્ટ્રલ ઝોન, મુગલીસરા, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરવામાં આવેલ અપીલ અરજી તેમજ ફરીયાદ અરજી પર્સોનેલ ઓફિસર અને ઈ.ચા.એકઝીકયુટીવ આસી.અને જાહેર માહિતી અધિકારી, નાગરીક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોનના પત્ર.નં.સીસીસી/સે.ઝોન/આઉટ/૮૩, તા.૦૨/૦૬/૨૦૧૮થી ઈ.ચા.ડે.મ્યુનિ.કમિશ્નર (હે.અને હો.) અને આરોગ્ય અધિકારીશ્રીને તબદીલ કરવામાં આવેલ હતી, જે અરજી જરૂરી કાર્યવાહી અર્થે અત્રેના વિભાગને મોકલવામાં આવેલ હતી, જે અનુસંધાને અરજદારશ્રીની તા.૧૯/૦૩/૨૦૧૮ ની આર.ટી.આઈ.ની અરજી પરત્વેની મુદ્દા નં.૧ થી ૫ પૈકીની માહિતી જાહેર માહિતી અધિકારી ધ્વારા કોઈ પણ પ્રકારની ન્યાયિક માહિતી પૂરી પાડવામાં આવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ કરવામાં આવેલ અપીલ અરજી અત્રેના વિભાગને તા.૦૬/૦૬/૨૦૧૮ ના રોજ પ્રાપ્ત થયેલ છે.

અરજદારશ્રીની તા.૧૯/૦૩/૧૭ ની (આઈ.ડી.નં.૨૮૩૦) ની આર.ટી.આઈની અરજીથી (૧) સુરત ખાતે ચાલતી મુખ્યમંત્રી અમૃતમ અને મા વાત્સલ્ય યોજના અન્વયે કાર્યરત તમામ અધિકારીઓની કુલ સંખ્યા, તેમના નામ તેમજ તેવો તમામ અધિકારીઓને ફરજ બજાવતા વિસ્તાર મુજબની વિગત પ્રમાણિત નકલ (૨) મુખ્યમંત્રી અમૃતમ અને મા વાત્સલ્ય યોજના અંતર્ગત અરજદાર ધ્વારા આપવામાં આવેલ સૌગંધનામાની તપાસ કરતા અધિકારીઓનું નામ, તેમના ફરજ બજાવતા વિસ્તાર પ્રમાણે આપવી. (૩) મુખ્યમંત્રી અમૃતમ અને મા વાત્સલ્ય યોજના અંતર્ગત અરજદાર ધ્વારા આપવામાં આવેલ ખોટા સૌગંધનામા વિરુધ્ધ સુરત ખાતે છેલ્લા ૧૦ વર્ષમાં કરવામાં આવેલ કાયદેસરની કાર્યવાહીની વિગત પ્રમાણિત નકલમાં આપવી.(૪) મુદ્દા નં.૩ અન્વયે જેમની વિરુધ્ધ ખોટા સૌગંધનામા અંતર્ગત કાયદાકીય કાર્યવાહી કરેલ હોય તેવો તમામની વિગત પ્રમાણિત નકલમાં આપવી. (૫) સદરહુ અરજીના અનુસંધાને પ્રથમ અપીલ અધિકારીશ્રીનો અધિકૃત ઈ–મેલ આઈ.ડી જણાવશો વિગેરે બાબતની કુલ–૦૫ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ હતી.

ઉકત વિગતે અરજદારશ્રીની પ્રથમ અપીલ સંદર્ભે પુર્તતા રીપોર્ટ કે આપવા જોગ પુરક માહિતી અથવા અન્ય કોઈ રજુઆત હોય તો તે દિન–૫ માં અત્રેની કચેરીને મોકલી આપવા મધ્યસ્થ મહેકમ (આરોગ્ય) વિભાગ ધ્વારા પત્ર નં.જીએડી/ઈએસટી/પીએચ/આરટીઆઈ/ અપીલ/૨૬, તા.૦૭/૦૬/૨૦૧૮ મુજબ જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારી, વેકસીનેશન વિભાગ પ્રતિ જણાવવામાં આવેલ હતું, જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારી, વેકસીનેશન વિભાગ ધ્વારા સદર અરજી તબીબી અધિકારી (વર્ગ–૧), શહેરી કુટુંબ કલ્યાણ કેન્દ્રને જરૂરી કાર્યવાહી થવા રવાના કરવામાં આવેલ હોવાનું જણાય છે, જે અન્વયે તબીબી અધિકારી (વર્ગ–૧), શહેરી કુટુંબ કલ્યાણ ધ્વારા પત્ર.નં.એફપીબી/એસએમસી/૧૩–૧૪/નં.૭૯, તા.૦૨/૦૭/૧૮ થી અપીલ અરજી પરત્વે પુર્તતા રીપોર્ટ રજુ કરી મેડીકલ ઓફિસર, એન.યુ.એચ.એમ/આર.સી.એચ વિભાગની માહિતી સામેલ છે તેમ જણાવેલ છે,પરંતુ સંલગ્ન તુમારોનો અભ્યાસ કરતા મેડીકલ ઓફિસર એન.યુ.એમ./આર.સી.એચ.વિભાગને લાગત મુદ્દાઓ પરત્વેની માહિતી તૈયાર કરી પત્ર નં.એનએચએમ/ આરસીએચ –૨/૧૮–૧૯/નં.૧૧૯, તા.૨૫/૦૬/૧૮ થી તબીબી અધિકારી (વર્ગ–૧), શહેરી કુટુંબ કલ્યાણ કેન્દ્ર ધ્વારા અરજદારશ્રીને માહિતી પુરી પાડવા રવાના કરવામાં આવેલ હોવાનું જણાય છે, પરંતુ અરજદારશ્રીને તબીબી અધિકારી (વર્ગ–૧), શહેરી કુટુંબ કલ્યાણ કેન્દ્ર ધ્વારા માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાતું નથી.

માહિતી અધિકાર અધિનિયમ અન્વયે અપીલોનો નિર્ણય કરવો એ અર્ધન્યાયિક કામગીરી છે, જે બાબત સુનિશ્ચિત કરવા તથા અરજદારશ્રીની અપીલ અરજી પરત્વે ન્યાયોચિત હુકમ થઈ શકે તે હેતુસર અરજદારની અપીલ અરજી પરત્વે બન્ને પક્ષોની રજુઆત ધ્યાને લેવાના હેતુસર રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા અર્થે અત્રેથી પત્ર નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/આઉટ/૪૦, તા.૧૭/૦૭/૧૮ મુજબ તા.૨૬/૦૭/૧૮ ના રોજ બપોરે ૧૨:૩૦ કલાકે અપીલ અધિકારી અને ઈ.ચા.ડે.કમિશનરશ્રી (હે.અને હો.),આરોગ્ય ખાતાની કચેરી ,સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતની કચેરીમાં હાજર રહેવા જણાવવામાં આવેલ, જે સંદર્ભે અરજદારશ્રી ધ્વારા તા.૨૪/૦૭/૨૦૧૮ ના રોજ પ્રથમ અપીલ અધિકારી અને આરોગ્ય અધિકારીશ્રી અને ઈ.ચા.ડે.કમિશ્નરશ્રી (હે.અને.હો)ને ઉદ્દેશીને પ્રથમ અપીલના અનુસંધાને જરૂરી હકીકત તથા લેખીત દલીલો સાથે રજુઆત કરી જણાવેલ છે કે જાહેર માહિતી અધિકારી ધ્વારા અમો અપીલકર્તાઓને કોઈ પણ પ્રકારની ન્યાયીક માહિતી મળેલ ન હોય માંગેલ સંપુર્ણ માહિતી કલમ(૭)૬ હેઠળ માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૪(૧)(ખ)(૧૪) મુજબ ઈલેકટ્રોનિક, ડીઝીટલ, ડી.વી.ડી.અથવા ઈ–મેઈલના માધ્યમથી આપવા હુકમ કરવા જણાવેલ છે.

અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજી તથા અરજદારશ્રી ધ્વારા તા.૨૪/૦૭/૨૦૧૮ ના રોજ પ્રથમ અપીલ અધિકારી અને આરોગ્ય અધિકારીશ્રી,ઈ.ચા.ડે.કમિશ્નરશ્રી (હે.અને.હો)ને ઉદ્દેશીને પ્રથમ અપીલના અનુસંધાને જરૂરી હકીકત તથા લેખીત દલીલો સાથે કરવામાં આવેલ રજુઆત તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

અરજદારશ્રીની આર.ટી.આઈ. હેઠળની તા.૧૯/૦૩/૧૭ (આઈ.ડી.નં.૨૮૩૦) ની અરજીના મુદ્દાઓ બાબતે એન.યુ.એચ.એમ/ આર.સી.એચ વિભાગની માહિતી જાહેર માહિતી અધિકારી અને તબીબી અધિકારી (વર્ગ–૧), શહેરી કુટુંબ કલ્યાણ કેન્દ્ર ધ્વારા અરજદારને ઉકત વિગતે પુરી પાડવામાં આવેલ હોવાનું જણાતું ન હોય આર.ટી.આઈ. એકટની કલમ–૭(૬) હેઠળ વિના મુલ્યે માહિતી પુરી પાડવાની રહે છે, જે મુજબ ઉકત વિગતે મેડીકલ ઓફિસરશ્રી, એન.યુ.એચ.એમ./આર.સી.એચ. ધ્વારા મળેલ માહિતી તથા આર.ટી.આઈ. એકટના પરિપેક્ષમાં અન્ય કોઈ માહિતી આપવા પાત્ર થતી હોય તો તે સહિતની તમામ હયાત રેકર્ડ આધારિત માહિતી દિન–૭ માં નીચે સહી કરનારની જાણ હેઠળ અરજદારશ્રીને વિના મુલ્યે પુરી પાડવા હુકમ કરવામાં આવે છે.

વધુમાં, અરજદારશ્રીએ નમુના–'ક' ની માહિતી માંગતી અરજીથી તથા પ્રથમ અપીલ અરજીથી માંગેલ દાદમાં ડીઝીટલ સ્વરૂપે પુરી પાડવા વિનંતી કરેલ છે. માહિતી અધિકાર અધિનિયમ હેઠળ જાહેર માહિતી અધિકારીશ્રીએ જાહેર સત્તામંડળ પાસે સામગ્રી (મટીરીયલ) જે રૂપમાં હોય તેજ રૂપે પુરી પાડવાની રહેતી હોય જો સદર માહિતી ડીઝીટલ સ્વરૂપે ઉપલબ્ધ હોય તો તે સ્વરૂપે પુરી પાડવા અન્યથા જે સ્વરૂપમાં ઉપલબ્ધ હોય તે સ્વરૂપે પુરી પાડવા જાહેર માહિતી અધિકારી અને તબીબી અધિકારી (વર્ગ–૧), શહેરી કુટુંબ કલ્યાણ કેન્દ્રને જણાવવામાં આવે છે. વધુમાં ભવિષ્યમાં આર.ટી.આઈ. એકટ હેઠળની અરજીઓનો નિયત સમયમર્યાદામાં નિકાલ કરવા જાહેર માહિતી અધિકારી અને તબીબી અધિકારી (વર્ગ–૧), શહેરી કુટુંબ કલ્યાણ કેન્દ્રને તાકીદ કરવામાં આવે છે. વધુમાં સદર અપીલ અરજીનો નિકાલ કરવામાં થયેલ વિલંબ ક્ષમ્ય ગણશો.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો,ગુજરાત માહિતી આયોગ,કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ,બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦/એ,ગાંધીનગરને દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/આરટીઆઈ/અપીલ/
તા. /૦૮/૨૦૧૮

ડેપ્યુટી મ્યુનિ. કમિશ્નર( હે. અને હો.)
અને એપેલેટ ઓફિસર

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં. SMC/PHD/FAP/13/2018. Dt.12/06/2018.
આરોગ્ય વિભાગ.

**અરજદાર** :– શ્રી સજીવ ઈઝાવા.

**સામાવાળા**:– જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ ઈન્સપેકટરશ્રી,ફુડ વિભાગ,સુરત મહાનગરપાલિકા.

અરજદાર મજકુર ધ્વારા તા.૦૭/૦૬/૨૦૧૮ના રોજ આરોગ્ય અધિકારી અને અપીલ અધિકારી અધિકારી, ફુડ વિભાગ, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરવામાં આવેલ અપીલ અરજી જાહેર માહિતી અધિકારી, નાગરિક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોનના પત્ર નં.સીસીસી/સેન્ટ્રલ ઝોન/આઉટ/૮૮, તા.૦૮/૦૬/૨૦૧૮ થી અપીલ અધિકારી ઈ.ચા.ડે.કમિશ્નરશ્રી (હેલ્થ અને હોસ્પિટલ) ને તબદીલ કરેલ હતી, જે અરજી ફુડ વિભાગના પત્ર જાવક નં.પીએચડી/ફુડ/૭૫૨, તા.૦૮/૦૬/૧૮ થી આર.ટી.આઈ.ની અરજી તેમજ અરજદારને પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર વિગેરે તુમારો સામેલ રાખી અત્રેના વિભાગને જરૂરી કાર્યવાહી અર્થે મોકલેલ હતી, જે અત્રેની કચેરીને તા.૧૨/૦૬/૧૮ ના રોજ પ્રાપ્ત થયેલ છે, અરજદારશ્રીની તા.૦૩/૦૫/૨૦૧૮ની આર.ટી.આઈ.ની અરજી (આઈ.ડી.નં.૩૨૪)ના અનુસંધાને તેઓને અધુરી માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાવી નારાજગી વ્યકત કરેલ છે.

અરજદારશ્રીની તા.૦૩/૦૫/૧૮ (આઈ.ડી.નં.૩૨૪) ની આર.ટી.આઈ.ની અરજીથી (૧) સુરત શહેરમાં આજદીન સુધી બરફ બનાવવાના કુલ કેટલા કારખાનાને લાઈસન્સ આપવામાં આવેલ છે (૨) બરફના કારખાનામાંથી બરફની ગુણવત્તા ચકાસણી કરવા માટેના ધારાધોરણોની માહિતી આપવા વિનંતી (૩) છેલ્લા એક વર્ષમાં સુરત શહેરમાંથી બરફના કેટલા નમુના લઈ ચકાસણી કરવામાં આવી હોય એ અંગે માહિતી (૪) માર્ચ–૨૦૧૮, એપ્રિલ–૨૦૧૮ માં કોઈ પણ જગ્યાએ બરફના નમુનાની ચકાસણી કરી હોય એના રીપોર્ટની કોપી આપવા વિનંતી.(૫)સુરત શહેરમાં ફુડ ચકાસણી માટે નિમણુંક કરેલ અધિકારીઓના નામ અને હોદ્દા વિષેની વિગેરે કુલ–૦૫ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ હતી. અરજદારની ઉકત અરજી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ ઈન્સ્પેકટર (ફુડ વિભાગ) ધ્વારા પત્ર નં.પીએચડી/ફુડ/૫૧૯, તા.૨૧/૦૫/૧૮ થી સમયમર્યાદામાં પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે, જે પૈકી મુદ્દા નં.૧ પરત્વે બરફ બનાવવાના કારખાનાને કોઈ લાયસન્સ આપવામાં આવેલ નથી તેમ જણાવેલ છે. મુદ્દા.નં ૨ પરત્વેની માહિતી ફુડ વિભાગને લાગત ન જણાતાં જાહેર માહિતી અધિકારી અને ઓફિસ ઈ.ચા.પબ્લીક હેલ્થ લેબોરેટરીને તબદીલ કરવામાં આવેલ હોવાનું જણાય છે.મુદ્દા.નં ૩ પરત્વે છેલ્લા એક વર્ષમાં સુરત શહેરમાં આવેલ આઈસ ફેકટરીમાંથી જે પાણીમાંથી બરફ બનાવવામાં આવે છે તે પાણીના ૨૦ નમુના લેવામાં આવેલ હોવાનું જણાવેલ છે,પરંતુ તે અંગેની ચકાસણી કરવામાં આવેલ રીપોર્ટની માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાતું નથી. મુદ્દા.નં ૪ પરત્વે સુરત શહેરમાં આવેલ આઈસ ફેકટરીમાંથી જે પાણીમાંથી બરફ બનાવવામાં આવે છે તે પાણીના ૧૫ નમુના લેવામાં આવેલ હોવાનું જણાવેલ છે,પરંતુ બરફના નમુનાની ચકાસણી અંગેનાં રીપોર્ટની માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાતું નથી.મુદ્દા.નં ૫ પરત્વેની ફુડ સેફટી ઓફિસરશ્રીના નામ તથા હોદ્દાની માહિતી અરજદારશ્રીને પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે.

અરજદારની અપીલ અરજી પરત્વે દર્શાવવામાં આવેલ નારાજગી સંદર્ભે બન્ને પક્ષોની રજુઆત ધ્યાને લેવાના હેતુસર રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા અર્થે અત્રેથી પત્ર નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/આઉટ/૩૦,તા.૨૧/૦૬/૧૮ મુજબ,તા.૨૯/૦૬/૧૮ ના રોજ બપોરે ૧૨:૧૫ કલાકે આરોગ્ય અધિકારી અને એપેલેટ ઓફિસર, સુરત મહાનગરપાલિકાના આરોગ્ય ખાતાની મુગલીસરા, સુરત ખાતેની કચેરીમાં હાજર રહેવા જણાવવામાં આવેલું હતું,તે મુજબ અરજદારશ્રી તથા ફુડ વિભાગના જાહેર માહિતી અધિકારી રૂબરૂ સુનાવણી અર્થે એપેલેટ ઓફિસર સમક્ષ હાજર રહયા હતા. રૂબરૂ સુનાવણી સમયે અરજદારશ્રી ધ્વારા મુદ્દા.નં.૩ તથા ૪ પરત્વે નમુના ચકાસણી સબબ રીપોર્ટની નકલ પુરી પાડવા રજુઆત/માંગણી કરવામાં આવેલ છે.

અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજી સંદર્ભે રૂબરૂ સુનાવણીમાં હાજર રહી અરજદાર ધ્વારા કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારી ધ્વારા પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

**—:: હુકમ ::—**

અરજદારની તા.૦૩/૦૫/૧૮ ની (આઈ.ડી.નં.૩૨૪) ની આર.ટી.આઈ.ની અરજીના મુદ્દાઓ બાબતે અરજદારશ્રીની અરજીનાં મુદ્દા.નં.૩ તથા ૪ પરત્વે છેલ્લા એક વર્ષમાં સુરત શહેરમાંથી આઈસ ફેકટરીમાંથી જે પાણીમાંથી બરફ બનાવવામાં આવે છે તે પાણીના લેવામાં આવેલ નમુના અંગેના રીપોર્ટની રેકર્ડ આધારીત નકલ અરજદારશ્રીને આર.ટી.આઈ.એકટની કલમ–૭(૬) અન્વયે અત્રેની કચેરીની જાણ હેઠળ આ હુકમ મળ્યેથી દિન–૦૭ માં સંબંધિત અરજદારશ્રીને વિના મુલ્યે માહિતી પુરી પાડવા / પ્રત્યુત્તર પાઠવવા જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર, ફુડ વિભાગને હુકમ કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો,ગુજરાત માહિતી આયોગ,કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ,બ્લોક નં.૧,બીજો માળ,નિર્માણ ભવનની પાછળ,સેકટર–૧૦/એ,ગાંધીનગરને દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

**નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/**
**તા. ૦૭/૨૦૧૮**

**આરોગ્ય અધિકારી અને ઈ.ચા.**
**ડે.કમિશ્નર(હેલ્થ અને હોસ્પિટલ)**
**એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગરપાલિકા.**

# સુરત મહાનગરપાલિકા

**અપીલ અરજી નં.SMC/PHD/FAP/14/2018. Dt.15/06/2018.**
**આરોગ્ય વિભાગ.**

અરજદાર :–શ્રી સુરેશભાઈ છગનભાઈ ચોટલીયા.
સામાવાળાઃ– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સોલીડ વેસ્ટ મેનેજરશ્રી,સો.વે.મે.વિભાગ, સુરત મહાનગરપાલિકા.

અરજદાર મજકુર ધ્વારા તા.૦૬/૦૬/૨૦૧૮ના રોજ અપીલ અધિકારીશ્રી અને હેલ્થ અને હોસ્પિટલ,સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરવામાં આવેલ અપીલ અરજી નાયબ આરોગ્ય અધિકારી અને અપીલ અધિકારી, નોર્થ ઝોનના પત્ર નં.એ.ઝેડ./આર.ટી.આઈ.સેલ/આઉટ/૫૦૬, તા.૧૨/૦૬/૨૦૧૮ થી અરજદારશ્રીની તા.૦૫/૦૫/૧૮ ની આર.ટી.આઈ.ની મુળ અરજી (આઈ.ડી.નં.૨૨૧) સામેલ રાખી અત્રેના વિભાગને જરૂરી કાર્યવાહી અર્થે મોકલેલ હતી, જે અરજી તા.૧૩/૦૬/૨૦૧૮ ના રોજ પ્રાપ્ત થયેલ છે, અરજદારશ્રીની તા.૦૫/૦૫/૨૦૧૮ ના રોજ આપવામાં આવેલ આર.ટી.આઈ.ની અરજીના સંદર્ભમાં નિયત સમયમર્યાદામાં માહિતી મળેલ ન હોવાનું જણાવી નારાજગી વ્યકત કરેલ છે.

ઉકત અપીલ અરજી સાથે સામેલ તુમારોનો અભ્યાસ કરતાં અરજદારશ્રીની તા.૦૫/૦૫/૨૦૧૮ થી ડે.મ્યુની.કમિશ્નર, હેલ્થ અને હોસ્પિટલને ઉદ્દેશીને કરેલ આર.ટી.આઈ. એકટ હેઠળ માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી અને મુખ્ય આરોગ્ય નિરીક્ષક, નોર્થ ઝોનના પત્ર નં.એન.ઝેડ/૩૯૦, તા.૨૩/૦૫/૧૮ થી જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારીશ્રી, સેન્ટ્રલ ઝોનને તબદીલ કરવામાં આવેલ હતી. અરજદારશ્રીની નમુના ''ક'' ની સદર અરજીથી (૧)સુરત મિશન ફર્સ્ટ અંતર્ગત એડવાન્સ ટેક્ષ ભરનારાઓને જે સુકા અને ભીના કચરાના વર્ગીકરણ માટે ભુરી અને લાલ ડસ્ટબીન આપવા નકકી કરવામાં આવેલ, તે પેમ્પલેટમાં દર્શાવવામાં આવેલ ડસ્ટબીનની ગુણવત્તા અંગે કરવામાં આવેલ પરિક્ષણમાં તમામ રીપોર્ટ તેમજ તે અંગે આપવામાં આવેલ અભિપ્રાયોની પ્રમાણિત નકલ.(૨) સુરત મિશન ફર્સ્ટ અંતર્ગત સુરત મહાનગરપાલિકામા એડવાન્સ ટેક્ષ ભરનારાઓને જે ડસ્ટબીન વિતરણ કરવામાં આવેલ છે તે ડસ્ટબીનના ગુણવત્તા અંગે કરવામાં આવેલ પરિક્ષણના તમામ રીપોર્ટ તેમજ આપવામાં આવેલ તમામ અભિપ્રાયોની પ્રમાણિત નકલ આપવા વિનંતી. (૩) સુરત મિશન ફર્સ્ટ અંતર્ગત સુરત મહાનગરપાલિકામા એડવાન્સ ટેક્ષ ભરનારાઓને સુકા ભીના કચરાના નિકાલ માટે આપવામાં આવેલ ડસ્ટબીનની ગુણવત્તા એકસરખી હોવા અંગેના તમામ રીપોર્ટ, અભિપ્રાયો વિગેરે તમામની પ્રમાણિત નકલ આપવા વિગેરે બાબતે કુલ–૦૩ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ હતી.

અરજદારશ્રીની ઉકત અરજીના અનુસંધાને પુરી પાડવામાં આવેલ માહિતી પરત્વેની નારાજગી સંદર્ભે પુર્તતા રીપોર્ટ કે આપવા જોગ પુરક માહિતી અથવા અન્ય કોઈ રજુઆત હોય તો તે દિન–૩ માં અત્રેની કચેરીને મોકલી આપવા મધ્યસ્થ મહેકમ (આરોગ્ય) વિભાગ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૨૭, તા.૧૮/૦૬/૨૦૧૮ તથા યાદપત્ર નં.જીએડી/ ઈએસટી/ પીએચ/આરટીઆઈ/અપીલ/૩૪, તા.૨૬/૦૬/૨૦૧૮ થી જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારીશ્રી (સેન્ટ્રલ ઝોન) પ્રતિ જણાવવામાં આવેલ હતું, જે અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારી, સેન્ટ્રલ ઝોન ધ્વારા જણાવેલ છે કે, અપીલ અરજી અંગે અરજદાર ધ્વારા માંગેલ માહિતી બાબતની અરજી જે તે સ્થળે સ્વિકાર્યા બાદ સંબધિત વિભાગને તબદીલ કરવાની કાર્યવાહી અરજી સ્વિકારનાર તરફથી કરવાની હોય છે અને તે મુજબની કાર્યવાહી થયેલ છે એમ જણાવી અરજદારે અરજીમાં ઉલ્લેખિત વિભાગ પાસે અરજદારે માંગવામાં આવેલ માહિતીની બાબત ધ્યાને લઈ અત્રેનાં વિભાગ ધ્વારા સમયમર્યાદામાં અરજદારને જવાબ પાઠવવામાં આવેલ હોવાનું જણાવેલ છે, જે અન્વયે અત્રે ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતા તેઓશ્રી તરફથી પત્ર નં.સીઝેડ/ના.આ. અધિકારી/આઉટ/૪૩, તા.૩૦/૦૫/૧૮ ના પત્રથી સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગને તબદીલ કરવામાં આવેલ હોવાનું તથા સદર અરજી સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ ખાતે તા.૦૫/૦૬/૧૮ નાં રોજ મળેલ હોવાનું જણાય છે તથા જાહેર માહિતી અધિકારી, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ ધ્વારા અરજદારશ્રીને નં.પીએચડી/એસડબલ્યુ એમ/આરટીઆઈ/આ.નં.૨૯, તા.૨૯/૦૬/૧૮ થી પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ હોવાનું જણાય છે.

અરજદારશ્રીની અપીલ અરજી પરત્વેની નારાજગી સંદર્ભે રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા બન્ને પક્ષોને સુરત મહાનગરપાલિકાના આરોગ્ય ખાતાની કચેરી મુગલીસરા, સુરત ખાતે હાજર રહેવા જણાવવામાં આવેલ, પરંતુ અરજદાર ઉકત દિને સુનાવણીમાં હાજર રહયા ન હોય ફરીથી પત્ર નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/આઉટ/૪૮, તા.૦૧/૦૮/૧૮ મુજબ તા.૧૦/૦૮/૧૮ ના રોજ બપોરે ૧૨:૩૦ કલાકે રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા જણાવેલ, તે મુજબ અપીલ અધિકારી સમક્ષ અરજદારશ્રી સદર દિને હાજર રહયા હતા.

અરજદારની મુળ અરજી, અપીલ અરજી સંદર્ભે રૂબરૂ સુનાવણી સમયે કરવામાં આવેલ રજુઆત તથા અરજદારશ્રીને પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર વિગેરે ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

## –:: હુકમ ::–

રૂબરૂ સુનાવણી સમયે અરજીથી માંગેલ માહિતી પરત્વે અરજદારશ્રી ધ્વારા પ્લાસ્ટીકની ડસ્ટબીન માટેનો ટેસ્ટ રીપોર્ટ, મે–૨૦૧૮ સુધીમાં કેટલા નાગરિકોને વિના મુલ્યે ડસ્ટબીન આપવામાં આવ્યા તેની સંખ્યા સહિતની માહિતી તેમજ સદર બાબતે આપવામાં આવેલ જાહેરાત સંદર્ભેની નકલો દિન–૭ મા વિના મુલ્યે પુરી પાડવા રજુઆત કરવામાં આવેલ છે, જે ધ્યાને લેતા અરજદારશ્રી ધ્વારા ડસ્ટબીન માટેના ટેસ્ટ રીપોર્ટ સિવાયની માહિતી બાબતે અપીલ તબકકે અરજદારે પુરક પ્રશ્ન ઉપસ્થિત કરેલ હોય મજકુર અરજદાર અલાયદી અરજી કરી તેવી માહિતી મેળવવા સ્વતંત્ર છે, જયારે પ્લાસ્ટીક ડસ્ટ બીન માટેનો ટેસ્ટ રીપોર્ટની માહિતી બાબતે રેકર્ડ આધારીત માહિતી દિન–૭માં આર.ટી.આઈ.એકટની કલમ–૭(૬) હેઠળ અત્રેની કચેરીની જાણ હેઠળ અરજદારશ્રીને વિના મુલ્યે પુરી પાડવા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સોલીડ વેસ્ટ મેનેજરશ્રી,સો.વે.મે. વિભાગને હુકમ કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો,ગુજરાત માહિતી આયોગ,કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧,બીજો માળ, નિર્માણ ભવનની પાછળ,સેકટર–૧૦–એ,ગાંધીનગરને દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/આરટીઆઈ/અપીલ/
તા. /૦૮/૨૦૧૮.

ડે.મ્યુની.કમિશ્નર(હે.અને હો.) અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં.SMC/PHD/FAP/15/2018. Dt.19/06/2018.
મધ્યસ્થ મહેકમ (આરોગ્ય) વિભાગ.

**અરજદાર** :– શ્રી દેવેન્દ્ર એમ. પ્રજાપતિ.
**સામાવાળા**:–જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર,મધ્યસ્થ મહેકમ (આરોગ્ય) વિભાગ, સુરત મહાનગરપાલિકા.

(૧) અરજદારશ્રી ધ્વારા તા.૧૪/૦૬/૧૮ ના રોજ મ્યુ.કમિશ્નરશ્રી, અપીલ અધિકારી, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરવામાં આવેલ અપીલ અરજી પર્સોનેલ ઓફિસર(સેન્ટ્રલ ઝોન) અને ઈ.ચા.એકઝીકયુટીવ આસી.અને જાહેર માહિતી અધિકારી, નાગરીક સુવિધા કેન્દ્રના પત્ર.નં.સીસીસી/સે.ઝોન/આઉટ/૯૫, તા.૧૫/૦૬/૨૦૧૮ થી પર્સોનેલ આફિસર,મધ્યસ્થ મહેકમ (આરોગ્ય) વિભાગને તબદીલ કરવામાં આવેલ છે, જે અરજી અત્રે તા.૧૯/૦૬/૨૦૧૮ ના રોજ પ્રાપ્ત થયેલ છે. અરજદારની નમુના–'ક' ની આર.ટી.આઈ.ની અરજી પરત્વે માંગ્યા મુજબની માહિતી આપેલ નથી, ખોટી અને ગેરમાર્ગે દોરનાર માહિતી આપી છે તેમ જણાવી નારાજ થઈ અપીલ અરજી કરેલ છે.

(૨) ઉકત અપીલ અરજી સાથે સામેલ તુમારોનો અભ્યાસ કરતાં અરજદારશ્રીની નમુના "ક" ની તા.૦૪/૦૫/૨૦૧૮ ની અરજી (આઈ.ડી. નં.૩૩૨) થી સુરત સુધરાઈ કામદાર (સ્ટાફ) મંડળ ધ્વારા હેલ્થ સેન્ટરો, સ્મીમેર હોસ્પિટલ તથા મસ્કતિ હોસ્પિટલના કર્મચારીઓને જાહેર તહેવારની રજા બાબતે લખેલ છેલ્લા ૧૦ વર્ષના પત્રોની નકલ સહિતની કુલ–૦૯ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ હતી, જે અરજી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી, મધ્યસ્થ મહેકમ વિભાગના પત્ર નં.જીએડી/ઈએસટી/૧૦૯૨, તા.૦૯/૦૫/૨૦૧૮ થી મધ્યસ્થ મહેકમ (આરોગ્ય) વિભાગને સંપુર્ણ તબદીલ કરવામાં આવેલ હતી. અરજદારની ઉકત અરજીના મુદ્દાઓની ચકાસણી કરતાં તે પેકીના કેટલાક મુદ્દાઓ જાહેર માહિતી અધિકારી અને રેસી.મેડીકલ ઓફિસરશ્રી/લેડી.મેડીકલ ઓફિસરશ્રી/જુની.મેડીકલ ઓફિસર અને મેડીકલ ઓફિસરશ્રી, તમામ અર્બન હેલ્થ સેન્ટર અને મેટરનીટી હોમ તથા તમામ અર્બન હેલ્થ સેન્ટર, સ્મીમેર હોસ્પિટલ તથા મસ્કતિ ધર્માથ હોસ્પિટલ પ્રતિ અરજદારની જાણ હેઠળ પત્ર નં.જીએડી/ઈએસટી/આરટીઆઈ/આઉટ/૩૦, તા.૧૦/૦૫/૨૦૧૮ થી આંશીક તબદીલ કરવામાં આવેલ હતી, જયારે અરજીના ઉકત મુદ્દાઓ પૈકી મધ્યસ્થ મહેકમ (આરોગ્ય) વિભાગને લાગત મુદ્દા.નં.૧(આંશીક) તથા મુદ્દા.નં.૪,૬ તથા ૭ પરત્વેની માહિતી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી, મધ્યસ્થ મહેકમ (આરોગ્ય) વિભાગ ધ્વારા પત્ર નં.જીએડી/ઈએસટી/પીએચ/આરટીઆઈ/આઉટ/૩૪, તા.૨૩/૦૫/૨૦૧૮ થી સમયમર્યાદામાં અરજદારશ્રીને પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ હોવાનું જણાય છે તથા મુદ્દા.નં.૧ બાબતે રૂા.૧૮/–દસ્તાવેજી નાણાં ભરપાઈ કરી માંગવામાં આવેલ નકલો મેળવી લેવા અંગે જાહેર માહિતી અધિકારી ધ્વારા પ્રસ્તાવ આપવામાં આવેલ હતો.

(૩) અરજદારશ્રી ધ્વારા અપીલ અરજી પરત્વેની દર્શાવેલ નારાજગી સંદર્ભે બન્ને પક્ષોની રજુઆત ધ્યાને લેવાના હેતુસર રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા અર્થે અત્રેની કચેરીના પત્ર નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૩૬, તા.૨૮/૦૬/૧૮ મુજબ તા.૦૬/૦૭/૧૮ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે પર્સોનેલ ઓફીસર, મધ્યસ્થ મહેકમ (આરોગ્ય) વિભાગ, અસારાવાલા અર્બન હેલ્થ સેન્ટર અને મેટ.હોમના બીજા માળે, સૈયદપુરા, સુરત ખાતેની કચેરીમાં હાજર રહેવા જણાવવામાં આવેલ, તે મુજબ ઉકત દિને અરજદારશ્રી તથા મધ્યસ્થ મહેકમ (આરોગ્ય) વિભાગ તરફથી જાહેર માહિતી અધિકારી રૂબરૂ સુનાવણી અર્થે હાજર રહયા હતા, જેમાં અરજદારશ્રી ધ્વારા તેઓની આર.ટી.આઈ.ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પરત્વે જાહેર માહિતી અધિકારી ધ્વારા મૌખીક સંતોષકારક જવાબ આપેલ, તેમ જણાવેલ છે.

(૪) આમ, અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજી સંદર્ભે રૂબરૂ સુનાવણી સમયે હાજર રહી અરજદારશ્રી ધ્વારા કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર, મધ્યસ્થ મહેકમ (આરોગ્ય) વિભાગ ધ્વારા પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર તથા રૂબરૂ સુનાવણીમાં હાજર રહી કરેલ રજુઆત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

અરજદારની તા.૦૪/૦૫/૨૦૧૮ની અરજી (આઈ.ડી. નં.૩૩૨) થી માંગવામા આવેલ માહિતી બાબતે આર.ટી.આઈ. ની કલમ ૨(એફ), ૨(જે) હેઠળ અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી રેકર્ડ આધારીત માહિતી પુરી પાડવાની જોગવાઈ છે,જે મુજબ જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર,મધ્યસ્થ મહેકમ (આરોગ્ય) વિભાગ ધ્વારા ઉકત વિગતે અરજદારને સમયમર્યાદામાં માહિતી પુરી પાડવામાં આવેલ છે તેમજ ઉકત વિગતે રૂબરૂ સુનાવણી સમયે જાહેર માહિતી અધિકારી ધ્વારા અત્રે ઉપલબ્ધ મધ્યસ્થ મહેકમ (આરોગ્ય) વિભાગને લાગત મુદ્દાઓ પરત્વેની માહિતી પુરેપુરી આપવામાં આવેલ હોય અન્ય કોઈ વધારાની માહિતી પુરી પાડવાની રહેતી ન હોવાનું જણાવેલ છે. વધુમાં, અરજદારશ્રીએ ઉકત વિગતે માંગેલ માહિતી / નારાજગી સબબ જાહેર માહિતી અધિકારી ધ્વારા મૈખિક સંતોષકારક જવાબ આપેલ હોવાનું જણાવી સંતોષ વ્યકત કરેલ હોય, આમ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો,ગુજરાત માહિતી આયોગ,કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ,બ્લોક નં.૧,બીજો માળ,નિર્માણ ભવનની પાછળ,સેકટર–૧૦/એ,ગાંધીનગરને દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/આઉટ/
તા. /૦૭/૨૦૧૮

પર્સોનેલ ઓફિસર અને
એપલેટ ઓફીસર,મધ્યસ્થ મહેકમ (આરોગ્ય)
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

**અપીલ અરજી નં.SMC/PHD/FAP/16/2018. Dt.22/06/2018.**
**આરોગ્ય વિભાગ.**

**અરજદાર** :– શ્રી દેવેન્દ્ર એમ. પ્રજાપતિ.
**સામાવાળા**:– જાહેર માહિતી અધિકારી અને રેસી.મેડીકલ ઓફિસરશ્રી /લેડી. મેડીકલ ઓફિસરશ્રી /જુની. મેડીકલ ઓફિસર અને મેડીકલ ઓફિસરશ્રી ,તમામ અર્બન હેલ્થ સેન્ટર અને મેટરનીટી હોમ તથા તમામ અર્બન હેલ્થ સેન્ટર,સુરત મહાનગરપાલિકા.

(૧) અરજદાર મજકુર ધ્વારા તા.૨૦/૦૬/૧૮ ના રોજ મ્યુ.કમિશનરશ્રી, અપીલ અધિકારી, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરવામાં આવેલ અપીલ અરજી એકઝીકયુટીવ આસી. અને જાહેર માહિતી અધિકારી નાગરીક સુવિધા કેન્દ્રના પત્ર.નં.સીસીસી/સે.ઝોન/આઉટ/૯૫, તા.૧૫/૦૬/૨૦૧૮ થી અપીલ અધિકારી ડે.મ્યુનિ.કમિશ્નરશ્રી,(હે. અને હો.) ને તબદીલ કરવામાં આવેલ છે, જે અપીલ અરજી જરૂરી કાર્યવાહી અર્થે મધ્યસ્થ મહેકમ (આરોગ્ય) વિભાગને તા.૨૨/૦૬/૨૦૧૮ ના રોજ પ્રાપ્ત થયેલ છે. અરજદારની નમુના–'ક' ની આર.ટી.આઈ.ની અરજી પરત્વે માંગ્યા મુજબની માહિતી આપેલ નથી, ખોટી અને ગેરમાર્ગે દોરનાર માહિતી આપેલ છે, તેમ જણાવી નારાજ થઈ અપીલ અરજી કરેલ છે.

(૨) ઉકત અપીલ અરજી સાથે સામેલ તુમારોનો અભ્યાસ કરતાં અરજદારશ્રીની નમુના "ક" ની તા.૦૪/૦૫/૨૦૧૮ની (આઈ.ડી. નં.૩૩૨) ની અરજીથી સુરત સુધરાઈ કામદાર (સ્ટાફ) મંડળ ધ્વારા હેલ્થ સેન્ટરો, સ્મીમેર હોસ્પિટલ તથા મસ્કતિ હોસ્પિટલના કર્મચારીઓને જાહેર તહેવારની રજા બાબતે લખેલ છેલ્લા ૧૦ વર્ષના પત્રોની નકલ સહિતની વિગતો બાબતે કુલ–૦૯ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ હતી.જે અરજી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી,મધ્યસ્થ મહેકમ(આરોગ્ય)વિભાગના પત્ર નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/આઉટ/૩૦, તા.૧૦/૦૫/૨૦૧૮ થી જાહેર માહિતી અધિકારી અને રેસી.મેડીકલ ઓફિસરશ્રી / લેડી.મેડીકલ ઓફિસરશ્રી /જુની. મેડીકલ ઓફિસર અને મેડીકલ ઓફિસર તમામ અર્બન હેલ્થ સેન્ટર અને મેટરનીટી હોમ તથા તમામ અર્બન હેલ્થ સેન્ટર, સ્મીમેર હોસ્પિટલ, તથા મસ્કતિ ધર્માથ હોસ્પિટલને આંશિક તબદીલ કરવામાં આવેલ હતી.અરજીના મુદ્દાઓ પૈકી મુદ્દા.નં.૨,૩,૫,૬,તથા ૯ પરત્વે જે પૈકીના કેટલાક જાહેર માહિતી અધિકારીઓ ધ્વારા આંશીક માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે તથા મુદ્દા.નં.૮ બાબતે રેકર્ડ તપાસણી કરી માહિતી મેળવી લેવા અંગે જાહેર માહિતી અધિકારીઓ ધ્વારા અરજદારશ્રીને પ્રસ્તાવ આપવામાં આવેલ હોવાનું જણાય છે.

(૩) અરજદારશ્રી ધ્વારા અપીલ અરજી પરત્વેની દર્શાવેલ નારાજગી સંદર્ભે બન્ને પક્ષોની રજુઆત ધ્યાને લેવાના હેતુસર રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા અર્થે અત્રેની કચેરીના પત્ર નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૩૯, તા.૧૨/૦૭/૧૮ મુજબ તા.૧૯/૦૭/૧૮ના રોજ બપોરે ૧૨:૩૦ કલાકે આરોગ્ય અધિકારી અને ઈ.ચા.ડે.કમિશ્નર (હેલ્થ અને હોસ્પીટલ) અને એપેલેટ ઓફિસર,સુરત મહાનગરપાલિકાના આરોગ્ય ખાતાની મુગલીસરા, સુરત ખાતેની કચેરી ખાતે અરજદાર તથા અત્રેની મૌખીક સુચના મુજબ વહીવટી સરળતા ખાતર હેલ્થ સેન્ટર અને મેટરનીટી હોમ વતી વેકશીનેશન વિભાગના જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ આરોગ્ય અધિકારીને રૂબરૂ સુનાવણી અર્થે હાજર રહેવા જણાવવામાં આવેલ હતું. રૂબરૂ સુનાવણી સમયે અરજદાર ધ્વારા "અપીલમાં જણાવેલ તમામ મુદ્દાઓનો પ્રત્યુત્તર પાઠવવો, જે હેલ્થ સેન્ટરોએ જવાબ આપેલ નથી તે બધાનો જવાબ આપવા" મુજબની રજુઆત કરવામાં આવેલ.

(૪) અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજી સંદર્ભે રૂબરૂ સુનાવણી સમયે હાજર રહી અરજદારશ્રી ધ્વારા કરેલ રજુઆત તથા અર્બન હેલ્થ સેન્ટર અને મેટરનીટી હોમ તથા અર્બન હેલ્થ સેન્ટરોના જાહેર માહિતી અધિકારીઓ ધ્વારા પાઠવવામાં આવેલ પ્રત્યુત્તરો ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

અરજદારની તા.૦૪/૦૫/૨૦૧૮ ની અરજી (આઈ.ડી. નં.૩૩૨) ની આર.ટી.આઈ.ની અરજીના મુદ્દાઓ બાબતે નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

(૧) જે અર્બન હેલ્થ સેન્ટર અને મેટરનીટી હોમ તથા અર્બન હેલ્થ સેન્ટરોના જાહેર માહિતી અધિકારીશ્રીઓ ધ્વારા આજદિન સુધી અરજદારશ્રીની નમુના–'ક' ની અરજી સંદર્ભે પ્રત્યુત્તર/માહિતી પુરી પાડવામાં આવેલ ન હોય તે તમામ જાહેર માહિતી અધિકારીશ્રીઓએ આર.ટી.આઈ. એકટની કલમ–૭(૬) હેઠળ દિન–૭ અરજદારને વિના મુલ્યે માહિતી પુરી પાડવા/પ્રત્યુત્તર પાઠવવા તથા આર.ટી.આઈ. એકટ પરત્વે ગંભીરતા દાખવી ભવિષ્યમાં તમામ કિસ્સાઓમાં સમયમર્યાદામાં પ્રત્યુત્તર / માહિતી પુરી પાડવા આથી હુકમ કરવામાં આવે છે.

(૨) આર.ટી.આઈ. એકટની કલમ–૨(એફ), ૨(જે) અને માહિતી અધિકારની વ્યાખ્યા પ્રમાણે જાહેર સત્તા મંડળ પાસેની અને તેના નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી પુરી પાડવાની જોગવાઈ છે જે મુજબ અન્ય જાહેર માહિતી અધિકારીશ્રીઓએ રેકર્ડ આધારીત માહિતી પુરી પાડેલ હોવાનું જણાતું હોય તેમાં હસ્તક્ષેપ કરવાનું કોઈ કારણ જણાતું નથી, જે મુજબ અપીલનો નિકાલ કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો,ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦/એ, ગાંધીનગરને દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/આરટીઆઈ/અપીલ/
તા. /૦૮/૨૦૧૮

ડેપ્યુટી મ્યુનિ. કમિશ્નર( હે. અને હો.)
અને એપેલેટ ઓફિસર

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં.SMC/PHD/FAP/17/2018. Dt.26/06/18.
આરોગ્ય વિભાગ.

અરજદાર ::– શ્રી અરૂણ એસ.પાઠક.
સામાવાળા ::– જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર(ફુડ વિભાગ), સુરત મહાનગરપાલિકા.

અરજદાર મજકુર ધ્વારા તા.૨૧/૦૬/૨૦૧૮ ના રોજ અપીલ અધિકારીશ્રી, આરોગ્ય અધિકારીશ્રી, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરવામાં આવેલ અપીલ અરજી જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ ઈન્સપેકટર, ફુડ વિભાગના જાવક પત્ર નં.પીએચડી/ફુડ/૯૦૦, તા.૨૬/૦૬/૧૮ થી આરટીઆઈની અરજી સાથે અરજદારને પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર વિગેરે તુમારો સામેલ રાખી અત્રેના વિભાગને જરૂરી કાર્યવાહી અર્થે મોકલેલ છે. અરજદારની તા.૧૪/૦૫/૨૦૧૮ ની આર.ટી. આઈ.ની અરજી (આઈ.ડી.નં.૧૧૮) પરત્વેની માહિતી નમુના 'ક' ની અરજી સાદર કર્યા પછી "ખોટી માહિતી મળતા" તથા મુદ્દા.નં.૧ થી ૪ ની માહિતી જાહેર માહિતી અધિકારી ધ્વારા માહિતી ન આપવા માંગેલ માહિતી આગમાં નાશ પામેલ હોવાનું જણાવી માહિતી છુપાવેલ હોવાથી માંગેલ મુદ્દા.નં. ૧ થી ૪ ની માહિતી સંપુર્ણ રેકર્ડ સાથે વિના મુલ્યે પુરી પાડવા હુકમ કરશો તેમ જણાવી નારાજ થઈ કરવામાં આવેલ અપીલ અરજી અત્રેના વિભાગને તા.૨૬/૦૬/૨૦૧૮ ના રોજ પ્રાપ્ત થયેલ છે.

ઉકત અપીલ અરજી સાથે સામેલ તુમારોનો અભ્યાસ કરતાં અરજદારશ્રી ધ્વારા તા.૧૪/૦૫/૨૦૧૮ થી જાહેર માહિતી અધિકારીશ્રી, મ્યુન્સિપલ કમિશ્નર કચેરી, મુગલીસરા, સુરતને ઉદ્દેશીને કરેલ અરજી જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક, મધ્યસ્થ કચેરીના પત્ર નં.સી./આર.ટી.આઈ./૧૧૮, તા.૧૬/૦૫/૧૮ મુજબ ફુડ વિભાગ પ્રતિ તબદીલ કરવામાં આવેલ હતી, અરજદારની નમુના "ક" ની અરજીથી (૧) તા.૧૧/૦૫/૨૦૧૮ ના રોજ સુરત મહાનગરપાલિકા દ્વારા ન્યુ સ્ટેન્ડીંગ કમીટી હોલ, મુગલીસરા ખાતે યોજેલ પ્રેસ કોંન્ફરન્સમાં પત્રકારો તથા સુરત મહાનગરપાલિકાના કર્મચારી, અધિકારીઓ માટે મંગાવામાં આવેલ નાસ્તો અને કોલ્ડ્રીંગ્સ અંગે સંબંધિત અધિકારી દ્વારા આપવામાં આવેલ ઓર્ડર તથા નાસ્તો અને કોલ્ડ્રીંગ્સ પુરુ પાડનાર સંસ્થા દ્વારા આપવામાં આવેલ બિલ તથા તેની ચુકવણી જે આધારે કરવામાં આવેલ હોય તે અંગેની એટેસ્ટેડ નકલો સહિતની વિગેરે બાબતની કુલ–૦૪ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ હતી. અરજદારની ઉકત અરજી પરત્વે જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ ઈન્સપેકટર, ફુડ વિભાગ ધ્વારા પત્ર નં.પીએચડી/ફુડ/૭૭૮, તા.૧૩/૦૬/૧૮ થી અરજદારને અરજીના મુદ્દા.નં.૧ થી ૩ પરત્વે પ્રત્યુત્તર "લાગુ પડતુ નથી" તે મુજબનું પ્રત્યુત્તર પાઠવેલ છે, જયારે મુદ્દા.નં.૪ પરત્વે દીલ્હી ગેટ સ્થિત આવેલ ફુડ વિભાગની કચેરીમાં તા.૧૭/૦૩/૨૦૧૮ ના રોજ સાંજે ૭.૩૦ કલાકે અચાનક શોટ સર્કીટના થવાથી આગ લાગેલ હતી, જેના કારણે ઓફિસમાં જાળવવામાં/રાખવામાં આવેલ રેકર્ડ આગમાં નાશ પામેલ હોવાનું જણાય આવેલ હોય નાશ પામેલ રેકર્ડ બાબતે સક્ષમ સત્તાધિકારીશ્રીની મંજુરીની કાર્યવાહી ચાલતી હોય હાલ તુરંત માહિતી પુરી પાડી શકાય તેમ નથી તેમજ તે અંગેની એફ.આઈ.આર–૫૧૮ નંબરથી તા.૧૭/૦૩/૨૦૧૮ ના રોજ મહિધરપુરા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ છે તે મુજબનું અરજદારને પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ હોવાનું જણાય છે.

અરજદારની મુળ અરજી તેમજ અપીલ અરજી સંદર્ભે કરવામાં આવેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફીસર, ફુડ વિભાગ ધ્વારા અરજદારશ્રીને પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

## –:: હુકમ ::–

અરજદારની તા.૧૪/૦૫/૨૦૧૮ ની આર.ટી.આઈ.ની (આઈ.ડી.નં.૧૧૮) ની અરજીથી માંગવામાં આવેલ માહિતી સંદર્ભે અરજીના મુદ્દા.નં.૧ થી ૩ પરત્વે જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર, ફુડ વિભાગના ઉકત વિગતે પત્રથી તેઓનાં વિભાગના જાહેર સત્તા મંડળને સદર વિષય વસ્તુ લાગત ન હોવાનું જણાવેલ છે, જયારે મુદ્દા.નં.૪ પરત્વે તેઓની "દીલ્હી ગેટ સ્થિત આવેલ ફુડ વિભાગની કચેરીમાં તા.૧૭/૦૩/૨૦૧૮ ના રોજ સાંજે ૭.૩૦ કલાકે અચાનક શોટ સર્કીટના થવાથી આગ લાગેલ હતી, જેના કારણે ઓફિસમાં જાળવવામાં/રાખવામાં આવેલ રેકર્ડ આગમાં નાશ પામેલ હોવાનું જણાય આવેલ હોય નાશ પામેલ રેકર્ડ બાબતે સક્ષમ સત્તાધિકારીશ્રીની મંજુરીની કાર્યવાહી ચાલતી હોય હાલ તુરંત માહિતી પુરી પાડી શકાય તેમ નથી તેમજ તે અંગેની એફ.આઈ.આર–૫૧૮ નંબરથી તા.૧૭/૦૩/૨૦૧૮ ના રોજ મહિધરપુરા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ છે" તે મુજબનો અરજદારને પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ હોવાનું જણાય છે, આથી ઉકત પરિપેક્ષમાં અરજદારશ્રી ધ્વારા માંગવામાં આવેલ માહિતી સબબ જાહેર માહિતી અધિકારીએ કચેરીમાં લાગેલ આગમાં મહદ અંશે રેકર્ડ નાશ પામેલ હોવાનું જણાવેલ હોય, સદર રેકર્ડ પૈકી જો કોઈ રેકર્ડ / આંશિક રેકર્ડ આગમાં બચી જવા પામેલ હોય તો હયાત ઉપલબ્ધ રેકર્ડ અંગેની મુદ્દાની પુર્તતા કરતી માહિતી નીચે સહી કરનારની જાણ હેઠળ દિન–૭ માં આર.ટી.આઈ. ની કલમ–૭(૬) હેઠળ વિના મુલ્યે પુરી પાડવા અન્યથા આ અંગેનો કોઈ રેકર્ડ બચી જવા પામેલ ન હોય તો તે અંગેની હકીકતલક્ષી જાણ કરતો "નીલ" માહિતી સબબનો પ્રત્યુત્તર અરજદારશ્રીને પાઠવવા હુકમ કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો, ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦–એ,ગાંધીનગરને દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/આઉટ/
તા. /૦૭/૨૦૧૮

આરોગ્ય અધિકારી અને
ઈ.ચા.ડે.મ્યુનિ.કમિશ્નર (હે. અને હો.) અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં.SMC/PHD/FAP/19/2018. Dt.09/07/2018.
આરોગ્ય વિભાગ.

**અરજદાર :**–શ્રી હસમુખ વોરા.

**સામાવાળાઃ**–જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફીસરશ્રી, ફુડ વિભાગ, સુરત મહાનગરપાલિકા.

અરજદાર મજકુર ધ્વારા તા.૦૪/૦૭/૧૮ ના રોજ અપીલ અધિકારી, નોર્થ ઝોન, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરવામાં આવેલ અપીલ અરજી નાયબ આરોગ્ય અધિકારી અને અપીલ અધિકારી, નોર્થ (કતારગામ) ઝોનના પત્ર નં.એનઝેડ/આર.ટી.આઈ.સેલ આઉટ નં./૬૬૪, તા.૦૫/૦૭/૧૮ થી અપીલ અધિકારી અને ડે.મ્યુનિસીપલ કમિશનરશ્રી(હે. એન્ડ હો.)ને તબદીલ કરેલ છે, જે અપીલ અરજી જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ ઈન્સ્પેકટર, ફુડ વિભાગના પત્ર નં.પીએચડી/ફુડ/૧૧૦૮, તા.૦૯/૦૮/૧૮ થી અરજદારશ્રીની તા.૨૪/૦૪/૧૮ ની આર.ટી.આઈ.ની મુળ અરજી (આઈ.ડી.નં.૧૬૦) તથા અરજદારને પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર વિગેરે તુમારો સામેલ રાખી અત્રેના વિભાગને જરૂરી કાર્યવાહી અર્થે મોકલેલ હતી, જે અત્રે તા.૦૯/૦૭/૧૮ ના રોજ પ્રાપ્ત થયેલ છે, અરજદારશ્રીની તા.૨૪/૦૪/૧૮ ના રોજ આપવામાં આવેલ આર.ટી.આઈ.ની અરજીના સંદર્ભમાં અપીલ અરજીથી કોઈ જવાબ આપવામાં આવેલ નથી કે કોઈ માહિતી પુરી પાડવામાં આવેલ ન હોવાનું જણાવી નારાજગી વ્યકત કરેલ છે.

ઉકત અપીલ અરજી સાથે ફુડ વિભાગ ધ્વારા સામેલ તુમારોનો અભ્યાસ કરતાં અરજદારશ્રીની તા.૨૪/૦૪/૧૮ થી જાહેર માહિતી અધિકારી, નોર્થ ઝોન, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરેલ અરજી જાહેર માહિતી અધિકારી અને મુખ્ય આરોગ્ય નિરીક્ષક, નોર્થ ઝોનના પત્ર નં.એનઝેડ/આઉટ/૨૪૬, તા.૦૫/૦૫/૧૮ થી ચીફ ફુડ સેફટી ઓફિસર અને જાહેર માહિતી અધિકારી, ફુડ વિભાગને તબદીલ કરવામાં આવેલ હતી, અરજદારશ્રીની નમુના "ક" ની અરજીથી (૧) Be pleased to disclose the applicant name who had applied for a License for Food business operator under section 31(3) and 31(4) વિગેરે બાબતે કુલ–૦૮ મુદ્દાઓ બાબતની માહિતીની માંગણી કરેલ હતી. અરજદારશ્રીની ઉકત અરજી પરત્વે ફુડ વિભાગને લાગત માહિતી જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર(ફુડ વિભાગ) ધ્વારા પત્ર નં.પીએચડી/ફુડ/૫૩૯, તા.૨૨/૦૫/૧૮ થી અરજદારને સમયમર્યાદામાં પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ હોવાનું જણાય છે.

અરજદારની નારાજગી સંદર્ભે પુર્તતા રીપોર્ટ કે આપવા જોગ પુરક માહિતી અથવા અન્ય કોઈ રજુઆત હોય તો તે દિન–૫ માં કચેરીને મોકલી આપવા મધ્યસ્થ મહેકમ (આરોગ્ય) વિભાગ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/પીએચ/આરટીઆઈ/અપીલ/૩૮, તા.૧૦/૦૭/૨૦૧૮ મુજબ જાહેર માહિતી અધિકારી, ફુડ વિભાગ પ્રતિ જણાવવામાં આવેલ હતું, તે મુજબ પત્ર.નં.પીએચડી/ફુડ/૧૧૮૮, તા.૧૬/૦૭/૨૦૧૮ થી લેખીત પુર્તતા કરી જણાવેલ છે કે અરજદારની ઉકત અરજીથી માંગવામાં આવેલ માહિતી ફુડ વિભાગ ધ્વારા પત્ર.નં.પીએચડી/ફુડ/૫૩૯, તા.૨૨/૦૫/૨૦૧૮થી પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ, પરંતુ શરતચુકથી પ્રત્યુત્તર અન્ય અરજદારને બજી ગયેલ હોવાથી ફરીથી ખરેખર અરજી કરનાર અરજદારશ્રીને જાહેર માહિતી અધિકારી, ફુડ વિભાગ ધ્વારા અપીલ તબકકે પત્ર નં.પીએચડી/ફુડ/૧૧૬૮, તા.૧૨/૦૭/૨૦૧૮ થી પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ હોવાનું જણાવેલ છે.

અરજદારની મુળ અરજી તેમજ અપીલ અરજી સંદર્ભે કરવામાં આવેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફીસર, ફુડ વિભાગ ધ્વારા અપીલ અરજી પરત્વે કરવામાં આવેલ પુર્તતા ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

અરજદારશ્રીની તા.૨૪/૦૪/૧૮ ની અરજી (આઈ.ડી.નં.૧૬૦) થી માંગવામા આવેલ માહિતી પરત્વે જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફીસર, ફુડ વિભાગ ધ્વારા પત્ર નં.પીએચડી/ફુડ/૫૩૯, તા.૨૨/૦૫/૨૦૧૮ થી પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ,પરંતુ અરજદારની ઉકત અરજી પરત્વેનો પ્રત્યુત્તર શરતચુકથી અન્ય અરજદારને બજાવેલ હોવાનું જણાતાં અપીલ અરજી તબકકે જાહેર માહિતી અધિકારી, ફુડ વિભાગ ધ્વારા પત્ર.નં.પીએચડી/ફુડ/૧૧૬૮, તા.૧૨/૦૭/૨૦૧૮ થી અરજદારશ્રીને પ્રત્યુત્તર પાઠવેલ હોવાનું જણાય છે, આમ તમામ હકીકત ધ્યાને લેતાં અરજદારની અપીલ અરજી પરત્વે અત્રેથી કોઈ વિશેષ કાર્યવાહી કરવાની રહેતી હોવાનું / કોઈ હસ્તક્ષેપ કરવાનું રહેતું હોવાનું કોઈ કારણ જણાતું ન હોય અરજદારશ્રીની અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.વધુમાં, ભવિષ્યમાં આર.ટી.આઈ એકટ હેઠળની અરજીઓ બાબતે હવે પછી આ બાબતનું પુનરાવર્તન ન થાય તે અંગે જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફીસર,ફુડ વિભાગને ભવિષ્યમાં કાળજી રાખવા તાકીદ કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો,ગુજરાત માહિતી આયોગ,કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧,બીજો માળ, નિર્માણ ભવનની પાછળ,સેકટર–૧૦–એ,ગાંધીનગરને દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/આરટીઆઈ/અપીલ/
તા. /૦૭/૨૦૧૮.

ડે.મ્યુનિ.કમિશનર (હે. અને હો.) અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

RIGHT TO INFORMATION

અપીલ અરજી નં.SMC/PHD/FAP/24/2018. Dt.19/07/2018.
આરોગ્ય વિભાગ.

અરજદાર :–શ્રી સુરેશભાઈ છગનભાઈ ચોટલીયા.

સામાવાળાઃ–જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફીસરશ્રી,ફુડ વિભાગ,સુરત મહાનગરપાલિકા.

અરજદાર મજકુર ધ્વારા તા.૦૯/૦૭/૨૦૧૮ ના રોજ કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરવામાં આવેલ અપીલ અરજી કાર્યપાલક ઈજનેર અને અપીલ અધિકારી(નોર્થ ઝોન) કતારગામના પત્ર નં.એનઝેડ/આર.ટી.આઈ.સેલ.આઉટ નં.૭૧૬, તા.૧૬/૦૭/૨૦૧૮ થી અપીલ અધિકારી અને આરોગ્ય અધિકારીશ્રી ફુડ વિભાગને તબદીલ કરવામાં આવેલ,જે ફુડ વિભાગના પત્ર નં.પીએચડી/ફુડ/૧૨૪૯, તા.૧૯/૦૭/૨૦૧૮ થી અરજદારશ્રીની તા.૦૭/૦૬/૧૮ ની આર.ટી.આઈ.ની મુળ અરજી (આઈ.ડી.નં.૩૫૪) તથા અરજદારને પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર વિગેરે તુમારો સામેલ રાખી અત્રેના વિભાગને જરૂરી કાર્યવાહી અર્થે મોકલેલ છે,જે અત્રે તા.૧૯/૦૭/૨૦૧૮ ના રોજ પ્રાપ્ત થયેલ છે,જે અનુસંધાને અરજદારશ્રીની તા.૦૭/૦૬/૨૦૧૮ ની આર.ટી.આઈની અરજી સંદભેં આજદીન સુધી કોઈ જવાબ આપવામાં આવેલ ન હોવાનું જણાવી નારાજગી વ્યકત કરેલ છે.

ઉકત અપીલ અરજી સાથે ફુડ વિભાગ ધ્વારા સામેલ તુમારોનો અભ્યાસ કરતાં અરજદારશ્રીની તા.૦૭/૦૬/૨૦૧૮ ની આર.ટી.આઈ.એકટ હેઠળ માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર,નોર્થ ઝોન(કતારગામ)ના પત્ર નં.આરટીઆઈ સેલ/આઉટ/૫૨૯, તા.૧૩/૦૬/૧૮ થી જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ ઈન્સ્પેકટરશ્રી, ફુડ વિભાગને તબદીલ કરવામાં આવેલ હતી. અરજદારશ્રીની નમુના ''ક'' ની ઉકત અરજીથી (૧) ઓનલાઈન ફરિયાદ કરવામાં આવેલ માહિતીની વિગતવાર માહિતી આપવા વિનંતી કરેલ છે. (અરજી સાથે સામેલ ઓનલાઈન કરવામાં આવેલ ફરીયાદોના વિવિધ આઈ.ડી.નંબરો દર્શાવવામાં આવ્યા છે) (૨) આ તમામ ઓનલાઈન ફરીયાદ કરવામા આવેલ છે તેની વિગતવાર માહિતી ગુજરાતીમાં આપવા વિનંતી. (૩) આ તમામ ઓનલાઈન ફરીયાદના જે કઈ એકશન લીધેલ હોય તેની વિગતવાર માહિતી આપવા વિનંતી.(૪) રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ અન્વયેની અરજી નંબર આઈ.ડી–૯૩૪, તા.૧૨/૦૨/૨૦૧૮ ધ્વારા આપવામાં આવેલ સમયમર્યાદાના ચાર્ટ મુજબ આનુ પાલન કયા અધિકારીઓ કરે છે તેની તેઓના નામ સહિત વિગતવાર માહિતી આપવા વિનંતી. (૫) રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટનો કાયદો બનાવેલ છે અને જો તેનુ પાલન ન થતુ હોય તો આ કાયદો કાઢવાનો ફાયદો શું? આનુ પાલન ન કરવામાં આવે તો તેની વિગતવાર માહિતી આપશો વિગેરે બાબતે કુલ–૦૫ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ હતી.

અરજદારશ્રીની ઉકત અરજી પરત્વે ફુડ વિભાગને લાગત માહિતી જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ ઈન્સ્પેકટર, ફુડ વિભાગના પત્ર નં.પીએચડી/ફુડ/૯૬૧, તા.૨૮/૦૬/૧૮ થી અરજદારને સમયમર્યાદામાં પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ હોવાનું જણાય છે, જેમાં જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજીના મુદ્દા.નં.૧ થી ૩ માટે ''અત્રે ઉપ્લબ્ધ રેકર્ડ મુજબ સદર ફરીયાદો અત્રેના વિભાગને લાગુ પડતી નથી'' તે મુજબનો પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ હોવાનું જણાવેલ છે.

અરજદારશ્રીની પ્રથમ અપીલ કાર્યપાલક ઈજનેરશ્રી, નોર્થ ઝોન મારફત અપીલ અધિકારી અને આરોગ્ય અધિકારી, ફુડ વિભાગને ઉદ્દેશીને તબદીલ કરવામાં આવેલ હોય અત્રેથી અરજદારશ્રીની નમુના–'ક' ની મુળ અરજીથી ઉકત વિગતે ઓન લાઈન કરેલ ફરીયાદની વિગતની ચકાસણી કરતા ફરીયાદીશ્રીની આઈ.ડી.નં.૫૫૫/૪૨૦૧૮૧૦૬૬૫ નું કમ્પ્લેઈન સ્ટેટસ ધ્યાને લેતા ફરીયાદની કેટેગરીમાં ફુડ સેફટી એકટ, કમ્પ્લેઈન કોડમાં એડલ્ટરેશન ઓફ ફુડ (ખોરાકમાં ભેળસેળ) તથા ફરીયાદના વર્ણનની કોલમમાં ''શ્રી બ્રહમાણી કરીયાણા સ્ટોરનું ફુડ સેફટી લાયસન્સ રીન્યુઅલ માટે તા.૧૨/૦૨/૧૮ નાં રોજ આપેલ. કમિશ્નરમાં સહીમાં ગયેલ તા.૦૫/૦૩/૧૮, ત્યારબાદ આજદિન સુધી આવ્યું નથી,ડી. પી.રાજપુત પાસે ઘણી વખત રજુઆત કરેલ અને એક મહિનાનો ટાઈમ આપેલ,પરંતુ આજદિન સુધી રીન્યુઅલ નથી થયું,ગઈકાલે એમ જણાવેલ કે હજુ તમારે ૧૦ – ૧૨ દિવસ આ લાયન્સન્ય રીન્યુઅલ માટે થશે'' આમ સદર ફરીયાદ ફુડ વિભાગને લાગત હોવાનું જણાતી હોય ફુડ વિભાગ પાસે માહિતી માંગતા સદર ફરીયાદ તેઓના ઈનવર્ડ રજીસ્ટર પર નોંધાયેલ ન હોય જાહેર માહિતી અધિકારી અને ફુડ સેફટી ઓફિસરે ''અત્રેનાં ઉપલબ્ધ રેકર્ડ મુજબ સદર ફરીયાદો અત્રેનાં વિભાગને લાગુ પડતી નથી'' મુજબનો પ્રત્યુત્તર આપેલ હોવાનું જણાવેલ.સાથોસાથ ગુજરાત સરકાર ફોર્મ–સી ફુડ એન્ડ ડ્રગ કંટ્રોલ એડમીનીસ્ટ્રેશન, ગુજરાત સ્ટેટ લાયસન્સ (નિયમન ૨.૧.૪(૬)) ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ, ૨૦૦૬ અન્વયે લાયસન્સ નં.૧૦૭૧૮૦૩૧૦૦૦૩૩૪ થી પરવાનેદાર શ્રી બ્રહમાણી કરીયાણા સ્ટોર્સ / નાકરાણી મહેશભાઈ રામજીભાઈને તા.૦૯/૦૩/૨૦૨૩ સુધીનાં સમયગાળા માટે લાયસન્સ રીન્યુ કરી આપેલ હોવાની લાયસન્સની ઝેરોક્ષ નકલ પરવાનેદાર ધ્વારા લાયસન્સ મળેલ છે તે મુજબની પ્હોંચ સહિતની રજુ કરેલ હોવાનું જણાય છે.આમ ઓનલાઈન સદર ફરીયાદનું નિરાકરણ થઈ ગયેલ હોવાનું જણાય છે.

અરજદારની મુળ અરજી, અપીલ અરજી સંદર્ભે કરવામાં આવેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફીસર, ફુડ વિભાગ ધ્વારા અરજદારશ્રીને પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર તથા તે અનુસંધાને ઉકત વિગતે અપીલ તબકકે રજુ કરેલ આધાર/પુરાવા સહિતની રજુઆત વિગેરે ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

ઉકત વિગતે અપીલ અધિકારીનું પ્રસ્તૃત કિસ્સામાં નિરીક્ષણ નીચે મુજબ છે.
અરજદારની આર.ટી.આઈ. એકટની અરજીથી માંગેલ માહિતી સબબ અરજદારશ્રી ધ્વારા ઓનલાઈન કરેલ વિવિધ ફરીયાદો પૈકી કમ્પ્લેઈન આઈ.ડી.નં. ૫૫૫/૪૨૦૧૮૧૦૬૬૫ ફુડ વિભાગને લાગત જણાતી હોય પરંતુ ઉકત વિગતે તેઓના ઈનવર્ડ રજીસ્ટરમાં નોંધાયેલ ન હોય તેઓએ ''અત્રે ઉપ્લબ્ધ રેકર્ડ મુજબ સદર ફરીયાદો અત્રેના વિભાગને લાગુ પડતી નથી'' તે મુજબનો જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર ધ્વારા અરજદારને પ્રત્યુત્તર પાઠવેલ હોવાનું જણાય છે.જો જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા સદર બાબતે જરૂરી ચોકસાઈ રાખી સુરત મહાનગરપાલિકાના ઓનલાઈન કમ્પ્લેઈન સ્ટેટસ પર ચકાસણી કરી અરજદારને પ્રત્યુત્તર પાઠવવાની કાર્યવાહી કરવામાં આવત તો સદર બાબત નિવારી શકાય તેમ હતી.આથી ભવિષ્યમાં જાહેર માહિતી અધિકારીશ્રીને પુરતી ચોકસાઈ દાખવી પ્રત્યુત્તર પાઠવવા જણાવવામાં આવે છે.

- ઉકત વિગતેની ઓનલાઈન કમ્પ્લેઈન અંતર્ગત ફરીયાદીશ્રીને તેઓની ફરીયાદ અંતર્ગત લાયસન્સ નવિનીકરણ કરી આપવામાં આવેલ છે.
- અરજદારશ્રીને તેઓની માહિતી અધિકાર અંતર્ગત માહિતી માંગતી અરજી સંદર્ભે ઓનલાઈન કમ્પ્લેઈન આઈ.ડી. નં. ૫૫૫/૪૨૦૧૮૧૦૬૬૫ અનુસંધાને રેકર્ડ આધારીત છેવટની વિગતવાર માહિતી દિન–૭ માં નીચે સહી કરનારની જાણ હેઠળ આર.ટી.આઈ.એકટની કલમ–૭(૬) હેઠળ વિનામુલ્યે માહિતી પુરી પાડવા હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો,ગુજરાત માહિતી આયોગ,કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧,બીજો માળ, નિર્માણ ભવનની પાછળ,સેકટર–૧૦–એ,ગાંધીનગરને દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/આરટીઆઈ/અપીલ/
તા. /૦૮/૨૦૧૮.

ઈ.ચા આરોગ્ય અધિકારી અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

**અપીલ અરજી નં.SMC/PHD/FAP/25/2018-19. Dt.20/07/2018.**
**આરોગ્ય વિભાગ.**

અરજદાર :–શ્રી કલ્પેશભાઈ રેવર

સામાવાળાઃ– જાહેર માહિતી અધિકારી અને તબીબી અધિકારીશ્રી,વર્ગ–૧,ફેમીલી પ્લાનીંગ વિભાગ, સુરત મહાનગરપાલિકા.
જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સોલીડ વેસ્ટ મેનેજરશ્રી (સો.વે.મે.)વિભાગ,સુરત મહાનગરપાલિકા.

અરજદાર મજકુર ધ્વારા તા.૨૭/૦૬/૨૦૧૮ ના રોજ પ્રથમ અપીલ અધિકારીશ્રી, નોર્થ ઝોન, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરવામાં આવેલ અપીલ અરજી નાયબ આરોગ્ય અધિકારી અને અપીલ અધિકારી, નોર્થ ઝોન (કતારગામ) ના પત્ર નં.એન.ઝેડ/આરટીઆઈ/સેલ/ આઉટ/નંબર/૬૪૫, તા.૦૩/૦૭/૨૦૧૮ થી સુરત મહાનગરપાલિકાના વિવિધ અપીલ અધિકારીશ્રીઓ પૈકી અપીલ અધિકારીશ્રી ડે.કમિશ્નરશ્રી (હેલ્થ અને હોસ્પિટલ) તથા અપીલ અધિકારી અને આરોગ્ય અધિકારી, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગને ઉદ્દેશીને તબદીલ કરેલ છે, જે અરજી અત્રેના વિભાગને તા.૨૦/૦૭/૨૦૧૮ના રોજ પ્રાપ્ત થયેલ હતી. અપીલ અરજીથી જણાવેલ વિગતે અરજદારશ્રીની તા.૧૭/૦૫/૨૦૧૮ ની "આર.ટી.આઈ.ની અરજી (આઈ.ડી.નં.૨૬૫) ના અનુસંધાને માહિતી અધિકારની કલમ–૧૯(૧) હેઠળ માંગ્યા મુજબની માહિતી આપેલ નથી તેમજ નિતિ–નિયમ અનુસાર માંગેલ માહિતી સમય મુજબ નિઃશુલ્ક આપવામાં આવે" એમ જણાવી નારાજગી વ્યકત કરેલ છે.

ઉકત અપીલ અરજી સાથે સામેલ તુમારોનો અભ્યાસ કરતાં અરજદારશ્રી નમુના "ક" ની તા.૨૭/૦૬/૨૦૧૮ની અરજી નાયબ આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી, સેન્ટ્રલ ઝોનના પત્ર નં.સીઝેડ/ના.આ.અધિ/આઉટ/૫૩, તા.૧૮/૦૬/૧૮ થી સુરત મહાનગરપાલિકાના વિવિધ વિભાગના જાહેર માહિતી અધિકારીઓ પૈકી જાહેર માહિતી અધિકારી અને તબીબી અધિકારી વર્ગ–૧, ફેમીલી પ્લાનીંગ વિભાગ તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.સોલીડ વેસ્ટ મેનેજર (સો.વે.મે.) વિભાગ પ્રતિ સદર અરજી તબદીલ કરવામાં આવેલ હોવાનું જણાય છે. અરજદારની નમુના "ક" ની અરજીથી ચિરંજીવી યોજના અંતર્ગત છેલ્લા બે વર્ષ દરમ્યાન સુરત શહેર અને જીલ્લામાં કુલ કેટલી હોસ્પિટલોએ આ યોજના અંતર્ગત લાભ મેળવ્યા છે તેમના ડોકટરોના નામ, નંબર, હોસ્પિટલ નામ, એડ્રેસ સાથેની પ્રમાણિત નકલ વિગેરે કુલ–૦૮ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ હતી.

ઉકત વિગતે અરજદાર ધ્વારા અપીલ અરજી પરત્વે દર્શાવેલ નારાજગી સંદર્ભે પુર્તતા રીપોર્ટ કે આપવા જોગ પુરક માહિતી અથવા અન્ય કોઈ રજુઆત હોય તો તે દિન–૫ માં કચેરીને મોકલી આપવા મધ્યસ્થ મહેકમ (આરોગ્ય) વિભાગ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/પીએચ/આરટીઆઈ/અપીલ/૪૪, તા.૨૬/૦૭/૨૦૧૮ થી જાહેર માહિતી અધિકારી અને તબીબી અધિકારીશ્રી, વર્ગ–૧,ફેમીલી પ્લાનીંગ વિભાગ તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સોલીડ વેસ્ટ મેનેજર (સો.વે.મે.) વિભાગ પ્રતિ જણાવવામાં આવેલ હતું, જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સોલીડ વેસ્ટ મેનેજર, સો.વે.મે. વિભાગ ધ્વારા પત્ર.નં.પીએચડી/એસડબલ્યુએમ/આરટીઆઈ/આઉટ/૩૭, તા.૦૬/૦૮/૧૮ પુર્તતા રીપોર્ટ રજુ કરી જણાવેલ છે કે, અરજદારની અરજીના મુદ્દાઓ તેઓના વિભાગને લાગત જણાતા ન હોવાનું તથા મુદ્દા.નં.૫ બાબતની માહિતી માટે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સોલીડ વેસ્ટ મેનેજર (સો.વે.મે.)વિભાગ ધ્વારા પત્ર.નં.પીએચડી/સો.વે.મે/૨૭(૧), તા.૨૭/૦૬/૨૦૧૮થી જાહેર માહિતી અધિકારી અને એન્વાયરમેન્ટ સેલ ડ્રેનેજ વિભાગને તબદીલ કરવામાં આવેલ હોવાનું જણાવેલ છે, જયારે જાહેર માહિતી અધિકારી અને તબીબી અધિકારીશ્રી,વર્ગ–૧, ફેમીલી પ્લાનીંગ વિભાગ ધ્વારા પુર્તતા કરી જણાવેલ છે કે, અરજીના મુદ્દાઓ મેડીકલ ઓફિસર એન.યુ.એચ.એમ/ આર.સી.એચ. વિભાગને લાગત જણાતાં તે વિભાગ ધ્વારા એન.એચ.એમ/આર.સી.એચ–૨/૧૮–૧૯/નં.૨૧૦, તા.૨૭/૦૭/૨૦૧૮ થી તૈયાર કરવામાં આવેલ માહિતી સામેલ રાખી ફેમીલી પ્લાનીંગ વિભાગને મોકલવામાં આવેલ હતી, જે ફેમીલી પ્લાનીંગ વિભાગના પત્ર નં.એફપીબી/ એસએમસી/૧૮–૧૯/નં.૧૦૯, તા.૨૭/૦૭/૧૮ થી અરજદારની અરજીના મુદ્દા.નં.૧ થી ૪ તથા મુદ્દા.નં.૬ થી ૮ પરત્વેની માહિતી તા.૩૦/૦૭/૨૦૧૮ ના રોજ અરજદારશ્રીને હાથોહાથ વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ હોવાનું જણાવેલ છે.

અરજદારની મુળ અરજી, અપીલ અરજી સંદર્ભે અરજદારશ્રી ધ્વારા કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારી અને તબીબી અધિકારીશ્રી, વર્ગ–૧, ફેમીલી પ્લાનીંગ વિભાગ તેમજ જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સોલીડ વેસ્ટ મેનેજર, સો.વે.મે. વિભાગ ધ્વારા પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**–:: હુકમઃ–**

અરજદારની તા.૧૭/૦૫/૧૮ ની (આઈ.ડી.નં.૨૬૫) ની આર.ટી.આઈ.એકટ હેઠળની અરજીથી માંગવામાં આવેલ માહિતીના મુદ્દાઓ પૈકી મુદ્દા.નં.૧ થી ૪ તથા મુદ્દા નં.૬ થી ૮ પરત્વેની માહિતી ઉકત વિગતે જાહેર માહિતી અધિકારી અને તબીબી અધિકારીશ્રી, વર્ગ–૧, ફેમીલી પ્લાનીંગ વિભાગ ધ્વારા અરજદારશ્રીને વિના મુલ્યે માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે, જયારે મુદ્દા.નં.૫ પરત્વે માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સોલીડ વેસ્ટ મેનેજર, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગને લાગત ન જણાતાં સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ ધ્વારા પત્ર.નં.પીએચડી/સો.વે.મે/૨૭(૧)તા.૨૭/૦૬/૨૦૧૮ થી જાહેર માહિતી અધિકારી અને એન્વાયરમેન્ટ સેલ, ડ્રેનેજ વિભાગને અરજદારશ્રીની જાણ હેઠળ તબદીલ કરવામાં આવેલ હોવાનું જણાતું હોય ઉકત તમામ હકીકતો ધ્યાને લેતાં બીજો કોઈ વધારાનો હુકમ કરવાનો રહેતો હોવાનું જણાતું નથી તે મુજબ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે. ભવિષ્યમાં આર.ટી.આઈ. એકટ હેઠળની અરજીઓનો નિયત સમયમર્યાદામાં નિકાલ કરવા જાહેર માહિતી અધિકારી અને તબીબી અધિકારી (વર્ગ–૧), શહેરી કુટુંબ કલ્યાણ કેન્દ્રને તાકીદ કરવામાં આવે છે.

અરજદાર ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો, ગુજરાત માહિતી આયોગ,કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧,બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦–એ,ગાંધીનગરને દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/આરટીઆઈ/અપીલ/
તા. /૦૮/૨૦૧૮

ડેપ્યુટી મ્યુનિ. કમિશ્નર( હે. અને હો.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

**સુરત મહાનગરપાલિકા**

**અપીલ અરજી નં.SMC/PHD/FAP/27/2018-19. Dt.25/07/2018.**
**આરોગ્ય વિભાગ.**

**અરજદાર :–શ્રી જશવંતસિંહ એ. બ્રહ્મભટ્ટ.**
**સામાવાળા:–જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફીસરશ્રી, ફુડ વિભાગ, સુરત મહાનગરપાલિકા.**

અરજદાર મજકુર ધ્વારા તા.૨૩/૦૭/૨૦૧૮ ના રોજ અપીલ અધિકારી અને આરોગ્ય અધિકારીશ્રી, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરવામાં આવેલ અપીલ અરજી જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફીસરશ્રી, ફુડ વિભાગના પત્ર નં.પીએચડી/ફુડ/ ૧૩૫૬, તા.૩૦/૦૭/૨૦૧૮ થી આર.ટી.આઈ.ની અરજી તેમજ અરજદારને પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર વિગેરે તુમારો સામેલ રાખી અત્રેના વિભાગને જરૂરી કાર્યવાહી અર્થે મોકલવામાં આવેલ હતી, જે અત્રેની કચેરીને તા.૦૨/૦૮/૨૦૧૮ના રોજ પ્રાપ્ત થયેલ છે. જેમાં જણાવેલ વિગતે અમારી તા.૧૯/૦૬/૧૮ની આ સાથે સામેલ માહિતી મેળવવા અંગેની અરજી નમુનો–ક અમોએ સદર કચેરીમાં રૂબરૂ આપેલ, તે અંગે જાહેર માહિતી અધિકારીએ આ કાયદાની સમયમર્યાદામાં કોઈ જ પ્રત્યુત્તર પાઠવેલ નથી તેમજ તેઓએ જે પત્ર નં.૧૨૦૩ પાઠવેલ છે તે અમોને આ કાયદાની સમયમર્યાદા બાદ મળેલ છે. તેમ તે પત્રમાં ચીફ ફુડ સેફટી ઓફિસર બી.આર.બ્રહમભટ્ટએ સહી કરેલ છે, પરંતુ પત્રકમાં જણાવ્યા મુજબ ચીફ ફુડ સેફટી ઓફિસર જે.એ.સાંલુકે છે, તેમ સદર જાહેર માહિતી અધિકારીએ પોતાનો હોદ્દો ખોટો જણાવેલ છે. તેમ સદર અધિકારીએ આ કાયદાના સકંજાથી છટકવા માટે ફકત પાઠવવા ખાતર પ્રત્યુત્તર પાઠવેલ છે, પરંતુ અમોએ માંગેલ માહિતી મુદ્દાસર સ્પષ્ટ અને સાચી પુરી પાડેલ નથી તેમજ તેઓની કચેરીમાં આ માહિતી ઉપલબ્ધ છે તે છતાં પુરી પાડેલ નથી તેમ કાયદા વિરૂધ્ધનો ફકત પ્રત્યુત્તર પાઠવી પોતાની ચાલાકી, હોંશીયારી અને આવડત મુજબ પ્રત્યુત્તર પાઠવી માહિતી છુપાવવાનો સંપુર્ણ પ્રયાસ કરેલ છે. તેમ સદર જાહેર માહિતી અધિકારીઓ અઠંગ ખેલાડી હોવાથી પત્રમાં પોતે ચીફ ફુડ સેફટી ઓફિસર હોવાનું જણાવી પોતાનો સાચો હોદ્દો છુપાવી રહયા છે, તેમ સદર–૧૦ જેટલા અધિકારીઓ મોટી મોટી ખાદ્યપદાર્થ સંસ્થાઓના સંચાલકો પાસેથી લાખો રૂપિયાનો લેવડ દેવડ કરી રાજકીય નેતાઓ અને મોટા માથાઓની મોટે મોટી સંસ્થાઓ જે લાયસન્સ વગર ચાલી રહેલ છે તે વિરૂધ્ધ કોઈ જ કાર્યવાહી કરતા નથી તેમ તેઓએ આચરેલ ભ્રષ્ટ્રાચાર ઉજાગર ન થાય તે કારણે જ આ અધિકારીએ અમોએ માંગેલ માહિતી છુપાવી હોવાના કારણો, અપીલની સંક્ષિપ્ત હકીકતોમાં માંગેલ માહિતી પોતાના તાબા હેઠળ હોવા છતાં આજદીન સુધી પૂરી પાડેલ ન હોય આ કાયદાનું ઉલ્લંઘન કર્યુ હોવાની હકીકતો તથા માંગેલ દાદમાં માહિતી છુપાવનાર પોતાનો સાચો હોદ્દો છુપાવનાર જાહેર માહિતી અધિકારી બી.આર.બ્રહમભટ્ટ વિરૂધ્ધ માહિતી છુપાવવા સબબ શિક્ષાત્મક કાર્યવાહી કરવી, અમોએ માંગેલ માહિતી સાચી, સ્પષ્ટ વિગતવાર મુદ્દા.નં.૧ થી ૬ આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ નિયમ–૭–(૬) હેઠળ વિના મુલ્યે પુરી પડાવવી તેમજ હમોને થયેલ ખર્ચ અને હેરાનગતિ બદલ યોગ્ય વળતર ચુકવવા સહિતની સંપુર્ણ દાદ અપાવવા વિગેરે જણાવી નારાજગી વ્યકત કરેલ છે.

ઉકત વિગતે મળેલ અપીલ અરજી સબબ અત્રેથી જરૂરી ચકાસણી કરવામાં આવેલ છે, જે મુજબ અરજદારશ્રી ધ્વારા આર.ટી.આઈ. અંતર્ગત નમુના "ક" ની તા.૧૯/૦૬/૨૦૧૮ ની અરજીથી (૧) તા.૦૧/૦૧/૨૦૧૮ થી આજદીન સુધી આરોગ્ય વિભાગ, દ્વારા મીનીરલ વોટર પ્લાન્ટ તેમજ વોટર પ્લાન્ટ સંચાલકો વિરૂદ્ધ કરવામાં આવેલ કાર્યવાહીની વિગતવાર માહિતી આપવી (૨) કરેલ કાર્યવાહી સંદર્ભમાં ઉપલી કચેરી કે વિજીલન્સ વિભાગ દ્વારા કાર્યવાહી કરવા અંગે આપેલ સુચના, નોટીસ,પરીપત્ર, તે અંગે આપના વિભાગ ધ્વારા કરવામાં આવેલ કાર્યવાહી અને ઉકત કચેરીઓને પાઠવેલ પ્રત્યુત્તર સહિતની વિગતવાર માહિતી પ્રમાણિત નકલમાં પુરી પાડવી.(૩) ઉકત પ્રકરણ સંબંધિત જવાબદાર અધિકારીશ્રીઓને ઉપલી કચેરી કે,આપની કચેરી દ્વારા આપવામાં આવેલ કારણદર્શક નોટીસ/મેમો તેમજ તેઓની વિરૂધ્ધ થયેલ કાર્યવાહીની વિગતવાર માહિતી પ્રમાણિત નકલમાં પુરી પાડવી. (૪) જે તે સંસ્થા વિરૂધ્ધ કાર્યવાહી થયેલ હોય એ સંસ્થા જેટલા સમયથી ચાલુ હતી. તે દરમ્યાન તે અંગે આપની કચેરીના જવાબદાર અધિકારીઓના નામ, હોદ્દો, સરનામુ, મોબાઈલ નંબર, અને કર્મચારી નંબર સહિતની વિગતવાર પ્રમાણિત નકલમાં માહિતી પુરી પાડવી. (૫) આપના વિભાગ દ્વારા જે તે સંસ્થા વિરૂધ્ધ કાર્યવાહી કરેલ હોય આજની સ્થળ સ્થિતિ તેમજ તે સંસ્થાઓ ફરી ગેરકાયદેસર રીતે શરૂ ન થાય તે માટે દેખરેખ રાખવાની જવાબદારી બનતી હોય તે અધિકારીઓના નામ હોદ્દો સરનામું મોબાઈલ નંબર અને કર્મચારી નંબર સહિતની વિગતવાર પ્રમાણિત નકલમાં માહિતી પુરી પાડવી. (૬) શહેરભરમાં હાલમાં ચાલી રહેલ મીનીરલ વોટર પ્લાન્ટની સંખ્યા ચાલુ પ્લાન્ટની કાયદેસરતા, જેવી કે મેળવેલ લાઈસન્સ પરવાનગી, સંસ્થાના માલિકના નામ,સરનામાં, સંપર્ક નંબર,તેમજ જે તે સંસ્થાનાં લેબ કેમિસ્ટના નામ,સરનામાં,સંપર્ક નંબર,સહીતની વિગતવાર માહિતી પ્રમાણિત નકલો વિગેરે બાબતે કુલ–૦૬ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ હતી, જે અનુસંધાને ફુડ વિભાગને લાગત મુદ્દા નં.૧ થી ૬ પરત્વેની માહિતી જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ ઈન્સ્પેકટર,ફુડ વિભાગ ધ્વારા પત્ર નં.પીએચડી/ફુડ/૧૨૦૩, તા.૧૭/૦૭/૧૮ થી અરજદારને પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે.

અરજદારશ્રીની ઉકત અરજી પરત્વે ઉકત વિગતેના જાહેર માહિતી અધિકારી, ફુડ વિભાગના પત્રથી મુદ્દા.નં.૧ પરત્વે જે સંસ્થાઓએ બી.આઈ.એસ.સર્ટિફીકેટ મેળવેલ ન હોય તેવી સંસ્થાઓને સીલ કરવામાં આવેલ છે તે સંસ્થાઓની યાદી પુરી પાડવામાં આવેલ હોવાનું, મુદ્દા.નં.૨ પરત્વે આવી કોઈ માહિતી ઉપલબ્ધ નથી, મુદ્દા.નં.૩ પરત્વે અત્રેથી કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી, મુદ્દા.નં.૪ તથા ૫ પરત્વે પરત્વે ફુડ વિભાગના તમામ ફુડ ઈન્સ્પેકટરોના નામ, હોદ્દો તથા કર્મચારી નંબરની માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે, જયારે મુદ્દા.નં.૬ પરત્વે ફુડ વિભાગ ધ્વારા સુરત શહેરમાં મિનરલ વોટરનું ઉત્પાદન અર્થે વેચાણ કરનારી પરવાના ધરાવતી સંસ્થાઓની યાદી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે.

અરજદારની મુળ અરજી, અપીલ અરજી સંદર્ભે અરજદારશ્રી ધ્વારા કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફીસર, ફુડ વિભાગની કચેરી ધ્વારા અરજદારશ્રીને પાઠવવામાં આવેલ પ્રત્યુત્તરની વિગતે અપીલ અધિકારીનું નિરીક્ષણ નીચે મુજબ છે.

- મુદ્દા નં.૧ થી અરજદારશ્રી ધ્વારા માંગેલ માહિતી સબબ ફુડ વિભાગ ધ્વારા સીલ કરવામાં આવેલ સંસ્થાની સરનામા સહિતની વિગત પુરી પાડવામાં આવેલ હોય સદર મુદ્દા બાબતે હસ્તક્ષેપ કરવાનો રહેતો હોવાનું જણાતું નથી.
- મુદ્દા નં.૨ અને ૩ થી ઉકત વિગતે અરજદારશ્રી ધ્વારા કરેલ કાર્યવાહી સંદર્ભમાં થયેલ પત્રવ્યવહાર,પરિપત્ર, નોટીસ, જવાબદાર અધિકારી સામે સદર કિસ્સા સંદર્ભે થયેલ શિક્ષાત્મક કાર્યવાહી અંગે વિગતવાર માહિતી માંગેલ હોવાનું જણાય છે, જે સંદર્ભે જાહેર માહિતી અધિકારી, ફુડ વિભાગ ધ્વારા આવી કોઈ માહિતી ઉપલબ્ધ ન હોવાનું કે અત્રેથી આવી કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી તે મુજબનો પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ હોવાનું જણાય છે. આર.ટી.આઈ. એકટની કલમ–૨(એફ), ૨(જે) અને માહિતી અધિકારની વ્યાખ્યા પ્રમાણે જાહેર સત્તામંડળ પાસેની અથવા તેના નિયંત્રણ હેઠળની રેકર્ડ આધારીત માહિતી પુરી પાડવાની જોગવાઈ છે, જે મુજબ ખાતા ધ્વારા પ્રસ્તૃત કિસ્સામાં કોઈ પત્રવ્યવહાર કે ખાતાને અન્ય કોઈ પરિપત્ર કે નોટીસ વિગેરે ઈસ્યુ થયેલ ન હોય તો તથા ખાતાના અધિકારીશ્રીઓ સામે પ્રસ્તૃત બાબતે કોઈ શિક્ષાત્મક કાર્યવાહી થયેલ હોવાનું જણાતું ન હોય તે પરિપેક્ષમાં જાહેર માહિતી અધિકારી ધ્વારા રેકર્ડ આધારીત માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાતું હોય હસ્તક્ષેપને કોઈ કારણ રહેતુ હોવાનું જણાતું નથી.

- મુદ્દા નં.૪ અને ૫ થી અરજદારશ્રી ધ્વારા માંગવામાં આવેલ માહિતીની વિગતે તેમાં જણાવેલ વિગતેનાં જવાબદાર અધિકારીશ્રીના નામ, હોદ્દો, સરનામું, મોબાઈલ નંબર અને કર્મચારી નંબર સહિતની વિગતવાર પ્રમાણિત નકલમાં માહિતી પુરી પાડવા જણાવેલ છે, જે સંદર્ભે ઉકત વિગતે પાઠવવામાં આવેલ પ્રત્યુત્તરમાં જાહેર માહિતી અધિકારી, ફુડ વિભાગ ધ્વારા અધિકારીના નામ, હોદ્દો તથા કર્મચારી નંબર સહિતની માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે, પરંતુ સરનામું તથા મોબાઈલ નંબરની માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાતું નથી, જે અન્વયે જાહેર માહિતી અધિકારી, ફુડ વિભાગે તેઓના દફતર ઉપર ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી પુરી પાડવાની રહે છે.
- મુદ્દા નં.૬ થી માંગેલ માહિતી સબબ જાહેર માહિતી અધિકારી, ફુડ વિભાગ ધ્વારા ફુડ વિભાગ તરફથી સુરત શહેરમાં મીનરલ વોટરનું ઉત્પાદન અર્થે વેચાણ કરનારી પરવાના ધરાવતી સંસ્થાઓની યાદી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાતું હોય સદર મુદ્દા બાબતે હસ્તક્ષેપ કોઈ કારણ રહેતુ હોવાનું જણાતું નથી.
- અરજદારશ્રી ધ્વારા અપીલ અરજીથી દર્શાવેલ અપીલના વિવિધ કારણો પૈકી ચીફ ફુડ સેફટી ઓફિસર બી.આર.બ્રહમભટ્ટએ સહી કરેલ છે, પરંતુ પત્રકમાં જણાવ્યા મુજબ ચીફ ફુડ સેફટી ઓફિસર જે.એ.સાંલુકે છે,તેમ સદર જાહેર માહિતી અધિકારીએ પોતાનો હોદ્દો ખોટો જણાવેલ છે, સદર બાબતે અપીલ અધિકારી ધ્વારા જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસરના પત્રનો અભ્યાસ કરતા શ્રી બી.આર.બ્રહમભટ્ટ ધ્વારા પ્રત્યુત્તરમાં વતી તરીકે સહી કરેલ હોવાનું જણાય છે. વળી કરેલ સહી નામ વાંચી શકાય તે પ્રમાણેની છે, તદઉપરાંત જાહેર માહિતી અધિકારી રજા ઉપર હોય તે સમયે આર.ટી.આઈ.એકટ હેઠળ આવતી સમયમર્યાદામાં પ્રત્યુત્તર પાઠવવાની રહેતી અરજીમાં જેની પાસે માહિતી હોય તેવા મદદનીશ જાહેર માહિતી અધિકારી વ્યવહારૂ અભિગમ દાખવી વતી તરીકે સહી કરી અરજીનો ડીમ્ડ પી.આઈ.ઓ.તરીકે નિકાલ કરે તેમાં અપીલ અધિકારીને તે અધિકારી ધ્વારા કોઈ ગેરરીતી કે કાયદા વિરૂધ્ધ કૃત્ય થયેલ હોવાનું જણાતું નથી.
- અરજદારશ્રી ધ્વારા અપીલ અરજીથી દર્શાવેલ અપીલના વિવિધ કારણો પૈકી જાહેર માહિતી અધિકારીઓ પોતાની ચાલાકી,હોશીયારી,અને આવડત મુજબ પ્રત્યુત્તર પાઠવી માહિતી છુપાવવાનો સંપુર્ણ પ્રયાસ કરેલ છે તેમ સદર જાહેર માહિતી અધિકારી અઠંગ ખેલાડી હોવાથી પત્રમાં પોતે ચીફ ફુડ સેફટી ઓફિસર હોવાનું જણાવી પોતાનો સાચો હોદ્દો છુપાવી રહયા છે એમ જણાવેલ છે, જે અન્વયે ઉકત વિગત પરિપેક્ષમાં લેતા અપીલ અધિકારી અરજદારશ્રીની સદર રજુઆતથી સંમત થતા નથી.
- અરજદારશ્રી ધ્વારા અપીલ અરજીથી દર્શાવેલ અપીલના વિવિધ કારણો પૈકી સદર દશ જેટલા અધિકારીઓ મોટી મોટી ખાદ્યપદાર્થ સંસ્થાઓના સંચાલકો પાસેથી લાખો રૂપિયાનો લેવટ દેવડ કરી રાજકીય નેતાઓ અને મોટા માથાઓની મોટે મોટી સંસ્થાઓ જે લાયસન્સ વગર ચાલી રહેલ છે તે વિરૂધ્ધ કોઈ જ કાર્યવાહી કરતા નથી તેમ તેઓએ આચરેલ ભ્રષ્ટ્રાચાર ઉજાગર ન થાય તે કારણે જ આ અધિકારીએ અમોએ માંગેલ માહિતી છુપાવી હોવાના કારણો, અપીલની સંક્ષિપ્ત હકીકતોમાં માંગેલ માહિતી પોતાના તાબા હેઠળ હોવા છતાં આજદીન સુધી પૂરી પાડેલ ન હોય આ કાયદાનું ઉલ્લંઘન કર્યુ હોવાની હકીકતો તથા માંગેલ દાદમાં માહિતી છુપાવનાર પોતાનો સાચો હોદ્દો છુપાવનાર જાહેર માહિતી અધિકારી બી.આર.બ્રહમભટ્ટ વિરૂધ્ધ માહિતી છુપાવવા સબબ શિક્ષાત્મક કાર્યવાહી કરવી તથા અમોને થયેલ ખર્ચ અને હેરાનગતી બદલ યોગ્ય વળતર ચુકવવા સહિતની દાદ અપાવવા બાબતે જણાવવાનું કે, આવી સત્તા આર.ટી.આઈ એકટ કલમ–૨૦ હેઠળ રાજય માહિતી આયોગને હોય તે અંગે અત્રેથી કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી, પરંતુ અરજદારશ્રીએ ફુડ વિભાગમાં મોટા પાયે ભ્રષ્ટાચાર ચાલતો હોવા સબબની કરેલ રજુઆત માટે અરજદારશ્રી જે તે સક્ષમ સત્તાને અલગથી અરજી કરવા સ્વતંત્ર છે.

**—:: હુકમ ::—**

ઉકત તમામ હકીકતોથી વિદિત થઈ નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રીની તા.૧૯/૦૬/૨૦૧૮ ની આર.ટી.આઈ. એકટ હેઠળની અરજી (આઈ.ડી.નં.૪૭) થી માંગવામાં આવેલ માહિતી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફીસર વતી,ફુડ વિભાગ ધ્વારા અરજદારશ્રીને પત્ર નં.પીએચડી/ફુડ/ ૧૨૦૩, તા.૧૭/૦૭/૨૦૧૮ થી પાઠવવામાં આવેલ પ્રત્યુત્તરના મુદ્દાઓ પૈકી અરજદારશ્રીના અરજીથી માંગેલ માહિતીના મુદ્દા નં.૧ થી ૩ તથા ૬ થી આપેલ પ્રત્યુત્તર બાબતે ઉકત વિગતે અપીલ અધિકારીને હસ્તક્ષેપ કરવા જોગ રહેતો હોવાનું જણાતું નથી, જયારે મુદ્દા નં.૪ તથા ૫ બાબતે જાહેર માહિતી અધિકારી ધ્વારા ઉકત વિગતે પાઠવવામાં આવેલ પ્રત્યુત્તરમાં અધિકારીના નામ, હોદ્દો તથા કર્મચારી નંબર સહિતની માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે, પરંતુ સરનામું તથા મોબાઈલ નંબરની માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાતું નથી, જે અન્વયે જાહેર માહિતી અધિકારી, ફુડ વિભાગને તેઓના દફતર ઉપર ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી દિન–૭ માં આર.ટી.આઈ. એકટની કલમ–૭(૬) અંતર્ગત વિના મુલ્યે નીચે સહી કરનારની જાણ હેઠળ પુરી પાડવા હુકમ કરવામાં આવે છે.વધુમાં ઉકત વિગતે અત્રેનાં નિરીક્ષણમાં જણાવેલ વિગતે ફુડ વિભાગમાં મોટા પાયે ભ્રષ્ટાચાર ચાલતો હોવા સબબની કરેલ રજુઆત માટે અરજદારશ્રી જે તે સક્ષમ સત્તાને અલગથી અરજી કરવા સ્વતંત્ર છે.

અરજદાર ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો,ગુજરાત માહિતી આયોગ,કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧,બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦–એ,ગાંધીનગરને દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/આરટીઆઈ/અપીલ/
તા.     /૦૯/૨૦૧૮.

ઈ.ચા. આરોગ્ય અધિકારી અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

RIGHT TO INFORMATION

**અપીલ અરજી નં**. SMC/PHD/FAP/28/2018. Dt.26/07/2018.
આરોગ્ય વિભાગ.

**અરજદાર :–**શ્રી હરેશ જે.મેધાણી.

**સામાવાળાઃ–** જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફીસરશ્રી, ફુડ વિભાગ, સુરત મહાનગરપાલિકા.

અરજદાર મજકુર ધ્વારા તા.૧૦/૦૭/૧૮ ના રોજ અપીલ સત્તાધિકારી,આરોગ્ય વિભાગ, વરાછા ઝોન, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરવામાં આવેલ અપીલ અરજી નાયબ આરોગ્ય અધિકારી અને અપીલ અધિકારી,પૂર્વ (વરાછા) ઝોનના પત્ર નં.ઈસ્ટઝોન/ આર.ટી.આઈ.સેલ/જાવક નં./૭૮૮, તા.૨૩/૦૭/૧૮ થી અપીલ અધિકારી અને ડે.મ્યુનિસીપલ કમિશ્નરશ્રી(હે. એન્ડ હો.)ને તબદીલ કરેલ છે,જે અપીલ અરજી ફુડ વિભાગ ધ્વારા પત્ર નં.પીએચડી/ફુડ/૧૩૨૦, તા.૨૫/૦૭/૧૮ થી અરજદારશ્રીની તા.૦૮/૦૬/૧૮ ની આર.ટી. આઈ.ની મુળ અરજી આઈ.ડી.નં.૨૮૧ (૫૦૦/૯૧૨૯) તથા અરજદારને પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર વિગેરે તુમારો સામેલ રાખી અત્રેના વિભાગને જરૂરી કાર્યવાહી અર્થે મોકલેલ છે,જે અત્રે તા.૨૬/૦૭/૧૮ ના રોજ પ્રાપ્ત થયેલ છે,જે અનુસંધાને અરજદારશ્રીની તા.૦૮/૦૬/૧૮ ના રોજ કરવામાં આવેલ આર.ટી.આઈ.ની અરજીના ૩૧ દિવસ થયા છતાં કોઈ જવાબ આપવામાં આવેલ નથી હોવાનું જણાવી નારાજગી વ્યકત કરેલ છે.

ઉકત અપીલ અરજી સાથે સામેલ કરેલ તુમારોનો અભ્યાસ કરતાં અરજદારશ્રીની તા.૦૮/૦૬/૧૮ ની આર.ટી.આઈની અરજી જાહેર માહિતી અધિકારી,વરાછા ઝોનના પત્ર નં.ઈસ્ટઝોન/આરટીઆઈસેલ/જાવક નં.૭૨૫,તા.૧૨/૦૭/૧૮ થી જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ ઈન્સ્પેકટર,ફુડ વિભાગને સંપુર્ણ તબદીલ કરવામાં આવેલ હતી,અરજદારશ્રીની નમુના ''ક'' ની અરજીથી (૧) આર.ઓ.મિનરલ વોટર પ્લાન્ટનો એકમ શરૂ (ચાલુ) કરવા માટે આપના વિભાગ પાસેથી કયા–કયા લાઈસન્સની જરૂર પડે છે તેની માહિતીની નકલ આપવી.(૨) આર.ઓ.મિનરલ પ્લાન્ટના એકમમાં આરોગ્ય વિભાગની ભુમિકા (કામગીરી) શુ હોય તેની માહિતીની નકલ વિગેરે બાબતે કુલ–૦૮ મુદ્દાઓ બાબતની માહિતીની માંગણી કરેલ હતી, જે અનુસંધાને ફુડ વિભાગ ધ્વારા પત્ર નં.જાવક નં./પીએચડી/ફુડ/૧૨૮૮,તા.૨૧/૦૭/૧૮ થી અરજદારશ્રીને પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ હોવાનું જણાય છે.

ઉકત આર.ટી.આઈ.ની અરજી વિગતે જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફીસર ધ્વારા અરજીના મુદ્દા નં.૧ પરત્વે આર.ઓ.મિનરલ વોટર પ્લાન્ટનો એકમ શરૂ (ચાલુ) કરવા માટે ફુડ વિભાગ પાસેથી કયા–કયા લાઈસન્સની જરૂર પડે છે તેની ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે. મુદ્દા નં.૨ બાબતે આર.ઓ. મિનરલ પ્લાન્ટના એકમમાં આરોગ્ય વિભાગની ભુમિકા (કામગીરી) શું હોય તેની માહિતીની નકલની માંગણી કરેલ હતી, જે અનુસંધાને જાહેર માહિતી અધિકારી ધ્વારા ફકત ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ–૨૦૦૬ અન્વયે કામગીરી કરવામાં આવે છે તે મુજબનું પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ હોવાનું જણાય છે. મુદ્દા નં.૩ થી ૫ પરત્વે જાહેર માહિતી અધિકારી ધ્વારા તે અંગેની નકલો પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે.મુદ્દા નં.૬ પરત્વે આપના વિસ્તારમાં આવતા આર.ઓ. વોટર પ્લાન્ટના એકમોમાં બી.આઈ.એસ.સર્ટી., લેબોરેટરી રીપોર્ટ તથા ટી.ડી.એસ.ની માત્રા છેલ્લે કયારે કર્યા ચેક કર્યા તેની માહિતીની નકલ આપવી તેમજ તેની નોંધ આપના વિભાગની કોઈપણ ડાયરીમાં થયેલ હોય તેની નકલો આપવી,તથા મુદ્દા નં.૭ થી આપના વિસ્તારમાં આવતા રજીસ્ટ્રર આર.ઓ.મીનરલ વોટર પ્લાન્ટના જે પણ એકમોમાં બી.આઈ.એસ.સર્ટી, લેબોરેટરી રીપોર્ટ તથા ટી.ડી.એસ.ની માત્રાના રીપોર્ટ નથી તેની સામે આજદિન સુધીમાં શું શું કાર્યવાહી કરી તેની માહિતીની નકલની માંગણી કરેલ હતી.જે પરત્વે જાહેર માહિતી અધિકારી ધ્વારા '' અત્રેના ફુડ વિભાગ ધ્વારા સુરત શહેરમાં મીનરલ વોટરનું ઉત્પાદન અર્થે વેચાણ કરનારી સંસ્થાઓ કે જેમની પાસે ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ –૨૦૦૬ અથવા બી.આઈ.એસ.સર્ટીફિકેટ મેળવેલ ન હતું એવી સંસ્થાઓને સીલ કરવામાં આવે જેની યાદી આ સાથે સામેલ છે, લેબોરેટરી રીપોર્ટ તથા ટી.ડી.એસ.ના માત્રાના રીપોર્ટ અંગેની કોઈ કાર્યવાહી અત્રેથી કરવાની હોતી નથી'' તે મુજબનો પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ હોવાનું જણાય છે,પરંતુ જે જાહેર સત્તામંડળ ધ્વારા સદર કામગીરી કરવામાં આવતી હોય તેને આર.ટી.આઈ.ની અરજી તબદીલ કરેલ હોવાનું જણાતું નથી. મુદ્દા નં. ૮ પરત્વે જાહેર માહિતી અધિકારી ધ્વારા સુરત મહાનગરપાલિકામાં કાર્યરત ફુડ સેફટી ઓફિસરોના નામ તથા હોદ્દાની વિગત પુરી પાડેલ હોવાનું જણાય છે.

અરજદારની મુળ અરજી તેમજ અપીલ અરજી સંદર્ભે કરવામાં આવેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફીસર,ફુડ વિભાગ ધ્વારા અપીલ અરજી પરત્વે કરવામાં આવેલ પુર્તતા ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

અરજદારશ્રીની તા.૦૮/૦૬/૧૮ ની અરજી (આઈ.ડી.નં.૨૮૧(૫૦૦/૯૧૨૯) થી માંગવામા આવેલ માહિતી પરત્વે ઉકત વિગતે જાહેર માહિતી અધિકારી અને ચીફ સેનેટરી ઈન્સ્પેકટર,વરાછા ઝોન ધ્વારા નં.ઈસ્ટ ઝોન/આરટીઆઈ સેલ/જાવક નં.૭૨૫,તા.૧૨/૦૭/૧૮ થી તબદીલ થયેલ અરજી પરત્વે જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફીસર, ફુડ વિભાગ ધ્વારા પત્ર નં.પીએચડી/ફુડ/૧૨૮૮,તા.૨૧/૦૭/૨૦૧૮ થી અરજદારશ્રીને માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે, તથા મુદ્દા નં.૬ તથા ૭ પરત્વે લેબોરેટરી રીપોર્ટ તથા ટી.ડી.એસ.ની માત્રાના રીપોર્ટ અંગેની કોઈ કાર્યવાહી ફુડ વિભાગ ધ્વારા કરવાની હોતી નથી તે મુજબનો પ્રત્યુત્તર પાઠવેલ હોવાનું જણાય છે,પરંતુ જે જાહેર સત્તામંડળ ધ્વારા સદર કાર્યવાહી કરવામાં આવતી હોય તેની વિષયવસ્તુ જે જાહેર સત્તામંડળના કાર્યો સાથે વધુ નિકટતાથી સંકળાયેલ હોય તે જાહેર સત્તામંડળને અરજી તબદીલ થયેલ હોવાનું જણાતુ નથી.આથી મુદ્દા નં.૬ તથા મુદ્દા નં.૭ ના હેતુ માટે સંબંધિત જાહેર સત્તામંડળને અરજદારશ્રીની ઉકત વિગતે માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ હેઠળની માહિતી માંગતી અરજી દિન–૫ માં અત્રેની જાણ હેઠળ તબદીલ કરવા આથી જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસરને હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો,ગુજરાત માહિતી આયોગ,કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ,બ્લોક નં.૧,બીજો માળ,નિર્માણ ભવનની પાછળ,સેકટર–૧૦–એ,ગાંધીનગરને દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/આરટીઆઈ/અપીલ/
તા. /૦૮/૨૦૧૮.

ઈ.ચા.આરોગ્ય અધિકારી અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

RIGHT TO INFORMATION

**અપીલ અરજી નં.SMC/PHD/FAP/31/2018-19. Dt.04/08/2018.**
**આરોગ્ય વિભાગ.**

**અરજદાર :–**શ્રી હિતેશભાઈ મહેતા.
**સામાવાળા:–** જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી,માર્કેટ વિભાગ,સુરત મહાનગરપાલિકા.

અરજદાર મજકુર ધ્વારા તા.૦૧/૦૮/૨૦૧૮ના રોજ ડે.કમિશ્નર અને અપીલ અધિકારી,આરોગ્ય વિભાગ, માર્કેટ વિભાગ, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરવામાં આવેલ અપીલ અરજી એકઝી. આસી. અને જાહેર માહિતી અધિકારી, નાગરીક સુવિધા કેન્દ્રના પત્ર નં.સીસીસી/સે.ઝોન/આઉટ/૧૪૫, તા.૦૧/૦૮/૨૦૧૮થી અપીલ અધિકારી અને ઈ.ચા.ડે.કમિશ્નરશ્રી(હે અને હો),માર્કેટ વિભાગ પ્રતિ તબદીલ કરવામાં આવેલ હતી, જે અરજી માર્કેટ વિભાગના પત્ર નં.પીએચડી/માર્કેટ/૭૭૫, તા.૦૪/૦૮/૧૮ થી અરજદારશ્રીની આર.ટી.આઈ. ની નમુના 'ક' ની અરજી તથા તે અન્વયે પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર વિગેરે તુમારો સામેલ રાખી જરૂરી કાર્યવાહી અર્થે મોકલવામાં આવેલ હતી, જે અપીલ અરજી અત્રે તા.૦૪/૦૮/૨૦૧૮ ના રોજ પ્રાપ્ત થયેલ છે, ઉકત આર.ટી.આઈ. ની અરજીના અનુસંધાને જાહેર માહિતી અધિકારી, માર્કેટ વિભાગ ધ્વારા નમુના 'ક' ની અરજી કર્યા પછી માર્કેટ વિભાગ ધ્વારા મુદ્દા નં.૧ થી ૬ અન્વયે પાઠવવામાં આવેલ પ્રત્યુત્તરથી નારાજગી દર્શાવી અપીલ અરજી કરેલ છે.

અરજદારશ્રીની આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળની તા.૧૪/૦૬/૧૮ ની અરજી (આઈ.ડી.નં.૬૪૭) એકઝીકયુટીવ આસી.અને જાહેર માહિતી અધિકારી, નાગરીક સુવિધા કેન્દ્ર, મુગલીસરાના પત્ર નં.સીસીસી/સીઝેડ/આર.ટી.આઈ./આઉટ/૬૪૭, તા.૧૫/૦૬/૧૮ થી એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટ અને જાહેર માહિતી અધિકારી, માર્કેટ વિભાગને તબદીલ કરવામાં આવેલ હતી, ઉકત અરજીથી મુદ્દા નં.(૧) સંગમ ગુજરાત સાપ્તાહિક પેપરમાં આવેલ ખાતામાં ગોવિંદ સરવૈયા (ઉર્ફે પટાવાળો) વિરૂધ્ધ પ્રેસનોટ બાબતમાં કેવા શેષભંગના પગલા લેવામાં આવેલ છે કે કેમ તેની રેકર્ડ પરની માહિતી (૨) ઉપર મુજબ આ કર્મચારી વિધાઉટ ડ્રેસ પહેરીને કેટલા સમયથી નોકરી પર આવે છે? તેની પરમીશન જે તે અધિકારી ધ્વારા આપવામાં આવી હોય તેની નકલ (૩) અગાઉ તા.૨૧/૦૪/૧૮ ના સંગમ ગુજરાત સાપ્તાહિમાં છાપવામાં આવેલ તે બાબતે SSI, કલાર્ક, ડ્રાઈવર કર્મચારી વિરૂધ્ધ લીધેલા શિસ્તભંગના પગલાની રેકોર્ડ પરની માહિતી (૪) માર્કેટ ખાતામાં ડ્રાઈવર, બેલદાર, માર્શલ, કલીનરની કેવા પ્રકારની કામગીરી છે તેની રેકર્ડ પરની માહિતી (૫) માર્કેટ ખાતામાં છેલ્લા ૧૦ વર્ષમાં બેલદારોની ટ્રેનીંગ કેવા પ્રકારની આપવામાં આવી છે (ગાય પકડવાની ટ્રેનીંગ આપવામાં આવે છે નિયમ મુજબ) (૬) વોચ એન્ડ વોચમાં માર્કેટ ખાતામાં ફાળવાયેલા માર્શલની કામગીરી કઈ કઈ પ્રકારની આવે છે તેની માહિતી (૭) વોચ એન્ડ વોર્ડમાં માર્કેટ ખાતામાં માર્શલોની કેવા પ્રકારની કામગીરીની રેકર્ડ પરની માહિતી (૮) માર્કેટ ખાતામાં કેવા કેવા પ્રકારના વાહનો આવે છે (ઢોર ત્રાસ અંકુશ) તેની માહિતી આપવી, કયા વર્ષમાં ખરીદવામાં આવ્યા છે અને હાલના કિલોમીટરની માહિતી વિગેરે કુલ–૦૮ મુદ્દાઓની માહિતી માંગેલ હતી, જે અરજીના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટ, માર્કેટ વિભાગ ધ્વારા તા.૨૭/૦૬/૧૮ ના રોજ પત્ર નં.પીએચડી/માર્કેટ/૫૩૮ થી સમયમર્યાદામાં અરજદારશ્રીને પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ હોવાનું જણાય છે, જે અનુસંધાને અરજદારશ્રી ધ્વારા માર્કેટ વિભાગ ધ્વારા મુદ્દા નં.૧ થી ૮ અન્વયે પાઠવવામાં આવેલ પ્રત્યુત્તરથી નારાજગી દર્શાવેલ હોવાનું જણાવી અરજદારશ્રી ધ્વારા તા.૨૬/૦૩/૧૮ ના રોજ અપીલ અરજી કરેલ છે.

જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટ, માર્કેટ વિભાગ ધ્વારા મુદા નં.૧ તથા ૩ પરત્વે સંગમ ગુજરાત સાપ્તાહિક પેપર અત્રેની કચેરીમાં મંગાવવામાં આવતું ના હોય માંગેલ માહિતી મામુર છે તે મુજબનો પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ હોવાનું જણાય છે. મુદા નં.૨ થી અપવાદરૂપ કિસ્સા સિવાય કાયમ ગણવેશમાં આવે છે તેમ જણાવેલ છે. મુદા નં.૪ થી ડ્રાઈવરોએ મુદા નં.૮ ની માહિતીમાં જણાવેલ વાહનો હંકારવાની,સ્થળ પર વાહનોમાં પ્રાથમિક યાંત્રિક મરામતની તથા ઢોર પકડવાની કામગીરીમાં મદદરૂપ થવાની તથા બેલદારોએ ઢોર પકડવાની, ઢોર ડબ્બાની સાફસફાઈની, કતલખાનાઓની સાફ–સફાઈની તથા કલીનરે જે તે વાહન સાથે ડ્રાઈવરની મદદમાં રહેવાની કામગીરી કરવાની હોય છે, જયારે માર્શલની કામગીરી માટે મુદ્દા નં.૬ અને ૭ માં જણાવ્યા મુજબ કામગીરી કરવાની રહે છે તે મુજબનો પ્રત્તયુત્તર પાઠવવામાં આવેલ હોવાનું જણાય છે. મુદા નં.૫ બાબતે માહિતી રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી તે મુજબનો પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ હોવાનું જણાય છે. મુદા નં.૬ તથા ૭ પરત્વે માર્કેટ ખાતામાં ફરજ બજાવતા માર્શલોએ ઢોરપાર્ટીની સાથે રહી પ્રાથમિક સુરક્ષા કવચ પુરૂ પાડવાની, ઢોરોને પકડવાની કામગીરીમાં આનુષાંગિક સહાયતા કરવાની હોય છે તે મુજબનો પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ હોવાનું જણાય છે. મુદ્દા નં.૮ થી માર્કેટ ખાતા હેઠળના ઢોર ત્રાસ અંકુશ વિભાગમાં વપરાતાં વાહનોના પ્રકાર અને તેના ખરીદીના વર્ષ અને હાલના કિલોમીટરની માહિતી દર્શાવતુ કોષ્ટક ધ્વારા અરજદારશ્રીને માહિતી પૂરી પાડેલ હોવાનું જણાય છે.

અરજદારશ્રીની મુળ અરજી,અપીલ અરજી સંદર્ભે અરજદારશ્રી ધ્વારા કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટ માર્કેટ વિભાગ ધ્વારા પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

અરજદારશ્રીની તા.૧૪/૦૬/૧૮ ની અરજી (આઈ.ડી.નં.૬૪૭) થી માંગવામા આવેલ માહિતી પરત્વે આર.ટી.આઈ. એકટની કલમ–૨(એફ), ૨(જે) અને માહિતી અધિકારની વ્યાખ્યા પ્રમાણે જાહેર સત્તા મંડળ પાસેની અને તેના નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી પુરી પાડવાની જોગવાઈ છે, જે મુજબ જાહેર માહિતી અધિકારી ધ્વારા રેકર્ડ આધારીત માહિતી સમયમર્યાદામાં પુરી પાડેલ હોવાનું જણાતું હોય તેમાં હસ્તક્ષેપ કરવાનું કોઈ કારણ જણાતું નથી,જે મુજબ અપીલનો નિકાલ કરવામાં આવે છે. વધુમાં, અરજદાર ઈચ્છુક હોય તો અરજીમાં જણાવેલ કર્મચારી વિરૂધ્ધ આધાર પુરાવા રજુ કરી જે તે સક્ષમ સત્તાને ફરીયાદ કરવા સ્વતંત્ર છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો, ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧,બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦/એ, ગાંધીનગરને દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/આઉટ/
તા. /૦૯/૨૦૧૮

ડે.મ્યુનિ.કમિશ્નર (હે. અને હો.) અને
એપલેટ ઓફીસર
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં. SMC/PHD/FAP/33/2018. Dt.07/08/2018.
આરોગ્ય વિભાગ.

અરજદાર :–શ્રી અરવિંદ જગજીવનભાઈ પટેલ.

સામાવાળાઃ–જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફીસરશ્રી, ફુડ વિભાગ, સુરત મહાનગરપાલિકા.

અરજદાર મજકુર ધ્વારા તા.૨૬/૦૭/૨૦૧૮ ના રોજ મ્યુનિ. કમિશનરશ્રી, અપીલ અધિકારીશ્રી, સુરત મહાનગર સેવા સદનને ઉદ્દેશીને કરવામાં આવેલ અપીલ અરજી એકઝીકયુટીવ આસી. અને જાહેર માહિતી અધિકારી, નાગરીક સુવિધા કેન્દ્રના પત્ર નં.સીસીસી/ સે.ઝોન/ આઉટ/૧૩૮, તા.૨૬/૦૭/૨૦૧૮ થી અપીલ અધિકારીશ્રી, પર્સોનેલ ઓફિસરશ્રી, મધ્યસ્થ મહેકમ વિભાગ તથા અપીલ અધિકારીશ્રી, ઈ.ચા. ચીફ એકાઉન્ટન્ટશ્રી, હિસાબી ખાતાને તબદીલ કરેલ હતી, જે અપીલ અરજી પર્સોનેલ ઓફિસર અને અપીલ અધિકારી, મધ્યસ્થ મહેકમ વિભાગના પત્ર નં. જીએડી/ઈએસટી/૩૪૪૯, તા.૦૧/૦૮/૧૮ થી અપીલ અધિકારીશ્રી, ફુડ વિભાગને ઉદ્દેશીને તબદીલ કરેલ હતી, જે અરજી ફુડ વિભાગ ધ્વારા આર.ટી.આઈ.ની અરજી તેમજ અરજદારને પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર વિગેરે તુમારો સામેલ રાખી અત્રેના વિભાગને જરૂરી કાર્યવાહી અર્થે મોકલવામાં આવેલ, જે અત્રે તા.૦૭/૦૮/૧૮ ના રોજ પ્રાપ્ત થયેલ છે, અરજદારશ્રીની તા.૩૦/૦૬/૨૦૧૮ ની અરજીથી માંગેલ માહિતી પરત્વે જાહેર માહિતી અધિકારી ધ્વારા "દરેક પત્રોનાં સંતોષકારક જવાબ નથી જે માહિતી માંગી તે મળી નથી" એમ જણાવી નારાજગી વ્યકત કરેલ છે.

ઉકત અપીલ અરજી સાથે ફુડ વિભાગ ધ્વારા સામેલ તુમારોનો અભ્યાસ કરતાં તથા જાહેર માહિતી અધિકારી પાસેથી આ બાબતે જરૂરી સ્પષ્ટતા મેળવવામાં આવેલ છે, જેની વિગતે અરજદારશ્રી ધ્વારા તા.૩૦/૦૬/૨૦૧૮ ના રોજ કરવામાં આવેલ આર.ટી.આઈ.ની અરજી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર મધ્યસ્થ મહેકમ વિભાગ ધ્વારા પત્ર નં.જીએડી/ઈએસટી/ ૨૬૯૨, તા.૦૫/૦૭/૧૮ થી ફુડ વિભાગને તબદીલ કરવામાં આવેલ હતી. અરજદારની નમુના "ક" ની અરજીથી (૧)આપની કચેરીમાં પ્યુન તરીકે ફરજ બજાવતા ગણપતભાઈ પ્રેમાભાઈ પટેલ, રહે.ગામ–મલગામા, તા.ચોર્યાસી, જી.સુરતના ચાલુ નોકરી દરમ્યાન તા.૧૧/૦૫/૯૯ ના રોજ ગુજરી ગયેલ છે. મૃત્યુ બાદ આપના ડીપાર્ટમેન્ટ તરફથી ગ્રેજયુઈટી, પ્રો.ફંડ, રજાનો પગાર વિગેરેની જે કાંઈ રકમ મળી હોય તેની વિગતવાર માહિતી જોઈએ છે. (૨) નોકરી મળ્યા તારીખ (૩) નોકરી મળ્યાથી વાર્ષિક મળેલ કુલ પગારની વિગત (૪) ગુજરી ગયા ત્યારે વારસદાર તરીકે કોણ હતું તેની માહિતી (કર્મ.નં.૧૧૭૧૧) બાબતે કુલ–૪ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ હતી, જે અનુસંધાને અરજદારશ્રી ધ્વારા માંગેલ માહિતી ત્રાહિતને લગતી તેમજ વિશ્વસનીય સંબંધોને આધારે ઉપલબ્ધ કરાવી હોય આર.ટી.આઈ. એકટ કલમ–૮(ચ) માં જણાવ્યા પ્રમાણે આવી માહિતી આપવાની જવાબદારી રહેતી નથી તથા આ કાયદાની કલમ ૮–૧(ઠ)થી વ્યકિતનાં અંગત જીવનમાં બીનજરૂરી દખલ થાય તેવી માહિતી આપવાની જવાબદારી રહેતી નથી તેમજ આ તમામ બાબત આ કાયદાની કલમ–૧૧(૧) મુજબ ત્રાહિત પક્ષકારે તેને ખાનગી ગણી છે" તે મુજબનું પ્રત્યુત્તર જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઈન્સ્પેકટર (ફુડ વિભાગ) ધ્વારા પત્ર નં.પીએચડી/ફુડ/૧૩૫૨, તા.૨૭/૦૭/૧૮ થી અરજદારને પાઠવવામાં આવેલ હોવાનું જણાય છે.

આરટીઆઈ એકટની કલમ–૮(૧)(ઠ), ૮(૧)(ચ) વિગેરેથી કરવામાં આવેલ જોગવાઈ મુજબ ત્રાહિતને લગતી કોઈ જાહેર ગતિવિધિ અથવા હિત સાથે કોઈપણ પ્રકારનો સંબંધ ધરાવતી ન હોય તેવી અથવા કોઈ વ્યકિતના અંગત જીવનમાં બિનજરૂરી દખલ થાય તેવી જાણકારી બાબતે તેમજ વિશ્વશનીય સંબંધોને આધારે ઉપલબ્ધ કરાવેલ હોય તેવી માહિતી આરટીઆઈ એકટની કલમ–૮(૧)(ચ) મુજબ માહિતી આપવાનો ઈન્કાર કરવામાં આવેલ છે. પ્રસ્તુત કિસ્સામાં સુરત મહાનગરપાલિકાના સ્વ.કર્મચારીના આશ્રિતને મૃત્યુ બાદના મળેલ નાણાંકીય લાભો, ભરેલ નોમીનેશન ફોર્મની વિગતો તથા સદર આશ્રિત કર્મચારીનાં પગાર બાબતની વિવિધ માહિતી માંગેલ હોવાનું જણાય છે. સદર બાબતે અગાઉ દિલ્હી નામ.હાઈકોર્ટ રીટ પીટીશન નં.૮૦૩/૨૦૦૯ થી શ્રી વિજય પ્રકાશ વિરૂધ્ધ યુનિયન ઓફ ઈન્ડિયા અને અન્યોના કેસમાં પીટીશનર ધ્વારા ત્રાહિતને લગતી સર્વિસ રેકર્ડ, રજા, નોમીનેશન ફોર્મ, નાણાંકીય વ્યવહાર વિગેરે માંગવામાં આવેલ માહિતીના સંદર્ભમાં કલમ–૮(૧)(ઝ) હેઠળ કરવામાં આવેલ ઈન્કાર સામેની અરજી ડિસમીસ કરવામાં આવેલ હતી, જે બાબતો ધ્યાને લેતા જાહેર માહિતી અધિકારીશ્રીએ લીધેલ નિર્ણય આરટીઆઈ એકટની ઉકત જોગવાઈઓ તથા નામ.હાઈકોર્ટ તથા નામ.સુપ્રિમ કોર્ટના ઉકત ચુકાદાઓને ધ્યાને લેતા તે પરિપેક્ષમાં ઉચિત જણાય છે. વધુમાં સદર તમામ બાબત આ કાયદાની કલમ–૧૧(૧) મુજબ ત્રાહિત પક્ષકારે તેને ખાનગી ગણી છે તેમ જણાવી જાહેર માહિતી અધિકારીએ નિર્ણય પર આવવા અંગે દર્શાવેલ કારણ તર્કસંગત જણાય છે.

વધુમાં નોકરી રાખનાર સંસ્થા અને નોકર વચ્ચેનો સંબંધ વિશ્વશનીય સંબંધો પ્રકારનો ગણી શકાય. વધુમાં ભુતકાળમાં નામ.કોર્ટે પણ તેના ચુકાદામાં તેની નોંધ કરેલ હોવાનું ધ્યાને છે. વધુમાં હાલમાં નામ.સુપ્રિમ કોર્ટની લાર્જર બંધારણીય બેંચ ધ્વારા આપવામાં આવેલ છેવટના હુકમ મુજબ બંધારણે આપેલ રાઈટ ટુ પ્રાયવસીએ મૌલિક અને મુળભુત અધિકાર હોવાનું જણાવેલ છે. વધુમાં પ્રસ્તુત કિસ્સામાં અરજદાર ધ્વારા માહિતી પ્રગટ કરવા અંગે રજુઆત કરવામાં આવેલ છે, પરંતુ અરજદાર ત્રાહિત વ્યકિતના અંગત જીવનને લગતી હોય તેવી સદર માહિતી વિશાળ જાહેર હિતમાં પ્રગટ કરવી યોગ્ય છે તેવુ પ્રતિપાદિત કરી શકેલ હોવાનું જણાતુ નથી.

ઉપરોકત તમામ હકીકતોથી વિદિત થઈ, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજી, જાહેર માહિતી અધિકારીનો પ્રત્યુત્તર તથા ઉકત વિગતે નામ.સુપ્રિમ કોર્ટ/ નામ. હાઈકોર્ટના ચુકાદાઓ તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૩૦/૦૬/૧૮ ની અરજી (આઈ.ડી.નં.૭૫૮) થી માંગવામા આવેલ માહિતી સબબ જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસરશ્રી, ફુડ વિભાગ ધ્વારા અરજદારને તા.૨૭/૦૭/૧૮ ના રોજથી પાઠવવામાં આવેલ પત્રથી માહિતી આપવાનો ઈન્કાર કરવા સબબ વ્યાજબીપણું પ્રસ્થાપિત થતું હોય તથા આરટીઆઈ એકટની કઈ કલમ હેઠળ આ માહિતી આપવાનો ઈન્કાર કરવામાં આવેલ છે તે પણ સુચિત કરેલ હોય, જે તર્કસંગત જણાતું હોય અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ હોવ તો,ગુજરાત માહિતી આયોગ,કમયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ,બ્લોક નં.૧,બીજો માળ,નિર્માણ ભવનની પાછળ,સેકટર–૧૦ એ,ગાંધીનગરને અપીલ હુકમ મળ્યાની તારીખથી દિન–૯૦ માં આયોગને બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/આરટીઆઈ/અપીલ/
તા.      /૦૯/૨૦૧૮.

ઈ.ચા. આરોગ્ય અધિકારી અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં.SMC/PHD/FAP/34/2018. Dt.14/08/2018.
આરોગ્ય વિભાગ.

**અરજદાર** :– શ્રી અર્જુનસિંહ ફતેહસિંહ સોલંકી.
**સામાવાળા**:–જાહેર માહિતી અધિકારી અને પર્સોનેલ ઓફિસર,(આરોગ્ય) વિભાગ,સુરત મહાનગરપાલિકા.

(૧) અરજદારશ્રી ધ્વારા તા.૧૧/૦૮/૧૮ ના રોજ અપીલ સત્તાધિકારી અને ડેપ્યુટી કમિશ્નરશ્રી(હે. એન્ડ હો.), સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરવામાં આવેલ અપીલ અરજી જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક, મધ્યસ્થ કચેરીના પત્ર નં.સી/આરટીઆઈ/૨૭૪, તા.૨૩/૦૭/૨૦૧૮ મુજબ જાહેર માહિતી અધિકારી અને પર્સોનેલ ઓફિસર આરોગ્ય વિભાગને તબદીલ કરેલ છે, જે અપીલ અરજી જરૂરી કાર્યવાહી અર્થે અત્રેના વિભાગને તા.૧૪/૦૮/૨૦૧૮ ના રોજ પ્રાપ્ત થયેલ છે. અરજદારની નમુના–'ક' ની આર.ટી.આઈ. ની અરજી પરત્વે માંગ્યા મુજબની માહિતી જાહેર માહિતી અધિકારી ધ્વારા પુરી પાડવામાં આવેલ ન હોય આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ ના નિયમ ૨૦૧૫ (૧) (૨) અને (૩) મુજબ જાહેર માહિતી અધિકારી અને પર્સોનેલ ઓફિસર, આરોગ્ય વિભાગ વિરૂધ્ધ કાનુની અને દંડનીય કાર્યવાહી કરવા તથા અરજીના અનુરૂપ શુધ્ધ માહિતી આપવાનો આદેશ આપવો" તેમ જણાવી નારાજ થઈ અપીલ અરજી કરેલ છે.

(૨) ઉકત અપીલ અરજી સાથે સામેલ તુમારોનો અભ્યાસ કરતાં અરજદારશ્રીની નમુના "ક" ની તા.૨૩/૦૭/૨૦૧૮ ની અરજી (આઈ.ડી.નં.૨૭૪) થી (૧) ફરીયાદી શ્રી ભેરૂલાલ નારાયણજી પટેલ ધ્વારા તા.૯–૪–૧૮ ના રોજ આપ સાહેબને એક અરજી આપેલ હતી, તે અરજી ઉપર આરોપી શ્રી અજિતકુમાર પ્રવિણચંદ્ર ભટ્ટ, નાયબ આરોગ્ય અધિકારી વિરૂધ્ધ કરેલ તમામ કાર્યવાહીની પ્રમાણિત નકલો આપશો (૨) આરોપીને આજદિન સુધી ગુન્હો હોવા છતાં સસ્પેન્ડ ન કરેલ તેની તમામ પ્રમાણિત રેકર્ડ આપવાની કૃપા કરશો (૩) ઉકત આરોપીના વિરૂધ્ધ જયારથી એસ.એમ.સી. માં નોકરીએ લાગ્યાથી આજદિન સુધી આરોપીના વિરૂધ્ધ કેટલા આવેદન તેમજ એફ.આઈ.આર. તથા ખાતાકીય તપાસ થયેલ છે તેના દસ્તાવેજો બતાવશો (૪) એફ. આઈ. આર.નં.૮૭–૨૦૧૮, તા.૧–૩–૨૦૧૮ થી આરોપી શ્રી ડો.એ.પી.ભટ્ટના વિરૂધ્ધ વરાછા પો.સ્ટેશનમાં નોંધવામાં આવેલ હોવા છતાં ઉકત આરોપી એસ.એમ.સી.માં નોકરી કરી રહયા છે, ઉકત એફ.આઈ.આર.પર એસ.એમ.સી. ધ્વારા કરવામાં આવેલ કાર્યવાહીની પ્રમાણિત નકલ વિગેરે બાબતે કુલ–૦૪ મુદ્દાઓની માહિતી માંગતી અરજી કરવામાં આવેલ હતી,જે અનુસંધાને અરજીના આંશીક મુદ્દાઓ બાબતે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી,મધ્યસ્થ મહેકમ વિભાગને પત્ર નં.જીએડી/ઈએસટી/આરટીઆઈ/આઉટ/૭૮, તા.૦૭/૦૮/૨૦૧૮ થી અરજદારશ્રીની જાણ હેઠળ સદર અરજી આંશીક તબદીલ કરવામાં આવેલ હોવાનું જણાય છે.

(૩) અરજદારશ્રીની ઉકત અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી અને પર્સોનેલ ઓફિસર, આરોગ્ય વિભાગ ધ્વારા પત્ર નં.જીએડી/ઈએસટી/પીએચ/આરટીઆઈ/આઉટ/૭૯, તા.૧૦/૦૮/૧૮ થી અરજીના મુદ્દા.નં.૧ પરત્વે અરજદારશ્રી ધ્વારા માહિતી માંગતી અરજી સાથે તા.૦૯/૦૪/૧૮ના રોજ મે.કમિશ્નરશ્રીને ઉદ્દેશીને કરવામાં આવેલ અરજી બિડાણ રાખી અરજી સંદર્ભે થયેલ કાર્યવાહીની માંગેલ માહિતી સબબે મધ્યસ્થ મહેકમ (આરોગ્ય) વિભાગના ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતા કોઈ અરજી પ્રાપ્ત થયેલ હોવાનું જણાતું નથી તથા સેકશન ઓફિસર (આરોગ્ય વિભાગ) ને સદર અરજી પ્રાપ્ત થયેલ છે કે કેમ? તે અંગેની માહિતી માંગતા તેઓના તા.૦૩/૦૮/૧૮ તથા તા.૦૪/૦૮/૧૮ના પત્રથી જણાવ્યાનુંસાર અરજદારશ્રીની તા.૦૯/૦૪/૧૮ ની અરજી આરોગ્ય વિભાગ (મુખ્ય કચેરી) ખાતે પ્રાપ્ત થયેલ ન હોય એમ જણાવી વિભાગની માહિતી " નીલ" છે તે મુજબનો પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ હોવાનું જણાય છે. મુદ્દા નં.૨ તથા ૪ બાબતે સદર કર્મચારી મધ્યસ્થ મહેકમ (આરોગ્ય) વિભાગ ખાતે ફરજ બજાવતા હોવાનું જણાતું નથી તથા નાયબ આરોગ્ય અધિકારીની કેડર મધ્યસ્થ મહેકમ (આરોગ્ય) વિભાગને લાગત જણાતી ન હોય, સદર બાબત તેઓના કાર્યક્ષેત્રમાં આવતી હોવાનું જણાતુ નથી તે મુજબનો પ્રત્યુત્તર અરજદારશ્રીને પાઠવવામાં આવેલ હોવાનું જણાય છે, જયારે મુદ્દા નં.૩ બાબતે માંગેલ માહિતી પૈકી એફ.આઈ.આર.અંગેની કોઈ માહિતી તેઓની કચેરીના રેકર્ડ ઉપર ઉપલબ્ધ હોવાનું જણાતુ નથી, વધુમાં આવેદન બાબતે ઉપલબ્ધ ઈનવર્ડ આઉટવર્ડ રજીસ્ટરો ઉપરથી માહિતી મેળવવાની રહે છે એમ જણાવી જે માહિતી વિશાળ / વિસ્તુત સ્વરૂપની હોય આર.ટી.આઈ. એકટની કલમ–૭(૯) હેઠળની જોગવાઈને ધ્યાને રાખી અરજદારશ્રીને તા.૧૪/૦૮/૧૮ના રોજ સવારે ૧૧.૩૦ કલાકે દફતરી તપાસણી કરી જરૂરીયાત મુજબની માહિતી ઉપલબ્ધ હોય તે નિયમોનુંસારની નકલ ફી ભરપાઈ કર્યેથી માહિતી પુરી પાડવામાં આવશે તે મુજબનો અરજદારશ્રીને પ્રસ્તાવ આપવામાં આવેલ હોવાનું જણાય છે.

આમ, અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને પર્સોનેલ ઓફિસર, આરોગ્ય વિભાગ ધ્વારા પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

અરજદારશ્રીની તા.૨૩/૦૭/૨૦૧૮ ની અરજી (આઈ.ડી.નં.૨૭૪) થી માંગવામાં આવેલ માહિતી બાબતે આર.ટી.આઈ. ની કલમ ૨(એફ), ૨(જે) હેઠળ અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી રેકર્ડ આધારીત માહિતી પુરી પાડવાની જોગવાઈ છે જે મુજબ જાહેર માહિતી અધિકારી અને પર્સોનેલ ઓફિસર, આરોગ્ય વિભાગ ધ્વારા ઉકત વિગતે અરજદારશ્રીને સમયમર્યાદામાં માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે તથા મુદ્દા નં.૩ ની માહિતી બાબતે આર.ટી.આઈ. એકટની કલમ–૭(૯) હેઠળની જોગવાઈને ધ્યાને રાખી તા.૧૪/૦૮/૧૮ ના રોજ સવારે ૧૧.૩૦ કલાકે દફતરી તપાસણી કરી જરૂરીયાત મુજબની માહિતી મેળવી લેવા પ્રસ્તાવ આપેલ હોવાનું જણાય છે, જે આર.ટી.આઈ. એકટની ઉકત જોગવાઈના પરિપેક્ષમાં ઉચિત જણાય છે, તેમ છતાં અરજદારશ્રી ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીનો દફતરી તપાસણી કરી માહિતી મેળવી લેવા અંગેનો આપેલ પ્રસ્તાવનો સ્વીકાર કરી જરૂરીયાત મુજબની માહિતી મેળવી લેવા સ્વતંત્ર છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો,ગુજરાત માહિતી આયોગ,કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ,બ્લોક નં.૧,બીજો માળ,નિર્માણ ભવનની પાછળ,સેકટર–૧૦/એ,ગાંધીનગરને દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/આઉટ/
તા. /૦૯/૨૦૧૮

ડે.મ્યુનિ.કમિશ્નર(હે.અને હો.)અને
એપલેટ ઓફીસર
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

RIGHT TO INFORMATION

અપીલ અરજી નં.**SMC/PHD/FAP/35/2018. Dt.16/08/2018.**
આરોગ્ય વિભાગ.

અરજદાર :–શ્રી કે.ડી. શેલડિયા, (એડવોકેટ)

સામાવાળા:–જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફીસરશ્રી, ફુડ વિભાગ, સુરત મહાનગરપાલિકા.

અરજદાર મજકુર ધ્વારા તા.૦૬/૦૮/૨૦૧૮ ના રોજ અપીલ સત્તાધિકારી, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતને ઉદ્દેશીને કરવામાં આવેલ અપીલ અરજી એકઝીકયુટીવ આસી. અને જાહેર માહિતી અધિકારી નાગરીક સુવિધા કેન્દ્રના પત્ર નં.સીસીસી/સે.ઝોન/આઉટ/૧૫૧, તા.૦૬/૦૮/૨૦૧૮ થી અપીલ અધિકારી અને ઈ.ચા.ડે.કમિશનરશ્રી (હે અને હો) પ્રતિ તબદીલ કરવામાં આવેલ હતી, જે અપીલ અરજી ફુડ વિભાગના પત્ર નં.પીએચડી/ફુડ/૧૮૭૫, તા.૧૩/૦૮/૨૦૧૮ થી અરજદારશ્રીની તા.૦૩/૦૭/૧૮ ની આર.ટી.આઈ. ની મુળ અરજી (આઈ.ડી.નં.૭૬૯) તથા અરજદારશ્રીને પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર વિગેરે તુમારો સામેલ રાખી અત્રેના વિભાગને જરૂરી કાર્યવાહી અર્થે મોકલેલ છે, જે અત્રે તા.૧૬/૦૮/૨૦૧૮ ના રોજ પ્રાપ્ત થયેલ છે, જે અનુસંધાને અરજદારશ્રીની તા.૦૩/૦૭/૧૮ ની આર.ટી.આઈ. ની અરજી સંદર્ભે "અરજીના ૩૦ દિવસ બાદ હમો અરજદારને કોઈ નિર્ણય મળ્યો ન હોવાથી" જણાવી નારાજગી વ્યકત કરેલ છે.

ઉકત અપીલ અરજી સાથે ફુડ વિભાગ ધ્વારા સામેલ તુમારોનો અભ્યાસ કરતાં અરજદારશ્રીની તા.૦૩/૦૭/૨૦૧૮ ની આર.ટી.આઈ. એકટ હેઠળ માહિતી માંગતી અરજી એકઝી. આસી. અને જાહેર માહિતી અધિકારી, નાગરીક સુવિધા કેન્દ્રના પત્ર નં.સીસીસી/સે.ઝોન/આઉટ/૭૬૯, તા.૦૫/૦૭/૨૦૧૮ થી ફુડ ઈન્સ્પેકટર અને જાહેર માહિતી અધિકારી, ફુડ વિભાગ તથા જાહેર માહિતી અધિકારી, જિલ્લા કલેકટરની કચેરી, સુરતને તબદીલ કરવામાં આવેલ હતી. અરજદારશ્રીની નમુના "ક" ની ઉકત અરજીથી (૧) સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં ચાલતા તમામ થિયેટરને આપવામાં આવેલ થિયેટર(સિનેમા) ચલાવવાની પરવાનગીની નકલ (૨) સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં ચાલતા તમામ સિનેમાધરોની યાદી (૩) સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં ચાલતા તમામ સિનેમાધરો સિનેમાની અંદર ખાણી–પીણી ચલાવે છે તે તમામના **FSSAI** લાયસન્સની વિગતો નકલ (૪) **MRP** કે વેચાણ ભાવ નકકી કર્યા વગર કોઈ વેચાણ કરતું હોય તો કઈ કાયદાકીય કાર્યવાહી કરવાની થાય છે તેની નકલ આપશો (૫)કોઈપણ સિનેમાધરમાં ફુડ વેચાણ બાબતે કોઈ કાર્યવાહી કરવામાં આવી હોય તો તે કાર્યવાહીની અંગેની તમામ લેખીત માહિતી (૬) ગ્રાહક સુરક્ષા બાબત સુરત મહાનગરપાલિકા ધ્વારા કોઈ વિભાગ ચલાવવામાં આવે છે કે કેમ? જો હોય તો લેખીત આપશો (૭) **FSSAI** માટે સુરત મહાનગરપાલિકા ધ્વારા ચલાવવામાં આવતા વિભાગની તમામ માહિતીઓ કમ્પ્લેઈન ફોર્મ અને કાર્યવાહીને લગતી લાગત તેવી જોગવાઈઓની નકલ આપશો વિગેરે બાબતે કુલ–૦૭ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ હતી.

અપીલ અરજી અનુસંધાને અત્રેથી સંબંધિત વિભાગ પાસેથી માહિતી મેળવવામાં આવેલ છે, જે મુજબ અરજદારશ્રીની ઉકત અરજી પરત્વે ફુડ વિભાગને લાગત આંશીક મુદ્દાઓની માહિતી જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ ઈન્સ્પેકટર, ફુડ વિભાગના પત્ર નં.પીએચડી/ફુડ/૧૪૧૫, તા.૩૧/૦૭/૧૮ થી અરજીના મુદ્દાઓ પૈકી મુદ્દા નં.૩ પરત્વે શહેરમાં આવેલ થીએટરમાં ખાણી–પીણીનો વેપાર કરતી સંસ્થાઓને ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ અન્વયે લાયસન્સ/રજીસ્ટ્રેશન નંબર તથા તેઓના નામ, સરનામાંની માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે તથા જે સંસ્થાઓને આપવામાં આવેલ લાયસન્સની નકલો મેળવવા માટે નકલ ફી રૂા.૧૪૦/– ભરી માહિતી મેળવી લેવા માટેનો પ્રસ્તાવ અરજદારશ્રીને આપેલ હોવાનું જણાય છે, મુદ્દા.નં.૫ પરત્વે તા.૨૨/૦૫/૨૦૧૮ ના રોજ ફુડ સેકટી ઓફિસરો ધ્વારા સિનેમાધરોમાં આવેલ ફુડ વેચાણ કરતી સંસ્થાઓ ચેક કરવામાં આવેલ હોવાનું તથા મુદ્દા.નં.૭ પરત્વે ફુડ વિભાગની સામાન્ય રીતે હોદ્દાને અનુરૂપ કામગીરી કરવાની હોય છે. વધુમાં કામગીરી અંગેની માંગેલ માહિતી બાબતે આરટીઆઈ કલમ–૪(૧)ખ મુજબની માહિતી સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ WWW.SURATMUNICIPAL. GOV.IN માં આર.ટી.આઈ. પ્રોએકટીવ ડીસ્કલોઝરમાં પ્રસિધ્ધ કરવામાં આવેલ છે, જે પરથી માહિતીનો સંદર્ભ મેળવી શકો છો તે મુજબની માહિતી અરજદારને પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે. ખાતા ધ્વારા રજુ કરવામાં આવેલ વિવિધ તુમારો પૈકી એકનોલેજમેન્ટ સ્લીપની ઝેરોક્ષ અવલોકનમાં લેતા ફુડ વિભાગ ધ્વારા તા.૩૧/૦૭/૧૮ નાં રોજ સદર ટપાલ ડિસ્પેચ થયેલ હોવાનું તેમજ અરજદારશ્રીનું સરનામું સુરત હોય તથા તેમાં સ્વીકાર્યા બદલની સહીમાં તારીખ મારેલ જણાતું નથી વિગેરે હકીકત ધ્યાને લેતા જાહેર માહિતી અધિકારીએ સમયમર્યાદામાં પ્રત્યુત્તર પાઠવેલ હોવાનું માનવાને કારણ બને છે.

અરજદારની મુળ અરજી, અપીલ અરજી સંદર્ભે કરવામાં આવેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફીસર, ફુડ વિભાગ ધ્વારા અરજદારશ્રીને પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર વિગેરે ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

## –:: હુકમ ::–

અરજદારની તા.૦૩/૦૭/૧૮ ની આર.ટી.આઈ. ની અરજી (આઈ.ડી.નં.૭૬૯) ના અનુસંધાને ઉકત વિગતે જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર, ફુડ વિભાગ ધ્વારા તેઓના વિભાગને લાગત માહિતી અંગેનો પ્રત્યુત્તર સમયમર્યાદામાં પાઠવેલ હોવાનું અનુમાનિત થતુ હોય અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીનો પ્રસ્તાવ સ્વીકારી નિયત ફી ભરપાઈ કરી માહિતી મેળવી લેવા સ્વતંત્ર છે, જે મુજબ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો,ગુજરાત માહિતી આયોગ,કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧,બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦–એ, ગાંધીનગરને દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

જીએડી/ઈએસટી/પીએચ/આરટીઆઈ/અપીલ/
તા. /૦૯/૨૦૧૮.

ઈ.ચા આરોગ્ય અધિકારી અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

અપીલ નં.SMC/ PHD/ FAP/38/2018. Dt.12/09/2018.
**મધ્યસ્થ મહેકમ (આરોગ્ય) વિભાગ.**

**અરજદારઃ–** શ્રી પિંકલ પી. ધીવાળા.
**સામાવાળાઃ–** જાહેર માહિતી અધિકારી અને સેક્શન ઓફિસર, મધ્યસ્થ મહેકમ (આરોગ્ય) વિભાગ, સુરત મહાનગરપાલિકા.

અરજદારશ્રી ધ્વારા તા.૧૩/૦૮/૧૮ ના રોજ એપલેટ ઓફિસરશ્રી, સક્ષમ સત્તા મંડળ, રાંદેર ઝોન તથા સુ.મ.પા.ના તમામ ઝોન, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરવામાં આવેલ અપીલ અરજી અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર, વેસ્ટ ઝોન, સુરત મહાનગરપાલિકાના પત્ર.નં.વેસ્ટ ઝોન/આરટીઆઈસેલ/૧૨૨૬, તા.૩૧/૦૮/૧૮ થી પર્સોનેલ ઓફિસર, આરોગ્ય વિભાગને તબદીલ કરવામાં આવેલ છે, જે અત્રે તા.૧૨/૦૯/૧૮ ના રોજ પ્રાપ્ત થયેલ છે. અરજદારશ્રીની નમુના–'ક' ની આર.ટી.આઈ. (આઈ.ડી.નં.૫૮)ની અરજી પરત્વે રાંદેર ઝોન સિવાય તમામ ઝોનો ધ્વારા કોઈ જ પૂર્તતા કરવામાં આવેલા નથી, જેથી તમામ ઝોનની માહિતી વિનામૂલ્યે માહિતી આપવી, તેમ જણાવી નારાજ થઈ અપીલ અરજી કરેલ છે.

ઉકત અપીલ અરજી સાથે સામેલ તુમારોનો અભ્યાસ કરતાં અરજદારશ્રીની નમુના "ક" ની તા.૦૭/૦૭/૧૮ (આઈ.ડી.નં.૩૨૯) ની અરજીથી (૧) સુરત મહાનગરપાલિકામાં ઉપલબ્ધ રેકર્ડ પર કરવામાં આવતા ચા–પાણી–નાસ્તો–જમવાના પાછળ છેલ્લા પાંચ વર્ષ કરવામાં આવેલા ખર્ચાની વિગતો. (૨) ચા–પાણી– નાસ્તો–જમવાનું અંગે ખર્ચ કરવા માટે સરકારના કાયદા, નોંધો, પરિપત્ર, નીતિનિયમો, નોટીફીકેશનની નકલ સુ.મ.પા.ધ્વારા પ્રમાણિત નકલ. (૩) ઉપલબ્ધ રેકર્ડ પર એકાઉન્ટ વિભાગમાં ચા–પાણી નાસ્તા અંગે ના પાટી કોડ અને કરવામાં આવેલ ખર્ચ અંગેની વિગત પ્રમાણિત પાર્ટી કોડ તેમજ ચુકવેલ નાણાંની વિગત (૪) સરકારી નાણાં ચા–નાસ્તો અને પાણી પાછળ ખર્ચ કરી શકાય તેવી સત્તા/પરવાનગી આપનાર ઉપલબ્ધ રેકર્ડ પરના અધિકારીનું નામ અને કર્મચારી નંબર (૫) છેલ્લા પાંચ વર્ષમાં ચા–પાણી નાસ્તો (અંગત ઓફિસમાં) કરનાર અધિકારીનું નામ અને કર્મચારી નંબર આપવો અને આજદિન સુધી કરવામાં આવેલ ચા–પાણી નાસ્તાના બીલની પ્રમાણિત નકલ સહિતની કુલ–૦૫ મુદ્દાઓની માહિતીની માંગણી કરતી અરજી જાહેર માહિતી અધિકારી અને સંકલન આસી.લો ઓફીસર, વેસ્ટ ઝોનના પત્ર નં.વેસ્ટ ઝોન/આરટીઆઈસેલ/૧૦૮૭, તા.૨૦/૦૮/૧૮ થી વિવિધ જાહેર માહિતી અધિકારીઓ પૈકી જાહેર માહિતી અધિકારી અને સેક્શન ઓફિસર, મધ્યસ્થ મહેકમ(આરોગ્ય) વિભાગને આંશીક તબદીલ કરવામાં આવેલ હોવાનું જણાય છે, જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેક્શન ઓફિસર, મધ્યસ્થ મહેકમ (આરોગ્ય) વિભાગ ધ્વારા "અત્રે ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતાં આપ ધ્વારા માંગેલ માહિતી પરત્વેના સમયગાળા દરમ્યાન મધ્યસ્થ મહેકમ (આરોગ્ય) વિભાગ ખાતે ચા–પાણી, નાસ્તો, જમવા પાછળ કચેરી ધ્વારા આવો કોઈ ખર્ચ કરવામાં આવેલ હોવાનું જણાતું નથી, જેથી અત્રેના વિભાગની માહિતી "નીલ" છે," તે મુજબનો પ્રત્યુત્તર મધ્યસ્થ મહેકમ (આરોગ્ય)વિભાગના પત્ર નં.જીએડી/ઈએસટી/પીએચ/આરટીઆઈ/૮૮, તા.૨૯/૦૮/૧૮ થી અરજદારશ્રીને પાઠવવામાં આવેલ હોવાનું જણાય છે.

આમ, અરજદારશ્રીની મુળ અરજી તથા જાહેર માહિતી અધિકારી અને સેક્શન ઓફિસર, મધ્યસ્થ મહેકમ (આરોગ્ય) વિભાગ ધ્વારા પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

અરજદારશ્રીની તા.૦૭/૦૭/૨૦૧૮ની અરજી (આઈ.ડી. નં.૩૨૯) થી માંગવામા આવેલ માહિતી બાબતે આર.ટી.આઈ. ની કલમ ૨(એફ), ૨(જે) હેઠળ અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી રેકર્ડ આધારીત માહિતી પુરી પાડવાની જોગવાઈ છે, જે મુજબ જાહેર માહિતી અધિકારી અને સેક્શન ઓફિસર, મધ્યસ્થ મહેકમ (આરોગ્ય) વિભાગ ધ્વારા ઉકત વિગતે અરજદારશ્રીને માહિતી પુરી પાડવામાં આવેલ છે, આમ અપીલ અરજી અંગે અત્રેથી વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો,ગુજરાત માહિતી આયોગ,કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ,બ્લોક નં.૧,બીજો માળ,નિર્માણ ભવનની પાછળ,સેકટર–૧૦/એ,ગાંધીનગરને દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/
તા. /૦૯/૨૦૧૮

પર્સોનેલ ઓફિસર અને
એપલેટ ઓફીસર,મધ્યસ્થ મહેકમ (આરોગ્ય)
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

RIGHT TO INFORMATION

અપીલ અરજી નં. SMC/PHD/FAP/39/2018. Dt.26/07/2018.
આરોગ્ય વિભાગ.

**અરજદાર :–શ્રી હરેશ જે. મેઘાણી.**
**સામાવાળા:–જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફીસરશ્રી, ફુડ વિભાગ, સુરત મહાનગરપાલિકા.**

અરજદાર મજકુર ધ્વારા તા.૧૪/૦૮/૧૮ ના રોજ અપીલ સત્તાધિકારી, તમામ ઝોન, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરવામાં આવેલ અપીલ અરજી નાયબ આરોગ્ય અધિકારી અને અપીલ અધિકારી,નોર્થ (કતારગામ) ઝોનના પત્ર નં.નોર્થ ઝોન/આર.ટી.આઈ.સેલ/જાવક નં./૧૦૩૮,તા.૦૭/૦૯/૧૮ થી અપીલ અધિકારી અને ડે.કમિશ્નરશ્રી(હે.એન્ડ હો.)ને તબદીલ કરેલ છે, જે અપીલ અરજી ફુડ વિભાગના પત્ર નં.પીએચડી/ફુડ/૨૨૭૧,તા.૧૧/૦૯/૧૮ થી અરજદારશ્રીની તા.૦૬/૦૭/૧૮ ની આર.ટી.આઈ.ની મુળ અરજી (આઈ.ડી.નં.૪૦૬) (૫૦૦/૯૨૧૯) તથા અરજદારશ્રીને પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર વિગેરે તુમારો સામેલ રાખી અત્રેના વિભાગને જરૂરી કાર્યવાહી અર્થે મોકલેલ છે,જે અત્રે તા.૧૨/૦૯/૧૮ ના રોજ પ્રાપ્ત થયેલ છે,જે અપીલ અરજીમાં અરજદારશ્રી ધ્વારા તા.૦૮/૦૬/૧૮ ના રોજ કરવામાં આવેલ આર.ટી.આઈની અરજીના ૩૧ દિવસ થયા છતાં કોઈ જવાબ આપવામાં આવેલ નથી તેમ જણાવી નારાજગી વ્યકત કરેલ છે.

ઉકત અપીલ અરજી સાથે સામેલ કરેલ તુમારોનો અભ્યાસ કરતાં અરજદારશ્રીની તા.૦૬/૦૭/૧૮ ની આર.ટી.આઈ.ની અરજી જાહેર માહિતી અધિકારી અને મુખ્ય આરોગ્ય નિરીક્ષક,નોર્થ ઝોન (કતારગામ) ના પત્ર નં.એન.ઝેડ/આઉટ/૯૭૯,તા.૨૪/૦૮/૧૮ તથા જાહેર માહિતી અધિકારી અને સીનીયર ચીફ સેનેટરી ઈંસ્પેકટર,આરોગ્ય સેનીટેશન,અઠવા ઝોનના પત્ર નં.સા.વે.(અઠવા)/આરટીઆઈ/આ/૧૦૭૩ તા.૩૦/૦૮/૨૦૧૮ થી જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ ઈન્સ્પેકટર, ફુડ વિભાગને તબદીલ કરવામાં આવેલ હતી,અરજદારશ્રીની નમુના "ક" ની અરજીથી કુલ–૧૪ મુદ્દાઓની માંગેલ માહિતી પૈકી ફુડ વિભાગને લાગત મુદ્દા.નં.૫ થી ૧૪ થી વિવિધ માહિતી અનુસંધાને ફુડ વિભાગ ધ્વારા પત્ર જાવક નં.પીએચડી/ફુડ/૨૨૩૮, તા.૦૭/૦૯/૧૮થી અરજદારશ્રીને નીચે જણાવેલ વિગતે પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ હોવાનું જણાય છે.

ઉકત આર.ટી.આઈ.ની અરજી વિગતે જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફીસર ધ્વારા ફુડ વિભાગને લાગત મુદ્દા નં.૫ બાબતે ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ–૨૦૦૬ અન્વયેના લાયસન્સ/રજીસ્ટ્રેશન મેળવવાના હોય છે, મુદ્દા નં.૬ બાબતે ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ–૨૦૦૬ અન્વયેની કામગીરી કરવાની હોય છે, મુદ્દા નં.૭ તથા ૮ બાબતે ઉપલબ્ધ રેકર્ડ મુજબ ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ–૨૦૦૬ હેઠળ કુલ–૭૫ સંસ્થાઓએ રજીસ્ટ્રેશન તેમજ કુલ–૬૦ સંસ્થાઓએ લાયસન્સ મેળવેલ છે જેની નકલો વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે, મુદ્દા નં.૯ બાબતે ઉપલબ્ધ રેકર્ડ મુજબ મલ્ટીપ્લેક્ષ થિયેટરમાં ચાલતા હોય તેવા ખાણી–પીણીના ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ–૨૦૦૬ હેઠળ લાયસન્સ/રજીસ્ટ્રેશન ધરાવતી સંસ્થાઓની માહિતીની નકલ વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે, મુદ્દા નં.૧૦,૧૧ તથા મુદ્દા નં.૧૨ બાબતે ફુડ સેફટી ઓફિસરો ધ્વારા તા.૨૨/૦૫/૨૦૧૮ ના રોજ સુરત શહેર વિસ્તારમાં આવેલ મલ્ટીપ્લેક્ષ(થિયેટરો)માં આવેલ ખાણી પીણીના કેન્ટીનોની ચકાસણી કરીને કરેલ કામગીરીનાં રીપોર્ટની નકલ અરજદારશ્રીને વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે, મુદ્દા નં.૧૩ બાબતે ફુડ વિભાગ ધ્વારા સીલ મારવાની કામગીરી કરવામાં આવતી નથી તથા મુદ્દા નં.૧૪ બાબતે સુરત મહાનગરપાલિકામાં કાર્યરત ફુડ સેફટી ઓફિસરોના નામ અને હોદ્દો તથા કર્મચારી નંબરની માહિતી અરજદારશ્રીને પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે.

અરજદારની મુળ અરજી તેમજ અપીલ અરજી સંદર્ભે કરવામાં આવેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફીસર,ફુડ વિભાગ ધ્વારા અપીલ અરજી પરત્વે કરવામાં આવેલ પુર્તતા ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

આર.ટી.આઈ ની કલમ ૨(એફ),૨(જે) હેઠળ અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી પુરી પાડવાની જોગવાઈ છે તે મુજબ અરજદારશ્રીની તા.૦૬/૦૭/૧૮ની અરજી (આઈ.ડી. નં.૪૦૦(૫૦૦/૯૨૧૯) થી માંગવામા આવેલ માહિતી પરત્વે ઉકત વિગતે જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફીસર, ફુડ વિભાગ ધ્વારા પત્ર નં.પીએચડી/ફુડ/૨૨૩૮, તા.૦૭/૦૯/૨૦૧૮ થી અરજદારશ્રીની અરજીના લાગત મુદ્દાઓ પરત્વે પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ હોવાનું જણાતુ હોય અરજદારશ્રીની અપીલ અરજી પરત્વે અત્રેથી કોઈ વિશેષ કાર્યવાહી કરવાની રહેતી હોવાનું / કોઈ હસ્તક્ષેપ કરવાનું રહેતું હોવાનું કોઈ કારણ જણાતું ન હોય અરજદારશ્રીની અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો, ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦–એ, ગાંધીનગરને દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/આરટીઆઈ/અપીલ/
તા. /૦૯/૨૦૧૮.

**ઈ.ચા.આરોગ્ય અધિકારી અને**
**એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગરપાલિકા.**

# મધ્યસ્થ મહેકમ (આરોગ્ય)

## એપ્રીલ–૨૦૧૮ થી જુન–૨૦૧૮

| અપીલ નં. /વર્ષ | માહિતીનું વિષય વસ્તુ | હુકમ નં.તારીખ |
|---|---|---|
| ૧<br>તા.૩૦/૧/૧૮ | આરટીઆઈ એકટ હેઠળ શ્રી આર.બી.મેંદપરા(એડવોકેટ). ધ્વારા તા.૨૩/૦૧/૧૮ની આરટીઆઈની અરજી (આઈ.ડી.નં.૮૩૯)થી વરાછા વિસ્તારમાં અનેક જગ્યાઓએ પીણીની લારીઓવાળાઓ ખાદ્ય પદાર્થમાં ભેળસેળ કરી જણાતા સાથે ખુલ્લે આમ આરોગ્ય વિષયક ચેડા કરી રહયા હોય આપના ધ્વારા કોઈ પગલા ભરવામાં આવતા ન હોય વર્ષ ૨૦૧૭ દરમ્યાન તમો આવા ભેળસેળ કરનાર વિરૂધ્ધ કરેલ તમામ કાર્યવાહીઓની લેખિત માહિતી તથા નાયબ આરોગ્ય અધિકારી ધ્વારા કરવામાં આવેલ તમામ કાર્યવાહીઓની નકલો વિગેરે માહિતી બાબત. | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૦૯<br>તા.૧૬/૦૪/2018 |
| ૨<br>તા.૧/૦૩/૧૮ | આરટીઆઈ એકટ હેઠળ શ્રી વંદનકુમાર ધીરજભાઈ ભાદાણી ધ્વારા તા.૨૪/૦૧/૧૮ ની (આઈ.ડી.નં.૮૬૨)થી સુરત મહાનગર પાલિકામાં રજીસ્ટર્ડ એવા તમામ ડોકટરો તેમજ જે હોસ્પિટલ ચલાવતા હોય તે હોસ્પિટલની ફોન નંબર સાથેની યાદી આપશો કે જે ચિરંજીવી યોજના હેઠળ લાભાર્થીઓને લાભ આપતા હોય વિગેરે કુલ–૦૩ સહિતની (૧/૧૧/૨૦૦૫ થી આજ દીન) સુધીની પ્રમાણિત નકલોની માહિતીની બાબત. | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૧૭<br>તા.૦૫/૦૫/૧૮ |
| ૩<br>તા.૭/૦૩/૧૮ | આરટીઆઈ એકટ હેઠળ શ્રી અશ્વિન કાંતિલાલ સુખડીયા (એડવોકેટ)ધ્વારા તા.૨૦/૦૧/૨૦૧૮ ની અરજી (આઈ.ડી. નં.૨૨૬૫ )થી BPMC એકટની કઈ કલમ હેઠળ સદર ફુડ ઈન્સ્પેકટર ૧૨ માસનો ભાડા કરાર રજુ કરવા જણાવે છે? વિગેરે સહિત કુલ–૦૪ મુદ્દાઓની માહિતીની બાબત. | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૨૧<br>તા.૨૩/૦૫/૧૮ |
| ૪<br>તા. ૨/૦૪/૧૮ | આરટીઆઈ એકટ હેઠળ શ્રી ભોલાપ્રસાદ એસ. પાંડે ધ્વારા તા.૧૫/૦૩/૧૮ ની અરજી(આઈ.ડી.નં.૪૪૨) થી ડિંડોલી વિસ્તારમાં સુરત મહાનગરપાલિકા ધ્વારા જાન્યુઆરી ૨૦૧૭ થી જાન્યુઆરી ૨૦૧૮ દરમ્યાન કુલ કેટલી ગાય પકડી પાડી છે અને કોના આદેશો ધ્વારા છોડેલ છે અને કેટલી ગાય છોડવાની બાકી છે તેની લેખિતમાં જાણકારી આપવાના વિગેરે કુલ–૧૦ મુદ્દાઓની માહિતી બાબત. | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૨૮<br>તા.૧૯/06/2018 |
| ૫<br>તા.૨/ ૦૪/૧૮ | આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ કે. જાંગીડ ધ્વારા તા.૧૬/૦૨/૨૦૧૮ ની આર.ટી.આઈની અરજી (આઈ.ડી. નં.૨૫૧૪) થી ડે.કમિશ્નર સાહેબની તા.૨૬/૦૫/૧૭ ની મંજુરી મુજબ આપની કચેરીના તા.૨૨/૦૫/૧૭ PHD/SBM/OUTNO.47 ના રીપોર્ટની નકલો વિગેરે કુલ–૦૫ મુદ્દાઓની માહિતી બાબત. | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૩૨<br>તા.૨૫/06/2018 |
| ૬<br>તા.૨/ ૦૪/૧૮ | આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ કે. જાંગીડ ધ્વારા તા.૧૬/૦૨/૨૦૧૮ ની આર.ટી.આઈની અરજી (આઈ.ડી. નં.૨૫૧૨) થી ડે.કમિશ્નરશ્રી (હેલ્થ એન્ડ હોસ્પિટલ) ધ્વારા PHD/SBM/54 તા.૩૦/૦૫/૧૭ ના વર્કઓર્ડરથી ઈજારદાર ઘનશ્યામ એન્જીનીયરીંગ ઈન્ડસ્ટ્રીઝ,અમદાવાદ પાસેથી ૧૦૦૦૦ ડસ્ટબીન ના સેટ ખરીદ કરવામાં આવ્યા બાદ અન્ય ડસ્ટબીન સેટ ખરીદ કરવા અંગેની મંજુરી મેળવવા જુ.મેડીકલ ઓફીસર, આરોગ્ય અધિકારી, ડે. કમિશ્નર(હેલ્થ એન્ડ હોસ્પિટલ) અને મા.કમિશ્નરશ્રીની નોંધવાળા રજુ કરાવેલ "સાદરરજૂ" વાળા રીર્પોટની નકલ વિગેરે કુલ–૦૨ મુદ્દાઓની માહિતી બાબત. | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૩૩<br>તા.25/06/2018 |
| ૭<br>તા.૧૧/૪ /૧૮ | આરટીઆઈ એકટ હેઠળ શ્રી મો.રફીક અબ્દુલ રહેમાન હોટલવાલા ધ્વારા તા.૦૧/૦૩/૨૦૧૮ ની " આર.ટી.આઈ.ની અરજી (આઈ.ડી.નં.૨૬૪૪) થી તા.૨૦/૧૨/૧૭ ના રોજ હમોએ ફુડ લાયસન્સ લેવા માટે અરજી કરેલ હતી,જેનો નોંધણી નં. A-30180218113329847 છે આજદીન તા.૧/૩/૨૦૧૮ સુધી હમોને લાયસન્સ મળેલ નથી.આટલો સમય લેવાનું શું કારણ તેની માહિતી આપવા વિનંતી વિગેરે સહિતની કુલ–૦૩ મુદ્દાઓની માહિતી બાબત. | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૨૯<br>તા.20/06/2018 |

| અપીલ નં. /વર્ષ | માહિતીનું વિષય વસ્તુ | હુકમ નં.તારીખ |
|---|---|---|
| ૮<br>તા.૨/૦૫ /૧૮ | આરટીઆઈ એકટ હેઠળ શ્રી હેમંત એન. દેસાઈ ધ્વારા તા.૧૩/૦૩/૧૮(આઈ.ડી.નં.૨૭૪૪)સુ.મ.પા.ના હદવાળા વિસ્તારોમાં આવતા જીલ્લાઓમાં વિવિધ પ્રકારના ઉધોગો/ કારખાનામાં કરવામાં આવતી પ્રોસેસીગ કે ઉત્પાદક પ્રવૃત્તિ તથા આવા ઉધોગોમાં વાપરવામાં આવતા વિવિધ રસાયણો, બળતણ તમામ પ્રકારના રો–મટીરીયલ્સના વપરાશની ચોકકસ માહિતી ઉપરાંત એકસકલોઝીવ મટીરીયલ્સ/ જલદ રસાયણો વાપરતા કારખાના / ઉધોગોનો અલગ રીતે સંપુર્ણ સ્થળ નિરીક્ષણ તે બાબતે જે કારખાના અને ફેકટરીઓને સર્વે કરવામાં આવ્યો તે તમામની સંપુર્ણ રીપોર્ટની નકલ વિગેરે બાબતની કુલ–૦૩ માહિતી બાબત. | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૩૭<br>તા.05/07/2018 |
| ૯<br>તા.૧૧ /૫/૧૮ | આરટીઆઈ એકટ હેઠળ શ્રી કેતનકુમાર હીરાલાલ દલાલ ધ્વારા તા.૦૬/૦૪/૨૦૧૮ ની" આર.ટી.આઈ.ની અરજી (આઈ.ડી. નં.૬૭)થી તેજશકુમાર ધનસુખલાલ દલાલ ને ત્યાં તા.૦૫/૦૪/૧૮ ના રોજ રેડ પાડી દુધના સેમ્પલો લેવામાં આવ્યા હતા તેમજ હમો અરજદાર ધ્વારા વારંવાર તેજશકુમાર ધનસુખલાલ દલાલ વિરુધ્ધ કેમીકલયુકત દુધના વેચાણ બાબતે ફરિયાદ કરવા છતાં પણ આજદિન સુધી કોઈ જ કાર્યવાહી કરવામાં આવી નથી વિગેરે કુલ–૦૭ મુદ્દાઓની માહિતી બાબત. | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૩૫<br>તા.૨૮/06/2018 |
| ૧૦<br>તા.૮/૦૬ /૧૮ | આરટીઆઈ એકટ હેઠળ શ્રી ધનસુખભાઈ મોતીરામ પરમાર ધ્વારા તા.૧૯/૦૩/૧૮ ની અરજી (આઈ.ડી.નં.૨૮૨૫) થી ડભોલીના બ્લોક નં.૧૪૭,૧૪૮ વાળી નવી શરતની જમીન જેમાં અક્ષર ફાર્મ ના નામથી ગાર્ડન રેસ્ટોરેન્ટ,વિશ્વ સ્વાદિષ્ટ અડતાવાળા સુરતમાં સૌ પ્રથમ લાઈવ કેન્ડીના નામથી આઈસ્ક્રીમ પાર્લર તથા **"Multi Cuisine Restaurant"** ના નામથી વ્યવસાય ચાલે છે, જે કોઈ પરવાનગીઓ આપવામાં આવી તેની નકલ વિગેરે બાબતે કુલ–૨ મુદ્દાઓની માહિતી બાબત. | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૩૧<br>તા.25/06/2018 |

મધ્યસ્થ મહેકમ (શાખા)

# સુરત મહાનગરપાલિકા

RIGHT TO INFORMATION

અપીલ અરજી નં.SMC/PHD/FAP/60/2017. Dt.30/01/2017.
મધ્યસ્થ મહેકમ(આરોગ્ય)વિભાગ.

અરજદાર :– શ્રી આર.બી.મેંદપરા(એડવોકેટ).
સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ચીફ ફૂડ સેફટી ઓફિસરશ્રી (ફૂડ વિભાગ) સુરત મહાનગરપાલિકા.

અરજદાર મજકુર ધ્વારા તા.૦૨/૦૧/૨૦૧૮ ના રોજ અપીલ અધિકારીશ્રી,આરોગ્ય અધિકારીશ્રી,સુરત મહાનગરપાલિકા, વરાછા ઝોનને ઉદ્દેશીને કરવામાં આવેલ અપીલ અરજી અપીલ અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારી પૂર્વ ઝોન(વરાછા)ના પત્ર.નં.ઈસ્ટઝોન/આર.ટી.આઈ.સેલ/જાવક નં.૨૨૩૯, તા.૦૪/૦૧/૨૦૧૮ થી અપીલ અધિકારી અને આરોગ્ય અધિકારી,ફુડ વિભાગને તબદીલ કરવામાં આવેલ હતી,જે અરજી ફુડ વિભાગના પત્ર જાવક નં. પીએચડી/ફુડ/૩૨૬૩, તા.૨૩/૦૧/૧૮ થી આર.ટી.આઈ.ની અરજી વિગેરે તુમારો સામેલ રાખી અત્રેના વિભાગને જરૂરી કાર્યવાહી અર્થે મોકલેલ છે, અરજદારની તા.૧૯/૦૯/૨૦૧૭ ની આર.ટી.આઈની અરજી (આઈ.ડી.નં.૮૩૯)પરત્વેની માહિતી નમુના 'ક' ની અરજી કર્યા પછી ત્રીસ દિવસની અંદર કોઈ નિર્ણય મળેલ નથી તથા અરજદારને સલાહ સુચન આપી ગેરકાયદેસરનો જવાબ પાઠવેલ હોય, આર.ટી.આઈ ના કાયદાની જોગવાઈ હેઠળ જાહેર માહિતી અધિકારીને દંડ કરવામાં આવે તેમ જણાવી નારાજ થઈ અપીલ અરજી કરેલ છે.જે અપીલ અરજી અત્રેના વિભાગને તા.૩૦/૦૧/૧૮ ના રોજ પ્રાપ્ત થયેલ છે.

અરજદારની ઉકત અપીલ અરજી સાથે સામેલ તુમારોનો અભ્યાસ કરતાં જાહેર માહિતી અધિકારી અને પર્સોનેલ ઓફિસર(વરાછા ઝોન)ના પત્ર નં.ઈસ્ટ ઝોન/આરટીઆઈ સેલ/જાવક નં./૧૭૫૫,તા.૨૧/૦૯/૧૭ થી અરજદારની અરજીથી માંગેલ માહિતી પૈકી મુદ્દા.નં.૧ માટે ફુડ વિભાગને તબદીલ કરવામાં આવેલ હોવાનું જણાય છે, અરજદારશ્રીની નમુના "ક " ની અરજીથી મુદ્દા.નં.૧ થી વરાછા વિસ્તારમાં અનેક જગ્યાઓએ પીણીની લારીઓવાળાઓ ખાદ્ય પદાર્થમાં ભેળસેળ કરી જણાતા સાથે ખુલ્લે આમ આરોગ્ય વિષયક ચેડા કરી રહયા હોય આપના ધ્વારા કોઈ પગલા ભરવામાં આવતા ન હોય વર્ષ ૨૦૧૭ દરમ્યાન તમો આવા ભેળસેળ કરનાર વિરૂધ્ધ કરેલ તમામ કાર્યવાહીઓની લેખિત માહિતી તથા નાયબ આરોગ્ય અધિકારી ધ્વારા કરવામાં આવેલ તમામ કાર્યવાહીઓની નકલોની માંગણી કરેલ હતી.

ઉકત અરજીના મુદ્દા.નં.૧ અન્વયે જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર ધ્વારા ના પત્ર જાવક નં.પીએચડી/ફુડ/૨૪૯૬, તા.૧૪/૧૧/૧૭ થી "વરાછા ઝોનમાં ફરજ બજાવતાં ફુડ સેફટી ઓફિસરો ધ્વારા ખાદ્ય પદાર્થોનો ધંધો કરતી ખાદ્ય લારીઓનું ચેકીંગ કરવામાં આવે છે,તેમજ આરોગ્યલક્ષી ખામીઓ જણાતાં નોટીસ આપવામાં આવેલ છે, સને ૨૦૧૭ માં કુલ–૭૮ નોટીસો આપવામાં આવેલ હોવાનું જણાય છે" તે મુજબનું પ્રત્યુત્તર અરજદારને સમયમર્યાદા બાદ જાહેર માહિતી અધિકારી ધ્વારા પાઠવવામાં આવેલ હોવાનું જણાય છે. અરજદારશ્રીએ તેઓની નમુના–"ક" ની માહિતી માંગતી મૂળ અરજીથી ભેળસેળ કરનાર વિરૂધ્ધ કરેલ તમામ કાર્યવાહીની લેખીત માહિતી માંગેલ હોય તે પુરતી આપેલ માહિતી ઉચિત જણાય છે,પરંતુ અરજદારશ્રીએ અરજીના ઉત્તરાર્ધમાં નાયબ આરોગ્ય અધિકારી ધ્વારા કરવામાં આવેલ તમામ કાર્યવાહી અંગેની નકલોની માંગણી કરેલ હોય તથા અરજદારશ્રીએ અપીલ કરી નારાજગી વ્યકત કરેલ હોય, માહિતીની નકલની અરજદારશ્રી તરફથી માંગણી થયાનું જણાય છે.

અરજદાર ધ્વારા કરવામાં આવેલ અપીલ અરજી અન્વયે બન્ને પક્ષોની રજુઆત ધ્યાને લેવાના હેતુસર રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા અર્થે અત્રેથી અનુક્રમે પત્ર નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/આઉટ/૮૮, તા.૧૫/૦૨/૧૮ મુજબ તા.૨૩/૦૨/૧૮ ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે,પત્ર નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/આઉટ/૮૯,તા.૦૩/૦૩/૧૮, મુજબ તા.૦૮/૦૩/૧૮ ના રોજ બપોરે ૧૨:૩૦ કલાકે સુનાવણીમાં હાજર રહેવા જણાવેલ હોવા છતાં અરજદાર ઉકત જણાવેલ બન્ને તારીખે હાજર ન રહેતા તથા પત્ર નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/આઉટ/૯૨,તા.૧૫/૦૩/૧૮, મુજબ તા.૨૨/૦૩/૧૮ ના રોજ બપોરે ૧૨:૩૦ કલાકે આરોગ્ય અધિકારી અને એપેલેટ ઓફિસરશ્રી સમક્ષ સુરત મહાનગરપાલિકાની આરોગ્ય ખાતાની મુખ્ય કચેરી,બીજો માળ, મુગલીસરા, સુરત ખાતે રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જણાવેલ, જે સંદર્ભે અરજદારને તા. ૨૨/૦૩/૧૮ ના રોજ બપોરે ૧૨:૧૫ કલાકે સુનાવણીમાં હાજર રહેવા માટે ટેલીફીક જાણ કરતાં તેઓએ જણાવેલ હતું કે,મે અપીલ અરજીમાં લખેલ છે તે મુજબ મારી અરજીથી માંગવામાં આવેલ માહિતી મને મળવી જોઈશે,હુ રૂબરૂ સુનાવણીમાં હાજર રહી શકુ તેમ નથી તેમ જણાવી અરજદાર હાજર રહયા ન હતાં, પરંતુ ઉકત જણાવેલ તમામ દિને ફુડ વિભાગ તરફથી જાહેર માહિતી અધિકારી રૂબરૂ સુનાવણી અર્થે હાજર રહયા હતા.

અરજદારની મુળ અરજી, તેમજ અપીલ અરજી ધ્વારા ઉપસ્થિત કરેલ રજુઆત ધ્યાને લઈ અરજદારની તા.૧૯/૦૯/૨૦૧૭ ની અરજીથી માંગવામાં આવેલ માહિતીનાં મુદ્દા પૈકી ફુડ વિભાગને લાગત માહિતી પુરી પાડવામાં આવેલ માહિતી અન્વયે નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

**<u>–:: હુકમ ::–</u>**

અરજદારની તા.૧૯/૦૯/૨૦૧૭ ની અરજીથી માંગવામા આવેલ માહિતી અન્વયે ઉપરોકત વિગતે જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર,ફુડ વિભાગ ધ્વારા તેઓને લાગત માહિતી જાવક નં.પીએચડી/ફુડ/૨૪૯૬,તા.૧૮/૦૪/૨૦૧૭ મુજબ અરજદારને " આરટીઆઈની અરજીના મુદ્દા.નં.૧ પરત્વેની અત્રેના ઉપલબ્ધ રેકર્ડ મુજબ વરાછા ઝોનમાં ફરજ બજાવતાં ફુડ સેફટી ઓફિસર ધ્વારા ખાદ્ય પદાર્થોનો ધંધો કરતી ખાદ્ય લારીઓનું ચેકીંગ કરવામાં આવે છે તેમજ આરોગ્યલક્ષી ખામીઓ જણાતાં નોટીસ આપવામાં આવે છે સને–૨૦૧૭ માં કુલ–૭૮ નોટીસ આપવામાં આવેલ છે" તે મુજબનું પ્રત્યુત્તર અરજદારને પાઠવવામાં આવેલ હોવાનું જણાય છે,જે અન્વયે ઉકત વિગતે માહિતીની ઉપલબ્ધ રેકર્ડ આધારીત નકલો આર.ટી.આઈ એકટની કલમ–૭(૬) અન્વયે અત્રેની કચેરીની જાણ હેઠળ આ હુકમ મળ્યેથી દિન–૦૫ માં અરજદારને વિનામુલ્યે માહિતી પુરી પાડવા/પ્રત્યુત્તર પાઠવવા જાહેર માહિતી અધિકારી અને ચીફ ફૂડ સેફટી ઓફિસર, ફૂડ વિભાગને જણાવવામાં આવે છે.

વધુમાં અરજદાર ધ્વારા દંડનીય કાર્યવાહી બાબત આરટીઆઈ એકટ કલમ–૨૦ હેઠળ રાજય માહિતી આયોગને હોય તે અંગે અત્રેથી કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી. વધુમાં ભવિષ્યમાં આરટીઆઈ એકટ હેઠળની અરજીનો નિયત સમય મર્યાદામાં નિકાલ કરવા જાહેર માહિતી અધિકારી અને ચીફ ફૂડ સેફટી ઓફિસરશ્રી (ફૂડ વિભાગ) વિભાગને તાકીદ કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો,ગુજરાત માહિતી આયોગ,કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ,બ્લોક નં.૧,બીજો માળ,નિર્માણ ભવનની પાછળ,સેકટર–૧૦–એ,ગાંધીનગરને દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/આઉટ/
તા. /૦૪/૨૦૧૮

આરોગ્ય અધિકારીશ્રી અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

**અપીલ અરજી નં.SMC/PHD/FAP/63/1/2018. Dt.01/03/2018.**
**મધ્યસ્થ મહેકમ (આરોગ્ય )વિભાગ.**

**અરજદાર :–** શ્રી વંદનકુમાર ધીરજભાઈ ભાદાણી.
**સામાવાળાઃ–** જાહેર માહિતી અધિકારી અને રેસી.મેડીકલ ઓફિસર,લેડી.મેડીકલ ઓફિસર,જુની.મેડીકલ ઓફિસર,મેડીકલ ઓફિસરશ્રી,કતારગામ તથા વરાછા ઝોનના સમાવિષ્ટ અર્બન હેલ્થ સેન્ટર અને મેટ.હોમ,સુરત મહાનગરપાલિકા.

અરજદાર મજકુર ધ્વારા તા.૨૭/૦૨/૧૮ના રોજ પ્રથમ અપીલ અધિકારીશ્રી, ડે.કમિશ્નરશ્રી, આરોગ્ય વિભાગ, મુગલીસરા, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરવામાં આવેલ અપીલ અરજી જાહેર માહિતી અધિકારી,નાગરીક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોનના પત્ર.નં.સીસીસી/સે.ઝોન/ આઉટ/૨૯૦, તા.૨૭/૦૨/૨૦૧૮થી મોકલવામાં આવેલ,જે અરજી આરોગ્ય વિભાગને તા.૨૮/૦૨/૧૮ નાં રોજ પ્રાપ્ત થયેલ છે. જેમાં અરજદારની તા.૨૪/૦૧/૨૦૧૮ ની આરટીઆઈની અરજી પરત્વેની પ્રશ્ન–૨ માં પુરી પાડવામાં આવેલ માહિતી અધુરી છે તથા પ્રશ્ન–૩ ના પ્રત્યુત્તરમાં કોઈ જ જવાબ મળેલ નથી તેમજ જાહેર માહિતી અધિકારી ધ્વારા મને નિયત ત્રીસ દિવસમાં પૂરી માહિતી મળેલ નથી તેમ હોવાનું જણાવી નારાજગી દર્શાવવામાં આવેલ છે.

ઉકત વિગતે અરજદારશ્રીની તા.૨૪/૦૧/૧૮ ની (આઈ.ડી.નં.૮૬૨)ની આરટીઆઈની અરજીથી (૧) સુરત મહાનગરપાલિકામાં રજીસ્ટર્ડ એવા તમામ ડોકટરો તેમજ જે હોસ્પિટલ ચલાવતા હોય તે હોસ્પિટલની ફોન નંબર સાથેની યાદી આપશો કે જે ચિરંજીવી યોજના હેઠળ લાભાર્થીઓને લાભ આપતા હોય (૨) સુરત કતારગામ ઝોન, વરાછા ઝોન વિસ્તારમાં અત્યારસુધી કેટલા લાભાર્થીઓએ ચિરંજીવી યોજનાનો લાભ લીધો છે, તેનું નામ, બીલ, ફોન નંબર, જ્ઞાતિ, જાતી, લાભ માટે રજુ કરાયેલા પ્રુફનો પ્રકાર અને નંબર, એડ્રેસ, પ્રમોટરના નામ સાથેની યાદી આપશો.(૩) કતારગામ ઝોનમાં આવેલ તમામ હોસ્પીટલનો લીફ્ટ, ફાયર સેફ્ટી દફ્ફ, તપાસ અધિકારીના પત્ર વ્યવહાર અને જીલ્લા ૧ વર્ષની મુલાકાત રીપોર્ટ, નોટીસ, સોગંદનામાની નકલો વિગેરે બાબતની કુલ–૦૩ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ હતી, જે અપીલ અરજી પરત્વે અત્રેથી સંબંધિત હેલ્થ સેન્ટરો પાસે પુર્તતા મંગાવવામાં આવેલ તથા અરજદારની અપીલ અરજીથી દર્શાવેલ નારાજગી સંદર્ભે બન્ને પક્ષોની રજુઆત ધ્યાને લેવાના હેતુસર રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા અર્થે અત્રેની કચેરીએથી પત્ર નં.જીએડી/ ઈએસટી/પીએચ/અપીલ/૦૭, તા.૧૨/૦૪/૧૮ મુજબ તા.૧૯/૦૪/૧૮ ના રોજ સાંજે ૪:૦૦ કલાકે હાજર રહેવા જણાવવામાં આવેલ,તે મુજબ ઉકત દિને અરજદારશ્રી તથા કતારગામ ઝોન અને વરાછા ઝોનના કાર્યક્ષેત્રમાં આવતા અર્બન હેલ્થ સેન્ટરો તેમજ અર્બન હેલ્થ સેન્ટર અને મેટ.હોમના જાહેર માહિતી અધિકારીઓ તેમજ સદર માહિતી શહેરી કટુંબ કલ્યાણ બ્યુરોની કચેરીના કાર્યો સાથે વધુ નિકટતાથી સંકળાયેલ હોય તે મુજબ જાહેર માહિતી અધિકારી અને શહેરી કટુંબ કલ્યાણ બ્યુરોને પણ હાજર રહેવા જણાવેલ હતું,જે અનુસંધાને જાહેર માહિતી અધિકારી વતી તેઓના પ્રતિનિધી શ્રી પ્રકાશભાઈ રૂબરૂ સુનાવણી અર્થે હાજર રહયા હતા.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તથા રૂબરૂ સુનાવણી સમયે હાજર રહી અરજદારશ્રી ધ્વારા કરેલ રજુઆત તથા સંબંધિત અર્બન હેલ્થ સેન્ટર અને મેટ.હોમ તથા અર્બન હેલ્થ સેન્ટરના જાહેર માહિતી અધિકારીઓ ધ્વારા પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર તથા રૂબરૂ સુનાવણીમાં હાજર રહી કરેલ રજુઆત તથા શહેરી કટુંબ કલ્યાણ બ્યુરોના જાહેર માહિતી અધિકારીના પ્રતિનિધી ધ્વારા રૂબરૂ સુનાવણી સમયે કરેલ રજુઆત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

**<u>પ્રસ્તુત કિસ્સામાં એપેલેટ ઓફિસરશ્રીનું નિરીક્ષણ નીચે મુજબ છે.</u>**

(૧) અરજદારશ્રીની માહિતી માંગતી અરજીમાં જણાવેલ વિગતનો અભ્યાસ કરતા ખરેખર સદર માહિતી જાહેર માહિતી અધિકારીશ્રી, શહેરી કટુંબ કલ્યાણ બ્યુરોની કચેરીના કાર્યો સાથે વધુ નિકટતાથી સંકળાયેલ જણાતી હોય સંબંધિત જાહેર માહિતી અધિકારીશ્રીઓએ આર.ટી.આઈ. એકટના નિયમ–૪(૨) મુજબ અરજદારશ્રીની જાણ હેઠળ સંપુર્ણ/આંશિક તબદીલ કરવાની રહેતી હતી, જે પ્રસ્તુત કિસ્સામાં થયેલ હોવાનું જણાતું નથી.

(૨) અરજદારશ્રીએ લાભાર્થીઓની માંગેલ વિવિધ માહિતી પૈકી ફોન નંબર, જ્ઞાતિ, જાતિ વિગેરે બાબત વ્યકિતના અંગત જીવનને લગતી હોય તથા કોઈ વ્યકિતના અંગત જીવનમાં બીનજરૂરી દખલ થાય તેવી અંગત જાણકારીને લગતી માહિતી હોય આર.ટી.આઈ. એકટની કલમ–૮(૧)(ઠ) મુજબ પ્રગટ કરવી વિશાળ જાહેર હિતમાં યોગ્ય નથી તેવી સંબંધિત જાહેર માહિતી અધિકારીશ્રીઓ ધ્વારા રૂબરૂ સુનાવણી સમયે કરવામાં આવેલ મૌખિક રજુઆતથી અપીલ અધિકારી સંમત થાય છે તથા તેવી માહિતી પુરી પાડવા અત્રેથી કોઈ આદેશ કરવામાં આવતો નથી.

(૩) અરજદારશ્રી ધ્વારા ઉકત વિગતે માહિતી અધિકાર અધિનિયમ હેઠળ માંગવામાં આવેલ માહિતી શહેરી કટુંબ કલ્યાણ બ્યુરો, નાનપુરા, સુરત સ્થિત કચેરી ખાતે રેકર્ડ ઉપર ઉપલબ્ધ હોવાનું જણાતુ હોય આર.ટી.આઈ. એકટનો હાર્દ, હેતુ ધ્યાને લેતા, અરજદારશ્રીને માહિતી મેળવવામાં અનુકુળતા રહે અને એક જ જગ્યાએથી માહિતી મળી રહે વિગેરે ધ્યાને રાખી સદર હુકમ મળ્યેથી દિન–૫ માં અ.નં.(૨) માં જણાવેલ સિવાયની પુરી પાડવા જોગ માહિતી જાહેર માહિતી અધિકારીશ્રી, શહેરી કટુંબ કલ્યાણ બ્યુરોને અરજદારશ્રીને રૂબરૂ બોલાવી વિના મુલ્યે રેકર્ડ તપાસણી આપી જરૂરીયાત મુજબની નકલો આર.ટી.આઈ એકટની વિવિધ જોગવાઈઓ ધ્યાને રાખી અત્રેની કચેરીની જાણ હેઠળ અરજદારને વિના મુલ્યે માહિતી પુરી પાડવા હુકમ કરવામાં આવે છે.

વધુમાં ઉપરોકત હુકમ વિવિધ જાહેર માહિતી અધિકારીશ્રીઓ પાસે માહિતી મેળવીને કરવામાં આવેલ હોય તથા એક જ જગ્યાએથી તમામ માહિતી મળી શકે તેમ ન હોય વિગેરે બાબતો ધ્યાને લેતા સમયમર્યાદામાં થઈ શકેલ નથી, પરંતુ અરજદારશ્રીને એક જ જગ્યાએથી માહિતી મળી રહે તે માટે ઉકત વિગતે અન્ય સત્તા મંડળને આદેશ આપવામાં આવેલ હોય થયેલ વિલંબ ક્ષમ્ય ગણશો.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો,ગુજરાત માહિતી આયોગ,કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ,બ્લોક નં.૧,બીજો માળ,નિર્માણ ભવનની પાછળ,સેકટર–૧૦/એ,ગાંધીનગરને દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/
તા. /૦૪/૨૦૧૮

આરોગ્ય અધિકારી અને
ઈ.ચા.ડે.કમિશ્નર(હે. અને હો.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

RIGHT TO INFORMATION

અપીલ અરજી નં.SMC/PHD/FAP/65/2017-18. Dt.07/03/2018.
મધ્યસ્થ મહેકમ (આરોગ્ય)વિભાગ.

**અરજદાર :– શ્રી અશ્વિન કાંતિલાલ સુખડીયા (એડવોકેટ)**

**સામાવાળા:– જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફીસરશ્રી, ફુડ વિભાગ, સુરત મહાનગરપાલિકા.**

(૧) અરજદાર મજકુર ધ્વારા તા.૨૬/૦૨/૨૦૧૮ ના રોજ અપીલ અધિકારીશ્રી, આરોગ્ય અધિકારીશ્રી, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને "તા.૨૦/૦૧/૧૮ નાં રોજની ફુડ વિભાગની માહિતી માંગતી અરજીનાં સંદર્ભે ચીફ ફુડ સેફટી ઓફિસરશ્રીના પત્રક્રમાંક : ફુડ/૩૫૩૭, તા.૧૫/૧૬–૦૨–૧૮ (આઈ.ડી.નં.૨૨૬૫, તા.૨૦/૦૧/૧૮)" વિષય પરત્વેની કરવામાં આવેલ અપીલ અરજી જાહેર માહિતી અધિકારી, નાગરિક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોનના પત્ર નં.સીસીસી/સેન્ટ્રલ ઝોન/આઉટ/૨૮૯, તા.૨૭/૦૨/૨૦૧૮ થી તબદીલ કરવામાં આવેલ, જે અરજી ફુડ વિભાગ ધ્વારા તા.૦૭/૦૩/૨૦૧૮ના રોજ અત્રેની કચેરીને મોકલવામાં આવેલ હતી. અરજદારની અપીલ અરજીથી જણાવેલ વિગતે (૧) લીવ એન્ડ લાયસન્સનો કરાર ૧૧ માસનો માન્ય રાખતા નથી, ૧૨ માસનો કરાર જ રજુ કરવા જણાવેલ છે, જે કયા કાયદાની કલમ હેઠળ છે તે જણાવ્યુ નથી (૨) ચીફ ફુડ સેફટી ઓફિસર, સુરત મહાનગરપાલિકાએ તા.૦૧/૦૬/૨૦૧૭ થી તા.૩૧/૧૨/૧૭ સુધીમાં કુલ કેટલી ફુડ લાયસન્સ અરજી આવી, કેટલી અરજીનો નિકાલ થયો જે જણાવ્યુ નથી, માહિતી નંબર–૩ અધુરી અને અસ્પષ્ટ છે (૩) ૧૧ માસનો લીવ એન્ડ લાયસન્સ રજુ કરેલ હોઈ તેવી સંસ્થાઓને લાયસન્સ ન આપ્યાની વિગત જણાવેલ નથી (૪) જે વેપારીઓએ ફુડ લાયસન્સની અરજી કરેલી હોય અને તેવા અરજદારના તૈયાર લાયસન્સ લઈ ગયા ન હોય તેવા અરજદારની વિગતો આપેલ નથી, તેમ જણાવી ફુડ વિભાગના જવાબથી નારાજગી વ્યકત કરેલ હોવાનું જણાય છે.

(૨)ઉકત અપીલ અરજી સાથે ફુડ વિભાગ ધ્વારા સામેલ તુમારોનો અભ્યાસ કરતાં અરજદારશ્રી ધ્વારા તા.૨૦/૦૧/૨૦૧૮થી ડે.કમિશનરશ્રી (હેલ્થ) અને આરોગ્ય અધિકારીશ્રી, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરેલ અરજી એકઝીકયુટીવ આસી. અને જાહેર માહિતી અધિકારી, નાગરીક સુવિધા કેન્દ્ર, મુગલીસરાના પત્ર નં.સીસીસી/ સીઝેડ/આર.ટી.આઈ/આઉટ/૨૨૬૫, તા.૨૨/૦૧/૧૮થી ફુડ ઈન્સ્પેકટર અને જાહેર માહિતી અધિકારી, ફુડ વિભાગને તબદીલ કરવામાં આવેલ હતી, જે અરજી ફુડ વિભાગ ખાતે તા.૨૩/૦૧/૧૮નાં રોજ નોંધાયેલ હોવાનું જણાય છે. અરજદારની નમુના "ક" ની અરજીથી (૧) BPMC એકટની કઈ કલમ હેઠળ સદર ફુડ ઈન્સ્પેકટર ૧૨ માસનો ભાડા કરાર રજુ કરવા જણાવે છે? (૨) આવા ૧૧ માસનો લીવ એન્ડ લાયસન્સનો કરાર રજુ કર્યા પછી તેમને લાયસન્સ ન આપેલની વિગતો, અરજદારોની માહિતી પણ જણાવવા વિનંતી છે, જેથી આગળની કાનૂની કાર્યવાહી થઈ શકે (૩) જે વેપારીઓએ ફુડ લાયસન્સ માટે અરજી કરેલી છે અને જેઓના લાયસન્સ તૈયાર થયા હોય, તેઓના લાયસન્સ પણ અરજદારને મળ્યા નથી, અરજદારના ફોર્મ ઉપર અરજદારનો મોબાઈલ નંબર લખેલો હોય છે તેમને બોલાવીને અરજદારને લાયસન્સ મળી જાય તેવી વ્યવસ્થા કરવા વિનંતી. વધુમાં તા.૦૧/૦૬/૧૭ થી તા.૩૧/૧૨/૧૭ સુધીમાં અઠવા–વેસુ વોર્ડમાં (ઝોનમાં) કુલ કેટલી ફુડ લાયસન્સની અરજી આવી, કેટલી અરજીનો નીકાલ થયો તેમજ અધુરી વિગતવાળી અરજીના કેટલા અરજદારોને પુરાવા રજુ કરવા પત્ર લખ્યો તે જણાવવા વિનંતી (૪) ફુડ લાયસન્સની અરજીનો કેટલા દિવસમાં નિકાલ કરવામાં આવે છે, જે ખાસ જણાવવા વિનંતી વિગેરે કુલ–૦૪ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ હતી. અરજદારશ્રીની ઉકત અરજી પરત્વે ફુડ વિભાગને લાગત મુદ્દાઓ પરત્વેની માહિતી જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ ઈન્સ્પેકટર (ફુડ વિભાગ) ના પત્ર નં. પીએચડી/ફુડ/૩૫૩૭, તા.૧૫–૧૬/૦૨/૧૮ થી અરજદારને સમયમર્યાદામાં મુદ્દા નં.૧ ફુડ લાયસન્સ બી.પી.એમ.સી.એકટ હેઠળ આપવામાં આવતા નથી. મુદ્દા નં.૨ અત્રેના ઉપલબ્ધ રેકર્ડ મુજબ હાલમાં આવી એક અરજી પેન્ડીંગ છે. મુદ્દા નં.૩ અત્રેના ઉપલબ્ધ રેકર્ડ મુજબ અત્રેથી ૧૮ સંસ્થાઓને પત્રથી જાણ કરેલ છે. મુદ્દા નં.૪ FSSAI-2006 ની કલમ 2.1 1 (4) ની શરતો મુજબ રજી. અરજી ૩૦ દિવસમાં અને કલમ 2.1.1(1)ની શરતો મુજબ લાયસન્સ ૬૦ દિવસમાં આપવામાં આવે છે તે મુજબનો પ્રત્યુત્તર અરજદારને પાઠવેલ હોવાનું જણાય છે.

(૩) અપીલ અરજી પરત્વેની અરજદારે દર્શાવેલ નારાજગી સંદર્ભે બન્ને પક્ષોની રજુઆત ધ્યાને લેવાના હેતુસર રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા અર્થે અત્રેની કચેરીના પત્ર નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૯૪, તા.૨૧/૦૩/૧૮ મુજબ તા.૨૭/૦૩/૧૮ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે આરોગ્ય અધિકારી અને એપેલેટ ઓફિસર, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત ખાતેની કચેરીમાં હાજર રહેવા જણાવવામાં આવેલ, તે મુજબ ઉકત દિને અરજદાર તથા ફુડ વિભાગ તરફથી જાહેર માહિતી અધિકારી રૂબરૂ સુનાવણી અર્થે હાજર રહયા હતા.

(૪) અરજદારની મુળ અરજી, અપીલ અરજી સંદર્ભે રૂબરૂ સુનાવણી સમયે હાજર રહી અરજદાર ધ્વારા આર.ટી.આઈ.ની અરજી અન્વયે જે માહિતી પુરી પાડવામાં આવેલ નથી, જે માહિતી પુરી પાડવામાં આવે તેવી રજુઆત કરવામાં આવેલ છે, જયારે જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફીસર, ફુડ વિભાગ ધ્વારા અરજદારને પુરી પાડવાની થતી માહિતી બાબતે ઉકત પેરા–(૨) ની વિગતે સમયમર્યાદામાં પ્રત્યુત્તર પાઠવેલ હોવાનું જણાવી હાલ ફુડ વિભાગ સ્થિત રાખવામાં આવેલ તમામ રેકર્ડ બળી ગયેલ હોય વધુ કોઈ માહિતી પુરી પાડી શકાય તેમ ન હોવાનું તથા તેના સમર્થનમાં આધાર/પુરાવા રૂબરૂ સુનાવણી સમયે રજુ કરેલ, જે તમામ હકીકતો ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

## –:: હુકમ ::–

અરજદારશ્રીની આર.ટી.આઈ.એકટ હેઠળની માહિતી માંગતી અરજી સબબ જાહેર માહિતી અધિકારી, ફુડ વિભાગ ધ્વારા પાઠવવામાં આવેલ પ્રત્યુત્તરનો અભ્યાસ કરતા જાહેર માહિતી અધિકારીએ સમયમર્યાદામાં અરજદારને પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ હોવાનું જણાય છે.

અરજદારની અરજીના ઉકત મુદ્દા નં.૧ અને ૪ બાબતે જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારને પાઠવેલ પ્રત્યુત્તર બાબતે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી હોવાનું જણાતું નથી, જયારે મુદ્દા.નં. ૨ પરત્વે ૧૧ માસનો લીવ એન્ડ લાયસન્સનો

કરાર રજુ કર્યા પછી તેઓને લાયસન્સ ન આપવામાં આવેલ હોવાની વિગતો, અરજદારની માહિતી સંદર્ભે પાઠવેલ પ્રત્યુત્તરમાં એક અરજી પેન્ડીંગ હોવાનું જણાવેલ છે, પરંતુ અરજદારની માહિતી દર્શાવવામાં આવેલ હોવાનું જણાતું નથી.

તેજ પ્રમાણે મુદ્દા નં.૩ બાબતે માંગેલ માહિતી સબબ ઉપલબ્ધ રેકર્ડ મુજબ ૧૮ સંસ્થાઓને પત્રથી જાણ કરેલ હોવાનું જણાવેલ છે, પરંતુ માંગેલ સમયગાળા દરમ્યાન અઠવા–વેસુ વોર્ડમાં ફુડ લાયસન્સની કેટલી અરજી આવી, કેટલી અરજીનો નિકાલ થયો તે અંગેની માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાતું નથી, જે માહિતી પુરી પાડવાની રહે, પરંતુ ઉકત વિગતે અપીલ અરજીની રૂબરૂ સુનાવણી સમયે જાહેર માહિતી અધિકારી ધ્વારા તેઓની દિલ્હીગેટ સ્થિત આવેલ ફુડ વિભાગની કચેરી ખાતે શોટ સરકીટના કારણે આગ લાગેલ હોય જેથી કચેરી ખાતે રાખવામાં આવેલ તમામ રેકર્ડ નાશ પામેલ હોવાનું જણાવેલ છે. આમ આ બાબતે વિશેષ કોઈ હુકમ થઈ શકે તેમ ન હોય અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે તથા જાહેર માહિતી અધિકારી, ફુડ વિભાગને ભવિષ્યમાં પુરતી કાળજી રાખી માંગ્યા મુજબની વિગતેની તમામ માહિતી સમયમર્યાદામાં પુરી પાડવા/પ્રત્યુત્તર પાઠવવા તાકીદ કરવામાં આવે છે,વધુમાં સદર અપીલ અરજીનો નિકાલ કરવામાં થયેલ વિલંબ ક્ષમ્ય ગણશો.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો,ગુજરાત માહિતી આયોગ,કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ,સેકટર–૧૦– એ,ગાંધીનગરને દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/આરટીઆઈ/અપીલ/
તા. /૦૫/૨૦૧૮.

આરોગ્ય અધિકારી અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

મધ્યસ્થ મહેકમ (આરોગ્ય)

# સુરત મહાનગરપાલિકા

**અપીલ અરજી નં.SMC/PHD/FAP/03/2018-19. Dt.02/04/2018.**
**આરોગ્ય વિભાગ.**

અરજદાર :–શ્રી ભોલાપ્રસાદ એસ. પાંડે.
સામાવાળાઃ– જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી,માર્કેટ વિભાગ,સુરત મહાનગરપાલિકા.

અરજદાર મજકુર ધ્વારા તા.૨૮/૦૩/૨૦૧૮ના રોજ અપીલ અધિકારીશ્રી, હેલ્થ અને હોસ્પિટલ,મુગલીસરા, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરવામાં આવેલ અપીલ અરજી આરોગ્ય વિભાગના ઈનવર્ડ નં.પીએચડી/ઈન/૯૨૨૯, તા.૨૮/૦૩/૧૮થી મધ્યસ્થ મહેકમ(આરોગ્ય)વિભાગ પ્રતિ તા.૨૮/૦૩/૧૮ ની આર.ટી.આઈની અરજી, અરજદારને પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર વિગેરે તુમારો સામેલ રાખી જરૂરી કાર્યવાહી અર્થે મોકલેલ હતી, જે અરજી અત્રેની કચેરીને તા.૦૨/૦૪/૨૦૧૮ ના રોજ પ્રાપ્ત થયેલ હતી. અરજદારની અપીલ અરજીથી જણાવેલ વિગતે અરજદારશ્રીની તા.૧૫/૦૩/૧૮ ની આર.ટી.આઈ.ની અરજી બાબતે નમુના 'ક' ની અરજી કર્યા પછી માર્કેટ વિભાગ ધ્વારા પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર થી અસંતોષ–નારાજગી વ્યકત કરેલ છે.

અરજદારશ્રી ભોલાપ્રસાદ એસ.પાંડેની આર.ટી.આઈ એકટ–૨૦૦૫ હેઠળની તા.૧૫/૦૩/૧૮ ની અરજી જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક, મધ્યસ્થ કચેરી સુરતના પત્ર નં.સી./આરટીઆઈ/૪૪૨, તા.૧૯/૦૩/૨૦૧૮ થી એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટ અને જાહેર માહિતી અધિકારીશ્રી, માર્કેટ વિભાગને તબદીલ કરવામાં આવેલ હતી, સદર અરજીથી ૧) ડિંડોલી વિસ્તારમાં સુરત મહાનગરપાલિકા ધ્વારા જાન્યુઆરી ૨૦૧૭ થી જાન્યુઆરી ૨૦૧૮ દરમ્યાન કુલ કેટલી ગાય પકડી પાડી છે અને કોના આદેશો ધ્વારા છોડેલ છે અને કેટલી ગાય છોડવાની બાકી છે તેની લેખિતમાં જાણકારી આપવાના સંબધમાં વિગેરે કુલ–૧૦ મુદ્દાઓની માહિતી માંગેલ હતી, જે અરજીના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટ,માર્કેટ વિભાગ ધ્વારા તા.૨૬/૦૩/૧૮ ના રોજ પત્ર નં.પીએચડી/માર્કેટ/૨૨૬૦ થી સમયમર્યાદામાં અરજદારશ્રીને પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ છે, જે અનુસંધાને અરજદારશ્રી ધ્વારા '' તા.૧૫/૦૩/૧૮ ના રોજ કરવામાં આવેલ આર.ટી.આઈ.ની અરજીથી માહિતી માંગેલ હતી, જેમાં જાહેર માહિતી અધિકારીએ સત્તાનો દુરપયોગ કરીને સાચી માહિતી ન આપેલ '' હોવાનું જણાવી નારાજ થઈ અરજદારશ્રી ધ્વારા તા.૨૬/૦૩/૧૮ ના રોજ અપીલ અધિકારીશ્રી, સુરત મહાનગર પાલિકાને ઉદ્દેશીને અપીલ અરજી કરેલ છે.

અરજદારશ્રીની ઉકત અરજીના અનુસંધાને પુરી પાડવામાં આવેલ માહિતી પરત્વેની નારાજગી સંદર્ભે પુર્તતા રીપોર્ટ કે આપવા જોગ પુરક માહિતી અથવા અન્ય કોઈ રજુઆત હોય તો તે દિન–૩ માં અત્રેની કચેરીને મોકલી આપવા મધ્યસ્થ મહેકમ (આરોગ્ય) વિભાગ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/ પીએચ/અપીલ/૦૫,તા.૦૭/૦૪/૨૦૧૮ થી જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટ(માર્કેટ) વિભાગ પ્રતિ જણાવવામાં આવેલ હતું, જે અન્વયે માર્કેટ વિભાગ ધ્વારા પત્ર.નં.પીએચડી/માર્કેટ/૯૪, તા.૧૩/૦૬/૧૮ થી અપીલ અરજી પરત્વે પુર્તતા રીપોર્ટ રજુ કરી જણાવેલ છે કે, અરજદાર મજકુરને માર્કેટ વિભાગ ધ્વારા માહિતી સમયમર્યાદામાં પુરી પાડવામાં આવેલ હોવાનું જણાવેલ છે, અરજદારશ્રીની અપીલ અરજી પરત્વેની નારાજગી સંદર્ભે બન્ને પક્ષોની રજુઆત ધ્યાને લેવાના હેતુસર રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા અર્થે મધ્યસ્થ મહેકમ વિભાગના પત્ર નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/આઉટ/૧૦, તા.૨૦/૦૪/૧૮ મુજબ તા.૨૭/૦૪/૧૮ ના રોજ બપોરે ૧૨ઃ૦૦ કલાકે આરોગ્ય અધિકારી અને ઈ.ચા.ડે.કમિશ્નર(હેલ્થ અને હોસ્પીટલ) અને એપેલેટ ઓફિસર, સુરત મહાનગરપાલિકાના આરોગ્ય ખાતાની મુગલીસરા, સુરત ખાતેની કચેરીમાં હાજર રહેવા જણાવવામાં આવેલું હતું,પરંતુ ઉકત દિને અપીલ અધિકારી ઓફિસ કામ અર્થે ગાંધીનગર ગયેલ હોવાથી સુનાવણી થઈ શકેલ ન હોય ફરીથી સુનાવણી માટે અત્રેથી પત્ર નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/આઉટ/૧૯, તા.૦૫/૦૫/૧૮ મુજબ તા.૧૮/૦૫/૧૮ ના રોજ બપોરે ૧૨ઃ૩૦ કલાકે ઉકત સ્થળે રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા જણાવેલ હતું,પરંતુ સદર દિને પણ અપીલ અધિકારી અંગત કારણોસર ઓફિસે હાજર રહી શકયા ન હોવાથી સુનાવણી થઈ શકેલ ન હતી, જે અંગે ઉકત બન્ને વખતે આગોતરા ટેલીફોનીક જાણ અરજદાર મજકુરને અત્રેથી કરવામાં આવેલ હતી, ત્યાર બાદ ફરીથી અત્રેથી પત્ર નં.જીએડી/ઈએસટી/પીએચ/ અપીલ/આઉટ/૨૪, તા.૨૩/૦૫/૧૮ મુજબ તા.૩૧/૦૫/૧૮ના રોજ બપોરે ૧૨ઃ૩૦ કલાકે અરજદારશ્રીને હાજર રહેવા જણાવવામાં આવેલ હતું તે મુજબ અરજદારશ્રી તથા માર્કેટ વિભાગના જાહેર માહિતી અધિકારી વતી તેઓના પ્રતિનિધીશ્રી સંજય જે. શાહ રૂબરૂ સુનાવણી અર્થે એપેલેટ ઓફિસર સમક્ષ હાજર રહયા હતા.

અરજદારશ્રીની મુળ અરજી,અપીલ અરજી સંદર્ભે રૂબરૂ સુનાવણી સમયે હાજર રહી અરજદારશ્રી ધ્વારા કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટ માર્કેટ વિભાગ ધ્વારા પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર તથા રૂબરૂ સુનાવણીમાં હાજર રહી કરેલ રજુઆત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

અરજદારશ્રીની તા.૧૫/૦૩/૧૮ ની અરજી(આઈ.ડી.નં.૪૪૨) થી માંગવામા આવેલ માહિતી પરત્વે જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી,માર્કેટ વિભાગ ધ્વારા પુરી પાડવામાં આવેલ મુદ્દા નં.૧ થી ૮ તથા મુદ્દા નં.૧૦ ની માહિતી બાબતે રૂબરૂ સુનાવણી સમયે અરજદારે સંતોષ વ્યકત કરેલ હોય,જે અંગે બીજી વધારાની કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી, જયારે મુદ્દા નં.૦૯ પરત્વેની માંગેલ માહિતી દિન–૩ માં અત્રેની કચેરીની જાણ હેઠળ અરજદારશ્રીને પુરી પાડવા જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી,માર્કેટ વિભાગને હુકમ કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો, ગુજરાત માહિતી આયોગ,કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧,બીજો માળ,નિર્માણ ભવનની પાછળ,સેકટર–૧૦/એ,ગાંધીનગરને દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/આઉટ/
તા. /૦૬/૨૦૧૮

આરોગ્ય અધિકારી અને
ઈ.ચા.ડે.કમિશ્નર(હે.અને હો.)અને
એપલેટ ઓફીસર
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં.SMC/PHD/FAP/01/2018. Dt.02/04/2018.
આરોગ્ય વિભાગ.

**અરજદાર** :– શ્રી રમેશ કે. જાંગીડ.
**સામાવાળાઃ**– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા સોલીડ વેસ્ટ મેનેજરશ્રી,સો.વે.મે. વિભાગ,સુરત મહાનગરપાલિકા.

અરજદાર મજકુર ધ્વારા તા.૨૩/૦૩/૧૮ ના રોજ અપીલ અધિકારી,આરોગ્ય વિભાગ,મધ્યસ્થ કચેરી,સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરવામાં આવેલ અપીલ અરજી જાહેર માહિતી અધિકારી,નાગરીક સુવિધા કેન્દ્ર,સેન્ટ્રલ ઝોનના પત્ર.નં.સીસીસી/સે.ઝોન/આઉટ/૩૨૨, તા.૨૬/૦૩/૨૦૧૮ થી ડે.કમિશ્નરશ્રી,હેલ્થ એન્ડ હોસ્પીટલને ઉદ્દેશીને મોકલવામાં આવેલ અપીલ અરજી સાથે અરજદારશ્રીની તા.૧૬/૦૨/૧૮ ની આર.ટી.આઈ.ની મુળ અરજીના તુમારો સામેલ રાખી અત્રેના વિભાગને જરૂરી કાર્યવાહી અર્થે મોકલેલ છે, જે અત્રે તા.૦૨/૦૪/૨૦૧૮ના રોજ પ્રાપ્ત થયેલ છે.અરજદારની તા.૧૬/૦૨/૨૦૧૮ ની આર.ટી.આઈની અરજી (આઈ.ડી.નં.૨૫૧૪) પરત્વેની નમુના 'ક' ની અરજી પરત્વેની માહિતી જાહેર માહિતી અધિકારી ધ્વારા નિયત સમયમર્યાદામાં કે બાદમાં માહિતી પૂરી પાડવામાં આવી ન હોવાથી નિયમોનુસાર વિનામૂલ્યે માહિતીની નકલો આપવામાં આવે તેમ જણાવી નારાજ થઈ અપીલ અરજી કરેલ છે.

અરજદારશ્રીની તા.૧૬/૦૨/૧૮(આઈ.ડી.નં.૨૫૧૪)ની આરટીઆઈની અરજીથી ૧)ડે.કમિશ્નર સાહેબની તા.૨૬/૦૫/૧૭ ની મંજુરી મુજબ આપની કચેરીના તા.૨૨/૦૫/૧૭ PHD/SBM/OUTNO.47 ના રીપોર્ટની નકલો વિગેરે બાબતની કુલ–૦૫ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ હતી, જે અરજીના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા સોલીડ વેસ્ટ મેનેજરશ્રી,સો.વે.મે.વિભાગ ધ્વારા નિયત સમયમર્યાદામાં કે બાદમાં માહિતી પૂરી પાડવામાં આવી ન હોવાથી નિયમોનુસાર વિનામૂલ્ય માહિતીની નકલો મેળવવા નારાજ થઈ અરજદારશ્રી અપીલ અરજી કરેલ છે.જે અનુસંધાને અત્રેના વિભાગ ધ્વારા ઉકત વિગતે અરજદારને મળેલ પ્રત્યુત્તર બાબતે નારાજગી સંદર્ભે પુર્તતા રીપોર્ટ કે આપવા જોગ પુરક માહિતી અથવા અન્ય કોઈ રજુઆત હોય તો તે દિન–૩ માં અત્રેની કચેરીને મોકલી આપવા અત્રેથી પત્ર નં.જીએડી/ઈએસટી/પીએચ/આરટીઆઈ/અપીલ/૦૧, તા.૦૪/૦૪/૨૦૧૮ મુજબ જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા સોલીડ વેસ્ટ મેનેજરશ્રી,સો.વે.મે.વિભાગ પ્રતિ જણાવવામાં આવેલ હતું,પરંતુ તે અન્વયે કોઈ લેખીત પુર્તતા જાહેર માહિતી અધિકારી ધ્વારા રજુ કરવામાં આવેલ ન હોય અનુક્રમે અત્રેથી યાદપત્ર–૧ નં.જીએડી/ઈએસટી/ પીએચ/ આરટીઆઈ/અપીલ/૧૩,તા.૨૦/૦૪/૨૦૧૮ તેમજ યાદપત્ર–૨ નં.જીએડી/ઈએસટી/પીએચ/ આરટીઆઈ/અપીલ/૧૪, તા.૦૨/૦૫/૨૦૧૮ થી પત્ર પાઠવવામાં આવેલ હતાં, જે અનુસંધાને પુર્તતા/રીપોર્ટ જાહેર માહિતી અધિકારી ધ્વારા રજુ કરવામાં આવેલ નથી.અરજદારશ્રીની અપીલ અરજી પરત્વે બન્ને પક્ષોની રજુઆત ધ્યાને લેવાના હેતુસર રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા અર્થે અત્રેથી પત્ર નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/આઉટ/૨૨, તા.૨૩/૦૫/૧૮ મુજબ તા.૩૧/૦૫/૧૮ ના રોજ બપોરે ૦૧:૦૦ કલાકે આરોગ્ય અધિકારી અને ઈ.ચા.ડે.કમિશ્નર(હેલ્થ અને હોસ્પિટલ)અને એપેલેટ ઓફિસર,સુરત મહાનગરપાલિકા,આરોગ્ય ખાતુ,મુગલીસરા, સુરતની કચેરીમાં હાજર રહેવા જણાવવામાં આવેલ હતું,તે મુજબ અરજદારશ્રી તથા જાહેર માહિતી અધિકારી વતી તેઓના પ્રતિનિધી રૂબરૂ સુનાવણી અર્થે ઉકત દિને હાજર રહયા હતા.

અરજદારશ્રીની મુળ અરજી,અપીલ અરજી સંદર્ભે રૂબરૂ સુનાવણી સમયે હાજર રહી અરજદારશ્રી ધ્વારા કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા સોલીડ વેસ્ટ મેનેજરશ્રી,સો.વે.મે.વિભાગના પ્રતિનિધી ધ્વારા રૂબરૂ સુનાવણીમાં હાજર રહી કરેલ રજુઆત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

અરજદારશ્રીની તા.૧૬/૦૨/૧૮ ની(આઈ.ડી.નં.૨૫૧૪)ની આર.ટી.આઈ.ની અરજીના મુદ્દાઓ બાબતે અરજદારશ્રીને પુરી પાડવા જોગ રેકર્ડ આધારીત માહિતીની નકલ આર.ટી.આઈ એકટની કલમ–૭(૬)અન્વયે અત્રેની કચેરીની જાણ હેઠળ દિન–૦૭ માં અરજદારશ્રીને વિનામુલ્યે પુરી પાડવા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા સોલીડ વેસ્ટ મેનેજરશ્રી, સો.વે.મે. વિભાગને જણાવવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો,ગુજરાત માહિતી આયોગ,કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ,બ્લોક નં.૧,બીજો માળ,નિર્માણ ભવનની પાછળ,સેકટર–૧૦/એ,ગાંધીનગરને દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/
તા. /૦૬/૨૦૧૮

આરોગ્ય અધિકારી અને
ઈ.ચા ડે.કમિશ્નર(હે અને હો) અને
એપેલેટ ઓફિસર સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં.**SMC/PHD/FAP/02/2018. Dt.02/04/2018.**
આરોગ્ય વિભાગ.

**અરજદાર :**– શ્રી રમેશ કે. જાંગીડ.
**સામાવાળા:**– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. સોલીડ વેસ્ટ મેનેજરશ્રી,સો.વે.મે.વિભાગ,સુરત મહાનગરપાલિકા.

અરજદાર મજકુર ધ્વારા તા.૨૩/૦૩/૧૮ ના રોજ અપીલ અધિકારી,આરોગ્ય વિભાગ,મધ્યસ્થ કચેરી,સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરવામાં આવેલ અપીલ અરજી જાહેર માહિતી અધિકારી,નાગરીક સુવિધા કેન્દ્ર,સેન્ટ્રલ ઝોનના પત્ર.નં.સીસીસી/સે.ઝોન/આઉટ/૩૨૨, તા.૨૬/૦૩/૨૦૧૮ થી ડે.કમિશ્નરશ્રી,હેલ્થ એન્ડ હોસ્પીટલને ઉદ્દેશીને મોકલવામાં આવેલ અપીલ અરજી સાથે અજદારશ્રીની તા.૧૬/૦૨/૧૮ ની આર.ટી.આઈ.ની મુળ અરજીના તુમારો સામેલ રાખી અત્રેના વિભાગને જરૂરી કાર્યવાહી અર્થે મોકલેલ છે, જે અત્રે તા.૦૨/૦૪/૨૦૧૮ના રોજ પ્રાપ્ત થયેલ છે.અરજદારની તા.૧૬/૦૨/૨૦૧૮ ની આર.ટી.આઈની અરજી (આઈ.ડી.નં.૨૫૧૨) પરત્વેની નમુના 'ક' ની અરજી પરત્વેની માહિતી જાહેર માહિતી અધિકારી ધ્વારા નિયત સમયમર્યાદામાં કે બાદમાં માહિતી પૂરી પાડવામાં આવી ન હોવાથી નિયમોનુસાર વિનામૂલ્યે માહિતીની નકલો આપવામાં આવે તેમ જણાવી નારાજ થઈ અપીલ અરજી કરેલ છે.

અરજદારશ્રીની તા.૧૬/૦૨/૧૮ ની(આઈ.ડી.નં.૨૫૧૨)ની આર.ટી.આઈની અરજીથી ૧) ડે.કમિશ્નરશ્રી (હેલ્થ એન્ડ હોસ્પિટલ)ધ્વારા PHD/SBM/54 તા.૩૦/૦૫/૧૭ ના વર્કઓર્ડરથી ઈજારદાર ઘનશ્યામ એન્જીનીયરીંગ ઈન્ડસ્ટ્રીઝ,અમદાવાદ પાસેથી ૧૦૦૦૦ ડસ્ટબીન ના સેટ ખરીદ કરવામાં આવ્યા બાદ અન્ય ડસ્ટબીન સેટ ખરીદ કરવા અંગેની મંજુરી મેળવવા જુ.મેડીકલ ઓફીસર, આરોગ્ય અધિકારી, ડે. કમિશ્નર(હેલ્થ એન્ડ હોસ્પિટલ) અને મા.કમિશ્નરશ્રીની નોંધવાળા રજુ કરાવેલ ''સાદરરજૂ'' વાળા રીપોર્ટની નકલ વિગેરે બાબતની કુલ–૦૨ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ હતી, જે અરજીના અનુસંધાનેજાહેર માહિતી અધિકારી અને ઈ.ચા સોલીડ વેસ્ટ મેનેજરશ્રી,સો.વે.મે.વિભાગ ધ્વારા નિયત સમયમર્યાદામાં કે બાદમાં માહિતી પૂરી પાડવામાં આવી ન હોવાથી નિયમોનુસાર વિનામૂલ્યે માહિતીની નકલો આપવામાં આવે તેમ જણાવી નારાજ થઈ અરજદારશ્રી ધ્વારા અપીલ અરજી કરેલ છે,જે અનુસંધાને અત્રેના વિભાગ ધ્વારા ઉકત વિગતે અરજદારને મળેલ પ્રત્યુત્તર બાબતે નારાજગી સંદર્ભે પુર્તતા રીપોર્ટ કે આપવા જોગ પુરક માહિતી અથવા અન્ય કોઈ રજુઆત હોય તો તે દિન–૩ માં અત્રેની કચેરીને મોકલી આપવા પત્ર નં.જીએડી/ઈએસટી/પીએચ/આરટીઆઈ/અપીલ/૦૨, તા.૦૪/૦૪/૨૦૧૮ મુજબ જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. સોલીડ વેસ્ટ મેનેજરશ્રી,સો.વે.મે.વિભાગ પ્રતિ જણાવવામાં આવેલ હતું,પરંતુ તે અન્વયે કોઈ લેખીત પુર્તતા જાહેર માહિતી અધિકારી ધ્વારા રજુ કરવામાં આવેલ ન હોવાથી અનુક્રમે યાદપત્ર–૧ નં.જીએડી/ઈએસટી/પીએચ/આરટીઆઈ/અપીલ/૧૨,તા.૨૦/૦૪/૨૦૧૮ તેમજ યાદપત્ર–૨ નં.જીએડી/ઈએસટી/પીએચ/આરટીઆઈ/અપીલ/૧૪, તા.૦૨/૦૫/૨૦૧૮ થી પત્ર પાઠવવામાં આવેલ હતાં, જે અનુસંધાને પુર્તતા/રીપોર્ટ જાહેર માહિતી અધિકારી ધ્વારા રજુ કરવામાં આવેલ નથી.અરજદારશ્રીની અપીલ અરજી પરત્વે બન્ને પક્ષોની રજુઆત ધ્યાને લેવાના હેતુસર રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા અર્થે અત્રેથી પત્ર નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/આઉટ/૨૨,તા.૨૩/૦૫/૧૮ મુજબ તા.૩૧/૦૫/૧૮ ના રોજ બપોરે ૦૧:૦૦ કલાકે આરોગ્ય અધિકારી અને ઈ.ચા.ડે.કમિશ્નર(હેલ્થ અને હોસ્પિટલ) અને એપેલેટ ઓફિસર,સુરત મહાનગરપાલિકા,આરોગ્ય ખાતુ,મુગલીસરા, સુરતની કચેરીમાં હાજર રહેવા જણાવવામાં આવેલ હતું,તે મુજબ અરજદારશ્રી તથા જાહેર માહિતી અધિકારી વતી તેઓના પ્રતિનિધી રૂબરૂ સુનાવણી અર્થે ઉકત દિને હાજર રહયા હતા.

અરજદારશ્રીની મુળ અરજી,અપીલ અરજી સંદર્ભે રૂબરૂ સુનાવણી સમયે હાજર રહી અરજદારશ્રી ધ્વારા કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. સોલીડ વેસ્ટ મેનેજરશ્રી,સો.વે.મે. વિભાગના પ્રતિનિધી ધ્વારા રૂબરૂ સુનાવણીમાં હાજર રહી કરેલ રજુઆત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

અરજદારશ્રીની તા.૧૬/૦૨/૧૮ ની(આઈ.ડી.નં.૨૫૧૨)ની આર.ટી.આઈ.ની અરજીના મુદ્દાઓ બાબતે અરજદારશ્રીને પુરી પાડવા જોગ રેકર્ડ આધારીત માહિતીની નકલ આર.ટી.આઈ એકટની કલમ–૭(૬)અન્વયે અત્રેની કચેરીની જાણ હેઠળ દિન–૦૭ માં અરજદારશ્રીને વિનામુલ્યે પુરી પાડવા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સોલીડ વેસ્ટ મેનેજરશ્રી,સો.વે.મે. વિભાગને જણાવવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો,ગુજરાત માહિતી આયોગ,કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ,બ્લોક નં.૧,બીજો માળ,નિર્માણ ભવનની પાછળ,સેકટર–૧૦/એ,ગાંધીનગરને દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/
તા. /૦૬/૨૦૧૮

આરોગ્ય અધિકારી અને
ઈ.ચા ડે.કમિશ્નર(હે અને હો) અને
એપેલેટ ઓફિસર સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

RIGHT TO INFORMATION

**અપીલ અરજી નં.SMC/PHD/FAP/04/2018-19. Dt.11/04/2018.**
**આરોગ્ય વિભાગ.**

**અરજદાર :–શ્રી મો.રફીક અબ્દુલ રહેમાન હોટલવાલા.**
**સામાવાળાઃ–જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફીસરશ્રી,ફુડ વિભાગ,સુરત મહાનગરપાલિકા.**

અરજદાર મજકુર ધ્વારા તા.૦૬/૦૪/૨૦૧૮ ના રોજ મ્યુનિ. કમિશનરશ્રી/અપીલ અધિકારીશ્રી, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરવામાં આવેલ અપીલ અરજી જાહેર માહિતી અધિકારી,નાગરિક સુવિધા કેન્દ્ર,સેન્ટ્રલ ઝોનના પત્ર.નં.સીસીસી/સેન્ટ્રલ ઝોન/આઉટ/૦૫, તા.૦૭/૦૪/૨૦૧૮ થી અપીલ અધિકારીશ્રી, ડો.એ.કે.નાયક,ફુડ વિભાગને તબદીલ કરેલ હતી,જે અરજી ફુડ વિભાગના પત્ર જાવક નં. પીએચડી/ ફુડ/૫૧, તા.૧૦/૦૪/૧૮ થી આર.ટી.આઈની અરજી તેમજ અરજદારને પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર વિગેરે તુમારો સામેલ રાખી અત્રેના વિભાગને જરૂરી કાર્યવાહી અર્થે મોકલેલ હતી,જે અત્રેની કચેરીને તા.૧૧/૦૪/૨૦૧૮ ના રોજ પ્રાપ્ત થયેલ છે,અરજદારશ્રીની તા.૦૧/૦૩/૨૦૧૮ ની " આર.ટી.આઈ.ની અરજી (આઈ.ડી.નં.૨૬૪૪)ના અનુસંધાને તેઓને કોઈ માહિતી મળેલ નથી, વિનામુલ્યે માહિતી અપાવવા મહેરબાની કરશોજી " એમ જણાવી નારાજગી વ્યકત કરેલ છે.

ઉકત અપીલ અરજી સાથે ફુડ વિભાગ ધ્વારા સામેલ તુમારોનો અભ્યાસ કરતાં અરજદારશ્રીની તા.૦૧/૦૩/૨૦૧૮ ની અરજી જાહેર માહિતી અધિકારી, નાગરીક સુવિધા કેન્દ્ર,મુગલીસરાના પત્ર નં.સીસીસી.સીઝેડ/આર.ટી.આઈ/આઉટ/૨૬૪૪, તા.૦૩/૦૩/૧૮ મુજબ સુરત મહાનગરપાલિકાના ફુડ વિભાગ પ્રતિ તબદીલ કરવામાં આવેલ હતી, અરજદારની નમુના "ક" ની અરજીથી ૧) તા.૨૦/૧૨/૧૭ ના રોજ હમોએ ફુડ લાયસન્સ લેવા માટે અરજી કરેલ હતી,જેનો નોંધણી નં. A-30180218113329847 છે આજદીન તા.૧/૩/૨૦૧૮ સુધી હમોને લાયસન્સ મળેલ નથી.આટલો સમય લેવાનું શું કારણ તેની માહિતી આપવા વિનંતી વિગેરે કુલ–૦૩ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ હતી,અરજદારશ્રીની અરજી પરત્વે ફુડ વિભાગને લાગત મુદ્દાઓ પરત્વેની માહિતી જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ ઈન્સ્પેકટર,(ફુડ વિભાગ) ધ્વારા પત્ર નં.પીએચડી/ફુડ/૩૯૪૨, તા.૨૭/૦૩/૧૮ થી અરજદારને સમયમર્યાદામાં પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે.પરંતુ અપીલ અરજી પરત્વેની અરજદાર ધ્વારા દર્શાવવામાં આવેલ નારાજગી સંદર્ભે બન્ને પક્ષોની રજુઆત ધ્યાને લેવાના હેતુસર રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા અર્થે અત્રેની કચેરીએથી અનુક્રમે પત્ર નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૧૧, તા.૨૦/૦૪/૧૮ મુજબ, તા.૨૭/૦૪/૧૮ ના રોજ બપોરે ૧૨:૧૫ કલાકે, તથા પત્ર નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૧૮, તા.૦૫/૦૫/૧૮ મુજબ,તા.૧૮/૦૫/૧૮ ના રોજ બપોરે ૧૨:૪૫ કલાકે, તથા પત્ર નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૨૫, તા.૨૩/૦૫/૧૮ મુજબ, તા.૩૧/૦૫/૧૮ ના રોજ બપોરે ૦૧:૧૫ કલાકે આરોગ્ય અધિકારી અને એપેલેટ ઓફિસર,સુરત મહાનગરપાલિકાના આરોગ્ય ખાતાની મુગલીસરા, સુરત ખાતેની કચેરીમાં હાજર રહેવા જણાવવામાં આવેલું હતું, તેમ છતાં અરજદાર સુનાવણી અર્થે ઉકત જણાવેલ તમામ દિને હાજર રહયા ન હતા કે તેઓ ધ્વારા અન્ય કોઈ વિશેષ રજુઆત કરવામાં આવેલ હોવાનું જણાતું નથી,જયારે ફુડ વિભાગ તરફથી જાહેર માહિતી અધિકારીના પ્રતિનિધિ શ્રી ડી.કે.પટેલ ઉકત તમામ દિને હાજર રહયા હતા.

અરજદારની મુળ અરજી, અપીલ અરજી સંદર્ભે અરજદાર ધ્વારા કરેલ રજુઆત તથા રૂબરૂ સુનાવણી સમયે હાજર રહી જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફીસર, ફુડ વિભાગ ધ્વારા અરજદારને હાલ ફુડ વિભાગ સ્થિત રાખવામાં આવેલ તમામ રેકર્ડ બળી ગયેલ હોય વધુ કોઈ માહિતી પુરી પાડી શકાય તેમ ન હોવાનું પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ તથા તેના સમર્થનમાં આધાર/પુરાવા રૂબરૂ સુનાવણી સમયે રજુ કરેલ, જે તમામ હકીકતો ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

અરજદારની તા.૦૧/૦૩/૧૮ ની (આઈ.ડી.નં.૨૬૪૪)ની આર.ટી.આઈ. એકટ હેઠળની અરજીથી માંગવામાં આવેલ માહિતી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફીસર,ફુડ વિભાગ ધ્વારા અરજદારને પત્રનં. પીએચડી/ફુડ/૩૯૪૨, તા.૨૭/૦૩/૨૦૧૮ થી ફુડ વિભાગની કચેરી ખાતે તા.૧૭/૦૩/૨૦૧૮ ના રોજ શોટ સરકીટના કારણે આગ લાગેલ હોય જેથી કચેરી ખાતે રાખવામાં આવેલ તમામ રેકર્ડ નાશ પામેલ હોવાનું જણાવેલ છે, મુદ્દા નં. ૨ પરત્વેની માંગવામાં આવેલ માહિતી બાબતે અરજી કર્યા પછી ફુડ લાયસન્સ આપવા માટેની કોઈ સમયમર્યાદા નકકી કરેલ હોય તો તે અંગેની માહિતી આર.ટી.આઈ એકટની કલમ–૭(૬)અન્વયે અત્રેની કચેરીની જાણ હેઠળ આ હુકમ મળ્યેથી દિન–૦૩ માં અરજદારને વિનામુલ્યે માહિતી પુરી પાડવા/પ્રત્યુત્તર પાઠવવા જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફીસર ફુડ વિભાગને જણાવવામાં આવે છે.જયારે મુદ્દા નં. ૧ તથા ૩ ની માહિતી બાબતે દિલ્હીગેટ સ્થિત આવેલ ફુડ વિભાગની કચેરી ખાતે શોટ સરકીટના કારણે આગ લાગેલ હોય જેથી કચેરી ખાતે રાખવામાં આવેલ તમામ રેકર્ડ નાશ પામેલ હોવાનું જાહેર માહિતી અધિકારી ધ્વારા જણાવેલ હોય , મુદ્દા નં. ૧ તથા ૩ બાબતે વિશેષ કોઈ હુકમ થઈ શકે તેમ ન હોય અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો,ગુજરાત માહિતી આયોગ,કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧,બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦–એ,ગાંધીનગરને દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/આરટીઆઈ/અપીલ/
તા.      /૦૬/૨૦૧૮

આરોગ્ય અધિકારી અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં.**SMC/PHD/FAP/06/2018. Dt.02/05/2018.**
આરોગ્ય વિભાગ.

અરજદાર :– શ્રી હેમંત એન. દેસાઈ.
**સામાવાળા:**–૧) જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારીશ્રી,સેન્ટ્રલ ઝોન,બીજો માળ,સુરત મહાનગરપાલિકા.
૨)જાહેર માહિતી અધિકારી અને સેનેટરી ઈન્સ્પેકટરશ્રી,(પ્રોસીકયુશન),આરોગ્ય ખાતું,સુરત મહાનગરપાલિકા.

(૧) અરજદાર મજકુર ધ્વારા તા.૨૦/૦૪/૧૮ ના રોજ અપીલ અધિકારી, સેન્ટ્રલ ઝોન, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરવામાં આવેલ અપીલ અરજી જાહેર માહિતી અધિકારી, નાગરીક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોનના પત્ર.નં.સીસીસી/સે.ઝોન/આઉટ/૧૯, તા.૨૩/૦૪/૨૦૧૮ થી અરજદારની તા.૧૩/૦૩/૧૮ (આઈ.ડી.નં.૨૭૪૪) ની આર.ટી.આઈ.ની અરજી સામેલ રાખી જરૂરી કાર્યવાહી અર્થે મધ્યસ્થ મહેકમ (આરોગ્ય) વિભાગને મોકલવામાં આવેલ છે, જે અરજી અત્રે તા.૦૨/૦૫/૨૦૧૮ ના રોજ પ્રાપ્ત થયેલ છે. અરજદારની ઉકત આર.ટી.આઈ.ની અરજી પરત્વે મુદ્દા.નં.૧ થી ૩ ની માહિતી માંગવામાં આવેલ, જેનો રેકર્ડ ન બનાવી તમામ વિભાગો તરફથી માહિતી છુપાવવામાં આવેલ છે અને ફકત મે જે માહિતી માંગેલ તે એક બીજા વિભાગને ફોરવર્ડ કરી માહિતી છુપાવવામાં આવેલ છે, તેમ જણાવી નારાજ થઈ અપીલ અરજી કરેલ છે.

(૨) ઉકત અપીલ અરજી સાથે સામેલ તુમારોનો અભ્યાસ કરતાં અરજદારશ્રીની નમુના "ક" ની તા.૧૩/૦૩/૧૮ (આઈ.ડી.નં.૨૭૪૪) ની અરજી જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક, મધ્યસ્થ કચેરીના પત્ર નં.સી/આરટીઆઈ/૦૩, તા.૦૫/૦૪/૨૦૧૮ થી જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારી, સેન્ટ્રલ ઝોન તથા જાહેર માહિતી અધિકારી અને સેનેટરી ઈન્સ્પેકટર, પ્રોસીકયુશન વિભાગને તબદીલ કરવામાં આવેલ હોવાનું જણાય છે. અરજદારની ઉકત અરજીથી (૧) સુ.મ.પા.ના હદવાળા વિસ્તારોમાં આવતા જીલ્લાઓમાં વિવિધ પ્રકારના ઉધોગો/કારખાનામાં કરવામાં આવતી પ્રોસેસીંગ કે ઉત્પાદક પ્રવૃત્તિ તથા આવા ઉધોગોમાં વાપરવામાં આવતા વિવિધ રસાયણો, બળતણ તમામ પ્રકારના રો–મટીરીયલ્સના વપરાશની ચોકકસ માહિતી ઉપરાંત એકસકલોઝીવ મટીરીયલ્સ/ જલદ રસાયણો વાપરતા કારખાના / ઉધોગોનો અલગ રીતે સંપુર્ણ સ્થળ નિરીક્ષણ કરી તે સહિતના સુરત મહાનગરપાલિકાના તમામ વિસ્તારમાં આવતા જીલ્લાઓમાં કારખાના / ફેકટરીઓનું સર્વે કરી તેનો સંપુર્ણ વિગતવાર રીપોર્ટ તૈયાર કરવા માટેના સ્થાયી સમિતિની તા.૨૭/૧૧/૨૦૦૩ ના રોજ મળેલ સભામાં ઠરાવ નં.૧૭૫૮/૨૦૦૩ સર્વાનુંમતે મંજુર કરવામાં આવેલ, તે બાબતે જે કારખાના અને ફેકટરીઓને સર્વે કરવામાં આવ્યો તે તમામની સંપુર્ણ રીપોર્ટની નકલ ફાળવી માહિતી આપો. (૨) મુદ્દા નં.૧ માં જણાવ્યાં મુજબ ગુજરાતની અન્ય તમામ મહાનગરપાલિકાઓમાં આવી નીતિ અખત્યાર કરવામાં આવી છે કે કેમ અને તે અંગેના બનાવેલ નિયમો/પેટા નિયમો વિગેરેની વિસ્તુત વિગત સાથેનો રીપોર્ટ મંગાવવામાં આવેલ, તે તમામ મહાનગરપાલિકાના રીપોર્ટોની નકલ ફાળવી માહિતી આપો (૩) મુદ્દા નં.(૧),(૨) માં જણાવ્યા મુજબ કમિશ્નરશ્રીએ જે રીપોર્ટ તૈયાર કરી સમિતિ સમક્ષ કઈ સાલમાં કઈ તારીખે અને કયા મહિનામાં રજુ કરવામાં આવ્યો વિગેરે કુલ–૩ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ હતી.

(૩) જે અનુસંધાને અરજદારને પુરી પાડવામાં આવેલ માહિતી પરત્વેની નારાજગી સંદર્ભે પુર્તતા રીપોર્ટ કે આપવા જોગ પુરક માહિતી અથવા અન્ય કોઈ રજુઆત હોય તો તે દિન–૫ માં અત્રેની કચેરીને મોકલી આપવા મધ્યસ્થ મહેકમ (આરોગ્ય) વિભાગ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/ પીએચ/આરટીઆઈ/અપીલ/૧૬, તા.૦૪/૦૫/૨૦૧૮ મુજબ જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારી, સેન્ટ્રલ ઝોન તથા જાહેર માહિતી અધિકારી અને સેનેટરી ઈન્સ્પેકટર (પ્રોસીકયુશન) વિભાગ પ્રતિ જણાવવામાં આવેલ,તે અન્વયે જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારી,સેન્ટ્રલ ઝોન તથા જાહેર માહિતી અધિકારી અને સેનેટરી ઈન્સ્પેકટર (પ્રોસીકયુશન) વિભાગ ધ્વારા લેખીત પુર્તતા રૂપે અરજદારને પાઠવવામાં આવેલ પ્રત્યુત્તરની નકલ રજુ કરવામાં આવેલ છે.

(૪) અરજદારશ્રીની ઉકત અરજી પરત્વે જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારી, સેન્ટ્રલ ઝોનના પત્ર નં.સીઝેડ/ ના.આ.અ./આઉટ/૦૧, તા.૦૨/૦૪/૨૦૧૮ થી અરજદારને અરજીના મુદ્દા.નં.૧ ની "માહિતી રેકર્ડ પર ઉપલબ્ધ નથી" તથા મુદ્દા.નં.૨ તથા ૩ ની માહિતી " અત્રેના વિભાગને લાગુ પડતુ નથી" તે મુજબનો પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ હોવાનું જણાય છે તથા જાહેર માહિતી અધિકારી અને સેનેટરી ઈન્સ્પેકટર (પ્રોસીકયુશન વિભાગ) ના પત્ર જાવક નં.પીએચડી/પીઆઈ/૧૯, તા.૧૧/૦૪/૨૦૧૮થી મુદ્દા.નં.૧ થી ૩ ની માહિતી "અત્રેના વિભાગના રેકર્ડ પર આવી કોઈ માહિતી ઉપલબ્ધ નથી" તે મુજબનો પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ હોવાનું જણાય છે.

(૫) ઉકત પેરા–(૧) ની વિગતે અરજદાર ધ્વારા અપીલથી રજુ કરવામાં આવેલ નારાજગીની જણાવેલ વિગતે અપીલ અરજીના મુદ્દા નં.૫ થી જણાવ્યાનુંસાર જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારી, સેન્ટ્રલ ઝોન તરફથી પાઠવેલ પ્રત્યુત્તરથી માહિતી પુરી પાડવામાં આવેલ છે, જે માહિતી છુપાવવામાં આવેલ છે.અપીલના મુદ્દા નં.૨ ને ધ્યાનમાં લેવામાં આવે (અપીલના મુદ્દા નં.૨ મુજબ અરજદારશ્રીએ તેમાં જણાવેલ વિગતે વિવિધ તારીખોએ ઠરાવનો અમલ કરવા વિગતવાર અરજીઓ કરવામાં આવેલ હોવાનું જણાવવામાં આવેલ છે) તો રેકર્ડ બની શકતો હતો તેમ છતાં રેકર્ડ ન બનાવી માહિતી છુપાવવામાં આવેલ છે એમ જણાવવામાં આવેલ છે.તેજ પ્રમાણે અપીલ અરજીના મુદ્દા નં.૧૦ થી દર્શાવેલ નારાજગી મુજબ જાહેર માહિતી અધિકારી અને સેનેટરી ઈન્સ્પેકટર (પ્રોસીકયુશન વિભાગ) તરફથી ઉકત વિગતે પાઠવેલ પ્રત્યુત્તરથી માહિતી છુપાવવામાં આવેલ છે,કેમ કે આરોગ્ય વિભાગ તરફથી બી.પી.એમ.સી.એકટ કલમ–૩૭૬(૧)મુજબ આરોગ્ય વિભાગ, ફાયર વિભાગના એન.ઓ.સી.ના આધારે લાયસન્સ આપતી હોય છે એટલે આરોગ્ય વિભાગ પાસે રેકર્ડ હોવા છતાં છુપાવવામાં આવેલ છે,કેમ કે બી.પી.એમ.સી.એકટની કલમ–૩૭૬(૧) નોટીસો આપવાની સત્તા પણ આરોગ્ય વિભાગ પાસે હોય છે,જે નોટીસનો અમલવારી ન કરે તો સેનેટરી ઈન્સ્પેકટર(પ્રોસીકયુશન વિભાગ) સુરત મહાનગરપાલિકાની કોર્ટમાં કેસ દાખલ કરી કાર્યવાહી કરે છે એટલે આ વિભાગ પાસે પણ રેકર્ડ હોવા છતાં માહિતી છુપાવવામાં આવી છે.આમ જે ઠરાવ મંજુર કરવામાં આવેલ કરદાતાના હિતમાં જેની અમલવારી કરાવવાની જવાબદારી જે વિભાગની આવે છે તે વિભાગે જવાબદારી ન નિભાવતા મે જે માહિતી મુદ્દા નં.૧,૨ અને ૩ થી માંગવામાં આવેલ જેનો રેકર્ડ ન બનાવી તમામ વિભાગો તરફથી માહિતી છુપાવવામાં આવેલ છે એમ જણાવેલ છે.સદર મુદ્દાઓ બાબતે જણાવવાનું કે,માહિતી અધિકાર અધિનિયમની કલમ–૨(છ) મુજબ માહિતી એટલે કોઈપણ રૂપમાં કોઈપણ સામગ્રી આ અધિનિયમ હેઠળ કોઈપણ નાગરિકને જાહેર સત્તામંડળના નિયંત્રણ હેઠળની અથવા તેમની પાસે હોય તેવી માહિતી મેળવવાનો અધિકાર છે. જાહેર માહિતી અધિકારીએ આવી સામગ્રી મેળવવા ઈચ્છતા નાગરિકને તે પુરી પાડવાની હોય છે તથા જાહેર માહિતી અધિકારીએ જાહેર સત્તા મંડળ પાસે જે સ્વરૂપમાં હોય તેજ સ્વરૂપમાં માહિતી પુરી પાડવાની રહે છે.નાગરિક વતી તેના પર સંશોધન કરી,નિષ્કર્ષ રૂપે માહિતી તારવી અરજદારને પુરી પાડવાની થતી નથી એટલે કે જાહેર માહિતી અધિકારીએ રેકર્ડ ક્રિએટ કરવાનો રહેતો હોવાનું જણાતું નથી.

(૬) આ ઉપરાંત મજકુર જાહેર માહિતી અધિકારી ધ્વારા પાઠવેલ પ્રત્યુત્તરનો અભ્યાસ કરતા તેઓ ધ્વારા પાઠવેલ પ્રત્યુત્તરની વિગતે અત્રેનાં વિભાગ ખાતે આવી કોઈ માહિતી ઉપલબ્ધ નથી તથા અત્રેનાં વિભાગને લાગુ પડતી નથી તે મુજબનો પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ છે. આર.ટી.આઈ. એકટની કલમ–૨(એફ), ૨(જે) તેમજ માહિતી અધિકારની વ્યાખ્યા મુજબ જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી પુરી પાડવાની જોગવાઈ છે તથા આર.ટી.આઈ.નિયમ–૪(૨) મુજબ જો ઉલ્લેખીત

અરજીમાંની માંગેલ માહિતી/દસ્તાવેજમાંથી માંગેલ માહિતી જે માહિતી અધિકારી/જાહેર સત્તામંડળને અરજી કરવામાં આવી હોય કે મળી હોય અને તેની હુકુમતમાં આવતી ન હોય ત્યારે તેવા કિસ્સામાં એવી અરજી અથવા તેનો તેવો ભાગ,જાહેર માહિતી અધિકારીએ શકય હોય તેટલું જલ્દી પણ કોઈપણ કિસ્સામાં અરજી મળ્યાના પાંચ દિવસથી મોડુ ન થાય તેમ બીજા સંબધિત સત્તામંડળને નમુના 'ધ' માં અરજદારશ્રીની જાણ હેઠળ અરજી તબદીલ કરવાની રહે છે, જે ધ્યાને લેતા અપીલ અધિકારી એવા નિષ્કર્ષ પર આવે છે કે,જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારી, સેન્ટ્રલ ઝોન તથા જાહેર માહિતી અધિકારી અને સેનેટરી ઈન્સ્પેકટર (પ્રોસીકયુશન વિભાગ) ધ્વારા પ્રસ્તુત જણાવેલ વિગતે સ્થાયી સમિતિ ઠરાવ નં.૧૭૫૮/૨૦૦૩, તા.૨૭/૧૧/૦૩ અંતર્ગત તેમાં જણાવેલ વિગતે કારખાના અને ફેકટરીઓને સર્વે કરવામાં આવ્યો હોય તો તે અંગેનાં સંપુર્ણ રીપોર્ટની તમામ નકલ તથા સદર ઠરાવમાં જણાવ્યા મુજબ ગુજરાતની અન્ય તમામ મહાનગરપાલિકાઓમાં આવી નીતિ અખત્યાર કરવામાં આવી છે કે કેમ અને તે અંગેના બનાવેલ નિયમો / પેટા નિયમો વિગેરેની વિસ્તૃત વિગતો સાથેનો રીપોર્ટ મંગાવવામાં આવેલ તમામ મહાનગરપાલિકાના રીપોર્ટની નકલ તથા સદર કાર્યવાહી કરવામાં આવેલ હોય અને તે અંગેનો રીપોર્ટ સમિતિ સમક્ષ રજુ કરવામાં આવેલ હોય તો તે કઈ તારીખે અને કયા મહિનામાં રજુ કરવામાં આવ્યો તેની વિગત અરજદારને પુરી પાડવાની રહેતી હતી તથા આવો કોઈ સર્વે, માહિતી કે રીપોર્ટ રજુ કરવામાં આવેલ ન હોય તો આવી કોઈ કાર્યવાહી સંબંધિત ખાતા મારફત કરવામાં આવેલ નથી તે મુજબની રેકર્ડ આધારીત જાણ અરજદારને કરવાની રહેતી હતી તથા જો કોઈ માહિતીનો મુદ્દો સંબંધિત વિભાગના સત્તા મંડળમાં આવતો ન હોય તો નિયત સમયમર્યાદામાં અરજદારની જાણ હેઠળ જે તે સત્તા મંડળને અરજી તબદીલ કરવાની રહેતી હતી, જેનો પ્રસ્તુત કિસ્સામાં પાલન થયેલ હોવાનું જણાતું નથી.

આમ,અરજદારની મુળ અરજી, અપીલ અરજીથી કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારીશ્રી અને નાયબ આરોગ્ય અધિકારી, સેન્ટ્રલ ઝોન તથા જાહેર માહિતી અધિકારી અને સેનેટરી ઈન્સ્પેકટર(પ્રોસીકયુશન વિભાગ)તરફથી પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર તેમજ ઉકત પેરા–(૫) અને (૬) ની હકીકત વિગેરે ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

(૧) અરજદારની તા.૧૩/૦૩/૧૮ ની અરજી (આઈ.ડી.નં.૨૭૪૪)થી માંગવામાં આવેલ માહિતીના મુદ્દા.નં.૧, ૨ અને ૩ થી માંગેલ માહિતી અન્વયે જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારી, સેન્ટ્રલ ઝોન તથા જાહેર માહિતી અધિકારી અને સેનેટરી ઈન્સ્પેકટર (પ્રોસીકયુશન વિભાગ) ધ્વારા ઉકત વિગતે તેઓના વિભાગ મારફત સ્થાયી સમિતિ ઠરાવ નં.૧૭૫૮/૨૦૦૩, તા.૨૭/૧૧/૦૩ અંતર્ગત કારખાના અને ફેકટરીઓને સર્વે કરવામાં આવ્યો હોય તો તેની,સદર ઠરાવ અન્વયે ગુજરાત રાજયની અન્ય મહાનગરપાલિકાઓ સાથે કોઈ પત્રવ્યવહાર કરવામાં આવેલ હોય તો તે તથા સ્થાયી સમિતિ ઠરાવ અન્વયે મ્યુનિ.કમિશ્નરશ્રી મારફત સમિતિ સમક્ષ માહિતી રજુ કરવામાં આવેલ હોય તો તે તમામની નકલ નીચે સહી કરનારની જાણ હેઠળ દિન–૭ માં વિના મુલ્યે પુરી પાડવા જણાવવામાં આવે છે તથા જો આવી કોઈ કાર્યવાહી કરવામાં આવેલ ન હોય તો તેઓના વિભાગ ધ્વારા ઉપલબ્ધ રેકર્ડ આધારીત આવી કોઈ કાર્યવાહી સંબંધિત ખાતા મારફત કરવામાં આવેલ નથી તે મુજબનો દિન–૩ માં નીચે સહી કરનારની જાણ હેઠળ પ્રત્યુત્તર પાઠવવા આથી જણાવવામાં આવે છે.

(૨) જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારી, સેન્ટ્રલ ઝોન ધ્વારા મુદ્દા નં.૨ અને ૩ ની વિગતે સદર મુદ્દાથી માંગવામાં આવેલ માહિતી સબબ ''અત્રેનાં વિભાગને લાગુ પડતુ નથી'' તે મુજબનો પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ છે, જે અનુંસાર સદર મુદ્દાથી માંગેલ માહિતી જે જાહેર સત્તા મંડળના અધિકાર ક્ષેત્રમાં આવતા હોય અને જો સદર અરજી જે તે સંબંધિત વિભાગને તબદીલ થયેલ ન હોય તો સંબંધિત વિભાગને દિન–૫ માં તબદીલ કરવા આથી જણાવવામાં આવે છે.

(૩) સ્થાયી સમિતિના ઉકત ઠરાવ અન્વયે સુરત મહાનગરપાલિકાના કોઈ વિભાગ ધ્વારા કાર્યવાહી જો ન કરવામાં આવેલ હોય અને તેનાથી અરજદાર નારાજ હોય તો સક્ષમ સત્તાને અલગથી અલાયદી ફરીયાદ કરવા સ્વતંત્ર છે.

વધુમાં હાલની રૂટીન કામગીરી ઉપરાંત આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના વિવિધ ઠરાવોને અનુલક્ષીને ગુજરાત અર્બન હેલ્થ પ્રોગ્રામ અંતર્ગત સુરત મહાનગરપાલિકા ખાતે UHC-CHC તથા હાલ સુરત મહાનગરપાલિકા ખાતે હયાત કુંટુંબ કલ્યાણ અને હેલ્થ પ્રોજેકટ અંતર્ગત મંજુર થયેલ મહેકમમાં આરોગ્ય સેવાઓ સુદઢ બનાવવાના હેતુસર મંજુર કરવાના હેતુસર નવું મહેકમ મળી જુદા જુદા સંવર્ગની જગ્યાઓની ફાળવણી કરવામાં આવેલ હોય અને તે અનુંસાર વિવિધ કેડરની ભરતી પ્રક્રિયા સબબ જાહેરાતથી લઈ નિમણુંક આપવા સુધીની તબકકાવાર કામગીરી પ્રાયોરીટી તાકીદના ધોરણે હાથ ધરવામાં આવેલ હોય પ્રસ્તુત અપીલ હુકમ નિયત સમયમર્યાદામાં થઈ શકેલ નથી, જે ક્ષમ્ય ગણશો.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો,ગુજરાત માહિતી આયોગ,કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ,બ્લોક નં.૧,બીજો માળ,નિર્માણ ભવનની પાછળ,સેકટર–૧૦/એ,ગાંધીનગરને દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/
તા. /૦૭/૨૦૧૮

આરોગ્ય અધિકારી અને
ઈ.ચા.ડે.કમિશ્નર(હે.અને હો.)અને
એપલેટ ઓફીસર
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

**અપીલ અરજી નં.SMC/PHD/FAP/07/2018-19. Dt.11/05/2018.**
**આરોગ્ય વિભાગ.**

**અરજદાર :–શ્રી કેતનકુમાર હીરાલાલ દલાલ.**
**સામાવાળાઃ–જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફીસરશ્રી, ફુડ વિભાગ, સુરત મહાનગરપાલિકા.**

અરજદાર મજકુર ધ્વારા તા.૦૭/૦૫/૨૦૧૮ ના રોજ મ્યુનિ. કમિશનરશ્રી,અપીલ અધિકારીશ્રી, સુરત મહાનગરપાલિકા સેવા સદન ઉદ્દેશીને કરવામાં આવેલ અપીલ અરજી જાહેર માહિતી અધિકારી,નાગરિક સુવિધા કેન્દ્ર,સેન્ટ્રલ ઝોનના પત્ર.નં.સીસીસી/સેન્ટ્રલ ઝોન/આઉટ/૪૬, તા.૦૯/૦૫/૨૦૧૮ મુજબ સુરત મહાનગરપાલિકાના વિવિધ અપીલ અધિકારીશ્રીઓ પૈકી અપીલ અધિકારીશ્રી,ડે. કમિશ્નરશ્રી (હેલ્થ અને હોસ્પિટલ)ને તબદીલ કરેલ હતી, જે અરજી અત્રેના વિભાગને જરૂરી કાર્યવાહી અર્થે મોકલેલ હતી, જે અત્રે તા.૧૧/૦૫/૨૦૧૮ ના રોજ પ્રાપ્ત થયેલ હતી.અરજદારની અપીલ અરજીથી જણાવેલ વિગતે અરજદારશ્રીની તા.૦૬/૦૪/૨૦૧૮ ની'' આર.ટી.આઈ.ની અરજી (આઈ.ડી.નં.૬૭) ના અનુસંધાનમાં ગુમાસ્તા વિભાગ સિવાય કોઈ પણ વિભાગમાંથી માહિતી મળેલ નથી'' એમ જણાવી નારાજગી વ્યકત કરેલ છે.

ઉકત અપીલ અરજી સાથે સામેલ તુમારોનો અભ્યાસ કરતાં અરજદારશ્રી નમુના ''ક'' ની તા.૦૬/૦૪/૨૦૧૮ ની અરજી જાહેર માહિતી અધિકારી,સેન્ટ્રલ ઝોનના પત્ર નં.સીસીસી.સીઝેડ/આર.ટી.આઈ/આઉટ/૬૭, તા.૦૭/૦૪/૧૮ થી સુરત મહાનગરપાલિકાના વિવિધ વિભાગના જાહેર માહિતી અધિકારીઓ પૈકી જાહેર માહિતી અધિકારી ફુડ વિભાગ પ્રતિ પણ સદર અરજી તબદીલ કરવામાં આવેલ હોવાનું જણાય છે, અરજદારની નમુના ''ક'' ની અરજીથી ૧) તેજશકુમાર ધનસુખલાલ દલાલ ને ત્યાં તા.૦૫/૦૪/૧૮ના રોજ રેડ પાડી દુધના સેમ્પલો લેવામાં આવ્યા હતા તેમજ હમો અરજદાર ધ્વારા વારંવાર તેજશકુમાર ધનસુખલાલ દલાલ વિરુધ્ધ કેમીકલયુકત દુધના વેચાણ બાબતે ફરિયાદ કરવા છતાં પણ આજદિન સુધી કોઈ જ કાર્યવાહી કરવામાં આવી નથી વિગેરે કુલ–૦૭ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ હતી, અરજદારશ્રીની અરજી પરત્વે ફુડ વિભાગને લાગત મુદ્દાઓ મુદ્દા નં. ૨,૩ તથા મુદ્દા નં. ૫ થી ૭ પરત્વેની જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ ઈન્સ્પેકટર,(ફુડ વિભાગ) ધ્વારા પત્ર નં.પીએચડી/ફુડ/૨૯૨, તા.૦૫/૦૫/૧૮ થી અરજદારને સમયમર્યાદામાં પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ હોવાનું જણાય છે,જયારે અરજીના આંશીક મુદ્દાઓ ફુડ વિભાગને લાગત ન જણાતા જાહરે માહિતી અધિકારી પબ્લીક હેલ્થ લેબોરેટરી પ્રતિ પત્ર નં.પીએચડી/ફુડ/૨૫૫ તા.૦૧/૦૫/૨૦૧૮ થી તબદીલ કરવામાં આવેલ હોવાનું જણાય છે.

અરજદાર ધ્વારા અપીલ અરજી પરત્વેની દર્શાવેલ નારાજગી સંદર્ભે બન્ને પક્ષોની રજુઆત ધ્યાને લેવાના હેતુસર રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા અર્થે અત્રેની કચેરીએથી પત્ર નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૨૩, તા.૨૩/૦૫/૧૮ મુજબ,તા.૩૧/૦૫/૧૮ ના રોજ બપોરે ૧૨:૪૫ કલાકે આરોગ્ય અધિકારી અને એપેલેટ ઓફિસર, સુરત મહાનગરપાલિકાના આરોગ્ય ખાતાની મુગલીસરા, સુરત ખાતેની કચેરીમાં હાજર રહેવા જણાવવામાં આવેલું હતું, અરજદાર તથા ફુડ વિભાગ તરફથી જાહેર માહિતી અધિકારીના પ્રતિનિધિ શ્રી ડી.કે.પટેલ સુનાવણી અર્થે સદર દિને હાજર રહયા હતા.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી સંદર્ભે રૂબરૂ સુનાવણી સમયે હાજર રહી અરજદાર ધ્વારા કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. ચીફ ફુડ સેફટી ઓફીસર ફુડ વિભાગ ધ્વારા પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર તથા રૂબરૂ સુનાવણીમાં હાજર રહી કરેલ રજુઆત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

અરજદારની તા.૦૬/૦૪/૧૮ ની (આઈ.ડી.નં.૬૭)ની આર.ટી.આઈ. એકટ હેઠળની અરજીથી માંગવામાં આવેલ મુદ્દા.નં.૧થી ૭ પૈકી મુદ્દા.નં.૨ થી ૭ ની માહિતી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા ચીફ ફુડ સેફટી ઓફીસર,ફુડ વિભાગ ધ્વારા અરજદારને પત્ર.નં. પીએચડી/ફુડ/૨૯૨, તા.૦૫/૦૫/૨૦૧૮ થી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે,પરંતુ જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજીના મુદ્દા.નં.૧ ની માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાતું ન હોય, રેકર્ડ આધારિત માહિતી દિન–૭ માં નીચે સહી કરનારની જાણ હેઠળ આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ અરજદારને વિનામુલ્યે પુરી પાડવા જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફીસર, ફુડ વિભાગને હુકમ કરવામાં આવે છે,જયારે અન્ય બાબતે ઉકત વિગતો ધ્યાને લેતાં બીજો કોઈ હુકમ કરવાનો રહેતો નથી.

અરજદાર ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો, ગુજરાત માહિતી આયોગ,કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧,બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦–એ,ગાંધીનગરને દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/આરટીઆઈ/અપીલ/
તા. /૦૬/૨૦૧૮

આરોગ્ય અધિકારી અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

RIGHT TO INFORMATION

અપીલ અરજી નં.**SMC/PHD/FAP/12-1/2018. Dt.08/06/2018.**
આરોગ્ય વિભાગ.

**અરજદાર :–શ્રી ધનસુખભાઈ મોતીરામ પરમાર.**
**સામાવાળાઃ–જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફીસરશ્રી, ફુડ વિભાગ, સુરત મહાનગરપાલિકા.**

અરજદાર મજકુર ધ્વારા તા.૧૧/૦૫/૨૦૧૮ ના રોજ અપીલ અધિકારીશ્રી, મ્યુનિ. કમિશ્નર સાહેબશ્રી, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરવામાં આવેલ અપીલ અરજી જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક,મધ્યસ્થ કચેરીના પત્ર નં.સી/એફ.એ.પી/૧૩, તા.૨૮/૦૫/૨૦૧૮ થી ડે.કમિશ્નરશ્રી(હે. અને હોસ્પી.),અપીલ અધિકારીશ્રી,ફુડ વિભાગને તબદીલ કરેલ હતી,જે અરજી ફુડ વિભાગના પત્ર જાવક નં.પીએચડી/ફુડ/૭૨૪, તા.૦૭/૦૬/૧૮ થી આર.ટી.આઈની અરજી તેમજ અરજદારને પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર વિગેરે તુમારો સામેલ રાખી અત્રેના વિભાગને જરૂરી કાર્યવાહી અર્થે મોકલેલ હતી,જે અત્રે તા.૦૮/૦૬/૨૦૧૮ ના રોજ પ્રાપ્ત થયેલ છે, અરજદારશ્રીની  તા.૧૯/૦૩/૨૦૧૮ ની ''નમૂના–'ક' માં અરજી રજૂ કર્યાના ૩૦ દિવસમાં નિર્ણય મળ્યો નથી તેમજ હમારી અરજીમાં જણાવેલ માહિતી અંગે કોઈ પત્ર કે નાણાં ભરપાઈ કરી માહિતી મેળવવા બાબતે કોઈ જાણ થયેલ ન હોય'' એમ જણાવી નારાજગી વ્યકત કરેલ છે.

ઉકત અપીલ અરજી સાથે ફુડ વિભાગ ધ્વારા સામેલ તુમારોનો અભ્યાસ કરતાં અરજદારશ્રી ધ્વારા તા.૧૯/૦૩/૨૦૧૮ થી મ્યુની. કમિશ્નર સાહેબ, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરેલ અરજી એકઝીકયુટીવ આસી. અને જાહેર માહિતી અધિકારી, નાગરીક સુવિધા કેન્દ્ર, મુગલીસરાના પત્ર નં.સીસીસી/સીઝેડ/૨૮૨૫, તા.૨૦/૦૩/૧૮ થી ફુડ ઈન્સ્પેકટર અને જાહેર માહિતી અધિકારી,ફુડ વિભાગને તબદીલ કરવામાં આવેલ હતી. અરજદારની નમુના ક ની અરજીથી (૧)ડભોલીના બ્લોક નં. ૧૪૭,૧૪૮ વાળી નવી શરતની જમીન જેમાં અક્ષર ફાર્મ ના નામથી ગાર્ડન રેસ્ટોરેન્ટ,વિશ્વ સ્વાદિષ્ટ અડતાવાળા સુરતમાં સૌ પ્રથમ લાઈવ કેન્ડીના નામથી આઈસ્કીમ પાર્લર તથા ''Multi Cuisine Restaurant'' ના નામથી વ્યવસાય ચાલે છે, સદર નવી શરતની જમીનમાં ઉપરોકત વ્યવસાય કરવા માટે આપવામાં આવેલ પરવાનગીઓ જેવી કે ગુમાસ્તાધારા, ફુડ એન્ડ હેલ્થ ડીપાર્ટમેન્ટની પરવાનગી વિગેરે ઉપરોકત વ્યયસાયને માટે જરૂરી જે કાઈ પરવાનગીઓ આપવામાં આવી તેની નકલ વિગેરે બાબતે કુલ–૨ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ હતી.અરજદારશ્રીની ઉકત અરજી પરત્વે ફુડ વિભાગને લાગત મુદ્દા.નં.૧ પરત્વે ''ઉપરોકત સંસ્થાઓને અત્રેના રેકર્ડ તપાસ કરતાં કોઈ પણ પ્રકારનું ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ–૨૦૦૬ અન્વયેનું લાયસન્સ/રજીસ્ટ્રેશન આપવામાં આવેલ નથી.'' તે મુજબનું જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ ઈન્સ્પેકટર(ફુડ વિભાગ) ધ્વારા પત્ર નં.પીએચડી/ફુડ/૭૩, તા.૧૭/૦૪/૧૮થી અરજદારને સમયમર્યાદામાં પ્રત્યુત્તર  પાઠવવામાં આવેલ હોવાનું જણાય છે.

અરજદારશ્રીની મુળ અરજી,અપીલ અરજીથી કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફીસર, ફુડ વિભાગ ધ્વારા પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર વિગેરે ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

અરજદારની તા.૧૯/૦૩/૧૮ ની અરજી (આઈ.ડી.નં.૨૮૨૫) થી માંગવામા આવેલ માહિતી બાબતે આર.ટી.આઈની કલમ ૨(એફ),૨(જે) હેઠળ અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી રેકર્ડ આધારીત માહિતી પુરી પાડવાની જોગવાઈ છે,જે મુજબ જાહેર માહિતી અધિકારી ધ્વારા ઉકત વિગતે સમયમર્યાદામાં પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ હોવાનું જણાતુ હોય, આ બાબતે અત્રેથી વધુ કોઈ કાર્યવાહી કરવાની રહેતી હોવાનું જણાતું ન હોય,અરજદારની અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો,ગુજરાત માહિતી આયોગ,કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧,બીજો માળ, નિર્માણ ભવનની પાછળ,સેકટર–૧૦–એ,ગાંધીનગરને  દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/આરટીઆઈ/અપીલ/
તા.      /૦૬/૨૦૧૮.

આરોગ્ય અધિકારી અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

# જાન્યુઆરી–૨૦૧૯ થી માર્ચ–૨૦૧૯

| અપીલ નં. /વર્ષ | માહિતીનું વિષય વસ્તુ | હુકમ નં.તારીખ |
|---|---|---|
| ૩૯ તા.૧૨/૧૨/૧૮ | અરજદારશ્રી સંજય આર.પાઠક ની તા.૧૭/૧૦/૧૮ ની આર.ટી.આઈ.ની અરજી(આઈ.ડી.નં.૧૧૪૨)થી કુલ–૦૪ મુદ્દાઓની માહિતી માંગેલ **હતી.** | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૧૦૭ તા.28/01/2019 |
| ૪૦ તા.૧૭/૧૨/૧૮ | અરજદારશ્રી રમેશ કે. જાંગીડની તા.૨૬/૧૦/૧૮(આઈ.ડી. નં.૧૮૬૮)ની આર.ટી.આઈ.ની અરજીથી કુલ–૦૪ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ હતી | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૧૧૨ તા.31/01/2019 |
| ૪૧ તા.૧૭/૧૨/૧૮ | અરજદારશ્રી આઝાદ મો.રીઝવાન અબ્દુલ રબની તા.૧૫/૦૯/૨૦૧૮ ની આર.ટી.આઈ.ની (આઈ.ડી.નં.૧૪૬૮) નમુના 'ક' ની અરજીથી (૧) ઉપરોકત માહિતી મુજબ એકઝીકયુટીવ એન્જીનીયર, વેસ્ટ મેનેજમેન્ટ અધિકારી ધ્વારા ફાળવવામાં આવેલ કચરા ઉધરાવવા માટેના ટેન્ડરની વિગતો દર્શાવતાં પત્રની માહિતીની નકલ આપો.(૨) ઉપરોકત માહિતી મુજબ દરેક ઝોનના આરોગ્ય વિભાગની રોજની દોડાવવામાં આવતી પીકઅપ વાનની માહિતીની વિગત વિગેરે કુલ–૧૧ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ હતી, | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૯૦ તા.05/01/2019 |
| ૪૨ તા.૧૮/૧૨/૧૮ | અરજદારશ્રી જશવંતસિંહ એ.બ્રહ્મભટ્ટની તા.૧૪/૧૧/૨૦૧૮ ની આર.ટી.આઈ.ની અરજીથી કુલ–૦૮ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ હતી | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૧૦૮ તા.29/01/2019 |
| ૪૩ તા.૨૦/૧૨/૧૮ | અરજદારશ્રી જતીન એસ. બારોટની તા.૧૪/૧૧/૨૦૧૮ ની નમુના "ક" ની અરજીથી (૧) ઉધના ઉધોગનગર રોડ નં.૩ ખાતે આવેલ ધરતી નમકીન અને સ્વીટને આરોગ્ય તેમજ ફુડ વિભાગ ધ્વારા આપવામાં આવેલ લાઈસન્સની વિગતવાર માહિતી વિગેરે બાબતે કુલ–૦૬ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ હતી. | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૧૧૦ તા.29/01/2019 |
| ૪૪ તા.૨૦/૧૨/૧૮ | અરજદારશ્રી જતીન એસ. બારોટની નમુના "ક" ની તા.૧૬/૧૧/૨૦૧૮ ની (આઈ.ડી.નં.૯૮)ની અરજીથી કુલ–૦૯ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ હતી, | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૧૧૧ તા.29/01/2019 |
| ૪૫ તા.૨૭/૧૨ /૧૮ | અરજદારશ્રી જશવંતસિંહ એ.બ્રહ્મભટ્ટની નમુના "ક" ની અરજીથી (૧)ઉધના ઉધોગનગર રોડ નં.૩ ખાતે આવેલ ધરતી નમકીન અને સ્વીટને આરોગ્ય તેમજ ફુડ વિભાગ ધ્વારા આપવામાં આવેલ લાઈસન્સ ની વિગતવાર માહિતી વિગેરે બાબતે કુલ–૦૬ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ હતી. | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૧૦૯ તા.૨૯/01/2019 |
| ૪૬ તા.૨૯/૧૨ /૧૮ | અરજદારશ્રી સંદિપ આત્મારામ ખંબાયતની નમુના "ક" ની તા.૨૦/૧૧/૧૮ (આઈ.ડી.નં.૨૦૦૪) ની અરજીથી કુલ–૩ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ હતી. | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૧૧૫ તા.08/02/2019 |
| ૪૭ તા.૦૧/૦૧/૧૯ | અરજદારશ્રી તલ્હા ચાંદીવાલાની તા.૨૨/૧૧/૧૮ (આઈ.ડી.નં. ૨૦૨૨) ની આર.ટી.આઈ.ની અરજીથી કુલ–૧૯ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ હતી | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૧૧૬ તા.21/02/2019 |
| ૪૮ તા.૦૯/૦૧ /૧૯ | અરજદારશ્રી બીપીનસિંહ એમ.પીલુદરીયા ની તા.૦૬/૧૧/૧૮ થી કાર્યપાલક ઈજનેરશ્રી,સોલીડ વેસ્ટ વિભાગ તથા જાહેર માહિતી અધિકારીને ઉદ્દેશીને કરવામાં આવેલ અરજીથી કુલ–૧૨ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ હતી, | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૧૧૪ તા.07/02/2019 |
| ૪૯ તા.૨૪/૦૧ /૧૯ | અરજદારશ્રી દિપક પટેલ અને સંજય રૂપાપરાની તા.૦૭/૧૨/૧૮ (આઈ.ડી.નં.૧૦૫૨) ની અરજીથી કુલ–૦૯ મુદ્દાઓની માહિતીની માંગણી કરી હતી. | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૧૧૭ તા.21/02/2019 |

| અપીલ નં. /વર્ષ | માહિતીનું વિષય વસ્તુ | હુકમ નં.તારીખ |
|---|---|---|
| ૫૦<br>તા.૦૬/૦૩ /૧૯ | અરજદારશ્રી સંજય આર. મિશ્રાની તા.૦૩/૧૦/૧૮ ની અરજી (આઈ.ડી.નં.૧૦૬૫) નમુના "ક" ની અરજીથી (૧) સુરત મહાનગરપાલિકાના નિયમો મુજબ ન્યુ ઈન્ડિયા બિસ્કીટ બેકરી એન્ડ કેક શોપ અને ન્યુ જે.પી.બિસ્કીટ બેકરીના સંચાલન માટે સાઉથઝોન ઉધના તરફથી જે લાઈસન્સો આપવામાં આવેલ છે.તેની ઝેરોક્ષ નકલ કોપી આપવી સહિત કુલ–૦૩ મુદ્દાઓની માહિતી. | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૧૨૦<br>તા.18/03/2019 |
| ૫૧<br>તા.૦૭/૦૩ /૧૯ | અરજદારશ્રી આઝાદ મો.રીઝવાન અબ્દુલ રબની તા.૨૨/૧૧/૧૮ ની આર.ટી.આઈ. ની (આઈ.ડી.નં.૨૦૧૦) નમુના 'ક' ની અરજીથી કુલ–૫૬ મુદ્દાઓની માહિતી. | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૧૨૩<br>તા.25/03/2019 |

**સુરત મહાનગરપાલિકા**

RIGHT TO INFORMATION

અપીલ અરજી નં.SMC/PHD/FAP/53/1/2018. Dt.12/12/2018.
આરોગ્ય વિભાગ.

અરજદાર :–શ્રી સંજય આર.પાઠક.
સામાવાળાઃ– જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારીશ્રી,સેન્ટ્રલ ઝોન,સુરત મહાનગરપાલિકા.

અરજદારશ્રી ધ્વારા તા.૦૧/૧૨/૧૮ના રોજ અપીલ અધિકારીશ્રી, સેન્ટ્રલ ઝોન, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરવામાં આવેલ અપીલ અરજી જે અપીલ અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારી, સેન્ટ્રલ ઝોનના પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આઉટ/૨૧૭૮, તા.૦૬/૧૨/૧૮ મુજબ અપીલ અધિકારી અને ડે.કમિશ્નર (હેલ્થ અને હોસ્પિટલ) પ્રતિ સંપુર્ણ તબદીલ કરવામાં આવેલ અરજી મુખ્ય કચેરી, આરોગ્ય વિભાગની કચેરી ખાતે પત્ર નં.પીએચડી/ઈન/૪૯, તા.૧૦/૧૨/૧૮ થી ઈનવર્ડ થયેલ છે, સદર અપીલ અરજીમાં અરજદારશ્રી ધ્વારા તા.૧૭/૧૦/૨૦૧૮ ના રોજ કરવામાં આવેલ ''આર.ટી.આઈ.ની અરજીના મુદ્દા નં.૧ તથા ૨ પરત્વે ગેરમાર્ગે દોરતી તદ્દન ખોટી માહિતી પુરી પાડવામાં આવેલ હોય જવાબ સ્વિકારવા જોગ નથી,મનપા સમક્ષ વાંધાઓ રજુ કરવામાં આવ્યા છે, તેથી આ કાર્યવાહીની નકલ રેકર્ડ પર હોવાની જ, જે માહિતી અમોને વિના મુલ્યે પુરી પાડવમાં આવે. વધુમાં તેઓએ જણાવેલ છે કે સમય અને શકિતનો બગાડ અટકાવવા અમે સુનાવણીમાં હાજર રહી શકતા ન હોય અમારો પક્ષ લઈ હુકમ કરશો'' એમ જણાવી નારાજ થઈ કરવામાં આવેલ અરજી અત્રે તા.૧૨/૧૨/૨૦૧૮ ના રોજ પ્રાપ્ત થયેલ છે.

અરજદારશ્રીની તા.૧૭/૧૦/૧૮ ની આર.ટી.આઈ.ની અરજી(આઈ.ડી.નં.૧૧૪૨)થી કુલ–૦૪ મુદ્દાઓની માહિતી માંગેલ હતી, જે અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારી(સેન્ટ્રલ ઝોન) ધ્વારા પત્ર નં.સીઝેડ/ના.આ.અધિ./આઉટ/૧૪૦, તા.૨૦/૧૧/૧૮ થી મુદ્દા નં.૧ થી ૩ પરત્વે પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ હોવાનું જણાય છે,જે મળેલ પ્રત્યુત્તર બાબતે અરજદાર ધ્વારા અપીલ અરજીથી દર્શાવેલ નારાજગી સંદર્ભે પુર્તતા રીપોર્ટ કે આપવા જોગ પુરક માહિતી અથવા અન્ય કોઈ રજુઆત હોય તો તે દિન–૫ માં મોકલી આપવા અત્રેના પત્ર નં.જીએડી/ઈએસટી/પીએચ/આરટીઆઈ/અપીલ/૭૬,તા.૧૮/૧૨/૨૦૧૮ તથા યાદપત્ર નં.જીએડી/ઈએસટી/પીએચ/આરટીઆઈ/અપીલ/૮૧,તા.૨૭/૧૨/૨૦૧૮ થી જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારી સેન્ટ્રલ ઝોન,બીજો માળ પ્રતિ જણાવવામાં આવેલ હતું, જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારી,સેન્ટ્રલ ઝોન ધ્વારા પત્ર.નં સીઝેડ/ના.આ.અધિ/આ/૧૭૪, તા.૨૭/૧૨/૧૮ મુજબ પુર્તતા રીપોર્ટમાં જણાવેલ છે કે, અરજદારશ્રીની અરજીના મુદ્દા નં.૧ તથા ૨ પરત્વે તા.૦૧/૦૯/૧૮ અન્વયે બહાર પાડેલ અખબાર યાદી નં.પી.આર.ઓ/૩૧૩/૨૦૧૮–૧૯, તા.૦૧/૦૯/૧૮ જે સુરતને ખુલ્લામાં શોચ મુકત જાહેર કરવા બાબતે કોઈ વાંધા કે સુચનો આવેલ નથી તથા મુદ્દા નં.૩ પરત્વે સંબંધિત વિભાગોમાં અરજદારશ્રીની અરજી તબદીલ થયેલ હોય લાગત વિભાગમાંથી માહિતી ઉપલબ્ધ થઈ શકશે, તે મુજબનો પ્રત્યુત્તર અરજદારશ્રીને પાઠવવામાં આવેલ હોવાનું જણાય છે.

અરજદારશ્રીની અપીલ અરજીનો અભ્યાસ કરતા તેઓશ્રીને અરજીના મુદ્દા નં.૧ તથા ૨ ના મળેલ પ્રત્યુત્તરથી નારાજગી હોવાનું જણાવેલ છે તથા તેઓશ્રીના જણાવ્યાં મુજબ આ બાબતે મહાનગરપાલિકા સમક્ષ વાંધા રજુ કરવામાં આવ્યા છે, આથી આ બાબતે રેકર્ડ ન હોય તે બાબત સ્વીકારવા જોગ નથી. અરજદારશ્રી ધ્વારા અપીલ અરજી સાથે મહાનગરપાલિકા સમક્ષ વાંધા રજુ થયા બાબતના કોઈ પુરાવા રજુ કરવામાં આવેલ હોવાનું જણાતું નથી.વધુમાં, અરજદારશ્રી ધ્વારા પ્રથમ અપીલથી કરેલ રજુઆતમાં સમય અને શકિતનો બગાડ અટકાવવા અમે સુનાવણીમાં હાજર રહી શકતા ન હોય અમારો પક્ષ લઈ હુકમ કરશો એમ જણાવેલ હોય પ્રથમ અપીલ સબબ પ્રસ્તુત કિસ્સામાં રૂબરૂ સુનાવણી રાખી શકાયેલ નથી. આર.ટી.આઈ. એકટની કલમ–૨(એફ), ૨(જે) અને માહિતી અધિકારની વ્યાખ્યા પ્રમાણે જાહેર સત્તા મંડળ પાસેની તથા તેના નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી પુરી પાડવાની જોગવાઈ છે વિગેરે બાબતો ધ્યાને લઈ અપીલ હુકમ કરતા પહેલા ઉકત જાહેરાતના સાપેક્ષમાં માહિતી માંગેલ હોવાનું જણાતું હોય અત્રેથી જે વિભાગ ધ્વારા જાહેરાત પ્રસિધ્ધ કરવામાં આવેલ હોય તે વિભાગ એટલે કે સ્વચ્છ ભારત મિશન ખાતે જુની.મેડીકલ ઓફિસર અને આસી.નોડલ ઓફિસરશ્રી,સ્વચ્છ ભારત મીશન પ્રતિ અત્રેની કચેરીના પત્ર નં.જીએડી/ઈએસટી/પીએચ/આરટીઆઈ/અપીલ/૯૨, તા.૦૫/૦૧/૨૦૧૮, યાદપત્ર–૧ નં.જીએડી/ઈએસટી/પીએચ/ આરટીઆઈ/અપીલ/૯૫, તા.૦૯/૦૧/૨૦૧૮ તથા યાદપત્ર–૨ નં.જીએડી/ ઈએસટી/પીએચ/આરટીઆઈ/અપીલ/૯૯, તા.૧૬/૦૧/૨૦૧૮ અન્વયે સ્વચ્છ ભારત મિશન વિભાગ મારફત તા.૦૧/૦૯/૧૮ થી પી.આર.ઓ/૩૧૩/૨૦૧૮–૧૯, તા.૦૧/૦૯/૧૮ મુજબ સ્વચ્છ ભારત મિશન અંતર્ગત સુરત મહાનગરપાલિકાને ખુલ્લામાં થતી શૌચક્રિયામાંથી મુકત (ODF+)જાહેર કરવા તથા વાંધા/સુચનો મંગાવવા બાબત શિર્ષક હેઠળ જાહેરાત પ્રસિધ્ધ કરી જાહેર જનતા પાસેથી વાંધા/સુચન/રજુઆત મહાનગરપાલિકાની કચેરીમાં રજુ કરવા જણાવવામાં આવેલ હતું, જે અનુસંધાને સમયમર્યાદામાં કે સમયમર્યાદા બાદ જાહેર જનતા/નાગરીક ધ્વારા કોઈ વાંધા સુચન મળેલ છે કે કેમ ? તથા જો વાંધા સુચન મળેલ હોય તો તે અનુસંધાને શું કાર્યવાહી કરવામાં આવેલ છે તેની માહિતી તથા સદર વાંધા/સુચન કોઈ નાગરીક કે જાહેર જનતા ધ્વારા તથા સુરત મહાનગરપાલિકાના ઝોન/અન્ય કચેરી ખાતે મળેલ હોય અને તે સ્વચ્છ ભારત મિશન વિભાગને પ્રાપ્ત થયેલ/મોકલવામાં આવેલ હોય તો તે અંગેની પણ વિસ્તૃત માહિતી અત્રે મોકલવા જણાવવામાં આવેલ હતું, જે અનુસંધાને જુની. મેડીકલ ઓફિસર અને આસી.નોડલ ઓફિસર (સ્વચ્છ ભારત મિશન) વિભાગના પત્ર નં.પીએચડી/એસબીએમ/૮૩૪, તા.૧૬/૦૧/૨૦૧૯ મુજબ પુર્તતા રીપોર્ટમાં, ''સ્વચ્છ ભારત મિશનનો મુખ્ય ઉદ્દેશ્ય ભારતના શહેરોને જાહેરમાં શૌચમુકત બનાવવાનો છે, જે સંદર્ભે ભારત સરકાર ધ્વારા સ્વચ્છ સર્વેક્ષણ–૨૦૧૯ ની ગાઈડ લાઈન અનુસાર ODF+ અને ODF++ ના સર્ટીફિકેટની જોગવાઈ કરવામાં આવેલ,જે અંતર્ગત સુરત મહાનગરપાલિકા ધ્વારા ODF+ અને ODF++ પ્રોટોકોલ મુજબ તમામ શરતોની પુર્તતા કરવામા આવી હતી અને જાહેર જનતા આ બાબતથી વાકેફ થાય તે અંગેની જાહેરાત તા.૦૧–૦૯–૨૦૧૮ નાં રોજ સુરત શહેરમાં બહોળી પ્રસિધ્ધિ ધરાવતાં દૈનિકપત્રમાં જાહેરાત પ્રસિધ્ધ કરેલ,વધુમાં ODF+ અને ODF++ પ્રોટોકોલ મુજબ જાહેરાત પ્રસિધ્ધ થયાનાં ૧૫ દિવસમાં સદર બાબતે જાહેર જનતા પાસે વાંધા/સૂચનો મંગવવા તથા તેની પુર્તતા કર્યા બાદ જ શહેરને ODF+/ ODF++ તરીકે જાહેર કરવામાં આવે,જે અંતર્ગત સુરત શહેરના નાગરિકો તરફથી નિયત સમયમર્યાદામાં કોઈ પ્રકારના વાંધા/સૂચનો લેખિતમાં અથવા રૂબરૂમાં અત્રેની કચેરીએ મળેલ ન હતા'' તેમ જણાવેલ છે.

અરજદારની મુળ અરજી,અપીલ અરજીથી અરજદારશ્રી ધ્વારા કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારીશ્રી (સેન્ટ્રલ ઝોન) ધ્વારા પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર તથા જુની મેડીકલ ઓફિસર અને આસી.નોડલ ઓફિસર (સ્વચ્છ ભારત મિશન) ધ્વારા કરવામાં આવેલ લેખીત પુર્તતા ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

અરજદારશ્રીની તા.૧૭/૧૦/૧૮ની આર.ટી.આઈ.ની અરજી (આઈ.ડી.નં.૧૧૪૨) અનુસંધાને અરજદારશ્રી ધ્વારા અપીલ અરજીથી દર્શાવેલ નારાજગી સબબ અરજદારશ્રી ધ્વારા ઉકત વિગતે કોઈ આધાર/પુરાવા રજુ કરવામાં આવેલ નથી કે અરજદારશ્રી ધ્વારા અપીલ અરજી અનુસંધાને ઉકત વિગતે રૂબરૂ સુનાવણી ન રાખવા વિનંતી કરેલ હોય રૂબરૂ સુનાવણી રાખી શકાયેલ નથી, તે સંજોગોમાં પ્રસ્તુત કિસ્સામાં સંબંધિત વિભાગના જુની મેડીકલ ઓફિસર અને આસી.નોડલ ઓફિસર (સ્વચ્છ ભારત મિશન) વિભાગ પાસે ઉકત વિગતે માહિતી મેળવવામાં આવેલ છે, જેની વિગતે સ્વચ્છ ભારત મિશનનો મુખ્ય ઉદ્દેશ ભારતના શહેરોને જાહેરમાં શૌચમુકત બનાવવાનો છે,જે સંદર્ભે ભારત સરકાર ધ્વારા સ્વચ્છ સર્વેક્ષણ–૨૦૧૯ ની ગાઈડ લાઈન અનુસાર ODF+ અને ODF++ ના સર્ટીફિકેટની જોગવાઈ કરવામાં આવેલ,જે અંતર્ગત સુરત મહાનગરપાલિકા ધ્વારા ODF+ અને ODF++ પ્રોટોકોલ મુજબ તમામ શરતોની પુર્તતા કરવામા આવી હતી અને જાહેર જનતા આ બાબતથી વાકેફ થાય તે અંગેની જાહેરાત તા.૦૧–૦૯–૨૦૧૮ નાં રોજ સુરત શહેરમાં બહોળી પ્રસિધ્ધિ ધરાવતાં દૈનિકપત્રમાં જાહેરાત પ્રસિદ્ધ કરેલ,વધુમાં ODF+ અને ODF++ પ્રોટોકોલ મુજબ જાહેરાત પ્રસિદ્ધ થયાનાં ૧૫ દિવસમાં સદર બાબતે જાહેર જનતા પાસે વાંધા/સૂચનો મંગવવા

તથા તેની પુર્તતા કર્યા બાદ જ શહેરને ODF+/ ODF++ તરીકે જાહેર કરવામાં આવે, જે અંતર્ગત સુરત શહેરના નાગરિકો તરફથી નિયત સમયમર્યાદામાં કોઈ પ્રકારના વાંધા/સૂચનો લેખિતમાં અથવા રૂબરૂમાં અત્રેની કચેરીએ મળેલ ન હતા'' તે મુજબની પુર્તતા કરવામાં આવેલ હોય, અરજદારશ્રીની આર.ટી.આઈ. એકટ હેઠળની અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારીશ્રી, સેન્ટ્રલ ઝોન ધ્વારા પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર સબબ કોઈ હસ્તક્ષેપ કરવાનો રહેતો હોવાનું કારણ જણાતું ન હોય તે મુજબ અપીલનો નિકાલ કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો, ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦/એ, ગાંધીનગરને દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/
તા.      /૦૧/૨૦૧૯

ડે.મ્યુનિ.કમિશ્નર(હેલ્થ અને હોસ્પી.)અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં.**SMC/PHD/FAP/57-2/2018. Dt.17/12/2018.**
આરોગ્ય વિભાગ.

**અરજદાર** :– શ્રી રમેશ કે.જાંગીડ.

**સામાવાળા**:– ઈ.ચા. જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી,સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ,સુરત મહાનગરપાલિકા.

અરજદાર મજકુર ધ્વારા તા.૩૦/૧૧/૧૮ ના રોજ અપીલ અધિકારી,સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ,મધ્યસ્થ કચેરી,સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરવામાં આવેલ અપીલ અરજી જાહેર માહિતી અધિકારી,નાગરીક સુવિધા કેન્દ્ર,સેન્ટ્રલ ઝોનના પત્ર.નં.સીસીસી/સે.ઝોન/આઉટ/૨૭૫,તા.૩૦/૧૧/૨૦૧૮ થી ડે.કમિશનરશ્રી,હેલ્થ એન્ડ હોસ્પીટલને ઉદ્દેશીને મોકલવામાં આવેલ અપીલ અરજી સાથે અરજદારશ્રીની તા.૨૬/૧૦/૧૮ ની આર.ટી.આઈ. ની મુળ અરજી સાથે તુમારો સામેલ રાખી અત્રેના વિભાગને જરૂરી કાર્યવાહી અર્થે મોકલેલ છે,જે અત્રે તા.૧૭/૧૨/૧૮ ના રોજ પ્રાપ્ત થયેલ છે.અરજદારની તા.૨૬/૧૦/૨૦૧૮ ની આર.ટી.આઈ.ની અરજી (આઈ.ડી.નં.૧૮૬૬) પરત્વેની નમુના 'ક' ની અરજી પરત્વેની માહિતી જાહેર માહિતી અધિકારી ધ્વારા નમૂનો–ક (નિયમ–૫(૧)(ક)રજૂ કર્યાના ૩૦ દિવસમાં નમૂના– 'ખ' કે 'ગ' માં પ્રતિભાવ મળ્યો નથી, તેમ જણાવી નારાજ થઈ અપીલ અરજી કરેલ છે.

અરજદારશ્રીની તા.૨૬/૧૦/૧૮(આઈ.ડી.નં.૧૮૬૬)ની આર.ટી.આઈ.ની અરજીથી (૧)સુરત મહાનગરપાલિકા, આરોગ્ય વિભાગના વર્ક ઓર્ડર નં.PHD/SWM/25/20-6, Dt.20/06/2017 ના કામે વિભાગમાં રજુ કરવામાં આવેલ રનીંગ બીલ નં.૧(ફસ્ટ),એસ.સી.આર.નં.૭૪૯/૨૦૧૭,તા.૦૧/૦૬/૨૦૧૭ માં વસુલ કરેલ ૫ ટકા સીકયુરીટી ડીપોઝીટની રકમ રૂા.૧૩,૦૭,૭૨૭/–તથા લેટ સીકયુરીટી ડીપોઝીટ પેનલ્ટી રૂા.૯૯,૦૫૦/–વર્ક ઓર્ડરમાં જણાવેલ શીડયુલ–એ તથા શીડયુલ–બી ના કામની કુલ રકમ પર વસુલ કરેલ છે કે જેટલું કામ થયુ છે તેના પર વસુલ થયેલ છે તેની વિગત આપશો. (૨) ૫ ટકા સીકયુરીટી ડીપોઝીટની રકમ રૂ.૧૩,૦૭,૭૨૭/–તથા લેટ સીકયુરીટી ડિપોઝીટ પેનલ્ટી રૂ.૯૯,૦૫૦/–વસુલ કરવા અંગેનું રનીંગ બીલ નં,૧(ફસ્ટ), એસ.સી.આર.નં. ૭૪૯/૨૦૧૭,તા.૦૧/૦૬/૨૦૧૭ બનાવનાર, મંજૂર કરનાર તથા રનીંગ બીલમાં જણાવેલ તમામ વિગતોની ચકાસણી કરનાર હિસાબનીશ અધિકારીના નામ,હોદ્દો,કર્મચારી નંબર સહિતની વિગત આપશો વિગેરે બાબતે કુલ–૦૨ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ હતી,જે અરજીથી માંગેલ મુદ્દાઓની માહિતીના અનુસંધાને ઈ.ચા.જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર,સો.વે.મે.વિભાગ ધ્વારા તેઓના પત્ર નં. PHD/SWM/RTI/Out. No.99 , Dt.26/11/2018 મુજબ અરજદારશ્રીને પુરી પાડવા જોગ નકલ ફી પેટે રૂા.૪૦/–દસ્તાવેજી ચાર્જ જમાં કર્યેથી માહિતી આપવામાં આવશે,તથા સો.વે.મે.વિભાગના હીસાબી શાખાના ડે.એકાઉન્ટન્ટ તથા મુખ્ય હીસાબનીશ ધ્વારા ચકાસણી થયેલ છે તે મુજબનું પ્રત્યુત્તર અરજદારશ્રીને પાઠવવામાં આવેલ હોવાનું જણાય છે,પરંતુ તેઓના નામ તથા કર્મચારી નંબરની માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાતું નથી.

અરજદારશ્રીની મુળ અરજી તેમજ અપીલ અરજી સંદર્ભે કરેલ રજુઆત તથા ઈ.ચા જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર સોલીડ વેસ્ટ મેનજમેન્ટ વિભાગ ધ્વારા અરજદારશ્રીને પાઠવવામાં આવેલ પ્રત્તયુતર ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

અરજદારશ્રીની તા.૨૬/૧૦/૧૮ (આઈ.ડી.નં.૧૮૬૬)ની આર.ટી.આઈ.ની અરજીના મુદ્દા નં.૧ તથા ૨ ની માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારશ્રીને પુરી પાડવા જોગ થતી નકલો–૨૦ માટે રૂા.૪૦/–દસ્તાવેજી ચાર્જ ભરપાઈ કરાવી માંગેલ માહિતી મેળવી લેવા બાબતે સમયમર્યાદા બાદ પ્રસ્તાવ આપેલ આવેલ હોવાનું જણાય છે,જયારે સોલીડ વેસ્ટ વિભાગના હીસાબી શાખાના ડે.એકાઉન્ટન્ટશ્રી તથા મુખ્ય હીસાબનીશશ્રી ધ્વારા ચકાસણી થયેલ છે તે મુજબની માહિતી ફકત અરજદારશ્રીને પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે,જયારે રનીંગ બીલ બનાવનાર,મંજૂર કરનાર તથા રનીંગ બીલમાં જણાવેલ વિગતોની ચકાસણી કરનાર હિસાબનીશ અધિકારીના નામ,હોદ્દો,કર્મચારી નંબર સહિતની વિગતો અરજદારશ્રીને પુરી પાડવામાં આવેલ હોવાનું જણાતું ન હોય, આર.ટી.આઈ. એકટની કલમ–૭(૬) અન્વયે અત્રેની કચેરીની જાણ હેઠળ દિન–૦૫ માં અરજદારશ્રીની અરજી પરત્વેની વિગતવાર માહિતી વિનામુલ્યે પુરી પાડવા ઈ.ચા.જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર,સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગને હુકમ કરવામાં આવે છે તેમજ હવે પછી આર.ટી.આઈ.એકટ હેઠળની અરજીનો નિયત સમયમર્યાદામાં નિકાલ કરવા તાકીદ કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો,ગુજરાત માહિતી આયોગ,કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ,બ્લોક નં.૧,બીજો માળ,નિર્માણ ભવનની પાછળ,સેકટર–૧૦/એ,ગાંધીનગરને દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/
તા. /૧૨/૨૦૧૮

ડે.કમિશનર(હે અને હો) અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

**અપીલ અરજી નં.SMC/PHD/FAP/58/2018. Dt.17/12/2018.**
**આરોગ્ય વિભાગ.**

**અરજદાર** :– શ્રી આઝાદ મો.રીઝવાન અબ્દુલ રબ.
**સામાવાળાઃ**– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સોલીડ વેસ્ટ મેનેજરશ્રી, સો.વે.મે.વિભાગ,સુરત મહાનગરપાલિકા.

અરજદાર મજકુર ધ્વારા તા.૦૧/૧૧/૧૮ના રોજ મ્યુનિ.કમિશ્નરશ્રી,/અપીલ અધિકારીશ્રી, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરવામાં આવેલ અપીલ અરજી જાહેર માહિતી અધિકારી, નાગરીક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોનના પત્ર નં.સીસીસી/સે.ઝોન/ આઉટ/૨૩૯, તા.૦૨/૧૧/૧૮ થી અપીલ અધિકારી, નાયબ આરોગ્ય અધિકારી (તમામ ઝોન) તથા સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગને ઉદ્દેશીને કરેલ અપીલ અરજી સાથે અરજદારશ્રીની તા.૧૫/૦૯/૧૮ ની આર.ટી.આઈ. ની મુળ અરજી સહિતના તુમારો સામેલ રાખી અત્રેના વિભાગને જરૂરી કાર્યવાહી અર્થે મોકલેલ છે, જે અત્રે તા.૧૭/૧૨/૧૮ ના રોજ પ્રાપ્ત થયેલ છે. અરજદારશ્રીની તા.૧૫/૦૯/૧૮ ની આર.ટી.આઈ.ની (આઈ.ડી.નં.૧૪૬૮)નમુના 'ક' ની અરજી પરત્વેની માહિતી જાહેર માહિતી અધિકારી ધ્વારા નમૂનો–ક (નિયમ–૫(૧)(ક) રજૂ કર્યાના ૩૦ દિવસમાં નમૂના–'ખ' કે 'ગ' માં પ્રતિભાવ મળ્યો નથી, તેમ જણાવી નારાજ થઈ અપીલ અરજી કરેલ છે.

ઉકત અપીલ અરજી સાથે સામેલ તુમારોનો અભ્યાસ કરતાં અરજદારશ્રીની તા.૧૫/૦૯/૧૮ થી જાહેર માહિતી અધિકારી, સેન્ટ્રલ ઝોન, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરેલ અરજી જાહેર માહિતી અધિકારી અને એકસીકયુટીવ આસીસ્ટન્ટ, નાગરીક સુવિધા કેન્દ્ર, મુગલીસરાના પત્ર નં.સીસીસી.સીઝેડ/આરટીઆઈ/આઉટ/૧૪૬૮, તા.૧૭/૦૯/૧૮ મુજબ ચીફ સેનેટરી ઈન્સ્પેકટર (તમામ ઝોન) તથા સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગને તબદીલ કરવામાં આવેલ હોવાનું જણાય છે તેમજ જાહેર માહિતી અધિકારી અને ચીફ સેનેટરી ઈન્સ્પેકટર, વેસ્ટ ઝોન ધ્વારા પત્ર નં.આર.ટી.આઈ.સેલ/આઉટ/૧૪૮૨ તા.૦૫/૧૦/૨૦૧૮ મુજબ અરજીના મુદ્દા નં.૧ તથા ૩ થી ૧૧ માટે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સોલીડ વેસ્ટ મેનેજરશ્રી, સો.વે.મે.વિભાગ પ્રતિ તબદીલ કરવામાં આવેલ હોવાનું જણાય છે. અરજદારશ્રીની ઉકત અરજીથી (૧) ઉપરોકત માહિતી મુજબ એકઝીકયુટીવ એન્જીનીયર, વેસ્ટ મેનેજમેન્ટ અધિકારી ધ્વારા ફાળવવામાં આવેલ કચરા ઉઘરાવવા માટેના ટેન્ડરની વિગતો દર્શાવતાં પત્રની માહિતીની નકલ આપો.(૨) ઉપરોકત માહિતી મુજબ દરેક ઝોનના આરોગ્ય વિભાગની રોજની દોડાવવામાં આવતી પીકઅપ વાનની માહિતીની વિગત વિગેરે કુલ–૧૧ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ હતી, જે માંગેલ મુદ્દાઓની માહિતીના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સોલીડ વેસ્ટ મેનેજરશ્રી,સો.વે.મે.વિભાગ ધ્વારા પત્ર નં.પીએચડી/સો.વે.મે./૮૧, તા.૨૪/૧૦/૧૮ મુજબ અરજીના મુદ્દા નં.૧ તથા ૩ થી ૧૧ પરત્વેની માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે, જેમાં મુદ્દા નં.૧ બાબતની પુરી પાડવા જોગ ૧૪૬ નકલો માટે પ્રતિ નકલ દીઠ રૂા.૨/–લેખે દસ્તાવેજી નકલ ફી પેટે રૂા.૨૯૨/– ભરપાઈ કરી માહિતી મેળવી લેવા અંગે અરજદારશ્રીને પ્રસ્તાવ આપી નાણાં ભરપાઈ કરવા અલગથી પત્ર પાઠવેલ હોવાનું જણાય છે. મુદ્દા નં.૨ થી માંગેલ માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી અને એકઝી.આસી., નાગરીક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોનના પત્ર નં.સીસીસી/આરટીઆઈ/આઉટ/૧૪૬૮, તા.૧૭/૦૯/૧૮ મુજબ તમામ ઝોનને અરજી તબદીલ કરવામાં આવેલ હોવાનું જણાય છે.

અરજદારશ્રીની મુળ અરજી તથા અપીલ અરજી સંદર્ભે કરેલ રજુઆત તેમજ જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સોલીડ વેસ્ટ મેનેજરશ્રી, સો.વે.મે.વિભાગ ધ્વારા અરજદારશ્રીને પાઠવવામાં આવેલ પ્રત્તયુતર ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

અરજદારશ્રીની તા.૧૫/૦૯/૧૮ (આઈ.ડી.નં.૧૪૬૮) ની આર.ટી.આઈ.ની અરજી પરત્વે આર.ટી.આઈ. એકટની કલમ–૨ (એફ), ૨(જે) અને માહિતી અધિકારની વ્યાખ્યા પ્રમાણે જાહેર સત્તામંડળની તથા તેના નિયંત્રણ હેઠળની ઉપલબ્ધ રેકર્ડ આધારીત હકીકતલક્ષી માહિતી આપવાની જોગવાઈ છે, જે મુજબ અરજીના મુદ્દા નં.૩ થી ૧૧ બાબતની સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગને લાગત માહિતી અરજદારશ્રીને સમયમર્યાદા બાદ પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે, જયારે મુદ્દા નં.૧ બાબતની અરજદારશ્રીને પુરી પાડવા જોગ માહિતીની કુલ–૧૪૬ નકલો માટે દસ્તાવેજી નાણાં ભરપાઈ કરવા જાહેર માહિતી અધિકારી ધ્વારા સમયમર્યાદા બાદ પ્રસ્તાવ આપેલ આવેલ હોવાનું જણાતું હોય, આર.ટી.આઈ. એકટની કલમ–૭(૬) અન્વયે અત્રેની કચેરીની જાણ હેઠળ દિન–૦૫ માં અરજદારશ્રીને વિના મુલ્યે પુરી પાડવા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. સોલીડ વેસ્ટ મેનેજરશ્રી, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગને હુકમ કરવામાં આવે છે તેમજ હવે પછી આર.ટી.આઈ.એકટ હેઠળની અરજીનો નિયત સમયમર્યાદામાં નિકાલ કરવા તાકીદ કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો,ગુજરાત માહિતી આયોગ,કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ,બ્લોક નં.૧,બીજો માળ,નિર્માણ ભવનની પાછળ,સેકટર–૧૦/એ,ગાંધીનગરને દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/
તા. /૦૧/૨૦૧૯

ડે.કમિશ્નર(હે અને હો) અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

સુરત મહાનગરપાલિકા

RIGHT TO INFORMATION

અપીલ અરજી નં.SMC/PHD/FAP/60/2018. Dt.18/12/2018.
**આરોગ્ય વિભાગ.**

**અરજદાર :–શ્રી જશવંતસિંહ એ.બ્રહ્મભટ્ટ.**
**સામાવાળાઃ–જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફીસરશ્રી, ફુડ વિભાગ,સુરત મહાનગરપાલિકા.**

અરજદારશ્રી મજકુર ધ્વારા તા.૧૫/૧૨/૧૮ ના રોજ અપીલ અધિકારી અને નાયબ કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પિટલ),સુરત મહાનગરપાલિકા,મુગલીસરા, સુરતને ઉદ્દેશીને કરવામાં આવેલ અપીલ અરજી જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફીસરશ્રી, ફુડ વિભાગના પત્ર નં.પીએચડી/ફુડ/૩૪૪૨, તા.૧૮/૧૨/૧૮ થી આર.ટી.આઈ.ની અરજી તેમજ અરજદારને પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર વિગેરે તુમારો સામેલ રાખી અત્રેના વિભાગને જરૂરી કાર્યવાહી અર્થે મોકલવામાં આવેલ હતી,જે અત્રે તા.૧૮/૧૨/૧૮ના રોજ પ્રાપ્ત થયેલ છે.

ઉકત તુમારોનો અભ્યાસ કરતાં અરજદારશ્રીની તા.૧૪/૧૧/૧૮ની માહિતી મેળવવા અંગેની અરજી નમુનો–ક ની અરજી પરત્વે જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ ઈન્સ્પેકટર ધ્વારા તા.૦૩/૧૨/૧૮ ના સામેલ પત્રથી પૂરી પાડવામાં આવેલ માહિતી અધૂરી,અપૂરતી જણાય છે તેમજ માંગેલ માહિતી પૈકી મુદ્દા નં.૪,૭ તથા ૮ ની માહિતી પુરેપુરી છુપાવેલ છે,જે તેઓ પાસે ઉપલબ્ધ હોવા છતાં છુપાયેલ છે, તેમ આ કામના જાહેર માહિતી અધિકારી ધ્વારા બદઆશયપૂર્વક આ કાયદાની કલમ ૬(૩) નું સદંતર ઉલ્લંઘન કરી પોતે આચરેલ ભ્રષ્ટાચાર ઉજાગર ન થાય તેવા બદઈરાદાપૂર્વક માહિતી છૂપાવી હોવાનાં કારણો તથા માંગેલ દાદમાં માહિતી છુપાવનાર જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર, સુ.મ.ન.પા.મુગલીસરા, સુરત વિરૂધ્ધ માહિતી છુપાવવા સબબ શિક્ષાત્મક કાર્યવાહી કરવી,અમોએ માંગેલ માહિતી સાચી, સ્પષ્ટ વિગતવાર મુદ્દા.નં.૧ થી ૮ અંગેની આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ નિયમ–૭–(૬) હેઠળ વિના મુલ્યે પુરી પડાવવી તેમજ હમોને થયેલ ખર્ચ અને હેરાનગતિ બદલ યોગ્ય વળતર ચુકવવા સહિતની સંપુર્ણ દાદ અપાવવા વિગેરે બાબતો જણાવી નારાજગી વ્યકત કરેલ છે.

અરજદારશ્રીની તા.૧૪/૧૧/૨૦૧૮ ની આર.ટી.આઈ.ની અરજીથી કુલ–૦૮ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ હતી, જે અનુસંધાને ફુડ વિભાગ ધ્વારા પત્ર નં.પીએચડી/ફુડ/૩૧૯૫, તા.૦૩/૧૨/૧૮ અન્વયે સમયમર્યાદામાં અરજદારશ્રીને મુદ્દા નં.૧ પરત્વે મનભાવન સ્વીટને ફુડ સેફટી અને સ્ટાન્ડર્ડ એકટ–૨૦૦૬ મુજબનું લાયસન્સ આપવામાં આવેલ હોવાની માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે,મુદ્દા નં. ૨,૩,૫ તથા ૬ ની માંગવામાં આવેલ માહિતી બાબતે દીલ્હી ગેટ સ્થિત આવેલ ફુડ વિભાગની કચેરી ખાતે તા.૧૭/૦૩/૨૦૧૮ ના રોજ શોટ સર્કીટના કારણે આગ લાગેલ હોય,જેથી કચેરી ખાતે રાખવામાં આવેલ તમામ રેકર્ડ મહદઅંશે આગમાં નાશ પામેલ હોવાનું તદઉપરાંત મુદ્દા નં.૫ ની વધારાની પુર્તતામાં " ત્યારબાદ સદર સંસ્થામાંથી તા.૨૨/૧૦/૨૦૧૮ ના રોજ માવાધારી અને ડ્રાયફ્રુટના નમુના લેવામાં આવેલ " તથા મુદ્દા નં.૬ ની પુર્તતામાં " ત્યારબાદ સદર સંસ્થા વિરૂધ્ધ તા.૧૬/૧૦/૨૦૧૮ ના રોજ કર્તવ્ય સમાચાર ધ્વારા કરેલી ફરીયાદના અનુસંધાનમાં સંસ્થામાંથી તા.૨૨/૧૦/૨૦૧૮ ના રોજ માવાધારી અને ડ્રાયફ્રુટના નમુના લેવામાં આવેલ " એમ જણાવેલ છે,જયારે અરજીના અન્ય મુદ્દાઓ માટે પત્ર નં.પીએચડી/ફુડ/૩૦૭૮,તા.૧૯/૧૧/૨૦૧૮ થી આર.ટી.આઈ.ની અરજી તથા અરજદારશ્રીની સદર અપીલ અરજી અત્રેનાં પત્ર નં.જીએડી/ ઈએસટી/પીએચ/આરટીઆઈ/અપીલ/આઉટ/૮૭,તા.૦૨/૦૧/૨૦૧૯ મુજબ અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી,ઉધના ઝોન પ્રતિ તબદીલ કરવામાં આવેલ છે.

અરજદારશ્રીની મુળ અરજી,અપીલ અરજી સંદર્ભે અરજદારશ્રી ધ્વારા કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફીસર,ફુડ વિભાગ ધ્વારા અરજદારશ્રીને પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર ધ્યાને લેતા નીચે મુજબ હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**::– હુકમ ::–**

અરજદારશ્રીની તા.૧૪/૧૧/૨૦૧૮ ની આર.ટી.આઈ.એકટ હેઠળની અરજી (આઈ.ડી.નં.૯૬)થી માંગવામાં આવેલ માહિતી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફીસર,ફુડ વિભાગ ધ્વારા અરજદારશ્રીને પત્ર નં.પીએચડી/ફુડ/૩૧૯૫,તા.૦૩/૧૨/૨૦૧૮ થી સમયમર્યાદામાં માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે,જેમાં મુદ્દા નં.૧ પરત્વે મનભાવન સ્વીટને ફુડ સેફટી અને સ્ટાન્ડર્ડ એકટ–૨૦૦૬ મુજબનું લાયસન્સ આપવામાં આવેલ હોવા અંગેની માહિતી અરજદારશ્રીને પુરી પાડવામાં આવેલ હોવાનું જણાતું હોય તે બાબતે વધુ કોઈ કાર્યવાહી કરવાની રહેતી હોવાનું જણાતું નથી.મુદ્દા નં.૨,૩ ની માંગેલ માહિતી બાબતે દીલ્હી ગેટ સ્થિત આવેલ ફુડ વિભાગની કચેરી ખાતે તા.૧૭/૦૩/૨૦૧૮ ના રોજ શોટ સર્કીટના કારણે આગ લાગેલ હોય જેથી કચેરી ખાતે રાખવામાં આવેલ તમામ રેકર્ડ મહદઅંશે આગમાં નાશ પામેલ હોવાનું જણાવેલ હોય સદર બાબતે પણ કોઈ હસ્તક્ષેપ કરવાનો રહેતો હોવાનું જણાતું નથી.જયારે મુદ્દા નં.૫ પરત્વેની સદર બનાવ બાદની વધારાની પુર્તતામાં " ત્યારબાદ સદર સંસ્થામાંથી તા.૨૨/૧૦/૨૦૧૮ ના રોજ માવાધારી અને ડ્રાયફ્રુટના નમુના લેવામાં આવેલ" તેજ પ્રમાણે મુદ્દા નં.૬ ની વધારાની પુર્તતામાં "ત્યારબાદ સદર સંસ્થા વિરૂધ્ધ તા.૧૬/૧૦/૨૦૧૮ ના રોજ કર્તવ્ય સમાચાર ધ્વારા કરેલી ફરીયાદના અનુસંધાનમાં સંસ્થામાંથી તા.૨૨/૧૦/૨૦૧૮ ના રોજ માવાધારી અને ડ્રાયફ્રુટના નમુના લેવામાં આવેલ " એમ જણાવેલ છે,જે ધ્યાને લેતાં મુદ્દા નં.૫ તથા ૬ પરત્વે રેકર્ડ આગમાં નાશ પામેલ દર્શાવેલ સમયગાળા બાદની અરજદારશ્રી ધ્વારા માંગેલ માહિતી પૈકી જે માહિતી રેકર્ડ પર ઉપલબ્ધ હોય અને નિયમાનુંસાર આપવા પાત્ર હોય તો તે માહિતી આર.ટી.આઈ.એકટની કલમ–૭(૬)અંતર્ગત વિનામુલ્યે અત્રેની કચેરીની જાણ હેઠળ દિન–૦૭ માં અરજદારશ્રીને માહિતી પુરી પાડવા/પ્રત્યુત્તર પાઠવવા જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફીસરશ્રી, ફુડ વિભાગને હુકમ કરવામાં આવે છે.

જયારે અરજીના અન્ય મુદ્દાઓ માટે પત્ર નં.પીએચડી/ફુડ/૩૦૭૮,તા.૧૯/૧૧/૨૦૧૮ થી જાહેર માહિતી અધિકારી અને નાયબ શહેર વિકાસ અધિકારી ઉધના ઝોન પ્રતિ અરજદારશ્રીની આર.ટી.આઈ.ની અરજી તથા અરજદારશ્રીની અપીલ અરજી અત્રેનાં પત્ર નં.જીએડી/ ઈએસટી/પીએચ/આરટીઆઈ/અપીલ/આઉટ/૮૭,તા.૦૨/૦૧/૨૦૧૯ મુજબ અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી,ઉધના ઝોન પ્રતિ તબદીલ કરવામાં આવેલ હોય તે અંગે વધુ કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

વધુમાં જાહેર માહિતી અધિકારી સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવાની સત્તા આર.ટી.આઈ એકટ કલમ–૨૦ હેઠળ રાજય માહિતી આયોગને હોય તે અંગે અત્રેથી કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

અરજદાર ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો,ગુજરાત માહિતી આયોગ,કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ,બ્લોક નં.૧,બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦–એ,ગાંધીનગરને દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/આરટીઆઈ/અપીલ/
તા. /૦૧/૨૦૧૯.

ઈ.ચા. આરોગ્ય અધિકારી અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

**અપીલ અરજી નં.SMC/PHD/FAP/61/2018-19. Dt.20/12/2018.**
**આરોગ્ય વિભાગ.**

**અરજદાર :– શ્રી જતીનકુમાર એસ.બારોટ.**
**સામાવાળાઃ– જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફીસરશ્રી, ફુડ વિભાગ, સુરત મહાનગરપાલિકા.**

અરજદાર મજકુર ધ્વારા તા.૧૮/૧૨/૨૦૧૮ ના રોજ અપીલ અધિકારી વ નાયબ કમિશ્નરશ્રી (હેલ્થ અને હોસ્પિટલ), સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરવામાં આવેલ અપીલ અરજી આરોગ્ય વિભાગમાં પત્ર નં.પીએચડી/આરટીઆઈ/૫૫, તા.૧૮/૧૨/૨૦૧૮ થી પ્રાપ્ત થયેલ હતી, જે અપીલ અરજી ડે.કમિશ્નરશ્રી (હેલ્થ અને હોસ્પિટલ) ધ્વારા તા.૧૧/૧૨/૧૮ ના રોજ ચીફ ફુડ ઓફિસર તથા પી.ઓ.(એચ) નો શેરો કરી જરૂરી કાર્યવાહી અર્થે મોકલવામાં આવેલ હતી,જે અંતર્ગત ફુડ વિભાગ ધ્વારા નમુના–'ક' ની અરજી સહિત તમામ તુમારો સામેલ કરી જરૂરી કાર્યવાહી અર્થે અત્રેના વિભાગને મોકલવામાં આવેલ, જે અત્રે તા.૨૦/૧૨/૨૦૧૮ ના રોજ પ્રાપ્ત થયેલ. અરજદારશ્રીની અપીલ અરજીથી જણાવેલ વિગતે તેઓની તા.૧૪/૧૧/૨૦૧૮ ની આર.ટી.આઈ.ની અરજી (આઈ.ડી.નં.૯૫) ના અનુસંધાનમાં માંગેલ માહિતી પૈકી મુદ્દા નં.૧ થી ૩ માટે અરજદાર ધ્વારા તા.૧૫/૧૧/૧૮ થી ભરપાઈ કર્યા હોવા છતાં માહિતી પુરી પાડેલ નથી તથા મુદ્દા નં.૪ નો અભ્યાસ કર્યા વગર અન્ય કચેરીમાં ખોટી રીતે તબદીલ કરી માહિતી છુપાવેલ છે તેમજ મુદ્દા નં.૫ અને ૬ અંગેની અસ્પષ્ટ માહિતી પુરી પાડેલ છે,માટે કાયદા વિરૂધ્ધનો પ્રત્યુત્તર પાઠવી કાયદાનું ઉલ્લંઘન કર્યુ હોય તમામ માહિતી છુપાવેલ હોય ચીફ ફુડ સેફટી ઓફીસર વિરૂધ્ધ શિક્ષાત્મક કાર્યવાહી કરવી તેમજ માંગેલ માહિતી સ્પષ્ટ વિગતવાર આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ નિયમ ૭(૬) હેઠળ વિનામૂલ્યે પૂરી પાડવી તેમ જણાવી નારાજગી વ્યકત કરેલ છે.સદર અપીલ અરજી અત્રેનાં પત્ર નં.જીએડી/ઈએસટી/પીએચ/ આરટીઆઈ/અપીલ/આઉટ/૮૮, તા.૦૨/૦૧/૨૦૧૯ મુજબ અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી, ઉધના ઝોન પ્રતિ આંશીક તબદીલ કરવામાં આવેલ છે.

ઉકત અપીલ અરજી સાથે સામેલ તુમારોનો અભ્યાસ કરતાં અરજદારશ્રી ધ્વારા નમુના "ક" ની તા.૧૪/૧૧/૨૦૧૮ ની અરજી જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફીસર, ફુડ વિભાગ પ્રતિ મોકલવવામાં આવેલ હોવાનું જણાય છે, અરજદારશ્રીની નમુના "ક" ની અરજીથી (૧) ઉધના ઉધોગનગર રોડ નં.૩ ખાતે આવેલ ધરતી નમકીન અને સ્વીટને આરોગ્ય તેમજ ફુડ વિભાગ ધ્વારા આપવામાં આવેલ લાઈસન્સની વિગતવાર માહિતી વિગેરે બાબતે કુલ–૦૬ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ હતી.જે અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફીસર ફુડ વિભાગ ધ્વારા પત્ર નં.પીએચડી/ફુડ/૩૧૯૭, તા.૦૩/૧૨/૨૦૧૮ થી અરજદારશ્રીને સમયમર્યાદામાં પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ હોવાનું જણાય છે.અરજીના મુદ્દા નં.૧ થી ૩ પરત્વેની માંગેલ માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી ધ્વારા નકલ ફી રૂા.૨૪/– ભરપાઈ કરી માહિતી મેળવી લેવા અરજદારશ્રીને સમયમર્યાદામાં પ્રસ્તાવ આપવામાં આવેલ હોવાનું જણાય છે. મુદ્દા નં.૪ ફુડ વિભાગને લાગત ન જણાતા નાયબ શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (ઉધના ઝોન) ને પત્ર નં.પીએચડી/ફુડ/૩૦૭૯, તા.૧૯/૧૧/૨૦૧૮ મુજબ તબદીલ કરવામાં આવેલ હોવાનું જણાય છે,જયારે મુદ્દા નં.૫ તથા ૬ ની માહિતી બાબતે ફુડ વિભાગની કચેરી ખાતે તા.૧૭/૦૩/૨૦૧૮ ના રોજ શોટ સરર્કીટના કારણે આગ લાગેલ હોય જેથી કચેરી ખાતે રાખવામાં આવેલ તમામ રેકર્ડ નાશ પામેલ હોવાનું તથા મુદ્દા નં. ૫ ની પુર્તતામાં "ત્યારબાદ સદર સંસ્થામાંથી તા.૨/૧૧/૨૦૧૮ ના રોજ સેવ અને ગાંઠીયાના નમુના લેવામાં આવેલ " તથા મુદ્દા નં.૬ ની પુર્તતામાં "ત્યારબાદ તા.૯/૦૮/૨૦૧૮ ના રોજ ટેલીફોનીક ફરીયાદના અનુસંધાનમાં સંસ્થામાંથી "હજમાં સીંગ" નો નમુનો લેવામાં આવેલ,જે ધારાધોરણ મુજબનો માલુમ પડેલ છે " એમ જણાવેલ છે.

અરજદારશ્રીની મુળ અરજી,અપીલ અરજી ધ્વારા કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફીસર, ફુડ વિભાગ ધ્વારા પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

અરજદારશ્રીની તા.૧૪/૧૧/૧૮ ની (આઈ.ડી.નં.૯૫) ની આર.ટી.આઈ.એકટ હેઠળની અરજીથી માંગવામાં આવેલ માહિતી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફીસર, ફુડ વિભાગ ધ્વારા અરજદારશ્રીને પત્ર નં.પીએચડી/ફુડ/૩૧૯૭, તા.૦૩/૧૨/૨૦૧૮ થી મુદ્દા નં.૧ થી ૩ ની માંગેલ માહિતીની નકલ મેળવવા દસ્તાવેજી નાણાં ધ્વારા નાણાં ભરપાઈ કરવા અંગે આપવામાં આવેલ પ્રસ્તાવ અન્વયે અરજદારશ્રી ધ્વારા તા.૧૫/૧૨/૨૦૧૮ ના રોજ નકલ ફી ભરપાઈ કરેલ હોય ફુડ વિભાગ ધ્વારા પત્ર નં.પીએચડી/ફુડ/૩૫૧૬, તા.૨૧/૧૨/૨૦૧૮ ના રોજ પુરી પાડવા જોગ નકલો અરજદારશ્રીને હાથોહાથ પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે તથા તે મુજબની નકલો મળ્યા અંગેની પહોંચ મેળવવામાં આવેલ હોય તે અંગે કોઈ વધારાની કાર્યવાહી કરવાની રહેતી હોવાનું જણાતું નથી.

જયારે મુદ્દા નં. ૪ ફુડ વિભાગને લાગત ન જણાતા નાયબ શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (ઉધના ઝોન) પ્રતિ જાહેર માહિતી અધિકારી ફુડ વિભાગ ધ્વારા પત્ર નં.પીએચડી/ફુડ/૩૦૭૯, તા.૧૯/૧૧/૨૦૧૮ મુજબ તબદીલ કરવામાં આવેલ હોવાનું જણાતું હોય ઉકત વિગતે અત્રેથી અરજદારશ્રીની અપીલ અરજી પત્ર નં.જીએડી/ઈએસટી/પીએચ/આરટીઆઈ/ અપીલ/આઉટ/૮૮, તા.૦૨/૦૧/૨૦૧૯ મુજબ અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી ઉધના ઝોન પ્રતિ તબદીલ કરવામાં આવેલ છે,પરંતુ અરજદારશ્રીની નમુના "ક" ની અરજીનો અભ્યાસ કરતાં મુદ્દા નં.૪ થી ઉકત સંસ્થાની મિલ્કતનુ બાંધકામ કાયદેસર હોવા અંગેના રજુ કરેલ

પુરાવાની પ્રમાણિત નકલમાં માહિતી પુરી પાડવી" તે મુજબની માંગણી કરેલ હોય જો ઉકત સંસ્થા ધ્વારા રજુ કરેલ પુરાવામાં તેની નકલ પુરી પાડેલ હોય તો તે અંગેની ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતીની પ્રમાણિત નકલ તથા જો નકલ પુરી પાડવામાં આવેલ ન હોય તો તેની સ્પષ્ટતા કરવાની રહે છે. મુદ્દા નં.૫ તથા ૬ પરત્વેની માંગેલ માહિતી બાબતે ફુડ વિભાગની કચેરી ખાતે તા.૧૭/૦૩/૨૦૧૮ ના રોજ દિલ્હીગેટ સ્થિત આવેલ ફુડ વિભાગની કચેરી ખાતે શોટ સરકીટના કારણે આગ લાગેલ હોય જેથી કચેરી ખાતે રાખવામાં આવેલ તમામ રેકર્ડ નાશ પામેલ હોવાનું જાહેર માહિતી અધિકારી ધ્વારા જણાવેલ છે.આથી સદર બાબત પુરતો હસ્તક્ષેપ કરવાનો રહેતો હોવાનું જણાતું નથી,પરંતુ સદર સમયગાળા બાદની અરજદારશ્રીને માહિતી અધિકાર–૨૦૦૫ હેઠળની માંગેલ માહિતી પૈકી જે માહિતી રેકર્ડ પર ઉપલબ્ધ હોય અને નિયમાનુંસાર આપવા પાત્ર હોય તો તે માહિતી આર.ટી.આઈ.એકટની કલમ–૭(૬) અંતર્ગત વિનામુલ્યે અત્રેની કચેરીની જાણ હેઠળ દિન–૦૭ માં અરજદારશ્રીને માહિતી પુરી પાડવા/પ્રત્યુત્તર પાઠવવા જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફીસરશ્રી, ફુડ વિભાગને હુકમ કરવામાં આવે છે.

વધુમાં, જાહેર માહિતી અધિકારી સામે કાયદેસરની શિક્ષાત્મક કાર્યવાહીની સત્તા આર.ટી.આઈ. એકટ કલમ–૨૦ હેઠળ રાજય માહિતી આયોગને હોય તે અંગે અત્રેથી કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

અરજદાર ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો, ગુજરાત માહિતી આયોગ,કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧,બીજો માળ, નિર્માણ ભવનની પાછળ,સેકટર–૧૦– એ,ગાંધીનગરને દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/આરટીઆઈ/અપીલ/
તા.    /૦૧/૨૦૧૯

ઈ.ચા. આરોગ્ય અધિકારી અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

**અપીલ અરજી નં.SMC/PHD/FAP/62/2018-19. Dt.20/12/2018.**
**આરોગ્ય વિભાગ.**

અરજદાર :– શ્રી જતીનકુમાર એસ.બારોટ.
સામાવાળાઃ– જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફીસરશ્રી, ફુડ વિભાગ, સુરત મહાનગરપાલિકા.

અરજદાર મજકુર ધ્વારા તા.૧૮/૧૨/૨૦૧૮ ના રોજ અપીલ અધિકારી વ નાયબ કમિશ્નરશ્રી (હેલ્થ અને હોસ્પિટલ), સુરત મહાનગરપાલિકા મુગલીસરા, સુરતને ઉદ્દેશીને કરવામાં આવેલ અપીલ અરજી આરોગ્ય વિભાગમાં પત્ર નં.પીએચડી/આરટીઆઈ/૫૪, તા.૧૮/૧૨/૨૦૧૮ થી પ્રાપ્ત થયેલ હતી,જે અપીલ અરજી ડે.કમિશ્નરશ્રી (હેલ્થ અને હોસ્પિટલ) ધ્વારા તા.૧૧/૧૨/૧૮ ના રોજ ચીફ ફુડ ઓફિસરનો શેરો મારી જરૂરી કાર્યવાહી અર્થે મોકલવામાં આવેલ હતી, જે અંતર્ગત ફુડ વિભાગ ધ્વારા નમુના–'ક' ની અરજી સહિત તમામ તુમારો સામેલ કરી જરૂરી કાર્યવાહી અર્થે અત્રેના વિભાગને મોકલવામાં આવેલ હતી,જે અત્રે તા.૨૦/૧૨/૨૦૧૮ ના રોજ પ્રાપ્ત થયેલ.અરજદારશ્રીની અપીલ અરજીથી જણાવેલ વિગતે તા.૧૬/૧૧/૨૦૧૮ ની આર.ટી.આઈ.ની અરજી (આઈ.ડી.નં.૯૮)ના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારી ધ્વારા કાયદા વિરૂધ્ધનો પ્રત્યુત્તર પાઠવી આ કાયદાનું ઉલ્લંઘન કરી જાહેર માહિતી અધિકારીએ બદઆશય પુર્વક પોતે આચરેલ ભ્રષ્ટાચાર ઉજાગર ન થાય તેવ બદઈરાદાપુર્વક માહિતી છુપાવેલ હોય ચીફ ફુડ સેફટી ઓફીસર વિરૂધ્ધ શિક્ષાત્મક કાર્યવાહી કરવી, તેમજ માંગેલ માહિતી સાચી,સ્પષ્ટ વિગતવાર આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ નિયમ ૭(૬) હેઠળ વિનામૂલ્યે પૂરી પાડવી તેમ જણાવી નારાજગી વ્યકત કરેલ છે.

ઉકત અપીલ અરજી સાથે સામેલ તુમારોનો અભ્યાસ કરતાં અરજદારશ્રી ધ્વારા નમુના "ક" ની તા.૧૬/૧૧/૨૦૧૮ ની (આઈ.ડી.નં.૯૮)ની અરજીથી કુલ–૦૯ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ હતી,જે અનુસંધાને ફુડ વિભાગ ધ્વારા પત્ર નં.પીએચડી/ફુડ/૩૧૯૩,તા.૦૩/૧૨/૧૮ અન્વયે સમયમર્યાદામાં અરજદારશ્રીને પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ હોવાનું જણાય છે.જે પૈકી મુદ્દા નં.૧ પરત્વે મનભાવન સ્વીટને ફુડ સેફટી અને સ્ટાન્ડર્ડ એકટ–૨૦૦૬ મુજબનું લાયસન્સ આપવામાં આવેલ હોવા અંગેની માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે.મુદ્દા નં.૨,૩,૫ તથા ૬ ની માંગવામાં આવેલ માહિતી બાબતે દીલ્હી ગેટ સ્થિત આવેલ ફુડ વિભાગની કચેરી ખાતે તા.૧૭/૦૩/૨૦૧૮ ના રોજ શોટ સર્કીટના કારણે આગ લાગેલ હોય જેથી કચેરી ખાતે રાખવામાં આવેલ તમામ રેકર્ડ મહદઅંશે આગમાં નાશ પામેલ હોવાનું તદઉપરાંત મુદ્દા નં.૫ ની વધારાની પુર્તતામાં " ત્યારબાદ સદર સંસ્થામાંથી તા.૨૨/૧૦/૨૦૧૮ ના રોજ માવાધારી અને ડ્રાયફ્રુટના નમુના લેવામાં આવેલ " તથા મુદ્દા નં.૬ ની પુર્તતામાં "ત્યારબાદ સદર સંસ્થા વિરૂધ્ધ તા.૧૬/૧૦/૨૦૧૮ ના રોજ કર્તવ્ય સમાચાર ધ્વારા કરેલી ફરીયાદના અનુસંધાનમાં સંસ્થામાંથી તા.૨૨/૧૦/૨૦૧૮ ના રોજ માવાધારી અને ડ્રાયફ્રુટના નમુના લેવામાં આવેલ " એમ જણાવેલ છે,જયારે અરજીના અન્ય મુદ્દાઓ માટે પત્ર નં.પીએચડી/ફુડ/૩૦૮૧, તા.૧૯/૧૧/૨૦૧૮ થી આર.ટી.આઈ ની અરજી તથા અરજદારશ્રીની સદર અપીલ અરજી અત્રેનાં પત્ર નં.જીએડી/ઈએસટી/પીએચ/આરટીઆઈ/અપીલ/આઉટ/૮૯,તા.૦૨/૦૧/૨૦૧૯ મુજબ અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી,ઉધના ઝોન પ્રતિ તબદીલ કરવામાં આવેલ છે.જયારે મુદ્દા નં.૯ બાબતે આર.ટી.આઈ.ની કલમ–૭(૯) હેઠળ તા.૦૬/૧૨/૨૦૧૮ ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે ફુડ સેફટી ઓફિસરના રજીસ્ટરોની તપાસણી કરી ત્યાર બાદ અરજદાર જણાવે તેટલી નકલો માટે નિયત ફી ભરપાઈ કરી માહિતી મેળવી શકશે તે મુજબનો પ્રસ્તાવ જાહેર માહિતી અધિકારી ધ્વારા સાયમર્યાદામાં આપવામાં આવેલ હોવાનું જણાય છે.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી સંદર્ભે અરજદારશ્રી ધ્વારા કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફીસર,ફુડ વિભાગ ધ્વારા અરજદારશ્રીને પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર ધ્યાને લેતા નીચે મુજબ હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**—:: હુકમ ::—**

અરજદારશ્રીની તા.૧૬/૧૧/૨૦૧૮ ની આર.ટી.આઈ.એકટ હેઠળની અરજી (આઈ.ડી.નં.૯૮) થી માંગવામાં આવેલ માહિતી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફીસર,ફુડ વિભાગ ધ્વારા અરજદારને પત્ર નં.પીએચડી/ફુડ/૩૧૯૩, તા.૦૩/૧૨/૨૦૧૮ થી જાહેર માહિતી અધિકારી ધ્વારા સમયમર્યાદામાં માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે,જેમાં મુદ્દા નં.૧ પરત્વે મનભાવન સ્વીટને ફુડ સેફટી અને સ્ટાન્ડર્ડ એકટ–૨૦૦૬ મુજબનું લાયસન્સ આપવામાં આવેલ હોવા અંગેની માહિતી અરજદારશ્રીને પુરી પાડવામાં આવેલ હોવાનું જણાતું હોય તે બાબતે વધુ કોઈ કાર્યવાહી કરવાની રહેતી હોવાનું જણાતું નથી.મુદ્દા નં.૨,૩ ની માંગેલ માહિતી બાબતે દીલ્હી ગેટ સ્થિત આવેલ ફુડ વિભાગની કચેરી ખાતે તા.૧૭/૦૩/૨૦૧૮ ના રોજ શોટ સર્કીટના કારણે આગ લાગેલ હોય જેથી કચેરી ખાતે રાખવામાં આવેલ તમામ રેકર્ડ મહદઅંશે આગમાં નાશ પામેલ હોવાનું જણાવેલ હોય સદર બાબતે પણ કોઈ હસ્તક્ષેપ કરવાનો રહેતો હોવાનું જણાતું નથી.જયારે મુદ્દા નં.૫ પરત્વેની સદર બનાવ બાદની વધારાની પુર્તતામાં " ત્યારબાદ સદર સંસ્થામાંથી તા.૨૨/૧૦/૨૦૧૮ ના રોજ માવાધારી અને ડ્રાયફ્રુટના નમુના લેવામાં આવેલ" તેજ પ્રમાણે મુદ્દા નં.૬ ની વધારાની પુર્તતામાં "ત્યારબાદ સદર સંસ્થા વિરૂધ્ધ તા.૧૬/૧૦/૨૦૧૮ ના રોજ કર્તવ્ય સમાચાર ધ્વારા કરેલી ફરીયાદના અનુસંધાનમાં સંસ્થામાંથી તા.૨૨/૧૦/૨૦૧૮ ના રોજ માવાધારી અને ડ્રાયફ્રુટના નમુના લેવામાં આવેલ " એમ જણાવેલ છે,જે ધ્યાને લેતાં મુદ્દા નં.૫ તથા ૬ પરત્વે રેકર્ડ આગમાં નાશ પામેલ દર્શાવેલ સમયગાળા બાદની અરજદારશ્રી ધ્વારા માંગેલ માહિતી પૈકી જે માહિતી રેકર્ડ પર ઉપલબ્ધ હોય અને નિયમાનુંસાર આપવા પાત્ર હોય તો તે માહિતી

આર.ટી.આઈ.એકટની કલમ–૭(૬)અંતર્ગત વિનામુલ્યે અત્રેની કચેરીની જાણ હેઠળ દિન–૦૭ માં અરજદારશ્રીને માહિતી પુરી પાડવા/પ્રત્યુત્તર પાઠવવા જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફીસરશ્રી, ફુડ વિભાગને હુકમ કરવામાં આવે છે.

જયારે અરજીના અન્ય મુદ્દાઓ માટે પત્ર નં.પીએચડી/ફુડ/૩૦૮૧,તા.૧૯/૧૧/૨૦૧૮ થી જાહેર માહિતી અધિકારી અને નાયબ શહેર વિકાસ અધિકારી ઉધના ઝોન પ્રતિ અરજદારશ્રીની આર.ટી.આઈ.ની અરજી તથા અરજદારશ્રીની અપીલ અરજી અત્રેનાં પત્ર નં.જીએડી/ઈએસટી/પીએચ/આરટીઆઈ/અપીલ/આઉટ/૮૯,તા.૦૨/૦૧/૨૦૧૯ મુજબ અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી,ઉધના ઝોન પ્રતિ તબદીલ કરવામાં આવેલ હોય તે અંગે વધુ કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.મુદ્દા નં.૯ બાબતે આર.ટી.આઈ.ની કલમ–૭(૯) હેઠળ તા.૦૬/૧૨/૨૦૧૮ ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે ફુડ વિભાગની કચેરી ખાતેના રજીસ્ટરોની તપાસણી કરી નિયત ફી ભરપાઈ કરી માહિતી મેળવી લેવા અંગે જાહેર માહિતી અધિકારી ધ્વારા સમયમર્યાદામાં પ્રસ્તાવ આપવામાં આવેલ હોય અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીશ્રી પાસે આગોતરા સમય મેળવી પ્રસ્તાવનો સ્વીકાર કરી નિયમોનુસાર ફી ભરપાઈ કરી દફતરી તપાસણી કરી તેવી માહિતી મેળવી લેવા સ્વતંત્ર છે.

વધુમાં જાહેર માહિતી અધિકારી સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવાની સત્તા આર.ટી.આઈ એકટ કલમ–૨૦ હેઠળ રાજય માહિતી આયોગને હોય તે અંગે અત્રેથી કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

અરજદાર ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો, ગુજરાત માહિતી આયોગ,કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧,બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦–એ,ગાંધીનગરને દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/આરટીઆઈ/અપીલ/
તા. /૦૧/૨૦૧૯

ઈ.ચા. આરોગ્ય અધિકારી અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

RIGHT TO INFORMATION

**અપીલ અરજી નં.SMC/PHD/FAP/64/2018-19. Dt.27/12/2018.**
**આરોગ્ય વિભાગ.**

**અરજદાર :–શ્રી જસવંતસિંહ એ બ્રહમભટ્ટ.**
**સામાવાળા:–જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફીસરશ્રી, ફુડ વિભાગ, સુરત મહાનગરપાલિકા.**

અરજદાર મજકુર ધ્વારા તા.૨૧/૧૨/૨૦૧૮ ના રોજ અપીલ અધિકારી અને નાયબ કમિશ્નરશ્રી (હેલ્થ અને હોસ્પિટલ), સુરત મહાનગરપાલિકા મુગલીસરા, સુરતને ઉદ્દેશીને કરવામાં આવેલ અપીલ અરજી આરોગ્ય વિભાગમાં પત્ર નં.પીએચડી/આરટીઆઈ/૫૬, તા.૨૧/૧૨/૨૦૧૮ થી પ્રાપ્ત થયેલ હતી, જે અપીલ અરજી ડે.કમિશ્નરશ્રી (હેલ્થ અને હોસ્પિટલ) ધ્વારા તા.૨૪/૧૨/૧૮ ના રોજ ચીફ ફુડ ઓફિસર/પર્સોનેલ ઓફિસર (એચ) નો શેરો મારી જરૂરી કાર્યવાહી અર્થે મોકલવામાં આવેલ હતી, જે અંતર્ગત ફુડ વિભાગ ધ્વારા નમુના–'ક' ની અરજી સહિત તમામ તુમારો સામેલ કરી જરૂરી કાર્યવાહી અર્થે અત્રેના વિભાગને મોકલવામાં આવેલ, જે અત્રે તા.૨૯/૧૨/૨૦૧૮ ના રોજ પ્રાપ્ત થયેલ. અરજદારશ્રીની અપીલ અરજીથી જણાવેલ વિગતે તા.૧૩/૧૧/૨૦૧૮ ની''આર.ટી.આઈ.ની અરજી (આઈ.ડી.નં.૯૩) ના અનુસંધાને માંગેલ માહિતી પૈકી મુદ્દા નં.૧ થી ૩ માટે અરજદાર ધ્વારા તા.૧૩/૧૧/૨૦૧૮ ના રોજ રૂા.૨૪/– ભરપાઈ કરેલ હોવા છતાં માહિતી પુરી પાડેલ નથી તથા મુદ્દા નં.૪ નો અભ્યાસ કર્યા વિના અન્ય કચેરીમાં તબદીલ કરી માહિતી છુપાવેલ છે તેમજ મુદ્દા નં.૫ તથા ૬ પરત્વેની માહિતી અસ્પષ્ટ પુરી પાડેલ હોય જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફીસર વિરૂધ્ધ શિક્ષાત્મક કાર્યવાહી કરાવી, અમોએ માંગેલ માહિતી સાચી, સ્પષ્ટ વિગતવાર મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી વિનામૂલ્યે પૂરી પાડવી એમ જણાવી નારાજગી વ્યકત કરેલ છે. સદર અપીલ અરજી અત્રેનાં પત્ર નં.જીએડી/ઈએસટી/પીએચ/આરટીઆઈ/અપીલ/આઉટ/૮૬, તા.૦૨/૦૧/૨૦૧૯ મુજબ અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી, ઉધના ઝોન પ્રતિ આંશીક તબદીલ કરવામાં આવેલ છે.

ઉકત અપીલ અરજી સાથે સામેલ તુમારોનો અભ્યાસ કરતાં અરજદારશ્રી ધ્વારા નમુના ''ક'' ની તા.૧૩/૧૧/૨૦૧૮ ની અરજી ફુડ વિભાગ પ્રતિ મોકલવામાં આવેલ હોવાનું જણાય છે, અરજદારશ્રીની નમુના ''ક'' ની અરજીથી (૧)ઉધના ઉધોગનગર રોડ નં.૩ ખાતે આવેલ ધરતી નમકીન અને સ્વીટને આરોગ્ય તેમજ ફુડ વિભાગ ધ્વારા આપવામાં આવેલ લાઈસન્સ ની વિગતવાર માહિતી વિગેરે બાબતે કુલ–૦૬ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ હતી.જે અનુસંધાને જાહેર માહિતી અધિકારી ફુડ વિભાગ ધ્વારા અરજદારશ્રીને પત્ર નં.પીએચડી/ફુડ/૩૧૯૯, તા.૦૩/૧૨/૨૦૧૮ થી પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ હોવાનું જણાય છે,જેમાં અરજીના મુદ્દા નં.૧ થી ૩ પરત્વેની માંગેલ માહિતી બાબતે નકલ ફી રૂા.૨૪/–ભરપાઈ કરી માહિતી મેળવી લેવા અરજદારશ્રીને સમયમર્યાદામાં પ્રસ્તાવ આપવામાં આવેલ હોવાનું જણાય છે તથા મુદ્દા નં.૪ ફુડ વિભાગને લાગત ન જણાતા નાયબ શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (ઉધના ઝોન) ને પત્ર નં.પીએચડી/ફુડ/૩૦૮૦, તા.૧૯/૧૧/૨૦૧૮ મુજબ તબદીલ કરવામાં આવેલ હોવાનું જણાય છે. મુદ્દા નં. ૫ તથા ૬ ની માહિતી બાબતે ફુડ વિભાગની કચેરી ખાતે તા.૧૭/૦૩/૨૦૧૮ ના રોજ શોટ સરકીટના કારણે આગ લાગેલ હોય જેથી કચેરી ખાતે રાખવામાં આવેલ તમામ રેકર્ડ નાશ પામેલ હોવાનું તથા મુદ્દા નં. ૫ ની પુર્તતામાં ''ત્યારબાદ સદર સંસ્થામાંથી તા.૨/૧૧/૨૦૧૮ ના રોજ સેવ અને ગાંઠીયાના નમુના લેવામાં આવેલ '' તથા મુદ્દા નં.૬ ની પુર્તતામાં ''ત્યારબાદ તા.૯/૦૮/૨૦૧૮ ના રોજ ટેલીફોનીક ફરીયાદના અનુસંધાનમાં સંસ્થામાંથી ''હજમાં સીંગ'' નો નમુનો લેવામાં આવેલ,જે ધારાધોરણ મુજબનો માલુમ પડેલ છે '' એમ જણાવેલ છે.

અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજી ધ્વારા કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફીસર, ફુડ વિભાગ ધ્વારા પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

## —:: હુકમ ::—

અરજદારશ્રીની તા.૧૩/૧૧/૧૮ ની (આઈ.ડી.નં.૯૩) ની આર.ટી.આઈ.એકટ હેઠળની અરજીથી માંગવામાં આવેલ માહિતી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફીસર,ફુડ વિભાગ ધ્વારા અરજદારશ્રીને પત્ર નં.પીએચડી/ફુડ/૩૧૯૯, તા.૦૩/૧૨/૨૦૧૮ થી મુદ્દા નં.૧ થી ૩ પરત્વેની માહિતીની નકલ મેળવવા દસ્તાવેજી નાણાં ભરપાઈ કરવા અંગે આપવામાં આવેલ પ્રસ્તાવ અન્વયે અરજદારશ્રી ધ્વારા તા.૧૮/૧૨/૨૦૧૯ ના રોજ નકલ ફી ભરપાઈ કરેલ હોય ફુડ વિભાગ ધ્વારા પત્ર નં.પીએચડી/ફુડ/૩૫૧૫, તા.૨૧/૧૨/૨૦૧૮ ના રોજ પુરી પાડવા જોગ નકલો અરજદારશ્રીને હાથોહાથ પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે તથા તે મુજબની નકલો મળ્યા અંગેની પહોંચ મેળવવામાં આવેલ હોય તે અંગે કોઈ વધારાની કાર્યવાહી કરવાની રહેતી હોવાનું જણાતું નથી.

જયારે અરજીના મુદ્દા નં.૪ ફુડ વિભાગને લાગત ન જણાતા નાયબ શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (ઉધના ઝોન) પ્રતિ જાહેર માહિતી અધિકારી ફુડ વિભાગ ધ્વારા પત્ર નં.પીએચડી/ફુડ/૩૦૮૦, તા.૧૯/૧૧/૨૦૧૮ મુજબ તબદીલ કરવામાં આવેલ હોવાનું જણાતુ હોય ઉકત વિગતે અત્રેથી અરજદારશ્રીની અપીલ અરજી અત્રેનાં પત્ર નં.જીએડી/ઈએસટી/પીએચ/આરટીઆઈ/અપીલ/આઉટ/૮૬, તા.૦૨/૦૧/૨૦૧૯ મુજબ અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી, ઉધના ઝોન પ્રતિ તબદીલ કરવામાં આવેલ છે,પરંતુ અરજદારશ્રીની નમુના 'ક' ની અરજીનો અભ્યાસ કરતા મુદ્દા નં.૪ થી ''ઉકત સંસ્થાની મિલ્કતનું બાંધકામ કાયદેસર હોવા અંગેનાં રજુ કરેલ પુરાવાની પ્રમાણિત નકલમાં માહિતી પુરી પાડવી'' તે મુજબની માંગણી કરેલ હોય જો ઉકત સંસ્થા ધ્વારા રજુ કરેલ પુરાવામાં તેની નકલ હોય તો તે અંગેની ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતીની પ્રમાણિત નકલ તથા જો નકલ પુરી પાડવામાં આવેલ ન હોય તો તેની સ્પષ્ટતા કરવાની રહે છે.મુદ્દા નં.૫ તથા ૬ પરત્વેની માંગેલ માહિતી બાબતે ફુડ વિભાગની કચેરી ખાતે તા.૧૭/૦૩/૨૦૧૮ ના રોજ દિલ્હીગેટ સ્થિત આવેલ ફુડ વિભાગની કચેરી ખાતે શોટ સરકીટના કારણે આગ લાગેલ હોય જેથી કચેરી ખાતે રાખવામાં આવેલ તમામ રેકર્ડ નાશ પામેલ હોવાનું જાહેર માહિતી અધિકારી ધ્વારા જણાવેલ છે.આથી સદર બાબત પુરતો હસ્તક્ષેપ કરવાનો રહેતો હોવાનું જણાતું નથી,પરંતુ સદર સમયગાળા બાદની અરજદારશ્રીને માહિતી અધિકાર—૨૦૦૫ હેઠળની માંગેલ માહિતી પૈકી જે માહિતી રેકર્ડ પર ઉપલબ્ધ હોય અને નિયમાનુંસાર આપવા પાત્ર હોય તો તે માહિતી આર.ટી.આઈ. એકટની કલમ—૭(૬) અંતર્ગત વિનામુલ્યે અત્રેની કચેરીની જાણ હેઠળ દિન—૦૭ માં અરજદારશ્રીને માહિતી પુરી પાડવા/પ્રત્યુત્તર પાઠવવા જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફીસરશ્રી, ફુડ વિભાગને હુકમ કરવામાં આવે છે.

વધુમાં, જાહેર માહિતી અધિકારી સામે કાયદેસરની શિક્ષાત્મક કાર્યવાહીની સત્તા આર.ટી.આઈ. એકટ કલમ—૨૦ હેઠળ રાજય માહિતી આયોગને હોય તે અંગે અત્રેથી કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

અરજદાર ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો, ગુજરાત માહિતી આયોગ,કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧,બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર—૧૦—એ,ગાંધીનગરને દિન—૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/આરટીઆઈ/અપીલ/
તા. /૦૧/૨૦૧૯

ઈ.ચા. આરોગ્ય અધિકારી અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

RIGHT TO INFORMATION

# સુરત મહાનગરપાલિકા

અપીલ નં.SMC/ PHD/ FAP/67/2018. Dt.29/12/2018.
આરોગ્ય વિભાગ.

**અરજદારઃ—** શ્રી સંદિપ આત્મારામ ખંભાયત.
**સામાવાળાઃ—** જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસરશ્રી, ફુડ વિભાગ,સુરત મહાનગરપાલિકા.

અરજદારશ્રી ધ્વારા તા.૨૧/૧૨/૧૮ ના રોજ જાહેર માહિતી અધિકારીશ્રી, આરોગ્ય વિભાગ સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરવામાં આવેલ અપીલ અરજી જાહેર માહિતી અધિકારી,ના.સુ.કેન્દ્ર સેન્ટ્રલ ઝોન, સુરત મહાનગરપાલિકાના પત્ર.નં.સીસીસી/સેન્ટ્રલઝોન/આઉટ/૨૯૬, તા.૨૧/૧૨/૧૮ થી અપીલ અધિકારી,ડે.મ્યુનિ.કમિશ્નર (હે અને હો) તબદીલ કરવામાં આવેલ છે, જે અત્રે તા.૨૯/૧૨/૧૮ ના રોજ પ્રાપ્ત થયેલ છે.અરજદારશ્રી ધ્વારા તા.૨૦/૧૧/૧૮ (આઈ.ડી.નં.૨૦૦૪) ના રોજ કરેલ આર.ટી.આઈ.ની અરજીથી કુલ—૦૩ મુદ્દાઓની માંગેલ માહિતીઓ પૈકી ફકત મુદ્દા નં.૧ ની જ માહિતી આપવામાં આવેલ છે તે સિવાય મુદ્દા નં.ર તથા ૩ ની કોઈ જ માહિતી, માહિતી આપવા માટેની નિયત સમયમર્યાદા પુરી થઈ ગઈ હોવા છતાં આપેલ નથી તેમ જણાવી નારાજ થઈ અપીલ અરજી કરેલ છે.

ઉકત અપીલ અરજી સાથે સામેલ તુમારોનો અભ્યાસ કરતાં અરજદારશ્રીની નમુના "ક" ની તા.૨૦/૧૧/૧૮ (આઈ.ડી.નં.૨૦૦૪) ની અરજીથી કુલ—૩ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ હતી, જે અનુસંધાને ઉકત વિગતે અરજદારશ્રીએ માંગેલ માહિતીના મુદ્દા નં.ર અને ૩ ના પ્રત્યુત્તર સંદર્ભે માહિતીથી નારાજગી વ્યકત કરેલ છે. જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર, ફુડ વિભાગ ધ્વારા પત્ર નં.પીએચડી/ફુડ/૩૨૦૧,તા.૦૩/૧૨/૧૮ મુજબ અરજદારશ્રીને સમયમર્યાદામાં મુદ્દા નં.ર તથા ૩ પરત્વે પેકેજડ ડ્રીંકીંગ વોટરનું ઉત્પાદન અથવા વેચાણ કરતી સીલ કરેલ સંસ્થાઓ પાસેથી બી.આઈ.એસ. સર્ટીફીકેટ મેળવવાની લેખિત બાંહેધરી લઈ સીલ ખોલવાની મંજુરી આપવામાં આવેલ છે " તે મુજબનો પ્રત્યુત્તર અરજદારશ્રીને પાઠવવામાં આવેલ હોવાનું જણાય છે.

અરજદારશ્રીની અપીલ અરજી પરત્વેની નારાજગી સંદર્ભે બન્ને પક્ષોની રજુઆત ધ્યાને લેવાના હેતુસર રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા અર્થે અત્રેથી પત્ર નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/આઉટ/૯૭,તા.૧૧/૦૧/૧૯ મુજબ તા.૧૭/૦૧/૧૯ ના રોજ બપોરે ૦૧:૦૦ કલાકે ઈ.ચા.આરોગ્ય અધિકારી અને એપેલેટ ઓફિસરની કચેરી, સુરત મહાનગરપાલિકા બીજો માળ, મુગલીસરા, સુરત ખાતે હાજર રહેવા જણાવવામાં આવેલ,પરંતુ સદર દિને એપેલેટ ઓફિસર કચેરીના કામે વ્યસ્તતાના કારણે રોકાયેલ હોય,રૂબરૂ સુનાવણી હાથ ધરી શકાયેલ ન હોય,ફરીથી અત્રેથી પત્ર નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/આઉટ/૧૦૫, તા.૨૪/૦૧/૧૯ મુજબ તા.૨૮/૦૧/૧૯ ના રોજ બપોરે ૦૧:૦૦ કલાકે અરજદારશ્રીને રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા જણાવવામાં આવેલ,તે મુજબ અરજદારશ્રી તથા જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર, ફુડ વિભાગના પ્રતિનિધી તરીકે શ્રી ડી.કે.પટેલ સદર દિને રૂબરૂ સુનાવણી અર્થે અપીલ અધિકારી સમક્ષ હાજર રહયા હતા.

અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજી સંદર્ભે રૂબરૂ સુનાવણી સમયે હાજર રહી અરજદારશ્રી ધ્વારા કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર, ફુડ વિભાગ,ધ્વારા પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર તથા રૂબરૂ સુનાવણીમાં હાજર રહી કરેલ રજુઆત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**—:: હુકમ ::—**

અરજદારશ્રીની તા.૨૦/૧૧/૨૦૧૮ની અરજી (આઈ.ડી.નં.૨૦૦૪) થી માંગવામા આવેલ માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર, ફુડ વિભાગના પ્રતિનીધી તરફથી અરજદાર ધ્વારા મુદ્દા નં. ૨ તથા ૩ ની માંગેલ માહિતી પરત્વેની કરવામાં આવેલ રજુઆત સંદર્ભે રૂબરૂ સુનાવણી દરમ્યાન અરજદારશ્રી સાથે સ્પષ્ટતા કરી જરૂરી સમજ આપવામાં આવેલ તે બાબતે રૂબરૂ સુનાવણી સમયે અરજદારશ્રીએ સંતોષ વ્યકત કરેલ હોય, તે અંગે બીજી કોઈ વધારાની કાર્યવાહી કરવાની રહેતી હોવાનું જણાતું ન હોય,અરજદારની અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો, ગુજરાત માહિતી આયોગ,કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરીઓ,બ્લોક નં.૧,બીજો માળ,નિર્માણ ભવનની પાછળ, સેકટર—૧૦/એ, ગાંધીનગરને દિન—૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/
તા. /૦૨/૨૦૧૯

ઈ.ચા આરોગ્ય અધિકારી અને
એપલેટ ઓફીસર,
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં. SMC/PHD/FAP/68/2018. Dt.03/01/2019.
આરોગ્ય વિભાગ.

અરજદાર :– શ્રી તલ્હા ચાંદીવાલા.
સામાવાળાઃ– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સોલીડ વેસ્ટ મેનેજરશ્રી, સો.વે.મે. વિભાગ,સુરત મહાનગરપાલિકા.

અરજદારશ્રી ધ્વારા તા.૨૪/૧૨/૧૮ ના રોજ પ્રથમ અપીલ અધિકારીશ્રી, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરવામાં આવેલ અપીલ અરજી જાહેર માહિતી અધિકારી, નાગરિક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોનના પત્ર નં.સીસીસી/સેન્ટ્રલ ઝોન/આઉટ/૨૯૮, તા.૨૬/૧૨/૧૮ થી અપીલ અધિકારી, ડે.કમિશ્નરશ્રી (હેલ્થ અને હોસ્પિટલ)પ્રતિ તબદીલ કરેલ હતી, જે આર.ટી.આઈ.ની અરજી તેમજ અરજદારને પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર વિગેરે તુમારો સામેલ રાખી અત્રેના વિભાગને જરૂરી કાર્યવાહી અર્થે મોકલેલ હતી, જે અત્રે તા.૩૧/૧૨/૧૮ ના રોજ પ્રાપ્ત થયેલ છે. અરજદારશ્રીની તા.૨૨/૧૧/૧૮ ની આર.ટી.આઈ.ની અરજી (આઈ.ડી.નં.૨૦૨૨) ના અનુસંધાને માહિતી પુરી ન પાડી પોતાના વિભાગની અતિ મહત્વની માહિતી છુપાવી તેઓએ ભ્રષ્ટાચાર આચરેલ હોવાનું જણાવી નારાજ થઈ અપીલ અરજી કરેલ છે.

અરજદારશ્રીની તા.૨૨/૧૧/૧૮ (આઈ.ડી.નં.૨૦૨૨) ની આર.ટી.આઈ.ની અરજીથી કુલ–૧૯ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ હતી, અરજદારશ્રીની ઉકત અરજી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સોલીડ વેસ્ટ મેનેજરશ્રી, સો.વે.મે.વિભાગ ધ્વારા પત્ર નં.પીએચડી/સો.વે.મે/આરટીઆઈ/૧૨૧, તા.૧૭/૧૨/૧૮ થી સમયમર્યાદામાં પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ હોવાનું જણાય છે તથા અન્ય માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી ધ્વારા પત્ર નં.પીએચડી/સો.વે.મે/આરટીઆઈ/૧૨૨, તા.૧૭/૧૨/૧૮ થી ફલોપી ડીસ્ક નંગ–૦૧ માં માહિતી મેળવવા બાબતે રૂ.૫૦/–ભરપાઈ કરવા બાબતે જણાવેલ, તે મુજબ અરજદારશ્રી ધ્વારા તા.૨૪/૧૨/૧૮ ના રોજ નાણાં ભરપાઈ કરવામાં આવેલ હોય ફલોપી/સી.ડી ડીસ્ક નંગ–૦૧ તા.૦૧/૦૧/૧૯ ના રોજ પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે.

અરજદારશ્રીની ઉકત અરજીના અનુસંધાને મુદ્દા નં.૧ થી ૯, ૧૩, ૧૪ ૧૬ તથા ૧૭ પરત્વેની માહિતી જાહેર માહિતી અધિકારી ધ્વારા પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે. જયારે મુદ્દા નં.૧૦–તમામ કામદારોના મેડીકલ ચેકઅપના સર્ટીફીકેટ અને ફીટનેસ સર્ટીફીકેટની ઝેરોક્ષ નકલ, મુદ્દા નં.૧૧–ડોકટરની ડીગ્રી શું છે? નામ,સરનામું અને મોબાઈલ નંબર અને ડોકટરની ડીગ્રી, મુદ્દા નં.૧૨– છેલ્લા ૧૦ વર્ષમાં સાઈટ ઉપર કામ કરતાં કામદારોના કેટલા મેડીકલ રિપોર્ટ જમાં કરાવ્યા છે તેની નકલ સહિતની માહિતી, મુદ્દા નં.૧૫–ભુતકાળમાં આવા કોઈ કિસ્સા આવ્યા હોય તેની માહિતી, મુદ્દા નં.૧૮–મૃત પશુઓના અંગો માર્કેટમાં કેટલા રૂપિયામાં વેચાણ થયા છે અને કઈ કઈ એજન્સીને આપવામાં આવ્યા છે એજન્સીનું નામ,સરનામું અને મોબાઈલ નંબર સહિતની વિગતવાર માહિતી તથા મુદ્દા નં.૧૯ એજન્સી અંગોનું શું કરે છે? વિગેરે બાબતની માહિતી અરજદારશ્રી ધ્વારા માહિતી માંગવામાં આવેલ હતી,જે અન્વયે જાહેર માહિતી અધિકારી ધ્વારા મુદ્દા નં.૯ માટે "એજન્સીએ તેઓના કામદારોનાં મેડીકલ ચેકઅપના રીપોર્ટ અત્રેનાં વિભાગને રજુ કરેલ ન હોય અત્રેનાં વિભાગમાં ઉપલબ્ધ નથી" તેમજ મુદ્દા નં.૧૦ થી ૧૨ તથા મુદ્દા નં.૧૫, ૧૮ તથા ૧૯ માટે "અત્રેનાં વિભાગમાં માહિતી ઉપલબ્ધ નથી" તે મુજબનો પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ હોવાનું જણાય છે.

બન્ને પક્ષોની રજુઆત ધ્યાને લેવાના હેતુસર તા.૧૭/૦૧/૧૯ ના રોજ બપોરે ૧૨ઃ૩૦ કલાકે રૂબરૂ સુનાવણી રાખવામાં આવેલ હતી પરંતુ સદર દિને અનિવાર્ય સંજોગોનાં કારણે રૂબરૂ સુનાવણી હાથ ધરી શકાયેલ ન હોય, ફરીથી તા.૨૮/૦૧/૧૯ ના રોજ બપોરે ૧ઃ૦૦ કલાકે રૂબરૂ સુનાવણી રાખવામાં આવેલ, જેમાં અરજદારશ્રી તથા સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગના જાહેર માહિતી અધિકારી વતી તેઓના પ્રતિનિધી રૂબરૂ સુનાવણી અર્થે હાજર રહયા હતા.

અરજદારશ્રી ધ્વારા રૂબરૂ સુનાવણી સમયે તેઓને અરજીના મુદ્દા નં.૧ થી ૧૯ માં માહિતી અધુરી આપેલ છે, ટેન્ડરની નકલો આપેલ નથી, તમામ માહિતી દિન–૭ માં વિનામુલ્યે આપવી, મુદ્દા નં.૧૦, ૧૧, ૧૨ જે વિભાગને લાગે તે વિભાગમાં તબદીલ કરેલ નથી, મુદ્દા નં.૧૫, ૧૮, ૧૯ જે તે વિભાગને તબદીલ કરેલ નથી. તમામ માહિતી આપો તે મુજબની રજુઆત કરવામાં આવેલ છે. સદર રજુઆત પૈકી જાહેર માહિતી અધિકારીએ લાગત વિભાગને અરજી તબદીલ કરેલ નથી તે મુજબની રજુઆત સંદર્ભે જણાવવાનું કે, આર.ટી.આઈ.એકટની કલમ–૨(એફ), ૨(જે) અને માહિતી અધિકારની વ્યાખ્યા પ્રમાણે જાહેર સત્તા મંડળ પાસેની તથા તેના નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી આપવાની જોગવાઈ છે, વધુમાં આર.ટી.આઈ.એકટની કલમ–૬(૩) તથા આર.ટી.આઈ. એકટ નિયમ–૪(૨) મુજબ કોઈ જાહેર સત્તા મંડળને માહિતી માટે વિનંતી કરતી અરજી કરવામાં આવી હોય અને તે માહિતી (૧) બીજા જાહેર સત્તામંડળ પાસે હોય અથવા (૨) તેની વિષય વસ્તુ બીજા જાહેર સત્તામંડળના કાર્યો સાથે વધુ નિકટતાથી સંકળાયેલ હોય ત્યારે, એવી અરજી જે જાહેર સત્તામંડળને કરવામાં આવી હોય તેણે તે અરજી અથવા તેવી અરજીનો પોતે યોગ્ય ગણે તેવો ભાગ તે બીજા જાહેરસત્તા મંડળને તબદીલ કરવો જોઈશે તેવી જોગવાઈ કરવામાં આવેલ છે, પરંતુ માહિતી અધિકાર અધિનિયમની કલમ–૨(ઝ) માં આવેલ વ્યાખ્યા મુજબ જાહેર સત્તામંડળમાં સંવિધાન હેઠળ કે સંસદ કે રાજય વિધાન મંડળએ કરેલ કાયદાથી સ્થાપાયેલ હોય કે સમુચિત સરકારે બહાર પાડેલા કોઈ જાહેરનામા અથવા કોઈ હુકમથી સ્થપાયેલ હોય કે આવી સરકારે પ્રત્યક્ષ અથવા પરોક્ષ સ્વરૂપે પુરા પાડેલ ફંડથી રચાયેલ હોય કે સરકારનું મોટાપાયે ધિરાણ મેળવતા મંડળ કે બિન સરકારી સંગઠનોનો પણ સમાવેશ થાય છે, જાહેર માહિતી અધિકારીનો પ્રત્યુત્તર ધ્યાને લેતા હાલ એજન્સી મજકુરને મૃત પશુઓના નિકાલ અંગે પેમેન્ટ સિવાય સુરત મહાનગરપાલિકા ધ્વારા કોઈપણ પ્રકારની આંતર માળખાકીય સુવિધા ઈજારદાર એજન્સીને પુરી પાડવામાં આવતી હોવાનું જણાતું ન હોય, પ્રસ્તુત કિસ્સામાં ઈજારદાર એજન્સીનો જાહેર સત્તામંડળની વ્યાખ્યામાં સમાવેશ થઈ શકે નહિં, તે સંજોગોમાં સદર ઈજારદાર એજન્સીને અરજી તબદીલ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો ન હોવાનું અત્રેનું મંતવ્ય છે, તેમ છતાં જો નિયુકત કોન્ટ્રાકટર સાથે સુરત મહાનગરપાલિકા ધ્વારા કરવામાં આવેલ કરાર કે ટેન્ડરની શરતો અને બોલીઓ અનુસંધાને મુદ્દા નં.૧૦ થી ૧૨ તથા મુદ્દા નં.૧૫, ૧૮ તથા ૧૯

પૈકી તે મુજબની કોઈ માહિતી ખાતાને પુરી પાડવાની જોગવાઈ કરવામાં આવેલ હોય તથા તેવી માહિતી ઈજારદાર ધ્વારા ખાતાને પુરી પાડવામાં આવેલ હોય તો ઉપલબ્ધ રેકર્ડ આધારિત માહિતી પુરી પાડવાની રહે છે.

અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજી સંદર્ભે રૂબરૂ સુનાવણીમાં હાજર રહી અરજદાર ધ્વારા કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારી ધ્વારા પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

**—:: હુકમ ::—**

અરજદારશ્રીની તા.૨૨/૧૧/૧૮ની (આઈ.ડી.નં.૨૦૨૨)ની આર.ટી.આઈ.ની અરજીના મુદ્દાઓ બાબતે જાહેર માહિતી અધિકારી ધ્વારા સમયમર્યાદામાં પ્રત્યુત્તર/માહિતીની નકલ ફલોપી ડીસ્ક/સી.ડી. સ્વરૂપે અરજદારશ્રીને પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે, અપીલ અરજી પરત્વેની રૂબરૂ સુનાવણી સમયે અરજદારશ્રીની માંગેલ મુદ્દાઓની માહિતી અધુરી પુરી પાડેલ હોવાની રજુઆત સબબ અરજદારશ્રી ધ્વારા માંગેલ માહિતી પૈકી જે માહિતી રેકર્ડ ઉપર ઉપલબ્ધ હોય અને નિયમોનુંસાર આપવા પાત્ર હોય તો તે માહિતી તથા અરજદારશ્રીની ઉકત વિગતે મુદ્દા નં.૧૦ થી ૧૨ તથા મુદ્દા નં.૧૫,૧૮,૧૯ જે તે વિભાગને તબદીલ કરેલ નથી તે મુજબની રજુઆત સબબ ઉપરોકત વિગતે પ્રસ્તુત કિસ્સામાં ઈજારદાર એજન્સીનો જાહેર સત્તા મંડળની વ્યાખ્યામાં સમાવેશ થતો ન હોવાનું જણાતું હોય તે સંજોગોમાં અરજી તબદીલીને પાત્ર થતી હોવાનું જણાતું નથી, પરંતુ સદર મુદ્દાઓ પૈકી કોઈ માહિતી નિયુકત કોન્ટ્રાકટર સાથે સુરત મહાનગરપાલિકા ધ્વારા કરવામાં આવેલ કરાર કે ટેન્ડરની શરતો અને બોલીઓ અનુસંધાને માહિતી પુરી પાડવાની રહેતી હોય તથા તેવી માહિતી ઈજારદાર ધ્વારા ખાતાને પુરી પાડવામાં આવેલ હોય તો તેવી માહિતી પુરી પાડવા જોગ રેકર્ડ આધારિત ઉપલબ્ધ માહિતી આર.ટી.આઈ.એકટની કલમ–૭(૯) અંતર્ગત અત્રેની કચેરીની જાણ હેઠળ દિન–૫ (પાંચ) માં અરજદારશ્રીને વિના મુલ્યે પુરી પાડવા વિકલ્પે તે મુજબની સ્પષ્ટતા સુચક પ્રત્યુત્તર અરજદારશ્રીને પાઠવવા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સોલીડ વેસ્ટ મેનેજરશ્રી, સો.વે.મે.વિભાગને હુકમ કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો,ગુજરાત માહિતી આયોગ,કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ,બ્લોક નં.૧,બીજો માળ,નિર્માણ ભવનની પાછળ,સેકટર–૧૦/એ,ગાંધીનગરને દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/આરટીઆઈ/અપીલ/
તા. /૦૨/૨૦૧૯.

ડે.કમિશ્નર(હે.અને.હો)અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

RIGHT TO INFORMATION

અપીલ અરજી નં.SMC/PHD/FAP/74/2018. Dt.09/01/2019.
આરોગ્ય વિભાગ.

અરજદાર :– શ્રી બીપીનસિંહ એમ.પીલુદરીયા.
સામાવાળાઃ– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સોલીડ વેસ્ટ મેનેજરશ્રી, સો.વે.મે.વિભાગ,સુરત મહાનગરપાલિકા.

અરજદાર મજકુર ધ્વારા તા.૦૪/૦૧/૧૯ ના રોજ અપીલ સત્તાધિકારી તથા આરોગ્ય અધિકારીશ્રી,સોલીડ વેસ્ટ વિભાગ, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરવામાં આવેલ અપીલ અરજી ઈ.ચા.સોલીડ વેસ્ટ મેનેજરશ્રી,સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગના પત્ર નં.પીએચડી/સો.વે.મે./આર.ટી.આઈ./આઉટ/૧૭૧,તા.૦૮/૦૧/૧૯ થી અપીલ અરજી સાથે અરજદારશ્રીની તા.૦૬/૧૧/૧૮ ની આર.ટી.આઈ.ની મુળ અરજી સહિતના તુમારો સામેલ રાખી અત્રેના વિભાગને જરૂરી કાર્યવાહી અર્થે મોકલેલ છે,જે અત્રે તા.૦૯/૦૧/૧૯ ના રોજ પ્રાપ્ત થયેલ છે. અરજદારશ્રીની તા.૦૬/૧૧/૧૮ ની આર.ટી.આઈ.ની નમુના 'ક' ની અરજી પરત્વે જાહેર માહિતી અધિકારી ધ્વારા માગ્યાં મુજબની પુરેપુરી માહિતી ન મળવાના કારણે નારાજ થઈ અપીલ અરજી કરેલ છે.

ઉકત અપીલ અરજી સાથે સામેલ તુમારોનો અભ્યાસ કરતાં અરજદારશ્રીની તા.૦૬/૧૧/૧૮ થી કાર્યપાલક ઈજનેરશ્રી,સોલીડ વેસ્ટ વિભાગ તથા જાહેર માહિતી અધિકારીને ઉદ્દેશીને કરવામાં આવેલ અરજીથી કુલ–૧૨ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ હતી, જે માંગેલ મુદ્દાઓની માહિતીના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સોલીડ વેસ્ટ મેનેજરશ્રી,સો.વે.મે.વિભાગ ધ્વારા પત્ર નં.પીએચડી/સો.વે.મે./આ.નં.૧૦૭, તા.૩૦/૧૧/૧૮ થી અરજી વિસ્તૃત પ્રકારની હોવાથી તા.૧૧/૧૨/૧૮ ના રોજ સાંજે ૪.૩૦ કલાકે ઈ.ચા.સોલીડ વેસ્ટ મેનેજરશ્રીની ઓફિસ, બીજો માળ, મુગલીસરા, સુરત મહાનગર પાલિકા ખાતે રૂબરૂમાં દફતરી ચકાસણી કરી માહિતિ મેળવી લેવો સમયમર્યાદામાં પ્રસ્તાવ આપેલ હોવાનું જણાય છે, પરંતુ ઉકત દિને રાખવામાં આવેલ રૂબરૂ ચકાસણી બાબતે અરજદારશ્રી ધ્વારા તા.૦૩/૧૨/૨૦૧૯ ના રોજ સોલીડ વેસ્ટ મનેજમેન્ટ વિભાગને ઉદ્દેશીને લખવામાં આવેલ પત્રમાં તેઓની બેબીનો લગ્ન પ્રસંગ હોવાથી તેઓ વ્યસત્તાને કારણે દફતરી ચકાસણી કરવા હાજર રહી શકાય તેમ નથી તેમ જણાવી મારી અરજીથી માંગવામાં આવેલ માહિતી તાકીદે આપવા તથા તે અંગે ભરપાઈ કરવા જોગ દસ્તાવેજી નાણાં ભરપાઈ કરવા સંમતી આપેલ હોવાનું જણાય છે,ઉપરાંત તા.૧૭/૧૨/૧૮ ના રોજ અરજદારશ્રી ધ્વારા ઈ.ચા.સોલીડ વેસ્ટ મેનેજર સો.વે.મે.વિભાગ પ્રતિ યાદપત્ર–૧ પાઠવી આર.ટી.આઈ.ની અરજીની માહિતી આપવાની સમયમર્યાદા પૂર્ણ થઈ ગઈ હોવા છતાં માહિતી પૂરી પાડેલ નથી, જેથી તાકીદે દિન–૨ માં માહિતી પૂરી પાડવા જણાવતાં ઈ.ચા.જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર,સો.વે.મે.વિભાગ ધ્વારા પત્ર નં.પી.એચ.ડી/સો.વે.મે/ આ.નં./૧૨૭, તા.૨૧/૧૨/૧૮ મુજબ ઉપલબ્ધ રેકર્ડની માહિતીની ફાઈલ નંગ–૧ તા.૨૧/૧૨/૧૮ ના રોજ અરજદારશ્રીને રૂબરૂ હોથોહાથ વિનામુલ્યે પુરી પાડવામાં આવેલ,જે અનુસંધાને અરજદારશ્રીએ " ઓનલાઈન સબમીટ કરેલ ડોકયુમેન્ટ મળેલ નથી " તેમ જણાવી વાંધા સહિત માહિતી સ્વીકારેલ હોવાનું લખી આપેલ હોય, અરજદારશ્રીની અપીલ અરજી પરત્વેની નારાજગી સંદર્ભે બન્ને પક્ષોની રજુઆત ધ્યાને લેવાના હેતુસર રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા અર્થે અત્રેના વિભાગ ધ્વારા પત્ર નં.જીએડી/ ઈએસટી/પીએચ/અપીલ/આઉટ/૧૦૩, તા.૨૨/૦૧/૧૮ મુજબ તા.૨૮/૦૧/૧૯ ના રોજ બપોરે ૧૨:૩૦ કલાકે ડે.કમિશનરશ્રી (હે.અને હો.)અને એપેલેટ ઓફિસરની કચેરી સુરત મહાનગરપાલિકા બીજો માળ, મુગલીસરા સુરત ખાતે હાજર રહેવા જણાવવામાં આવેલું હતું, તે મુજબ અરજદારશ્રી તથા સો.વે.મે.વિભાગ તરફથી જાહેર માહિતી અધિકારી વતી તેઓના પ્રતિનિધી શ્રી એસ.વાય.દરસોત રૂબરૂ સુનાવણી અર્થે એપેલેટ ઓફિસર સમક્ષ હાજર રહયા હતા.

અરજદારશ્રીની મુળ અરજી તથા અપીલ અરજી સંદર્ભે કરેલ રજુઆત તેમજ જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સોલીડ વેસ્ટ મેનેજરશ્રી, સો.વે.મે.વિભાગ ધ્વારા અરજદારશ્રીને પાઠવવામાં આવેલ પ્રત્યયુતર ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

અરજદારશ્રીની આર.ટી.આઈ.ની તા.૦૬/૧૧/૧૮ ની અરજીના મુદ્દાઓ પરત્વેની માહિતી અરજદારશ્રીને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સોલીડ વેસ્ટ મેનેજર,સો.વે.મે.વિભાગ ધ્વારા તા.૨૧/૧૨/૧૮ ના રોજ ઉપલબ્ધ રેકર્ડની માહિતીની ફાઈલ નંગ–૧ અરજદારશ્રીને રૂબરૂ હોથોહાથ વિનામુલ્યે પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે, રૂબરૂ સુનાવણી દરમ્યાન અરજદારશ્રી ધ્વારા ઓનલાઈન સબમીટ કરેલ ડોકયુમેન્ટ મળેલ નથી તેમ જણાવેલ છે, જે સબબ અરજદારશ્રી ધ્વારા માંગેલ માહિતી પૈકી જે માહિતી રેકર્ડ પર ઉપલબ્ધ હોય અને નિયમાનુંસાર આપવા પાત્ર હોય તો તે માહિતી આર.ટી.આઈ.એકટની કલમ–૭(૬)અંતર્ગત વિનામુલ્યે અત્રેની કચેરીની જાણ હેઠળ દિન–૦૭ માં અરજદારશ્રીને માહિતી પુરી પાડવા/પ્રત્યુત્તર પાઠવવા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. સોલીડ વેસ્ટ મેનેજરશ્રી, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગને હુકમ કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો,ગુજરાત માહિતી આયોગ,કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ,બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦/એ, ગાંધીનગરને દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/આરટીઆઈ/અપીલ/
તા. /૦૨/૨૦૧૯

ડે.કમિશ્નર (હે અને હો) અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

અપીલ નં.SMC/ PHD/ FAP/76/2018. Dt.24/01/2019.
આરોગ્ય વિભાગ.

**અરજદારઃ—** શ્રી દિપક પટેલ અને સંજય રૂપાપરા.
**સામાવાળાઃ—** (૧) જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારીશ્રી (સેન્ટ્રલ ઝોન),સુરત મહાનગરપાલિકા.
(૨) જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસરશ્રી,ફુડ વિભાગ,સુરત મહાનગરપાલિકા.

અરજદારશ્રી ધ્વારા તા.૨૨/૦૧/૧૯ ના રોજ અપીલ અધિકારી અને ડે.મ્યુનિ.કમિશ્નરશ્રી (હેલ્થ એન્ડ હોસ્પીટલ) આરોગ્ય વિભાગ, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરવામાં આવેલ અપીલ અરજી જાહેર માહિતી અધિકારી અને નાગરીક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોન, સુરત મહાનગરપાલિકાના પત્ર નં.સીસીસી/સીઝેડ/આઉટ/૩૨૧, તા.૨૨/૦૧/૧૯ થી અપીલ અધિકારી, ડે.મ્યુનિસિપલ કમિશ્નર (હેલ્થ એન્ડ હોસ્પીટલ) પ્રતિ તબદીલ કરવામાં આવેલ છે, જે અત્રે તા.૨૪/૦૧/૧૯ ના રોજ પ્રાપ્ત થયેલ છે. અરજદારશ્રીની નમુના—'ક' ની તા.૦૭/૧૨/૨૦૧૮ આર.ટી.આઈ. (આઈ.ડી.નં.૧૦૫૨) ની અરજી સમયમર્યાદા બાદ તબદીલ કરી હોવાનું તથા મુળ અરજીનો જે ભાગ અંશતઃ રીતે તબદીલ કર્યાની સ્પષ્ટતા જ કરી નથી વિગેરે બાબતો જણાવી નારાજ થઈ અપીલ અરજી કરેલ છે. ઉકત અપીલ અરજી સાથે સામેલ તુમારોનો અભ્યાસ કરતાં અરજદારશ્રીની નમુના "ક" ની તા.૦૭/૧૨/૧૮ (આઈ.ડી.નં.૧૦૫૨) ની અરજીથી કુલ—૦૯ મુદ્દાઓની માહિતીની માંગણી કરતી અરજી જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેર, સેન્ટ્રલ ઝોનના પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૨૨૫૭, તા.૧૭/૧૨/૧૮ થી વિવિધ જાહેર માહિતી અધિકારીઓ પેકી જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારી, સેન્ટ્રલ ઝોન, આરોગ્ય વિભાગને આંશીક તબદીલ કરવામાં આવેલ, ત્યારબાદ સદર અરજી જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારી, સેન્ટ્રલ ઝોનને પ્રાપ્ત થતાં પત્ર નં.સી.ઝેડ/ના.આ.અધિ/આઉટ/૧૬૭, તા.૨૪/૧૨ /૨૦૧૮ થી જાહેર માહિતી અધિકારી, ફુડ વિભાગ તથા જાહેર માહિતી અધિકારી અને ચીફ સેનેટરી ઈન્સ્પેકટર, વરાછા ઝોન પ્રતિ તબદીલ કરવામાં આવેલ હોવાનું જણાય છે.

અરજદારશ્રીની અપીલ અરજી અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારીશ્રી (સેન્ટ્રલ ઝોન) પ્રતિ પુર્તતા રીપોર્ટ કે આપવા જોગ પુરક માહિતી અથવા અન્ય કોઈ રજુઆત હોય તો તે દિન—૫ માં અત્રેની કચેરીને મોકલી આપવા અત્રેના વિભાગ ધ્વારા પત્ર નં.જીએડી/ઈએસટી/પીએચ/આરટીઆઈ/અપીલ/૧૦૬, તા.૨૪/૦૧/૧૯ થી જણાવવામાં આવેલ, પરંતુ તે અંગેની પુર્તતા અત્રે મળેલ ન હોય ફરીથી અત્રેથી ઉકત બાબતે યાદપત્ર નં.જીએડી/ઈએસટી/પીએચ/ આરટીઆઈ/અપીલ/૧૧૩, તા.૦૨/૦૨/૧૯ થી પાઠવવામાં આવેલ, જે અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારી, સેન્ટ્રલ ઝોન ધ્વારા પત્ર નં.સીઝેડ/ના.આ.અધિ./આ/૨૦૭, તા.૦૫/૦૨/૨૦૧૯ થી લેખીત પુર્તતા કરવામાં આવેલ, જે અત્રે તા.૦૬/૦૨/૧૯ નાં રોજ પ્રાપ્ત થયેલ હતી, જેમાં જણાવ્યાનુંસાર અરજદારની ઉકત વિષય પરત્વેની અરજીના મુદ્દાઓ તેઓના વિભાગને લાગત ન જણાતા જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર, ફુડ વિભાગ તથા ચીફ સેનટરી ઈન્સ્પેકટર, વરાછા ઝોનને સદર અરજી પત્ર નં.સીઝેડ/ના.આ.અધિ/આઉટ/૧૬૭, તા.૨૪/૧૨/૧૮ થી સંપૂર્ણ તબદીલ કરવામાં આવેલ હોવાનું જણાવેલ છે. જે અન્વયે અત્રેથી જરૂરી માહિતી જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસરશ્રી પાસેથી મેળવવામાં આવેલ છે. જે મુજબ આરોગ્ય વિભાગને લાગત અરજદારશ્રીની અરજીના મુદ્દા નં.૨ તથા ૪ પરત્વેની લાગત (આંશીક) માહિતી તેઓશ્રીની કચેરીના પત્ર નં.પીએચડી/ફુડ/૩૯૦૩, તા.૧૬/૦૧/૨૦૧૯ થી અરજદારશ્રીને માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે.

ઉકત તમામ વિગતો ધ્યાને લેતા પ્રસ્તુત કિસ્સામાં ટુંકી હકીકત નીચે મુજબ છે.

- અરજદારશ્રીની તા.૦૭/૧૨/૧૯ ની માહિતી માંગતી નમુના—ક ની મુળ અરજી જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન ધ્વારા પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૨૨૫૭, તા.૧૭/૧૨/૧૮થી તેમા જણાવેલ અન્ય જાહેર સત્તામંડળ સહિત જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારીશ્રી, આરોગ્ય વિભાગ (સેન્ટ્રલ ઝોન) ને તબદીલ થયેલ હોવાનું જણાય છે. સાથોસાથ જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રીઓ (સેન્ટ્રલ ઝોન) ધ્વારા પત્ર નં.સીઝેડ/આરટીઆઈ/આઉટ/૨૨૭૪, તા.૧૮/૧૨/૧૮ થી અરજીના મુદ્દા નં.૨ માટે જાહેર માહિતી અધિકારી અને ના.આરોગ્ય અધિકારીશ્રી, આરોગ્ય વિભાગ (સેન્ટ્રલ ઝોન) ને તબદીલ થયેલ હોવાનુ જણાય છે.

- ત્યારબાદ ઉકત વિગતે તા.૧૭—૧૮/૧૨/૨૦૧૮ ની અરજદારશ્રીની મળેલ આરટીઆઈ એકટ હેઠળની અરજી જાહેર માહિતી અધિકારી અને ના.આરોગ્ય અધિકારીશ્રી (સેન્ટ્રલ ઝોન) ધ્વારા સદર અરજી અન્ય જાહેર સત્તામંડળને લાગત જણાતી હોય, અરજદારશ્રીની જાણ હેઠળ પત્ર નં.સીઝેડ/ના.આ.અધિ./આઉટ/૧૬૭, તા.૨૪/૧૨/૧૮ થી જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર તથા જાહેર માહિતી અધિકારી અને ચીફ સેનેટરી ઈન્સ્પેકટર,(વરાછા ઝોન) પ્રતિ સંપુર્ણ તબદીલ કરવામાં આવેલ હોવાનું જણાય છે.

- જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર ધ્વારા તેઓના પત્ર જાવક/નં.પીએચડી/ફુડ/૩૯૦૩ તા.૧૬/૦૧/૧૯ થી અરજદારશ્રીને અરજીના મુદ્દા નં.૨ તથા મુદ્દા નં.૪ (આંશિક) નો પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ હોવાનું જણાય છે.

અરજદારશ્રીની આરટીઆઈ એકટ હેઠળની નમુના—'ક' ની મુળ અરજી, અપીલ અરજી તબકકે કરવામાં આવેલ રજુઆત તથા ઉકત હકીકત ધ્યાને લેતા અપીલ અધિકારીનુ નિરીક્ષણ નીચે મુજબ છે.

(૧) અરજદારશ્રી ધ્વારા પ્રસ્તુત કિસ્સામાં કરવામાં આવેલ અપીલ અરજીથી દર્શાવવામાં આવેલ નારાજગીનું મુખ્ય કારણ જાહેર માહિતી અધિકારી અને ના.આરોગ્ય અધિકારીશ્રી (સેન્ટ્રલ ઝોન) ધ્વારા તેઓની તા.૦૭/૧૨/૧૮ ની આરટીઆઈ એકટની અરજી તા.૨૪/૧૨/૧૮ ના રોજ ૧૬ દિવસ બાદ સમયમર્યાદા બાદ તબદીલ કરેલ હોવાથી તથા માહિતી અધિકારીશ્રીએ મુળ અરજીનો જે ભાગ અંશતઃ રીતે તબદીલ કર્યો છે તે દર્શાવેલ નથી તે બાબતથી નારાજગી જણાય છે.

આરટીઆઈ એકટની કલમ–૬(૩) તથા આરટીઆઈ નિયમ–૪(૨) અંતર્ગત કોઈ જાહેર સત્તામંડળને માહિતી માટે વિનંતી કરતી અરજી કરવામાં આવી હોય અને તે માહિતી (૧) બીજા જાહેર સત્તામંડળ પાસે હોય **અ થ વા**

(૨) તેની વિષય વસ્તુ બીજા જાહેર સત્તામંડળને કાર્યો સાથે વધુ નિકટતાથી સંકળાયેલ હોય ત્યારે એવી અરજી જે જાહેર સત્તામંડળને કરવામાં આવી હોય તેણે તે અરજી અથવા તેવી અરજીનો પોતે યોગ્ય ગણે તેવો ભાગ તે બીજા જાહેર સત્તામંડળને અરજી મળ્યાની તારીખથી ૫ દિવસ કરતા મોડુ નહી એટલા સમયગાળામાં તબદીલ કરવાનું રહેશે તેવી જોગવાઈ કરવામાં આવેલ છે. પ્રસ્તુત કિસ્સામાં જાહેર માહિતી અધિકારી અને ના.આરોગ્ય અધિકારીશ્રી (સેન્ટ્રલ ઝોન) ને અરજદારશ્રીની આરટીઆઈ એકટ હેઠળની અરજી ઉકત વિગતે તા.૧૭–૧૮/૧૨/૨૦૧૮ના રોજ પ્રાપ્ત થયેલ હોવાનું જણાય છે તથા તેઓએ તા.૨૪/૧૨/૧૮ના પત્રથી અરજદારશ્રીની જાણ હેઠળ અરજી તબદીલ કરેલ હોવાનું જણાય છે, એટલે કે તેઓને અરજી મળ્યાના ૮ માં દિવસે અરજી તબદીલ કરેલ હોવાનું જણાય છે.

જાહેર માહિતી અધિકારીને ઉકત વિગતે અન્ય જાહેર સત્તામંડળ ધ્વારા મુદ્દા નં.૨ માટે તબદીલ થયેલ હોવાનું જણાય છે તથા જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારીશ્રી (સેન્ટ્રલ ઝોન) ધ્વારા ઉકત વિગતે જણાવેલ સંબંધિત જાહેર સત્તામંડળને સંપુર્ણ તબદીલ કરેલ હોવાનું જણાય છે.

(૩) જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસરશ્રી ધ્વારા જાવક નં.પીએચડી/ફુડ/૩૯૦૩, તા.૧૬/૦૧/૧૯ થી અરજદારશ્રીને તેઓની અરજીના મુદ્દા નં.૨ તથા ૪ (આંશિક) નો પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ હોવાનું જણાય છે.

આમ, અરજદારશ્રીની મુળ અરજી તેમજ જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારી (સેન્ટ્રલ ઝોન) ધ્વારા કરવામાં આવેલ તબદીલી તથા જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર, ફુડ વિભાગ ધ્વારા પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર વિગેરે ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

અરજદારશ્રીની તા.૦૭/૧૨/૨૦૧૮ ની અરજી (આઈ.ડી.નં.૧૦૫૨) થી માંગવામા આવેલ માહિતી પૈકી ફુડ વિભાગને લાગત માહિતી ઉકત વિગતે જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસરશ્રી ધ્વારા પુરી પાડી દેવામાં આવેલ હોય, આ બાબતે વધુ કોઈ હસ્તક્ષેપ કરવાનો રહેતો હોવાનું જણાતુ નથી. ભવિષ્યમાં આરટીઆઈ એકટ હેઠળ મળતી અરજી સંબંધે તબદીલી સહિત કરવા જોગ કામગીરી સમયમર્યાદામાં કરવા આથી જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારીશ્રી (સેન્ટ્રલ ઝોન) ને તાકીદ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો,ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરીઓ,બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦/એ,ગાંધીનગરને દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/આરટીઆઈ/અપીલ/
તા. /૦૨/૨૦૧૯

ડે.કમિશ્નર(હે. અને હો.)અને
એપલેટ ઓફીસર,
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

RIGHT TO INFORMATION

અપીલ અરજી નં.SMC/PHD/FAP/79/2019. Dt.06/03/2019.
આરોગ્ય વિભાગ.

અરજદાર :–શ્રી સંજય આર. મિશ્રા.
સામાવાળા:–જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફીસરશ્રી, ફુડ વિભાગ, સુરત મહાનગરપાલિકા.

અરજદાર મજકુર ધ્વારા તા.૧૩/૦૨/૨૦૧૯ ના રોજ અપીલ અધિકારીશ્રી, સાઉથ ઝોન ઉધના(વિભાગ/કચેરી) ઉદ્દેશીને કરવામાં આવેલ અપીલ અરજી અપીલ અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારી, સાઉથ ઝોન(ઉધના)ના પત્ર નં.સા.ઝોન/આરોગ્ય/અપીલ/૨૩, તા.૦૨/૦૩/૨૦૧૯ થી અપીલ અધિકારી અને ડે.કમિશ્નર(હેલ્થ અને હોસ્પીટલ)ને તબદીલ કરેલ હતી, જે અરજી તેમજ અરજદારને પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર વિગેરે તુમારો સામેલ રાખી અત્રેના વિભાગને જરૂરી કાર્યવાહી અર્થે મોકલેલ હતી, જે અત્રે તા.૦૬/૦૩/૨૦૧૯ ના રોજ પ્રાપ્ત થયેલ છે, અરજદારશ્રીની તા.૦૩/૧૦/૨૦૧૮ ની અપીલ અરજીથી(આઈ.ડી નં.૧૦૬૫) ''નમૂના–'ક' માં કરેલ અરજી સાદર પછી ૩૦ દિવસની અંદર કોઈ નિર્ણય મળેલ નથી '' એમ જણાવી નારાજગી વ્યકત કરેલ છે.

ઉકત અપીલ અરજી સાથે સામેલ તુમારોનો અભ્યાસ કરતાં અરજદારશ્રી ધ્વારા તા.૦૩/૧૦/૨૦૧૮ થી જાહેર માહિતી અધિકારી, સત્તામંડળ સાઉથ ઝોન, ઉધનાને ઉદ્દેશીને કરેલ અરજી જાહેર માહિતી અધિકારી અને મુખ્ય આરોગ્ય નિરીક્ષકશ્રી,સાઉથ ઝોન(ઉધના), સુરત મહાનગરપાલિકાના પત્ર નં.સા.ઝોન/આરોગ્ય/આર.ટી.આઈ/૧૪૩, તા.૦૮/૧૦/૧૮ થી ચીફ ફુડ ઈન્સ્પેકટર અને જાહેર માહિતી અધિકારી, ફુડ વિભાગને તબદીલ કરવામાં આવેલ હતી. અરજદારની નમુના ''ક'' ની અરજીથી (૧) સુરત મહાનગરપાલિકાના નિયમો મુજબ ન્યુ ઈન્ડિયા બિસ્કીટ બેકરી એન્ડ કેક શોપ અને ન્યુ જે.પી.બિસ્કીટ બેકરીના સંચાલન માટે સાઉથઝોન ઉધના તરફથી જે લાઈસન્સો આપવામાં આવેલ છે.તેની ઝેરોક્ષ નકલ કોપી આપવી.(૨)ઉપરોકત કંપનીના સંચાલન માટે સાઉથઝોન–ઉધના આરોગ્ય વિભાગ તરફથી જયારે જયારે સેમ્પલીંગ પાસ કરવામા આવ્યા હોય તેના રીપોર્ટ વાળી કોપીની નકલ– ઝેરોક્ષ આપવી.(૩)ઉપરોકત બેકરીમાં સાઉથઝોન ઉધના આરોગ્ય વિભાગના અધિકારીઓ વર્ષ ૨૦૧૮ માં જયારે–જયારે તપાસ કાર્ય હાથ ધરવામાં આવેલ હોય તે ઉપરાંત જે રીપોર્ટ તૈયાર કરવામાં આવેલ હોય કે નોટીસ વિગેરે આપવામાં આવેલ હોય કે સીલ કરવામાં આવેલ હોય તેની વિસ્તાર પૂર્વક ઝેરોક્ષ નકલની સાથે માહિતી વિગેરે કુલ–૦૩ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ હતી. અરજદારશ્રીની ઉકત અરજી પરત્વે ફુડ વિભાગને લાગત મુદ્દા.નં.૧ થી ૩ પરત્વે જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ ઈન્સ્પેકટર (ફુડ વિભાગ) ધ્વારા પત્ર નં.પીએચડી/ફુડ/૨૬૮૪, તા.૧૯/૧૦/૨૦૧૮ થી અરજદારશ્રીને મુદ્દા નં. ૧ થી ૩ પરત્વે '' દિલ્હી ગેટ સ્થિત આવેલ ફુડ વિભાગની કચેરીમાં તા.૧૭/૦૩/૨૦૧૮ના રોજ સાંજે ૭.૩૦ કલાકે અચાનક શોટ સર્કીટના થવાથી આગ લાગેલ હતી, જેના કારણે ઓફિસમાં જાળવવામાં/રાખવામાં આવેલ રેકર્ડ મહદઅંશે આગમાં નાશ પામેલ હોવાનું જણાય આવેલ હોય માહિતી પુરી પાડી શકાય તેમ નથી તેમજ તે અંગેની એફ.આઈ.આર.–૫/૧૮ નંબરથી તા.૧૭/૦૩/૨૦૧૮ ના રોજ મહિધરપુરા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ છે, વધુમાં અત્રેના ફુડ વિભાગ ધ્વારા સદર સંસ્થાઓને ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ ૨૦૦૬ હેઠળ રજીસ્ટ્રેશન નંબર (૧) જે. પી. બેકરી–૨૦૭૧૪૦૩૧૦૦૨૩૪૩. (૨) ન્યુ ઈન્ડીયા બેકરી–૨૦૭૧૨૦૨૧૦૦૩૨૫૧ '' મુજબનો પ્રત્યુત્તર સમયમર્યાદામાં પાઠવવામાં આવેલ હોવાનું જણાય છે.

અરજદારશ્રીની મુળ અરજી,અપીલ અરજીથી કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફીસર, ફુડ વિભાગ ધ્વારા પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર વિગેરે ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

અરજદારની તા.૦૩/૧૦/૧૮ ની અરજી (આઈ.ડી.નં.૧૦૬૫) થી માંગવામા આવેલ માહિતી બાબતે આર.ટી.આઈની કલમ ૨(એફ), ૨(જે) હેઠળ અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી રેકર્ડ આધારીત માહિતી પુરી પાડવાની જોગવાઈ છે, જે મુજબ જાહેર માહિતી અધિકારી ધ્વારા ઉકત વિગતે સમયમર્યાદામાં પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ હોવાનું જણાતુ હોય, અરજદારશ્રીની અપીલ અરજી પરત્વે અત્રેથી કોઈ વિશેષ કાર્યવાહી કરવાની રહેતી હોવાનું / કોઈ હસ્તક્ષેપ કરવાનું રહેતું હોવાનું કોઈ કારણ જણાતું ન હોય, અરજદારશ્રીની અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો,ગુજરાત માહિતી આયોગ,કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧,બીજો માળ, નિર્માણ ભવનની પાછળ,સેકટર–૧૦–એ,ગાંધીનગરને દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/આરટીઆઈ/અપીલ/
તા. /૦૩/૨૦૧૯.

ડે.મ્યુનિ.કમિશ્નર(હે.અને હો.) અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

RIGHT TO INFORMATION

# સુરત મહાનગરપાલિકા

અપીલ નં.SMC/ PHD/FAP/81/2019. Dt.11/03/2019.
આરોગ્ય વિભાગ.

**અરજદારઃ–** શ્રી હસમુખભાઈ વી.ધોળકીયા.

**સામાવાળાઃ–** જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસરશ્રી, ફુડ વિભાગ,સુરત મહાનગરપાલિકા.

અરજદારશ્રી ધ્વારા તા.૨૧/૦૨/૧૯ ના રોજ પ્રથમ અપીલ અધિકારી સત્તા મંડળને ઉદ્દેશીને કરવામાં આવેલ અપીલ અરજી અપીલ અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારી, નોર્થ ઝોન (કતારગામ) ધ્વારા પત્ર નં.એન.ઝેડ./ આર.ટી.આઈ.સેલ/૧૮૯૯, તા.૦૨/૦૩/૧૯ થી અપીલ અધિકારી અને ડે.કમિશનર (હે. એન્ડ હો.) ને ઉદ્દેશીને આંશિક તબદીલ કરેલ, જે અપીલ અરજી ચીફ ફુડ સેફટી ઓફિસર અને જાહેર માહિતી અધિકારી, ફુડ વિભાગ, સુરત મહાનગર પાલિકાના પત્ર નં.જાવક/પીએચડી/ફુડ/૪૬૧૯, તા.૦૮/૦૩/૧૯થી અત્રેના વિભાગને વધુ કાર્યવાહી અર્થે મોકલેલ છે, જે અત્રે તા.૧૧/૦૩/૧૯ ના રોજ પ્રાપ્ત થયેલ છે. અપીલ અરજીનો અભ્યાસ કરતા અરજદારશ્રીએ તેઓની નમુના–'ક' ની અરજી અન્વયે જાહેર માહિતી અધિકારીશ્રી, નોર્થ ઝોન (કતારગામ) નો પ્રતિવિવાદી તરીકે ઉલ્લેખ કરેલ હોવાનું તથા મુદ્દા નં. ૨, ૩ અને ૪ નો પ્રત્યુત્તર મળેલ નથી, તેમ જણાવી નારાજ થઈ અપીલ અરજી કરેલ હોવાનું જણાય છે.

ઉકત અપીલ અરજી સાથે સામેલ તુમારોનો અભ્યાસ કરતાં અરજદારશ્રીની નમુના "ક" ની તા.૨૧/૦૧/૧૯ (આઈ.ડી.નં.૨૫૪૫) ની અરજીથી (૧) મારી અરજી / ફરીયાદ પર થયેલી સંપુર્ણ કાર્યવાહી અને રેકોર્ડ આધારિત ફાઈલ નોટીંગની નકલ આપશો. (૨) અરજી પર કોને કોને કાર્યવાહી કરવા સુચન કરવામાં આવ્યું, તેમજ તેના કયા કયા અધિકારીઓને સ્થળ પર નિરીક્ષણ કરેલ છે અને જે તે અધિકારીએ લીધેલા પગલાની માહિતી આપશો. (૩) કચેરીના નિયમ અથવા સીટીઝન ચાર્ટર પ્રમાણે આવી અરજીના નિકાલની નિર્ધારિત સમય મર્યાદા વિશેની માહિતી આપશો.(૪) જો મારી અરજીમાં સમય મર્યાદા અને બીજા નિયમોનો ઉલ્લંઘન થયું હોય તો જ દોષી અધિકારી વિરુધ્ધ કાર્યવાહી થઈ હોય તો એના પુરાવા આપશો.આવા મામલામાં કયાં ફરીયાદ કરી શકું છું એવા અધિકારી અને સંસ્થાનું નામ સરનામું આપવું (૫) કઈ મંત્રાલયને આધારિત તમારી સંસ્થા આવે છે,એનું નામ સરનામું અને મુખ્ય સચિવનું નામ સરનામું આપવું વેબસાઈટની વિગત પણ આપવી વિગેરે કુલ–૦૫ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ હતી, જે અરજીના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર, ફુડ વિભાગ ધ્વારા પત્ર નં. પીએચડી/ફુડ/૪૪૦૩, તા.૨૦/૦૨/૧૯ થી સમયમર્યાદામાં તેઓનાં લાગત આંશિક મુદ્દાઓ સબબ અરજદારશ્રીને તેઓની માહિતી માંગતી અરજીના મુદા નં.૧ અને ૨ અન્વયે "આપશ્રી ધ્વારા કરવામાં આવેલ ફરીયાદ અત્રેના વિભાગને મળેલ નથી, જેથી માંગેલ માહિતી નીલ છે" તથા મુદ્દા નં.૩ પરત્વે "ફરીયાદ મળ્યેથી તાકીદે નિકાલ કરવાનો હોય છે" તે મુજબનો તેમજ મુદ્દા નં.૪ થી માંગેલ માહિતી બાબતે "અત્રેના ઉપ્લબ્ધ રેકર્ડની ચકાસણી કરતાં આપશ્રી ધ્વારા કરવામાં આવેલ ફરીયાદ અત્રેના વિભાગને મળેલ નથી, જેથી માંગેલ માહિતી નીલ સબબ છે" અને મુદ્દા નં. ૫ પરત્વે "ફુડ વિભાગ એ સુરત મહાનગરપાલિકા ધ્વારા સંચાલિત ખાતું છે, સુરત મહાનગરપાલિકા એક સ્વાયત સંસ્થા છે" તે મુજબનો પ્રત્યુત્તર પાઠવેલ હોવાનું જણાય છે.

અરજદારશ્રીની અપીલ અરજી પરત્વેની નારાજગી સંદર્ભે બન્ને પક્ષોની રજુઆત ધ્યાને લેવાના હેતુસર રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા અર્થે અત્રેથી પત્ર નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/આઉટ/૧૨૧, તા.૧૮/૦૩/૧૯ મુજબ તા.૨૨/૦૩/૧૯ ના રોજ બપોરે ૧૨:૩૦ કલાકે ડે.મ્યુનિ.કમિશનર(હે. અને હો.)અને એપેલેટ ઓફિસરની કચેરી, સુરત મહાનગરપાલિકા, બીજો માળ, મુગલીસરા, સુરત ખાતે હાજર રહેવા જણાવવામાં આવેલ હતું, પરંતુ સદર દિને તેઓશ્રી રૂબરૂ સુનાવણીમાં હાજર રહયા ન હતા, તે સંદર્ભે સંબંધિત સ્ટાફ ધ્વારા ટેલીફોનીક સંપર્ક કરતાં તેઓ સુનાવણીમાં હાજર રહી શકે તેમ ન હોય, તેમજ ભવિષ્યમાં પણ ઉકત અપીલ અરજી સંદર્ભે સુનાવણીમાં હાજર ન રહેવા અંગે અસામર્થ્ય દર્શાવેલ હોવાનું જણાવેલ છે.

અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજીથી અરજદારશ્રી ધ્વારા કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર, ફુડ વિભાગ,ધ્વારા પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર વિગેરે ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

–:: હુકમ ::–

આર.ટી.આઈ. એકટની કલમ–૨ (એફ), ૨(જે) અને માહિતી અધિકારની વ્યાખ્યા પ્રમાણે જાહેર સત્તામંડળની તથા તેના નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ રેકર્ડ આધારીત હકીકતલક્ષી માહિતી આપવાની જોગવાઈ છે, જે મુજબ અરજદારશ્રીની તા.૨૧/૦૧/૨૦૧૯ની અરજી (આઈ.ડી.નં.૨૫૪૫) થી માંગવામાં આવેલ માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર, ફુડ વિભાગ ધ્વારા સમયમર્યાદામાં પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ હોવાનું જણાય છે તથા અપીલકર્તા અરજદારશ્રીએ તેઓની નમુના–'ક' ની અરજીથી ઊપર્યુકત વિગતે જાહેર માહિતી અધિકારીશ્રી, નોર્થ ઝોન (કતારગામ) નો પ્રતિવિવાદી તરીકે ઉલ્લેખ કરી નારાજગી દર્શાવેલ હોવાનુ જણાતું હોય વિગેરે હકીકત ધ્યાને લેતાં અરજદારશ્રીની અપીલ અરજી પરત્વે અત્રેથી કોઈ વિશેષ કાર્યવાહી કરવાની રહેતી હોવાનું / કોઈ હસ્તક્ષેપ કરવાનું રહેતું હોવાનું કોઈ કારણ જણાતું ન હોય અરજદારશ્રીની અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો, ગુજરાત માહિતી આયોગ,કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરીઓ,બ્લોક નં.૧,બીજો માળ,નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦/એ, ગાંધીનગરને દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/
તા. /૦૪/૨૦૧૯

ડે.મ્યુની.કમિશનર(હે.અને હો.) અને
એપલેટ ઓફીસર,
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

**અપીલ અરજી નં.SMC/PHD/FAP/83/2018. Dt.14/03/2019.**
**મધ્યસ્થ મહેકમ(આરોગ્ય) વિભાગ**

**અરજદાર** :– શ્રી આઝાદ મો.રીઝવાન અબ્દુલ રબ.
**સામાવાળા**:– જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર,મધ્યસ્થ મહેકમ (આરોગ્ય)વિભાગ.

અરજદાર મજકુર ધ્વારા તા.૦૭/૦૩/૧૯ ના રોજ મ્યુનિ.કમિશ્નરશ્રી / અપીલ અધિકારીશ્રી, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરવામાં આવેલ અપીલ અરજી જાહેર માહિતી અધિકારી, નાગરીક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોનના પત્ર નં.સીસીસી/સે.ઝોન/ આઉટ/૩૭૯, તા.૧૧/૦૩/૧૯ થી અપીલ અધિકારી અને પર્સોનેલ ઓફિસર, આરોગ્ય વિભાગને ઉદ્દેશીને કરેલ અપીલ અરજી સાથે અરજદારશ્રીની તા.૨૨/૧૧/૧૮ ની આર.ટી.આઈ.ની મુળ અરજી સહિતના તુમારો સામેલ રાખી અત્રેના વિભાગને જરૂરી કાર્યવાહી અર્થે મોકલેલ છે, જે અત્રે તા.૧૪/૦૩/૧૯ ના રોજ પ્રાપ્ત થયેલ છે. અરજદારશ્રીની તા.૨૨/૧૧/૧૮ ની આર.ટી.આઈ. ની (આઈ.ડી.નં.૨૦૧૦) નમુના 'ક' ની અરજી પરત્વેની માહિતી વંચાણે લઈ નહિં મળેલ માહિતીની નકલ વિના મુલ્યે આપવા જણાવી તે મુજબની નારાજગી વ્યકત કરી પ્રથમ અપીલ અરજી કરેલ છે.

અરજદારશ્રીની નમુના–ક ની મુળ અરજી, જાહેર માહિતી અધિકારીશ્રીનો તબદીલ પત્ર, પ્રત્યુત્તર તથા ઉકત વિગતેની અપીલ અરજી તથા તેને સંલગ્ન પેપર્સોનો અભ્યાસ કરતા અરજદારશ્રીની તા.૨૨/૧૧/૧૮ થી જાહેર માહિતી અધિકારી, સેન્ટ્રલ ઝોન, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરેલ અરજી જાહેર માહિતી અધિકારી અને એકસીકયુટીવ આસીસ્ટન્ટ, નાગરીક સુવિધા કેન્દ્ર, મુગલીસરાના પત્ર નં.સીસીસી.સીઝેડ/આરટીઆઈ/આઉટ/૨૦૧૦, તા.૨૬/૧૧/૧૮ થી વિવિધ જાહેર માહિતી અધિકારીઓ સહિત જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર, મધ્યસ્થ મહેકમ (આરોગ્ય)વિભાગને પણ તબદીલ કરવામાં આવેલ હોવાનું જણાય છે તેમજ જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર, મધ્યસ્થ મહેકમ (આરોગ્ય) વિભાગ ધ્વારા પત્ર નં. જીએડી/ ઈએસટી/પીએચ/આરટીઆઈ/આઉટ/૧૩૩, તા.૦૧/૧૨/૧૮ મુજબ અરજી જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારીશ્રી, સેન્ટ્રલ ઝોન પ્રતિ અરજદારશ્રીની જાણ હેઠળ આંશિક તબદીલ કરવામાં આવેલ હોવાનું જણાય છે. અરજદારશ્રીની માહિતી માંગતી નમુના–ક ની અરજીથી કુલ–૫૬ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ હતી, જે માંગેલ મુદ્દાઓની માહિતીના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર, મધ્યસ્થ મહેકમ (આરોગ્ય) વિભાગ ધ્વારા પત્ર નં. જીએડી/ઈએસટી/ પીએચ/આરટીઆઈ/આઉટ/૧૪૧, તા.૧૫/૧૨/૧૮ મુજબ તેઓના વિભાગને લાગત આંશિક મુદ્દા નં. ૨૬, ૨૭, ૩૪ તથા ૫૪ ની માહિતી પેટે કુલ–૧૩૨ નકલો માટે પ્રતિ નકલ દીઠ રૂા.૨/–લેખે દસ્તાવેજી નકલ ફી પેટે રૂા.૨૬૪/– ભરપાઈ કરી માહિતી મેળવી લેવા અરજદારશ્રીને પ્રસ્તાવ આપેલ હોવાનું જણાય છે, જે મુજબ અરજદારશ્રી ધ્વારા પ્રસ્તાવનો સ્વીકાર કરી માહિતી મેળવી લેવામાં આવેલ હોવાનું જણાય છે.

અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજી તેમજ જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર, મધ્યસ્થ મહેકમ (આરોગ્ય) વિભાગ ધ્વારા અરજદારશ્રીને પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર વિગેરે ઘ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

આર.ટી.આઈ. એકટની કલમ–૨ (એફ), ૨(જે) અને માહિતી અધિકારની વ્યાખ્યા પ્રમાણે જાહેર સત્તામંડળની તથા તેના નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી આપવાની જોગવાઈ છે, જે મુજબ અરજદારશ્રીની તા.૨૨/૧૧/૧૮ (આઈ.ડી.નં.૨૦૧૦) ની આર.ટી.આઈ.ની અરજી પરત્વે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર, મધ્યસ્થ મહેકમ (આરોગ્ય) વિભાગ ધ્વારા અરજીના મુદ્દા નં.૨૬, ૨૭, ૩૪ તથા ૫૪ ની તેઓના વિભાગને લાગત આંશીક માહિતી માટે અરજદારશ્રીને સમયમર્યાદામાં નકલ ફી ભરપાઈ કરી માહિતી મેળવી લેવાનો આપવામાં આવેલ પ્રસ્તાવ સબબ અરજદારશ્રીએ નકલ ફીના નાણાં ભરપાઈ કરી માહિતી મેળવી લીધેલ હોય, અરજદારશ્રીની અપીલ અરજી પરત્વે અત્રેથી કોઈ વિશેષ કાર્યવાહી કરવાની રહેતી હોવાનું / કોઈ હસ્તક્ષેપ કરવાનું રહેતું હોવાનું કોઈ કારણ જણાતું ન હોય, અરજદારશ્રીની અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો, ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦/એ, ગાંધીનગરને દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/
તા. /૦૩/૨૦૧૯

પર્સોનેલ ઓફિસર અને
એપેલેટ ઓફિસર
મધ્યસ્થ મહેકમ(આરોગ્ય)
સુરત મહાનગરપાલિકા.